# મત્સ્ય-ગલાગલ

અથવા

# મંગલમૂર્તિ મહાવીર

: લેખક :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરસ્તો : અમદાવાદ

# મત્સ્ય-ગલાગલ

અ થ વા

# મંગળમૂર્તિ મહાવીર


: લેખક :

જયભિખ્ખુ

: પ્રસ્તાવ-લેખક :

પ્રજ્ઞાચક્ષુ

પંડિતવર્ય શ્રી. સુખલાલજી



: પ્રકાશક :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરસ્તો : અમદાવાદ

પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
ગાંધીરસ્તો : અમદાવાદ

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ,
શારદા મુદ્રણાલય
પાનકોરનાકા : અમદાવાદ

મત્સ્ય-ગલાગલની વૃત્તિમાં ફસાયેલી

ત્રસ્ત પૃથ્વીની મુક્તિ માટે મથનાર,

અહિંસા ને અપરિગ્રહના ઉપદેષ્ટા,

પ્રેમમૂર્તિ, ત્યાગમૂર્તિ, તપમૂર્તિ

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ

આ જ ભૂમિ પર અવતર્યા હતા,

એ પોતાના અવતાર-કાર્ય દ્વારા

અને જીવન-સમર્પણ દ્વારા

સાક્ષાત્કાર કરનાર

પ્રેમમૂર્તિ,

ત્યાગમૂર્તિ,

વિશ્વમૂર્તિ,

પૂ. મહાત્મા ગાંધીજીને ચરણે

—જયભિખ્ખુ



# લેખકનું નિવેદન

**અંતરની** વેદનામાંથી આ નવલકથાનો જન્મ થયો છે.

એક દિવસે હીરોશીમા ને નાગાસાકી પર ઍટમ બૉમના પતનના સમાચારે મનને વ્યગ્ર બનાવ્યું. અસંખ્ય નિર્દોષ સ્ત્રી, પુરુષો ને બાળકો, મૃત્યુની છેલ્લી ચીસ પણ પાડે તે પહેલાં યમશરણ થયાં. આ તો એક ઘટના થઈ. પછી મુસદ્દી રાજનીતિજ્ઞોએ ઍટમ બૉંમ વિષે વખાણ કરતાં કહ્યું કે આનાથી તો વિશ્વશાન્તિ સિદ્ધ થશે. અને એથી આગળ વધીને જ્ઞાનવિજ્ઞાનના પંડિતોએ કહ્યું કે અનેક રચનાત્મક ઉદ્યોગોમાં આનાથી વેગ આવશે! સંસારને મૂર્ખ બનાવવાની પરિસીમા આવી ગઈ! આ વાત તો એવી લાગી કે જાણે રૂ બજારનો સટોરિયો–જુગારી કહે છે, કે અમારા ખેલાથી ખેતીને વેગ મળશે! શું જ્ઞાન–વિજ્ઞાનનું અંતિમ આ? શું સંસ્કૃતિની પરાકાષ્ઠા ને પ્રગતિ એટલે માત્ર આ? માનવજાત ફરીથી જંગાલિયત તરફ તો નથી જતી ને? સબળે નિર્બળનું ભક્ષણ કરવું, મોટા ને સશક્ત માછલાએ નાના ને નિર્બળ માછલાને ખાવું—એ 'મત્સ્ય–ગલાગલ' ન્યાયનું પુનર્જીવન ને એ વૃત્તિની પ્રતિષ્ઠા તો થતી નથી ને, આ સુધરેલા ને સંસ્કૃતિધર કહેવાતા આજના જગતમાં?

મનનો કોઈ મેળ મળતો નહોતો. વિસ્મરણની શક્તિ આ વિચારણાને ધીરે ધીરે ભુલાવી રહી હતી, ત્યાં એક દિવસ આપોઆપ પુરાણી સ્મૃતિ જાગે તેવું એક દૃશ્ય જોયું!

## ૬ : मत्स्य-गलागल

એ બેસતા વર્ષનું ખુશનૂમા પ્રભાત હતું. ચિત્ત પ્રસન્ન થાય તેવું વાતાવરણ હતું. દિશાઓ રંગબેરંગી હતી. નવ વર્ષની દીર્ઘાયુ ને મુબારકબાદીની શુભેચ્છાઓ હવામાં ગુંજી રહી હતી. રાતી માંજર ડોલાવતાં ભાતીગર કૂકડાં ફરતાં હતાં. હું નવ વર્ષની મુલાકાતોએ નીકળ્યો હતો. માર્ગ આખો સુંદર ફૂલ-છોડોથી ભર્યો હતો ને એ છોડ પર રંગ-બેરંગી પતંગિયાં ઊડી રહ્યાં હતાં. બટેર, કલૈયાં ને પોપટ ઝાડની ડાળે બેઠાં કિલ્લોલ કરતાં હતાં. એકાએક એક કૂકડાએ સુંદર સોનેરી પતંગિયું પકડ્યું ને બે ચાર કૂકડાં ધસી આવ્યાં !

સૃષ્ટિસૌંદર્યમાં મન એવું મગ્ન હતું, કે આ ઘટનાએ કંઈ સંસ્કાર ન જન્માવ્યા. થોડે જ આગળ મોટી પંજાબી હોટલ હતી. ભપકાદાર વસ્ત્રો પહેરીને, મસ્ત યૌવનભર્યાં, મનને ને દિલને બહેલાવવા નીકળેલા ગ્રાહકો આવી રહ્યાં હતાં. બંગડીવાજુ એક પછી એક સુંદર ગાણાં છેડી રહ્યું હતું. ગ્રાહકોનો ભારે દરોડો હતો. એ વેળા એક પ્રચંડ શીખ જુવાન રસોઈઘરમાંથી બહાર આવ્યો. એણે પાસે ચુગતાં કૂકડામાંથી એકને પકડવા પ્રયત્ન કર્યો. ન જાણે કેમ, પણ કૂકડાંને પોતાના ભાવિની ભયસંજ્ઞા લાધી ગઈ હશે, કે ગમે તે કારણે તેઓ કૂકૂ કૂકૂ કૂકૂ કરતાં નાઠાં. પેલા જુવાને એની પાછળ દોટ દીધી, પણ એકે ન પકડાયા. એમને ઘેરવા પ્રયત્ન કર્યો, પણ ન ઘેરાયા. આખરે એ જુવાને મોટો પથ્થર લઈ ઘા કર્યો. ઘા બરાબર એક કૂકડાને પગે વાગ્યો. એ તમ્મર ખાઈ નીચે ઢળી પડ્યું. શીખ જુવાન એને પગથી પકડીને રસોડામાં ચાલ્યો ગયો.

બંગડીવાજું નૌતમ ગાણાં ગાતું હતું ! અતિથિઓ પરસ્પર દીર્ઘાયુ અને નવ વર્ષની શુભેચ્છાઓ પાઠવતાં નવનવી વાનીઓ આસ્વાદી રહ્યાં હતાં. કેટલાંક દૃશ્ય એટલી બધી વાર જોવાય છે, કે પછી એ દૃષ્ટિને સ્વાભાવિક થઈ જાય છે; બલ્કે એનું વૈષમ્ય જાણે સહજ લાગે છે !

થોડાએક દિવસો બાદ વર્તમાનપત્રોમાં પંજાબ ને સિંધમાં ગુજરેલા જુલમોની કહાનીઓ પ્રગટ થઈ. કુમળાં બાળકો મા-બાપની આંખ સામે વધેરાયાં. યુવતીઓને નગ્ન કરી પ્રદર્શન ભરવામાં આવ્યું. એમના પર સગાંસંબંધીના દેખતાં અત્યાચાર થયા. મર્દોને તો શ્રીફળ જેટલા સસ્તા સમજી વધેર્યાં!

મન ભારે ઉશ્કેરાઈ ગયું! અહિંસા જ્યાં થંભી ગઈ, પ્રેમ જ્યાં પાણી થઈ ગયો, સત્ય જ્યાં છિનવાઈ ગયું, માનવતા જ્યાં મૃત્યુ પામી—ને પશુતાને પણ શરમાવે તેવાં કૃત્યો ધર્મ, દેશ ને સંસ્કૃતિને નામે આચરાયાં. નિર્બળ મનમાં વેર! વેર! વેર! ના પોકારો પડવા લાગ્યા.

અજંપાના દિવસો વીત્યા. ધીરે ધીરે મન શાન્ત થતાં વિચારણાએ નવો વેગ લીધો. મનમાં એક મેળ મળતો લાગ્યો: પેલાં પતંગિયાં, એને ભક્ષતાં કૂકડાં, કૂકડાંને ભક્ષતો નવજુવાન, નવજુવાનને ભક્ષતા પેલા હુમલાખોરો ને હુમલાખોરોને હણતો પેલો અમેરિકાનો એટમ બૉમ્બ! વાહ, સબળ નિર્બળને ભક્ષે—એ આદિન્યાય જાણે હજીય સંસારમાં પ્રવર્તી રહ્યો છે!

કલ્પના આવી કે હજીય પૃથ્વી પરથી પશુરાજ્યનો અંત આવ્યો નથી ને ધર્મરાજ્ય કાયમ થઈ શક્યું નથી. બલ્કે ધર્મને માણસે હમ્બગ માની દૂર દૂર ફગાવવા માંડ્યો છે! માણસે આદિ કાળમાં સ્થાપેલ સિદ્ધાંત—'માણસ જ સૃષ્ટિનો ભોક્તા, માણસના માટે જ બધું!'—એ જાણે ફરીથી પ્રચલિત બન્યો છે. અને એમાંથી અનિવાર્ય રીતે ફલિત થયો એક સિદ્ધાંત—માણસને જ જીવવાનો હક્ક, પારકાના ભોગે પણ જીવવાનો હક્ક! ને એનું સીધું પરિણામ એ આવ્યું કે 'માણસમાં પણ બળવાનને જ જીવવાનો હક્ક!' સબળ નિર્બળને રોંદે–રગદોળે, એ જાણે સ્વાભાવિક! સબળને ક્રૂર બનવાનો હક, નિર્બળને ક્રૂરતા સહન કરવાની ફરજ!

જગતમાં 'મત્સ્ય-ગલાગલ' ન્યાયનું જાણે નાટક શરૂ થયું. એ

રસ્તે નેપોલિયન આવ્યો, કૈસર આવ્યો, હિટલર આવ્યો, ટોજો આવ્યો, હજીય ન જાણે કોણ કોણ આવશે! મેદાન જાગતું છે! સંહારક શક્તિની ઘોર ઉપાસના ત્યાં ચાલી રહી છે. એટમ બોમ ને હાઈડ્રોજન બોમ પાછળ રાષ્ટ્રો ધૂમ પૈસા ખર્ચી રહ્યાં છે! ૪૦ બોમ એક અબજ માનવીને સંહારી શકે, એટલી શોધ થઈ ચૂકી છે. એક જ બોમ જગતને હતું-ન હતું કરી શકે-તેવી આસુરી સાધનાની સિદ્ધિ પાછળ જગતનાં રાષ્ટ્રોની મબલખ સંપત્તિ ખર્ચાઈ રહી છે.

આ તો થઈ રાજકીય બાબતો. પણ પ્રકૃતિના કાનૂન મુજબ માણસ પહેલાં મન-ચિત્તમાં લડાઈનાં બીજ રોપે છે; બાહ્ય યુદ્ધ તો એની ફલશ્રુતિ માત્ર છે. આજે સામાજિક, નૈતિક ને ધાર્મિક રીતે માણસનું કેટલું પતન થયું છે! આજની રીતે આ દુનિયા આગળ વધતી રહી તો—મને લાગે છે કે એટમ બોંબ વધુ નજીક આવતાં વાર નહીં લાગે. પ્રેમનું નામ નહિ, સત્ય પર ઇતબાર નહિ, પડોશીધર્મનો છાંટો નહિ, ઉદારતા ને મહાનુભાવતા તો ન જાણે કયાંય અલોપ થઈ! અહમ્ સહુને માથે ચઢી બેઠું છે. વાસના, વિલાસ ને વૈભવની છડેચોક અહીં પૂજા થાય છે. પુરુષ નિર્બળ બન્યો છે. સ્ત્રી સૌંદર્યની પૂતળી બની છે. શંકર-પાર્વતી જેવાં યુગલોની કલ્પના લગભગ અશક્ય બની છે. વજ્રાંગ બ્રહ્મચર્ય ને આદર્શ ગૃહસ્થાશ્રમ લગભગ લુપ્ત બન્યાં છે. નરોત્તમોને જન્માવવા માટે ભૂમિ હવે જાણે નિર્બળ બની રહી છે.

વાદ ને પક્ષ તો તોબા બન્યાં છે. ચૂંટણી, મત ને અધિકારની દુનિયા તો અંધારી બની છે. ભોળા લોકોને ભમાવવા જાતજાતના અખતરા અજમાવાય છે. વર્તમાનપત્રોએ પણ એમાં સૂરમાં સૂર પુરાવ્યો છે. અને આ બધુંય છતાં-આમાંનું કશું આપણે ન આચરતા હોઈએ તેમ—ડોળઘાલુની રીતે આપણે વર્તીએ છીએ. વિશ્વબંધુત્વની વાતો કરનાર પ્રાંત-બંધુત્વના પંકમાં જ ખૂંત્યો હોય છે; ને પ્રાંત-બંધુત્વનો નાદ ગજવનારો પોતાની કોમ, એમાં પોતાની જ્ઞાતિ, એમાં પોતાનો ફિરકો, એમાં પોતાના વંશને જ શ્રેષ્ઠ માનતો હોય છે.

બ્રહ્મા ને વિષ્ણુ જાણે સૂઈ ગયા છે. હવે રુદ્રનાં ડમરુ–એટમ બોંબના અણકારા–આપણે સાંભળી રહ્યા છીએ. ઇસ હાથ દો ઉસ હાથ લો! જાણે આપણું કર્યું આપણે આજે ભોગવીએ છીએ. ૫૦ લાખના એક માલિકને મેં જોયો ત્યારે મને એ કંગાલથી પણ હીન લાગ્યો. એનગો આટલાં ખેડાય છે, પણ માનવીને દાણો નથી મળતો. કાળ–દુકાળ, રોગ–મહામારી, ક્લેશ ને યુદ્ધ રોજના જીવનનાં અંગ બન્યાં છે. રાજકીય રીતે આની અનેક કારણપરંપરાઓ ને એના નિવારણના અનેક અખતરાઓ યોજાય છે. પણ જ્યાં એકબીજા પ્રત્યેનો સંદેહ, એના પરિણામરૂપ યુદ્ધ અથવા યુદ્ધની માત્ર સંભાવના કે કલ્પના જ પ્રજાકમાણીનો મોટો હિસ્સો ખાય છે, ત્યાં બીજી વાતો કયે મોઢે કરવી?

થોડુંક એવું પણ પ્રતિકૂલ પરિવર્તન માનવીને સહ્ય નથી. અવિશ્વાસ, ભય, આશંકા, પૂર્વગ્રહ ને નમાલા ગજગ્રાહો પૃથ્વીની તાકાતને નિરર્થક રીતે ભરખી રહ્યા છે. શાન્તિનું નામ નથી રહ્યું! સહકારનો શ્વાસ નથી! સમન્વયની ધીરજ નથી! દિશાઓમાં જાણે યુદ્ધના જ પડઘા સદાકાળ ગુંજ્યા કરે છે!

ઉપર્યુક્ત વિચારણાથી ખળભળેલી હૃદતંત્રીએ આ નવલને જન્મ આપ્યો છે. એને કાલ્પનિક બનાવી શકાત, પણ એમ સકારણ નથી કર્યું! વર્તમાન યુગની નાની–મોટી આવૃત્તિશી પ્રાચીન યુગની એકાદ ઐતિહાસિક ઘટના શોધવા દૃષ્ટિ દોડાવી ને આ અનેક કથાતંતુથી ગૂંથાયેલી કથા હાથ આવી ગઈ. આને કોઈ જૈન નવલકથા ન માને; આમાંનાં ઘણાં પાત્રો બૌદ્ધ ને બ્રાહ્મણ સાહિત્યમાં પણ છે. એટલે સાધન માટે સ્વીકારાયેલા આ વાર્તાતત્ત્વને સંપ્રદાય સાથે કંઈ સંબંધ નથી. એ વેળા જેનો સ્વાધ્યાય ચાલતો હતો, એ મહાવીર-જીવનમાં આવેલી કાકકથાઓમાંથી એકાએક આ નવલ ગુંથાઈ ગઈ છે! પ્રસંગો પણ એવા અનુરૂપ મળી ગયા કે મારી કલ્પનાને કંઈ નવીન ઘટના ઉમેરવાની જરૂર ન રહી!

એટલે આ નવલકથા જેટલી પૌરાણિક છે તેટલી અર્વાચીન પણ છે. સમય, સ્થળ, કાળ, વ્યક્તિઓનાં નામકરણ નવાં કરીએ તો જાણે આજનું જ—અત્યારનું—અબઘડીના બનતા બનાવોનું એ ઇતિવૃત્ત છે. કૌશાંબી, અવન્તિ, ચંપા ને વિદેહને સ્થાને ખુશીથી ઇટલી, જર્મની, ઇંગ્લંડ ને રશિયા મૂકી શકાય; ભારત ને પાકીસ્તાન તો નિસંકોચ મૂકી જ શકાય. પ્રદ્યોત, ઉદયન, શતાનિકને સ્થાને મૂકી શકાય તેવાં પાત્રો પણ તરત મળી શકે તેમ છે!

સારાંશ કે જગત જાણે એનું એ છે! न हि अनीदृशं जगत्।

રામરાજ્યના સ્થાપક રામ આવી ગયા; પ્રભુનું રાજ્ય સ્થાપનાર ઇસુ આવી ગયા; સ્નેહની બંસી બજાવનાર શ્રીકૃષ્ણ અવતાર ધરી ગયા; તૃષ્ણાત્યાગનો ઉપદેશ દેનાર ભ. બુદ્ધ આવી ગયા; અહિંસા ને અનેકાન્તનો આદર્શ ધરનાર ભ. મહાવીર આવી ગયા; અરે, વીસમી સદીમાં પ્રેમ-ધર્મનો મહિમા સમજાવનાર મહાત્માજીય આવી ગયા તોય, મગશીળિયા પથ્થરની બનેલી આ પૃથ્વી ન પલળી તે ન પલળી! એમાં ન કંઇ પરિવર્તન થયું, ન કોઇ પરાવર્ત જન્મ્યો!

તો શું પૃથ્વી પરાવર્તને યોગ્ય નથી! માણસ પશુરાજ્યનો જ હજી પ્રજાજન છે! શું નિરર્થક હતા એના બધા યત્નો!

ના, હરગીજ નહિ! મૂશળધાર વરસતી વર્ષાનાં પાણી ભલે નદી, નાળાં વાટે વહી જાય, છતાં એકાદ બિંદુ કોઇ છીપમાં સ્વાતિ બની બેસી જાય છે. ને એમાંથી અમુલખ મોતી મળે છે; એ મોતી સંસારને શોભાવે છે! દુઃખી દુનિયા કદી કોઇક કાળે પુનર્જીવન પામવા એ માનવમોતીની ઝંખના કરે છે; રાજકાજના છલપ્રપંચોથી થાકેલા, મારા—તારાના ઝઘડાથી ખુવાર થયેલા એક દહાડો એ સાદાં સત્યોથી નવજીવન પામે છે!

એ છે—તો જ આશા છે કે માણસ માણસ બનશે. એનું રાજ્ય રામરાજ્ય—ધર્મરાજ્ય બનશે!

આજની દુનિયા હવે ત્રસ્ત બની છે. એટમ બૉમ્બના વપરાશ માટે ખુદ વિજ્ઞાનશાસ્ત્રીઓએ વિરોધ કર્યો છે; ને હીરોશીમા ને નાગાસાકીના નાગરિકોએ વેરની પરંપરાને જિવાડવાને બદલે પોતાના ધ્વંસકોને માફી આપી, શાન્તિને માટે સંમેલન ભર્યું ! હિંદમાં પણ વિશ્વશાન્તિવાદીઓનું સંમેલન હમણાં જ ભરાયું. સ્વીડનના એક ચિત્રકારે પોતાની કલા યુદ્ધ નિમિત્તે વપરાય—તે માટે ચિત્રનો કસબ છોડી દીધો.

મહાત્મા ગાંધીજી તો આજે ઉજ્જવળ ગગનતારકની જેમ આપણી સામે જ છે.

આશા હોય તો—આ નાની ઘટનાઓ પર છે. ભૌતિક બળો પર માનવી સુખી નહિ બની શકે. એ માટે એણે આધ્યાત્મિક માર્ગનું ગમે ત્યારે શરણુ લેવું પડશે—ને એ માટે અહિંસા ( પ્રેમ ), અપરિગ્રહ (જરૂરિયાતોનો સંયમ ને અનેકાન્ત (સમન્વય) એ તત્ત્વત્રયનો આશરો લેવા જ પડશે. બાકી તો રાષ્ટ્રોમાં તો પરસ્પર સંઘર્ષ, દ્વેષ, દંભ ને દુશ્મનાવટ દેખાય છે. એક માનવ-રાષ્ટ્ર ને એક વિશ્વ-સરકારની કલ્પના પણ આજની દ્વેષભરી માનવતા જોઈ શેખચલ્લીની કલ્પના લાગે છે ! સંયમ, સદાચાર, સમભાવ—જગતના પાયારૂપ આ ગુણો હવે અદૃશ્ય થતા જાય છે. રંગભેદ, વાદભેદ ને વર્ગભેદ નવનવી રીતે અહીં પડ્યા-પાથર્યા જ છે. ' આપણાં સુખ-સગવડ કાજે બધું ! ' એ ભાવના દૃઢ રીતે ઊંડાં મૂળ ઘાલતી જાય છે. અસ્તુ. વિશેષ વાત નવલકથા કહે એ જ યોગ્ય છે.

આ નવલકથાને એક પુણ્યસંજોગ લાધે છે, અને તે પંડિતવર્ય શ્રી. સુખલાલજીની પ્રસ્તાવનાનો ! પ્રાચીન કાળના ઋષિ મુનિઓની ઝાંખી કરાવતા, પ્રાચીન ઋષિ-આશ્રમોનું આજની વીસમી સદીમાં જીવન જીવતા, સંપ્રદાયથી મુક્ત પ્રતિભાથી ઓપતા અને પોતાની વિવેચનાશક્તિ ને પાંડિત્યથી અખિલ ભારતવર્ષીય વિદ્વાનોમાં અગ્રસ્થાન ધરાવતા પ્રજ્ઞાચક્ષુ પંડિતવર્યજી સાથે પ્રસ્તાવના નિમિત્તે જે સમય

જાળ્યો છે, એણે મારા મન પર ભારે અસર જન્માવી છે. એમ જ લાગે છે, કે ક્ષણભર ગુરુકુલવાસની શાન્તિ આસ્વાદીને પાછો આ કોલાહલી જગતમાં આવી પડ્યો છું. આત્માની અજેય શક્તિના જીવંત દષ્ટાંત સમા, દેહનાં અંગની ખામીને ખંગ પ્રજ્ઞાથી પૂરી પાડનાર એમનું જીવન કર્મણ્યતાનો એક નમૂનો છે. એમણે મારા જેવાની અલ્પ કૃતિઓનું નિરીક્ષણ કરી, નિરીક્ષણ દરમ્યાન મને માર્ગદર્શન આપી, મને જે આભારી કર્યો છે, એને કયા શબ્દોમાં હું વ્યક્ત કરું ! માત્ર મૂકભાવે હું એ મહાન ભારતીય પ્રતિભાને નમું છું–વંદું છું. આશા છે કે વાચકો મારા ગ્રંથવિષય કરતાં પણ વધુ મહત્ત્વની આ પ્રસ્તાવનાને વાંચવી નહીં ચૂકે !

વાચકો આ નવલને મારી દૃષ્ટિએ વાંચે—એટલી નમ્ર પ્રાર્થના સાથે લાંબે સમયે શરૂ થયેલી ને લાંબે ગાળે પૂરી થયેલી આ નવલ આપની સેવામાં રજૂ કરું છું.

પટેલનો માઢ, માદલપુરા
એલીસબ્રીજ, અમદાવાદ–૬
૧૫–૨–૫૦

જયભિખ્ખુ

# અનધિકાર ચેષ્ટા

**પ્રાચીન** ભારતીય કથાસાહિત્ય મેં સાંભળ્યું છે, પણ તે ઇચ્છું તેટલી એકાગ્રતાથી અને વ્યાપક રીતે નથી સાંભળ્યું. તે વખતે વિષયાન્તર વ્યાસંગને લીધે મનમાં એમ થતું કે મારે આ વિષે ક્યાં લખવું છે? જ્યારે લખવું હશે ત્યારે સાંગોપાંગ વાંચીશું અને વિચારીશું. પણ એ અવસર આવ્યો જ નહિ, અને ધારેલું રહી ગયું. નવયુગીન વાર્તાસાહિત્ય વિષે પણ એમ જ બન્યું છે. નોવેલ, ઉપન્યાસ, કાદંબરી ને ગલ્પ જેવાં નામોથી પ્રસિદ્ધ થતું કથાવાઙ્મય મેં સાભળ્યું જ નથી, એમ કહું તો જરાય અત્યુક્તિ નથી. વિદેશી ભાષામાં પ્રસિદ્ધ થતી ઉત્તમોત્તમ વાર્તાઓ વિષે પણ એમ જ બન્યું છે. તેથી હું પોતે જ વાર્તા વિષે કાંઈ પણ લખવાનો મારો અનધિકાર સમજું છું. તેમ છતાં હું કાંઈક લખવા પ્રેરાયો છું તે–અનધિકાર ચેષ્ટા–નો ખુલાસો અંતમાં થઈ જશે.

મનુષ્યજાતિનાં વ્યાવર્તક કે વિશિષ્ટ લક્ષણો અનેક છે. તેમાંથી એક સરળ અને ધ્યાન ખેંચે એવું લક્ષણ તે — તેનો કથા–વાર્તાનો વારસો છે. નાના, મોટા માનવસમાજની વાતો દૂર રહી, પણ એક ક્યાંક ખૂણે અટૂલું પડેલ કુટુંબ લઈ તે વિષે વિચાર કરીએ તોય જણાઈ આવશે, કે કુટુંબનાં બાળકો અને વડીલો વચ્ચેનું અનુસંધાનકારી તત્ત્વ એ વાર્તાઓ છે. માતા કે દાદી, બાપ કે દાદો, નાનાં–મોટાં પોતાનાં બાળકોને વાતો ન કહે, તેમનું મન નવાનવા વિષયોમાં ન

કેળવે, તો એ બાળકો ભાષા વિનાના અને વિચાર વિનાના પશુ જ રહે. વડીલોને પોતે જાણેલી વાતો કે હકીકતો કહ્યા વિના ચેન નથી પડતું, અને ઊછરતાં બાળકોને એ સાંભળ્યા વિના બેચેની રહે છે. આ પરસ્પરને આકર્ષનાર અને જોડનાર જિજ્ઞાસા-તત્ત્વને લીધે જ માનવજાતિએ જ્ઞાનવારસો મેળવ્યો અને કેળવ્યો છે. ઈશ્વરની વ્યાપકતા સમજવા માટે પ્રબળ શ્રદ્ધા જોઈએ; કથા કે વાર્તાની વ્યાપકતા સ્વયંસિદ્ધ છે.

જ્ઞાનની શાખાઓ અપરિમિત છે. એના વિષયો પણ તેટલા જ છે. જ્ઞાનવિનિમયનાં સાધનો પણ કાંઈ ઓછાં નથી. અને તે નવાં નવાં શોધાતાં તેમજ ઉમેરાતાં જાય છે. એ બધાંમાં સરલ અને સર્વગમ્ય જ્ઞાનવિનિમયનું સાધન તે વાર્તા છે. લગભગ અઢીત્રણ વર્ષનું બાળક થાય ત્યારથી માંડી જીવનના છેલ્લી ક્ષણ સુધીની જુદી જુદી ઉંમર, સમજણ અને શક્તિની પાયરીઓમાં એક સરખી રીતે ઉપયોગી થાય, કંટાળા વિના વધારે ને વધારે જિજ્ઞાસા પોષે જાય અને જ્ઞાન લેનાર ને દેનાર બંનેને શાંતિ અને સ્વસ્થતાનો અનુભવ કરાવે એવું સાધન એકમાત્ર કથા-વાર્તા છે. તેથી જ દુનિયાના આખા પટમાં વિસ્તરેલી બધી જ માનવજાતિઓમાં એવું સાહિત્ય એક અથવા બીજી રીતે ખેડાયેલું મળી આવે છે. જે સમાજ જેટલો જૂનો અને જેટલો વિશાળ તેટલું જ તેનું કથાસાહિત્ય વિવિધ ને વિશાળ. એની મારફત ભાષા, વિચાર અને સંસ્કાર ઘડાય છે તેમજ વિસ્તરે છે. જેમ વાયુ એ સદાગતિ છે તેમ વાર્તાસાહિત્ય એ સદાગતિ છે.

સામાજિક, આર્થિક, રાજકીય કે ધાર્મિક—કોઈ પણ બનાવ કે ઘટના હોય તો તેનુ પ્રતિબિંબ વાર્તા ઝીલે છે. જે ઘટના જેવી બની હોય તેનું તેવું ચિત્રણ એ ઈતિહાસ છે. પણ ઈતિહાસ સુદ્ધાં એક વાર્તા જ છે. ભૂતકાળના દૂર દૂરના સંબંધો અને દૂર દૂર દેશના સંબંધો વર્તમાન જીવનમાં કેવી રીતે કામ કરી રહ્યા છે, એના ઉપર આપણે વિચાર કરીએ તો સ્પષ્ટ સમજાશે કે આ ભૂત

અને વર્તમાનની સાંકળ મોટે ભાગે કથા-વાર્તામાં જ છે. તેથી એની ઉપેક્ષા કોઈએ કરી નથી, કોઈથી થઈ શકી પણ નથી.

કથા-વાર્તા શ્રવ્ય તો છે જ, પણ એની લોકપ્રિયતાએ એને અનેક રીતે દૃશ્ય પણ બનાવી છે. જ્યારે ચિત્રપટ ન હતો, ત્યારે પણ 'મુંબઈ દેખો, કાશી દેખો, દેખો મથુરાકા ઘાટ' એમ કહી માથે ફલકોની પેટી લઈ ઘેર ઘેર ફરનાર મંખલીપુત્રો-ચિત્રપ્રદર્શકો હતા જ. નાટક-ભવાઈ તો હજી પણ ચાલે જ છે. હજારો વર્ષ પહેલાંનાં શિલ્પ-સ્થાપત્યમાં વાર્તાઓ ઉત્કીર્ણ મળી આવે છે. એ બધું તેની લોકપ્રિયતા જ સૂચવે છે.

જ્યાં આવી લોકપ્રિયતા હોય, ત્યાં તેનો વાહક એક વિશિષ્ટ વર્ગ હોવાનો જ. વ્યાસો માત્ર કથા જ ન કરતા, કે પુરાણો જ ન સંભળાવતા, પણ તેમાંથી કેટલાક પ્રતિભાશાળી નવનવા પ્રકારે વાર્તાઓ રચતા અને તેનો પ્રચાર પણ કરતા. ચારણ, ગઢવી, અને ભાટોનું કામ તો એ જ કામ! ભોજક, તરગાળાઓમાં પણ કેટલાક એ જ કામને વરેલા. જેઓ અગાર (ઘર) છોડી અનગાર-ભિક્ષાજીવી થયેલા તેવા અનેક પ્રકારના શ્રમણો પણ પોતાની સમગ્ર પ્રવૃત્તિ અને લોકસંગ્રહકારી વૃત્તિ કથા-વાર્તા દ્વારા પોષતા. તેમાંથી અનેક પ્રતિભાશાળી નવસર્જન કરતા, તો બીજા કથક કે કથિક તરીકે જ કથાવાચન કરતા. તેથી જ સંસ્કૃતિના ચઢતા-ઊતરતા બધા જ સ્તરવાળા સમાજમાં અને જુદી જુદી ભાષા બોલનારા બધા જ વર્ગોમાં તે તે ભાષામાં ખેડાયેલું અને સચવાયેલું કથાસાહિત્ય મળી આવે છે. આપણે જ્યારે ધ્યાનપૂર્વક આ કથાસાહિત્ય વાંચીએ છીએ ત્યારે આપણી સામે જાણે આખો ભૂતકાળ વર્તમાન થતો હોય—એમ ભાસે છે.

વાર્તાનો સર્જન અને પ્રચાર-પ્રવાહ તો નદીના અખંડ સ્રોતની પેઠે વહેતો જ આવ્યો છે. કોઈ અસાધારણ પ્રતિભાવાળો

વાર્તાકાર જન્મે ત્યારે એ ભૂતકાળના પાયા ઉપર નવી નવી ઘટનાઓ અને કલ્પનાઓને આધારે નવો આકર્ષક વાર્તા-મહેલ ઊભો કરે છે. પછી લોકરુચિ કાંઈક નવી દિશાએ વળે છે. નવી દિશાએ વળેલી લોકરુચિ નવા વાર્તાકારોને નવી રીતે લખવા પ્રેરે છે. એમ નવ-સર્જનથી લોકરુચિ અને લોકરુચિથી પુનર્નવસર્જન ઘડાતાં જ ચાલ્યાં આવ્યાં છે. તેથી જ આપણે વાર્તા-સાહિત્યની જુદી જુદી કક્ષાઓ અને ભૂમિકાઓ જોવા પામીએ છીએ. આજે તો વાર્તાકળાની એટલી બધી કદર થઈ છે, અને તે એટલી બધી વિકસી છે, કે તેનાં જ્યૉર્જ બર્નાર્ડ શો, પર્લ બર્ક, ગાલ્સવર્ધી, આનાતોલ ફ્રાન્સ, જેવા સર્જકોને નોબેલ પ્રાઈઝ સુદ્ધાં મળ્યું છે. અને પ્રાચીન કાળમાં જેમ બાણાવળી તરફ સહુની નજર જતી અને સ્વયંવરમંડપમાં કન્યા તેને પસંદ કરતી, તેમ આજે આપણાં બધાંની દૃષ્ટિ એવા કુશળ વાર્તાકાર ભણી જાય છે, અને સ્વયંવર તો આપોઆપ જ સર્જાય છે.

લગભગ છેલ્લી શતાબ્દીમાં બંગાળી, હિંદી અને મરાઠી જેવી પ્રાન્તીય ભાષાઓમાં પાશ્ચાત્ય સંસ્કારનું પ્રતિબિંબ ઝીલતી અને આર્ય સંસ્કૃતિનો પડઘો પાડતી અનેક નવલ-નવલિકાઓ અસ્તિત્વમાં આવી. ગુજરાતે પણ એ દિશામાં મંગળ પ્રયાણ કર્યું. નવો યુગ બેસી ગયો અને પછી તો અનેક લેખકો વાર્તાની રંગભૂમિ પર ઉપસ્થિત થયા. મુદ્રણ અને પ્રકાશનયુગે લખનાર-વાંચનારને એટલી બધી સગવડ કરી આપી કે બે વર્ગ વચ્ચેનું દેશ કે કાળનું અંતર જ લુપ્ત થઈ ગયું. અને રેડિયોએ તો, કાન બંધ કરીને બેસીએ તોય, પરાણે તેનાં દ્વાર ખોલવા માંડ્યાં. આજે વર્તમાનપત્રોમાં, માસિકોમાં અને પુસ્તકોમાં જ્યાં દેખો ત્યાં નાની-મોટી વાર્તાનું દર્શન થવાનું. હવે વ્યાસો કે ચારણ-ભાટો કોઈ કામ પૂરતા ન રહ્યા. જેમ બીજી બાબતોમાં તેમ વાર્તા-લેખન અને વાર્તા-પ્રચારની બાબતમાં પણ જાતિબંધન લુપ્ત થયું. એ સૂચવે છે, કે વાર્તાતત્ત્વ મૂળે જ વ્યાપક છે, એ કૃત્રિમ બંધનોથી પર છે.

ભારતને પોતાનું કથા–સાહિત્ય છે, અને તે જેવું તેવું નહિ–પણ અસાધારણ કોટિનું છે. કદાચ પ્રાચીનતાની દૃષ્ટિએ એ બધામાંય ભુઝર્ગ પણ હોય. ભારતે એટલા બધા દાનવીરો, રણવીરો અને ધર્મવીરો પેદા કર્યા છે, કે તેની આસપાસ ગૂંથાયેલું અને ગૂંથાતું જતું સાહિત્ય એક અજબ ખુમારી પેદા કરે છે. એમ તો ભારતીય સાહિત્યના કાંઈ ચોકા પાડી ન શકાય; ભાષા ને સંસ્કારની દૃષ્ટિએ બધી પરંપરાઓમાં ઘણું સામ્ય છે, છતાં કાંઈક કાંઈક જુદી પડતી માન્યતાઓ અને જીવનગત જુદાં જુદાં વલણોને લીધે ભારતીય કથા–સાહિત્યને મુખ્યપણે ત્રણ પ્રવાહમાં વહેંચી શકાય : ૧. વૈદિક અને પૌરાણિક, ૨. બૌદ્ધ, ૩. જૈન.

વૈદિક અને પૌરાણિક ગણાતા કથા–સાહિત્યમાં એક તરત નજરે ચઢે એવી કલ્પના તેને બીજા બે પ્રવાહોથી જુદું પાડે છે. એ કલ્પના તે દેવાસુર સંગ્રામની. દેવો અને અસુરો મૂળે કોણ હતા, તેમનો સંગ્રામ ક્યારે અને કયે નિમિત્તે તેમજ ક્યાં થયેલો —એ બધું આજે તદ્દન સ્પષ્ટ નથી. પણ એ સંગ્રામની કલ્પના ક્યારેક વાર્તામાં દાખલ થઈ. પછી તો એ કલ્પના વ્યાસો અને પૌરાણિકો માટે કામદુઘા ધેનુ બની ગઈ. એ કલ્પનાની ભૂમિકા ઉપર એટલું બધું વૈદિક અને પૌરાણિક સાહિત્ય રચાયું છે, કે તે જોતાં આશ્ચર્યમાં ગરક થઈ જવાય છે. ઐતરેય અને શતપથ બ્રાહ્મણમાં દેવાસુર–સંગ્રામનો સંકેત એક રીતે છે, જ્યારે છાંદોગ્ય અને બૃહદારણ્યક જેવાં ઉપનિષદોમાં તેનો ઉપયોગ કથારૂપે તત્ત્વજ્ઞાનના વિકાસમાં થયો છે. અને મહાભારત જેવાં મહાકાવ્યો અને પુરાણોમાં તો એ કલ્પના વિના જાણે વ્યાસો આગળ જ વધી શકતા નથી. મહાદેવને ઉમા સાથે પરણાવવા હોય કે કંસ જેવાનો વધ કરાવવો હોય કે લેખકે પોતે માની લીધેલા બૌદ્ધ–જૈન જેવા નાસ્તિક અસુરોને નરકે મોકલી વૈદિક–આસ્તિક દેવોનું રાજ્ય સ્થાપવું હોય કે ભાર્ગવ જેવા વંશને અસુર કોટીમાં મૂકવો હોય તો તેને પ્રાચીન-

કાળથી ચાલી આવતી દેવાસુર-સંગ્રામની કલ્પના ભારે મદદગાર થાય છે. એક માત્ર દેવાસુર સંગ્રામની કલ્પનાનો આશ્રય કરી તેને આધારે નાનાં-મોટાં કેટલાં વાર્તાઓ-આખ્યાનો ને આખ્યાયિકા રચાયાં છે, એ જો કોઈ સર્વાંગીણ શોધપૂર્વક લખે તો તે ખાતરીથી પીએચ. ડી. ની ડિગ્રી મેળવે. અને તેમાં રસ પણ જેવો તેવો નથી દેવાસુર-સંગ્રામની કલ્પનાની સાથે જ અવતારવાદ સંકળાયેલો છે. એટલે વૈદિક કે પૌરાણિક કથા-સાહિત્યમાં તે કોઈ ને કોઈ રૂપે ભાગ ભજવ્યા વિના રહેતો જ નથી.

બૌદ્ધ કથા-સાહિત્ય એનાં વિશિષ્ટ લક્ષણોથી નોખું તરી આવે છે. એમાં ખાસ ધ્યાન ખેંચે એવું લક્ષણ તે બોધિસત્ત્વની પારમિતાઓ છે. બુદ્ધત્વની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરનાર ઉમેદવાર તે બોધિસત્ત્વ. બૌદ્ધ પરંપરા અવતારવાદ કે દેવ-અસુર વર્ગના વિગ્રહને આધારે વિચાર નથી કરતી. પણ તે સત્-અસત્ વૃત્તિનાં અથવા દૈવી-આસુરી વૃત્તિનાં દ્વંદ્વને અવલંબી જડતા, પ્રમાદ, ક્રોધ જેવી આસુરી વૃત્તિઓનો પ્રજ્ઞા, પુરુષાર્થ અને ક્ષમા જેવી દૈવી વૃત્તિઓ દ્વારા પરાભવ કથાઓમાં ચિત્રિત કરે છે; અને દર્શાવે છે, કે જે વ્યક્તિ દૈવી વૃત્તિઓના વિકાસની પરાકાષ્ઠા-પારમિતા સાધે છે તે જ બોધિસત્ત્વ. અને તે જ ક્રમે બુદ્ધત્વ પ્રાપ્ત કરે છે. અન્ય પરંપરાઓની પેઠે બૌદ્ધ પરંપરા પણ પુનર્જન્મવાદનો આશ્રય લઈ પારમિતાની સિદ્ધિ જન્મજન્માંતરના પુરુષાર્થ દ્વારા વર્ણવે છે. આ માટે બૌદ્ધ પરંપરાએ તથાગત બુદ્ધના પૂર્વજન્મોને લગતી પારમિતાની સાધના સૂચવતી સેંકડો મનોરંજક કથાઓ રચી છે, જે જાતકકથા નામથી વિશ્વવિખ્યાત છે. જાતકકથાઓ સિવાય પણ બૌદ્ધ-પાલિ વાઙ્મયમાં કથાઓ આવે છે, પણ વિશેષ ધ્યાન તો જાતક કથાઓ જ ખેંચે છે!

જૈન પરંપરાનું કથા-વાઙ્મય જેટલું પ્રાચીન છે તેટલું જ

વિશાળ પણ છે. એની વિશેષતા કર્મવાદના ખુલાસાને કારણે છે. જીવનમાં જે સુખદુઃખના તડકા-છાયાનું પરિવર્તનશીલ ચક્ર અનુભવાય છે, તે નથી ઈશ્વર-નિર્મિત કે નથી દેવપ્રેરિત, નથી સ્વભાવ-સિદ્ધ કે નથી નિયતિ તંત્ર; તેનો આધાર જીવની પોતાની સદ્-અસદ્ વૃત્તિ એ જ છે. જેવી વૃત્તિ—એટલે બુદ્ધિ અને પુરુષાર્થ—તેવી જ કર્મચેતના, અને તેવી જ ફળચેતના. માણસ પોતે જેવો છે તે તેના પૂર્વ-સંચિત સંસ્કાર અને વર્તમાન સંસ્કારનું પ્રતિબિંબ છે. તે જેવો થવા માગે તેવો સ્વપુરુષાર્થથી બની શકે. આખું ભાવિ એના પોતાના જ હાથમાં છે. આ રીતે જીવનમાં ચારિત્ર ને પુરુષાર્થને પૂર્ણ અવકાશ આપવાની દૃષ્ટિએ જ જૈન કથા-સાહિત્ય મુખ્યપણે લખાયેલું છે.

લોકોને મોઢે મોઢે અને ઘરે ઘરે રમતું લોકકથાસાહિત્ય અજ્ઞાત કાળથી ચાલ્યું જ આવે છે, અને તેમાં નવા નવા ઉમેરાઓ પણ થતા રહ્યા છે. એની સદા વહેતી ગંગામાંથી ઉપર દર્શાવેલી ત્રણે પરંપરાઓએ પોતપોતાની માન્યતાને પોષવા અને સંપ્રદાયને પુષ્ટ કરવા પોતપોતાને ફાવે તે તે કથાઓને લઈ તેને નવા નવા ઘાટો ને આકારો આપ્યા છે. કથા મૂળ એક જ હોય પણ તે વ્યાસોના હાથે એક રૂપ પામી, બૌદ્ધ ભિક્ષુકો અને જૈન નિર્ગ્રંથોને હાથે વળી તેથી જુદા આકાર પામી. જેઓ ઉક્ત ત્રણે પરંપરાઓના કથાસાહિત્યના તુલનાત્મક અભ્યાસી છે, તેઓથી આ વસ્તુ અછાની નથી. રામ-રાવણ, કંસ-કૃષ્ણ, અને કૌરવ-પાંડવની લોકકથા પુરાણોમાં એક રૂપે હોય તો જૈન પરંપરામાં તે સહેજ બીજે રૂપે હોય અને બૌદ્ધ પરંપરામાં વળી ત્રીજી જ રીતે હોય. કોઈ એક જ પરંપરાના જુદા જુદા લેખકો પણ ઘણી વાર એક જ કથાને જુદી જુદી રીતે ચીતરે છે. પુરાણમાં તો નાભિ-મરુદેવીના નંદન ઋષભદેવની વાત જૈનપરંપરાથી કાંઈક જુદી હોય એ સમજી શકાય તેવું છે, પણ જૈન પરંપરાના દિગંબર-શ્વેતાંબર જેવા બે કવિલેખકો પણ ઋષભદેવની

કથા વિષે સર્વથા એકરૂપ નથી રહી શકતા. મૂળે બધા કથા-વાર્તાના લેખકો કે પ્રચારકોનો ઉદ્દેશ પોતપોતાની કથાને વધારેમાં વધારે લોકપ્રિય બનાવવાનો હોય છે. એ ઉદ્દેશ તેમને તત્કાલીન આકર્ષક બળોને કથામાં સમાવવા પ્રેરે છે. ને તેથી જ મૂળ માન્યતા એક હોય તોય કથાના સ્વરૂપમાં થોડો ઘણો ફેર પડી જ જાય છે. શિબિએ બાજથી પારેવાનું રક્ષણ કરવા પોતાનું શરીર અર્પ્યાની કથા મહાભારતના વનપર્વમાં છે. બોધિસત્ત્વે પણ પ્રાણીરક્ષણ માટે હિંસ્ર પશુને પોતાનો દેહ અર્પ્યો એવી વાત વ્યાઘ્રીજાતકમાં છે. સોળમા તીર્થંકર શાંતિનાથે મેઘરથ રાજાના ભવમાં બાજના પંજામાંથી પારેવાને બચાવવા પોતાનો દેહ અર્પ્યાની વાત છે. સિંહના પંજામાંથી સુરભીનું રક્ષણ કરવા દિલીપના દેહાર્પણની વાત પણ કાવ્યમાં આવી છે. આ બધી વાર્તાઓમાં પાત્રો અને પ્રસંગો ભલે જુદાં હોય પણ તેમાં પ્રાણી-રક્ષણની ધર્મોચિત કે ક્ષત્રિયોચિત જવાબદારી અદા કરવાનો પ્રાણ તો એક જ ધબકી રહ્યો છે. મહાભારતમાં મિથિલાના અનાસક્ત કર્મયોગી વિદેહ જનકની વાત છે. બૌદ્ધ જાતકોમાં મહાજનક એક જાતક છે, તેમાં મિથિલાનરેશ તરીકે મહાજનક નામનું બોધિસત્ત્વ પાત્ર આવે છે. તે પણ અનાસક્તપણે ત્યાગની દિશામાં આગળ વધે છે. જૈન પરંપરામાં ઉત્તરાધ્યયન સૂત્રમાં નમિરાજ ઋષીશ્વરની કથા છે. તે પણ અમુક પ્રસંગે વૈરાગ્યવૃત્તિથી પ્રેરાઈ, પોતાની નગરી મિથિલાના દાહ અને બીજા ઉપદ્રવોની કશી જ ચિંતા સેવ્યા વિના, આધ્યાત્મિક સાધનાની દિશામાં આગળ વધે છે. આ જુદાજુદા દેખાતા કથા-ઉદ્ગમો મૂળમાં કોઈ એક જ બીજનાં પરિણામ છે, અગર તો એકનાં બીજાં સુધારેલાં અનુકરણો છે. ઉદયન વત્સરાજ જેવી ઐતિહાસિક વ્યક્તિનું આલેખન કરતી કથાઓ પણ ઉપર સૂચવેલ બ્રાહ્મણ-શ્રમણ પરંપરાઓમાં કાંઈક ને કાંઈક જુદો જુદો આકાર ધારણ કરે છે. આટલી ચર્ચા એટલું જાણવા પૂરતી કરી છે કે પ્રાચીન કાળમાં અને મધ્ય કાળમાં પણ એક સામાન્ય કથાના ખોખા

પરથી જુદા જુદા સંપ્રદાયવાળા અને જુદી જુદી શક્તિ ધરાવનારા લેખકો કેવી રીતે ભિન્નભિન્ન આલેખન કરતા.

આપણે ઉપર જોયું તેમ, એક સર્વસામાન્ય કથાસાહિત્યના પ્રભવસ્થાનમાંથી ઉદ્ભવેલી સંપ્રદાય–ભેદની છાયાવાળી કથાત્રિવેણી ભારતીય વાઙ્મયના પટ પર તો વહે જ છે, પણ એના પ્રચારની બાબતમાં ધ્યાન આપવા લાયક મહત્ત્વનો ભેદ છે. બૌદ્ધ ભિક્ષુકોને ન નડતું જાતિબંધન કે ન નડતો વિહારનો સખત પ્રતિબંધ. તેથી તેઓ ભારતની ભૂમિ ઓળંગી તે સમયમાં જાણીતી એવી સમગ્ર દુનિયાના ખૂણેખૂણે પહોંચવા મથ્યા. સાથે પોતાનું અણમોલું કથા-સાહિત્ય પણ લેતા ગયા. અને પરિણામે બૌદ્ધ કથાસાહિત્ય, ખાસ કરીને જાતકસાહિત્ય, અનેક ભાષાઓમાં અનુવાદિત થયું અને ભારત બહારની જનતાનું ધ્યાન તેણે બુદ્ધભૂમિ પ્રત્યે આકર્ષ્યું. વૈદિક અને પૌરાણિક કથાસાહિત્યને એવી તક મળવા સામે મુશ્કેલી હતી. વ્યાસો ને પૌરાણિકો વાક્શૂર ને વાક્પટુ કાંઈ ઓછા નહિ, પ્રચાર–ઉત્સાહ પણ જેવો તેવો નહિ, પણ તેમને નડતું મુખ્યપણે જાતિનું ચોકાબંધન. તેથી બૌદ્ધ કથાસાહિત્ય જેટલું પૌરાણિક કથાસાહિત્ય તે કાળમાં ભારત બહાર પ્રચાર ન પામ્યું એ ખરું; પણ ભારતમાં તો એ દરેક રીતે ફૂલ્યું-ફાલ્યું અને ઘરે ઘરે આવકાર પામ્યું. એક તો બ્રાહ્મણવર્ગ જ વિશાળ, બીજું તે બુદ્ધિપ્રધાન અને માત્ર બુદ્ધિજીવી, ત્રીજું એ લોક અને શાસ્ત્રમાં ગુરુસ્થાને એટલે પૌરાણિક કથાઓએ જનતામાં એવા સંસ્કાર સીંચ્યા, કે જે વૈદિક કે પૌરાણિક પરંપરાના અનુયાયી ન હોય તેના કાન ઉપર પણ પૌરાણિક કથાઓના પડઘા પડતા જ રહ્યા છે.

જૈન કથા–સાહિત્યનો પ્રશ્ન સાવ નિરાળો છે. જો કે જૈન ભિક્ષુકોને યથેચ્છ વિહારમાં જાતિબંધનનું ડામણ નડે તેમ ન હતું, પણ તેમને જીવનચર્યાના ઉગ્ર નિયમો મુક્ત વિહારમાં આડે આવતા. તેથી ભારત બહાર જૈન કથા–સાહિત્યના પ્રચારનો

સંભવ જ લગભગ ન હતો. અલબત્ત, ભારતમાં એ પ્રચાર માટે પૂર્ણ અવકાશ હતો, છતાં એમ સિદ્ધ ન થવાનાં અનેક કારણો પૈકી મુખ્ય કારણ-જૈન ભિક્ષુકોની પોતાના ધર્મસ્થાન પૂરતી મર્યાદા એ જ હતું. જે જૈનો પોતાના ધર્મસ્થાનમાં જતા રહે અને કથા-શ્રવણ કરે તે તો ઓછેવત્તે અંશે જૈન કથાથી પરિચિત રહેતા, પણ જેઓ એ રીતે ટેવાયેલા ન હોય તેવા જૈનો પણ જૈન કથા વિષે ભાગ્યે જ જાણતા. તેથી જૈન કથાઓ જેટલા પ્રમાણમાં ગ્રંથોમાં આલેખાયેલી છે ને સંગૃહીત છે તેટલા પ્રમાણમાં તેનું પ્રચારક્ષેત્ર વધ્યું નથી, એ નક્કર હકીકત છે. જે વસ્તુ સાર્વજનિક ક્ષેત્રમાં પ્રચારમાં આવે છે તેમાં હમેશાં લોકરુચિ પ્રમાણે અનેક આકર્ષક સુધારા-વધારા પણ થતા રહે છે. જેનો પ્રચાર નહિ અથવા ઓછો તેમાં કોઇ સારું તત્ત્વ હોય તોય તે આંખે વળગે અને કાનને પકડે એવી રીતે ઉઠાવ પામતું નથી. અને કોઈ તત્ત્વ ખટકે એવું હોય તો તે તેમાંથી દૂર થવા પામતું પણ નથી. કેટલીક જૈન કથાઓની બાબતમાં કાંઈક આવું જ બન્યું હોય તેમ મને લાગે છે. જૈન સાહિત્યમાં કેટલીક કથાઓ એવી આકર્ષક અને માનવતાના ઉત્કર્ષની દૃષ્ટિએ ઉપયોગી તત્ત્વ ધરાવતી છે કે જો તે સુયોગ્ય લેખકની કળાના નવનવ સંસ્કાર પામતી રહે તો, કયારે પણ વાસી ન થાય અને સદાય પ્રજાને દીપિકાની ગરજ સારતી રહે.

કુશળ લેખક પોતાના અનુભવના નાનાવિધ પાસાઓને પૌરાણિક, ઐતિહાસિક કે કલ્પિત-અકલ્પિત મિશ્ર પાત્રોના આલેખન દ્વારા એવી ઉઠાવદાર કળાથી તેમજ રસસંભૃત છટાથી રજૂ કરે કે જેથી વાચનાર-સાંભળનાર વર્ગની જિજ્ઞાસા કુંઠિત થવાને બદલે ઉત્તરોત્તર વધતી ચાલે અને જેના રસાસ્વાદ દ્વારા વાચક કે શ્રોતાને ન થાય શ્રમનો અનુભવ કે ન રહે સમય વીત્યાનું ભાન! વાર્તા-સામાન્યનું મારી દૃષ્ટિએ આ લક્ષણ છે, જે નાની કે મોટી બધી નવલ કે નવલિકાઓને આવરે છે. હું પોતે તો એ લક્ષણમાં એટલું

પણ ગર્ભિત રીતે સમાયેલું માની જ લઉં છું, કે લેખકની કળા વાચક અને શ્રોતામાં વિવેક તેમજ સાહસ પ્રગટાવે તેવી જ હોય. એવી કળા વિનાનાં લખાણો છેવટે વાચક કે શ્રોતાને ઊર્ધ્વગામી ન બનાવતાં નીચે જ પાડે છે—એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે.

ગુજરાતી ભાષામાં નવલ–નવલિકાઓનું સાહિત્ય ઠીક ઠીક પ્રમાણમાં રચાયું છે, અને હજી રચાયે જાય છે. એણે વાચકોનો ચાહ પણ ઠીક ઠીક મેળવ્યો છે. કેવળ પ્રાચીન સાહિત્યનાં પાત્રોના આલંબનવાળું જે નવલ–નવલિકા સાહિત્ય અત્યાર લગીમાં પ્રસિદ્ધ થયું છે, તેમાં જૈન કથા–સાહિત્યને આધારે નવલ–નવલિકાઓનું રુચિર સર્જન કર્યું હોય તો તે મારી જાણ મુજબ એકમાત્ર 'સુશીલે' કર્યું છે. અને તેમની તે કૃતિ તે 'અર્પણ' નામક નવલિકાઓનો સંગ્રહ. ત્યારબાદ જૈન કથા–સાહિત્યના વિશાળ ખજાનામાંથી જૂની, નાની–મોટી કથાઓનો આધાર લઈ, તેનાં ઐતિહાસિક કે કલ્પિત પાત્રોના અવલંબન દ્વારા નવા યુગની રસવૃત્તિ અને આવશ્યકતાને સંતોષે એવા સંસ્કારોવાળું કથાસંવિધાન કરનાર, હું જાણું છું ત્યાં સુધી, 'જયભિખ્ખુ' એ એક જ છે.

'જયભિખ્ખુ' ભણતરની ચાલુ ડાકોરી છાપ પ્રમાણે તો નથી ભણ્યા એમ જ એક રીતે કહી શકાય. નથી એમણે સ્કૂલનું ભણતર પૂરું કર્યું કે નથી કૉલેજમાં પગ મૂક્યો. શાસ્ત્રોની કે સંસ્કૃત–પ્રાકૃતની જૂની પંડિતાઈના અખાડામાં પણ તેમણે બહુ કુસ્તી કરી નથી. અને છતાંય તેમણે વિવિધ પ્રકારનું જેટલા પ્રમાણમાં ગુજરાતી સાહિત્ય રચ્યું છે, તે જોતાં તેમની શક્તિ અને સાધના પ્રત્યે ગુણાનુરાગમૂલક સમ્માનવૃત્તિ કોઈ ને પણ થયા વિના ન રહે, એમ હું સ્વાનુભવથી માનું છું. તેમનાં લખાણોની યાદી તો બહુ મોટી છે, તેમ છતાં ડઝનેક જેટલી નાની–મોટી નવલો ને અર્ધ ડઝન જેટલા લઘુ વાર્તાસંગ્રહો એટલું પણ એમની લેખનકળાની હથોટી સિદ્ધ કરવા પૂરતું છે. એમણે

લખવાની શરૂઆત તો લગભગ ૧૫-૧૭ વર્ષ પહેલાં કરી. એ શરૂઆત મૂળે તો આર્થિક આવશ્યકતામાંથી જન્મી. એણે એ આવશ્યકતા ઠીક ઠીક સંતોષી પણ ખરી. અને પછી તો એમનો એ રસ-વ્યવસાય જ થઈ ગયો છે. શરૂઆતમાં એમણે 'વિદ્યાર્થી વાચન-માળા' જેવી નાની નાની પુસ્તિકાઓ લખી, અનેક પત્ર-પત્રિકાઓમાં પણ લખતા રહ્યા. વાચન અને ચિંતન લેખન-વ્યવસાય સાથે જ વધતું અને સમૃદ્ધ થતું ચાલ્યું. તેને પરિણામે જેમ જેમ નવી નવી કૃતિઓ જન્મતી ગઈ, તેમ તેમ તેમાં વધારે રસ અને વિચાર-પ્રેરકતાનાં તત્ત્વો પણ આવતાં ગયાં. ભાષા પણ વધારે સરળ અને શ્રવ્ય ઘડાતી ચાલી. એની પ્રતીતિ કામવિજેતા સ્થૂલિભદ્ર, મહર્ષિ મેતારજ, વિક્રમાદિત્ય હેમૂ, ભાગ્યનિર્માણ અને ભગવાન ઋષભદેવ જેવી નવલો જોતાં થાય છે. જયભિખ્ખુની એક નવલ નામે 'પ્રેમભક્ત કવિ જયદેવ' ઉપરથી કળાકાર શ્રી. કનુ દેસાઈની દોરવણી પ્રમાણે 'ગીતગોવિંદ' નામે ચિત્રપટ પણ તૈયાર થયું અને તે ઠીક ઠીક પસંદગી પણ પામ્યું. એમની ભગવાન ઋષભદેવ નામની નવલકથાને અનુલક્ષી ૨૦૦૩ના પ્રજાબંધુના દીપોત્સવી અંકમાં અધ્યાપક ઇશ્વરલાલ દવેએ અત્યારના સુપ્રસિદ્ધ નવલકારોની કળાનું બીજી દિશામાં ધ્યાન ખેંચવા લખેલું :

> "આપણે ઇચ્છીએ છીએ કે આપણા વાર્તાકારો સોલંકી યુગને નમસ્કાર કરી હવે સેનાપતિ (આચાર્ય) અને ભગવાન ઋષભ-દેવ (જયભિખ્ખુ)ની જેમ, વિશેષ સફળતાથી, નવા યુગોમાં વિહાર કરે."

ગુજરાતી સાહિત્ય સભા તરફથી પ્રગટ થતી ચાલીસના ગ્રંથસ્થ વાઙ્મયની સમીક્ષા કરતાં, અધ્યાપક રવિશંકર મ. જોશીએ 'સ્થૂલિભદ્ર' વિષે જે લખ્યું છે તે લંબાણ-ભયનો સંકોચ ટાળીને હું પૂરેપૂરું અહીં ઉદ્ધૃત કરવું યોગ્ય સમજું છું :

"જયભિખ્ખુ કૃત 'સ્થૂલિભદ્ર'માં નવલકથામાં ઐતિહાસિક ધર્મ-

કથાને ઉચિત કલાથી ગૂંથવાનો સફળ યત્ન થયો છે. પ્રેમકથા, મુત્સદ્દીગીરી કે સાહસકથાઓની પુનરુક્તિથી અકળાતા લેખકોને ધર્મ-કથાઓને રુચિર સ્વરૂપે ગૂંથવાનું ક્ષેત્ર હજી અણખેડાયેલું અને ભાવિ સમૃદ્ધિભર્યું જણાશે. સાંપ્રદાયિક તત્ત્વો આ કથામાં વિશાળ માનવતત્ત્વોમાં વેરાઈ ગયાં છે, અને સ્થૂલભદ્ર, કોશા, વિષ્ણુગુપ્ત, વરરુચિ વગેરે પાત્રો અને 'કોશાનો વિલાસ' 'સ્થૂલિભદ્રનો સંન્યાસ,' 'અજબ અનુભવો,' 'કામવિજેતા' વગેરે પ્રકરણો હૃદયસ્પર્શી છે. વસ્તુ સુઘટિત છે. પ્રસંગોમાં કલ્પનાપ્રેરિત ચેતન મુકાયું છે. અને ધાર્મિક તત્ત્વો વાર્તારસમાં સારી રીતે ગૂંથાઈ આખીયે નવલને સુવાચ્ય બનાવી મૂકે છે."

એકતાલીશ-બેંતાલીસના ગ્રંથસ્થ વાઙ્મયની સમીક્ષા કરતાં કવિ શ્રી સુંદરમે 'મહર્ષિ મેતારજ' વિષે લખતાં લેખકની કેટલીક મર્યાદાઓનો તટસ્થ નિર્દેશ કરીને છેવટે લખ્યું છે, કે:

"આ લેખકે જૈન ધર્મમાંથી વિષયો લઈ તે પર નવલકથા લખવાનો જે શુભ આરંભ કર્યો છે, તે ખરેખર આદરણીય છે. અને આ કાર્ય માટે તેમની પાસે પૂરતી સર્જક કલ્પનાશક્તિ પણ છે, એ આનંદદાયક હકીકત છે. પાત્રસૃષ્ટિમાં સૌથી આકર્ષક પાત્રો જ્ઞાતપુત્ર મહાવીર અને પ્રતિનાયક રોહિણેયનાં છે...ગૂજરાતી સાહિત્યમાં મહાવીરનું આવું સજીવ ચિત્ર બીજું ભાગ્યે હશે......કથાનો સૌથી ઉત્તમ કલાઅંશ એમાં રહેલા કેટલાક કાવ્યરસિત પ્રસંગો છે, જેમાં લેખક ઉત્તમ ઉત્તમ ઊર્મિકવિતાની છટાએ પહોંચી શક્યા છે, અને પોતાના અભ્યાસનો પરિપાક તથા કલ્પનાની સૌંદર્યસર્જક શક્તિ બતાવી શક્યા છે."

ગૂજરાતના વયોવૃદ્ધ સાક્ષર શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરીએ જયભિખ્ખુનાં કેટલાંક પુસ્તકોનો સ્વીકાર કરતાં જવાબમાં જે લખ્યું છે, તેમાંથી એક કંડિકા અત્રે ઉદ્ધૃત કરવાનો લોભ રોકી શકાતો નથી:

"સંસ્કૃતનું આવું ઉચ્ચ જ્ઞાન, સાથે બીજી ભાષાઓનું પણ. અને કલ્પનાથી પૂર સર્જનો Imagination in a large digree

suplemented by creation faculty, એ ખાસ મને મહત્ત્વનાં લાગ્યા. Imaginative બનાવોને મૂર્તસ્વરૂપ આપવા જેટલી કલમની શક્તિ એ પણ બીજો પ્રશંસાયુક્ત ગુણ. (૮–૬–૪૭)'

લેખનના પ્રારંભકાળમાં પ્રસિદ્ધ થયેલી તેમની કૃતિ તે શ્રી. ચારિત્રવિજય. [ઈ. સ. ૧૯૩૬] એની નિર્ભય સમાલોચના એક પત્રમાં શ્રીયુત પરમાણંદ કુંવરજી કાપડિયાએ કરેલી. તેમાં તેમણે લેખકને ઘણી માર્મિક સૂચનાએ કરી છે; પણ તેમની લેખનશક્તિ વિષેનો અભિપ્રાય ટૂંકમાં આ છે:

"આવી સુંદર છટાથી લખાયેલું અને આવી આકર્ષક રીતે વિવિધ પ્રકારનાં રેખાચિત્રો, છબીઓ વગેરેથી સુશોભિત બનાવેલું બીજું કોઈ જીવનચરિત્ર ગુજરાતી ભાષા–સાહિત્યમાં હજુ સુધી મારા જોવામાં આવ્યું નથી......લેખનશૈલી પણ એટલી બધી મોહક છે, કે વાંચનાર પહેલેથી છેડે સુધી એક સરખા રસથી ખેંચાયે જાય છે. ( ૩૦–૭–૩૭ "

જો કે જયભિખ્ખુ જૈન કથાસાહિત્યનો આધાર લઈ નવલ–નવલિકા લખનાર તરીકે સામાન્ય રીતે જાણીતા છે, પણ એ અપૂર્ણ સત્ય છે. એમણે અનેક નાની-મોટી નવલો અને નવલિકાઓ જૈનેતર પરંપરાના સાહિત્યને આધારે અને વ્યાપક લેખાતા ઇતિહાસને આધારે પણ આલેખી છે. દા. ત. હેમુ, ભાગ્યનિર્માણ, ભાગ્યવિધાતા એ ત્રણમાં મુસ્લિમ–યુગનું ઐતિહાસિક પ્રતિબિંબ છે. એ નવલો જોતાં એમ લાગે છે કે તેમણે એ યુગને સ્પર્શતું હિંદુ–મુસ્લિમ સાહિત્ય ઠીક ઠીક પ્રમાણમાં વાંચ્યું-વિચાર્યું હોવું જોઈએ. 'જયદેવ' એ પણ ઐતિહાસિક ઘટનાવાળી નવલ છે. જ્યાં લગી વૈષ્ણવ સાહિત્યનો ઠીક ઠીક પરિચય સાધ્યો ન હોય, અને તે પરંપરાનું સાંપ્રદાયિક દૃષ્ટિએ પરિશીલન કર્યું ન હોય ત્યાં લગી એની ઉઠાવદાર નવલ કદી આલેખી ન શકાય. એનો વાંચનાર એવી છાપ અવશ્ય ઝીલવાનો કે આ નવલનો લેખક વૈષ્ણવ હોય તો ના નહિ!

વૈષ્ણવ પરંપરાની પ્રશંસાયેલી કે વગોવાયેલી શૃંગારભક્તિ જાણીતી છે. જ્યારે 'જયદેવ'ના 'સૌંદર્યપૂજા' પ્રકરણમાં વાચક એ શૃંગાર-ભક્તિના અદ્વૈતને જુએ છે ત્યારે તો એની એ છાપ વધારે દૃઢ બને છે.

પણ આ વિષયમાં હું મારા વલણનો નિર્દેશ કરું તો તે અસ્થાને નહીં લેખાય. હું રાસપંચાધ્યાયીમાંના ગોપી-કૃષ્ણના, કુમારસંભવ-માંના ઉમા-મહાદેવના, અને ગીતગોવિંદમાંના રાધાકૃષ્ણના ગમે તેવા કાવ્યમય પણ નગ્ન શૃંગારને નથી માનતો ભક્તિના સાધક કે નથી માનતો તરુણોને ઉચિત એવી શક્તિ અને દીપ્તિના પોષક! તેથી સહેજે જ જયભિખ્ખુએ લખેલ 'જયદેવ' નવલમાંના ઉક્ત પ્રકરણ પ્રત્યે મારું સવિશેષ ધ્યાન ગયું. મેં લેખક સાથે મુક્ત મને ચર્ચા કરી, તેમનો દૃષ્ટિકોણ જાણી લીધો. મેં મારો પણ દૃષ્ટિકોણ તેમની સામે મૂકયો. જ્યારે મેં એમ જાણ્યું કે બીજી આવૃત્તિમાં જયભિખ્ખુ એ પ્રકરણ ગાળી નાખવાના છે, અને એ પણ જાણ્યું કે તરુણ પેઢીની વૃત્તિને પંપાળે એવાં શૃંગારી લેખનો વિશેષ પ્રલોભન આપી લખાવનારને પણ તેમણે નકાર્યા છે, ત્યારે મારી દૃઢ ખાતરી થઈ કે આ લેખકની શક્તિ હવે નવી પેઢીને બળ અને સમર્પણ-વર્ધક કાંઈક નવું જ આપશે.

જૈન કથા-સાહિત્ય માટે ઐતિહાસિક કહી શકાય તેવી અને પૌરાણિક લેખી શકાય તેવી ઢગલાબંધ નાની-મોટી વાર્તાઓમાંથી જયભિખ્ખુએ આધુનિક રુચિને પોષે અને તોષે એવું નવલ-નવલિકા સાહિત્ય સર્જી બેવડો ઉપકાર (જો એને ઉપકાર કહેવો હોય તો) કર્યો છે. જૈનેતર જગતમાં અનેક સુપ્રસિદ્ધ લેખકો એવા છે કે જે પોતે જ ગમે તેવા ખૂણેખાંચરેથી યોગ્ય કથા-વસ્તુ મેળવવાની વૃત્તિ ધરાવતા હોય છે. તેમને સર્વત્ર પ્રસિદ્ધ અને સુવિદિત એવા વૈદિક-પૌરાણિક સાહિત્ય કે બૌદ્ધ સાહિત્યમાંથી સહેજે જોઈતી કથા-વસ્તુઓ મળી જાય છે, ને તે ઉપર તેઓ પોતાની હથોટી અજમાવે

છે. પરિણામે એ જૂની કથા-વસ્તુઓ નવે રૂપે પ્રચારમાં આવે છે. આવા શોધક લેખકોને જૈન કથા-સાહિત્યમાંથી જોઈતી વસ્તુ સાંપડવાની તક બહુ જ ઓછી મળી છે. એનું એક કારણ એ પણ છે કે જૈન કથાસાહિત્ય એક રીતે સંસ્કૃત-પ્રાકૃત ભાષાના આવરણ તેમજ ભંડાર અને પંથ-દૃષ્ટિના બંધિયારખાનામાં ગોંધાયેલું રહ્યું છે. તેથી કરીને તે સાહિત્યમાંથી આ યુગમાં પણ સહુને ગમે અને માર્ગદર્શક બને એવી કથાવસ્તુઓ સુયોગ્ય લેખકોના હાથમાં પડી નથી. બીજી બાજુએ જે ગણ્યાગાંઠ્યા જૈન લેખકો હોય અને કાંઈક નવ-દૃષ્ટિને આધારે કથાસર્જન કરવા ઇચ્છતા હોય તેમની સામે પંથની સંકુચિત દૃષ્ટિ ઘુરતી હોય છે, જૂના વાઘા બદલ્યા વિના પ્રાચીન કથા-વસ્તુઓ ભાગ્યે જ સાર્વત્રિક આવકાર પામે. અને એ વાઘાઓમાં સહેજ પણ લંબાણ-ટૂંકાણ કે સંસ્કાર થયા ત્યાં તો રૂઢિઓની ભૂતાવળ જાગી ઊઠે. પરિણામે એણે ગમે તેવું લખ્યું હોય તોય જૈનો ખરીદવા ન લલચાય, અને જૈનેતર જગતમાં એનો પ્રવેશ મુશ્કેલ બને. એટલે છેવટે લેખક-પ્રકાશકને બીજી દિશા સ્વીકારે જ છૂટકો.

આ અને આના જેવાં બીજાં કારણોથી જૈન કથા-સાહિત્ય નવા સ્વરૂપમાં બહાર આવી શકતું નથી. જયભિખ્ખુએ પોતાનાં લખાણોથી એ બંને લક્ષ્ય સિદ્ધ કર્યાં છે. તેમણે જૈનેતર સુલેખકો સામે જૈન કથાસાહિત્યમાંથી સારી સારી કથાવસ્તુઓ રજૂ કરી તેમનું ધ્યાન એ કથા-સાહિત્ય તરફ ખેંચી તેમને નવી દિશાએ કળા અજમાવવા સૂચવ્યું છે, અને જૈન જગતને એવું ભાન કરાવ્યું છે, કે તમને જે રૂઢિબંધનો નડે છે તે માત્ર તમારા સંકુચિત દૃષ્ટિબિંદુને લીધે. ખરી રીતે તો કોઈ પણ કથા કે વાર્તા ત્રણે કાળમાં એકરૂપ હોતી કે રહી શકતી જ નથી. ખુદ પ્રાચીન જૈન લેખકો પણ તે તે દેશ-કાળના પ્રભાવ તળે આવી કથાને નવા નવા ઓપ આપતા જ રહ્યા છે. જયભિખ્ખુએ બંને લક્ષ્યો કેટલા પ્રમાણમાં સિદ્ધ કર્યાં છે એની સાબિતી એમના સાહિત્યનો

વાચકવર્ગ જ પૂરી પાડે છે. એક તરફથી જૈનેતર જગતમાં એમનાં લખાણો બહુ જ છૂટથી વંચાય છે, જ્યારે બીજી તરફથી જૈન પરંપરાના રૂઢિચુસ્તો પણ એને વધારે ને વધારે સત્કારવા લાગ્યા છે, ને એવા નવા સર્જનની માગ કર્યા જ કરે છે.

મેં ઉપર કહ્યું જ છે, કે જયભિખ્ખુ મુખ્યપણે જૈન કથાસાહિત્યનો આશ્રય લઈ અનેક સર્જનો કરતા રહ્યા છે. પણ આ ઉપરથી સહેજે એમ લાગવાનો સંભવ છે, કે ત્યારે એ તો સાંપ્રદાયિક દૃષ્ટિ અગર પંથદૃષ્ટિમાં બદ્ધ હશે. મને પણ શરૂઆતમાં એ જ કલ્પના આવેલી, પણ જ્યારે એમનાં લખાણમાંના કેટલાંક ભાગો સાંભળ્યા ત્યારે મારો એ ભ્રમ ભાંગ્યો. એમણે જૈન પરંપરામાં પ્રસિદ્ધ અને જૈન સમાજમાં રૂઢમૂળ એવી અનેક બાબતો પોતાની વાર્તાઓમાં ગૂંથી છે ખરી, પણ એ તો પ્રસંગ–વર્ણનનું જમાવટ પૂરતું સ્થૂલ ખોખું છે. જ્યારે તે કોઈ સિદ્ધાન્તની અને માન્યતાની ચર્ચા કરે છે ત્યારે જ તેમની પંથમુક્ત દૃષ્ટિ જોવા પામીએ છીએ. દા. ત. ચાલી આવતી પરંપરા પ્રમાણે સાધુઓ કે જતિઓ રાજ્યાશ્રયદ્વારા ધર્મપ્રચારમાં માનતા, અને તે માટે રાજાને કે બીજા કોઈ સત્તાધારીને રીઝવવા બ્રાહ્મણો અને બૌદ્ધ ભિક્ષુકોની પેઠે વિવિધ પ્રયત્ન કરતા. જૈન પરંપરામાં પેસી ગયેલ ધર્મપ્રચારમૂલક આવી ગુલામી અને આત્મશ્રદ્ધાની મોળપ સામે જયભિખ્ખુએ 'ભાગ્યનિર્માણ'માં ઠીક ઠીક ટકોર કરી છે. એ ઐતિહાસિક સત્ય છે, કે વિદ્વાનો અને ત્યાગીઓ એક અથવા બીજા બહાના તળે સત્તાધારી અને ધનપતિઓના ગુલામ બન્યા, અને જતે દિવસે તેમણે પોતાની વિદ્યા અને પોતાના ધર્મને શુદ્ધ રૂપમાં રહેવા ન દીધાં. દેશ–પતનની સાથે માનવતાનું પણ પતન થયું, અને ધર્મને નામે પંથો પરસ્પર સાઠમારીમાં ઊતરી પડ્યા. પંથના અનુયાયીઓ પણ સમગ્રનું હિત વિસારી ખંડ ખંડ બની છાવણીમાં વહેંચાઈ ગયા, અને પછી તો કોઈ એક જ પંથના વાડાઓમાં પણ ક્લેશ–દ્વેષનો દાવાનલ પ્રગટ્યો. એટલે સુધી કે તેને

લીધે જ્ઞાતિનું બળ તૂટયું, મહાજનનો મોભો ગયો, શેઠાઈ માત્ર વારસાગત રહી અને મોટે ભાગે તે દલિતો, ગરીબો ને અસહાયની વહારે આવવાને બદલે તેમને જ વધારે કચરવા લાગી. એ સત્યને જાણે જયભિખ્ખુએ પિછાન્યું ન હોય તેમ એવા અનિષ્ટથી સમાજને બચાવવા માટે તેમણે, હેમુને યુદ્ધમાં જિતાવવા માટે જપ અને મંત્રતંત્રમાં પડેલ ત્યાગવેશધારી જૈન જતિની ઠીક ઠીક સમાલોચના કરી છે, અને સૂચવ્યું છે, કે જો કોઈ ધર્મમાર્ગ સ્વીકારો તો પછી એને જ રસ્તે ચાલો, અને અધર્મના કાંટા-ઝાંખરાને ધર્મનો આંબો સમજવાની ભૂલ ન કરો, ન બીજાને ભૂલમાં રાખો. મારી દૃષ્ટિએ માત્ર જૈન પરંપરાને જ નહિ, પણ બધી જ ધર્મપરંપરાઓને એમની ચેતવણી ખાસ ઉપયોગી છે.

જયભિખ્ખુ અનેક પ્રસંગે વિશ્લેષણ ઠીકઠીક કરે છે. હું માનું છું કે કોઈ પણ પ્રકારનું સાહિત્ય કેમ ન હોય, તેના વાચનારમાં સત્-અસત્ વચ્ચેનું અંતર કરવા અને પારખવાની વિવેકદૃષ્ટિ વિકસવી જ જોઈએ જે સાહિત્ય એ કામ ન કરી શકે તે ગમે તેવું હોય છતાં બુદ્ધિ માટે બોજરૂપ જ છે. આ કસોટીએ પણ તેમની નાની-મોટી વાર્તાઓ વાચકને ઉપયોગી થશે, એમ મને લાગે છે. દા. ત. પ્રસ્તુત 'મત્સ્ય-ગલાગલ' નવલનું પ્રકરણ 'મરીને માળવો લેવાની રીત' જુઓ. એમાં ગાંધીજીના હૃદય-પરિવર્તનનો અથવા એમ કહો કે પ્રાચીન 'અવેરેણ ય વેરાણિ'નો સિદ્ધાંત વ્યક્ત કરવા કરેલું નિરૂપણ વાંચનારમાં વિવેકબુદ્ધિ જાગૃત કરે છે. એ નિરૂપણ ઉદયન, વાસવદત્તા વગેરે, દિલ સાફ કરી, નિર્ભયપણે, પોતાને હડાહડ વિરોધી માનતા ચંડપ્રકૃતિના પ્રદ્યોત સામે જ્યારે જાય છે ત્યારે બરાબર ઉપયુક્ત સ્થાને આવે છે.

જયભિખ્ખુની વાર્તાઓમાં અનેકવાર દીર્ઘતપસ્વી મહાવીરનું પાત્ર આવે છે. જેને માત્ર પંથદૃષ્ટિએ વિચારવાની ટેવ પડી હોય

તે સહેજે એમ માનવા લલચાય કે જયભિખ્ખુની દૃષ્ટિ માત્ર મહાવીરમાં બદ્ધ છે. પણ મને એમના સાહિત્યનો પરિચય એમ કહેવા લલચાવે છે કે તેમણે જન્મસંસ્કાર–પરિચિત નિર્ગ્રંથનાથ મહાવીરને તો માત્ર અહિંસા અને ક્ષમાના પ્રતીકરૂપે ઉલ્લેખ્યા છે. એ દ્વારા તે બધા જ અહિંસા અને ક્ષમાના અનન્ય ઉપાસક ધર્મવીરોનો આદર્શ રજૂ કરે છે. આપણે વાચકો અને સમાલોચકોએ લેખકના મનની વાત જાણીને જ તેના વિષે અભિપ્રાય બાંધવો જોઈએ, નહિ કે નામ અને પરંપરાને આધારે ! કોઈ કૃષ્ણ કે રામની વાત કરે એટલા માત્રથી એમ માની ન શકાય કે તે રામ કે કૃષ્ણ જેટલો બીજા કોઈનો આદર કરતો નથી. આવી કલ્પના પોતે જ પંથદૃષ્ટિની સૂચક છે.

વાર્તા નાની હોય કે મોટી લેખક એની જમાવટ અમુક રીતે, અમુક પ્રસંગ લઈ કરે છે. પણ એની સફળતાની ચાવી એના મૂળ વક્તવ્યની વ્યંજનાની સિદ્ધિમાં છે. જો મૂળ વક્તવ્ય વાચકના હૃદય ઉપર વ્યક્ત થાય તો એની સિદ્ધિ કહેવાય. આ દૃષ્ટિએ પણ જયભિખ્ખુની વાર્તાઓ સફળ છે. દા. ત. એક વાર દૃઢપણે કરેલો શુદ્ધ સંકલ્પ હજાર પ્રલોભનો સામે કેવી રીતે અડગ રહે છે, એ વ્યક્ત કરવા સ્થૂલિભદ્રની વાર્તા લખાઈ છે, અને તે મૂળ વક્તવ્યને બરાબર સ્ફુટ કરે છે. જાતિવાદના ઉચ્ચનીચપણાનું સંકુચિત ભૂત માત્ર બ્રાહ્મણ વર્ગને જ નહિ પણ એના ચેપથી બધા જ વર્ગોને વળગ્યું છે. જે જે એ ભૂત સામે થયા તેના વારસો જ પાછા એના પંજામાં સપડાયા. જૈન જેવી ઉચ્ચ–નીચપણાના ભૂતની ભાવના સામે બળવો કરનાર પરંપરા પણ એ ભૂતની દાસ બની. જયભિખ્ખુએ 'મહર્ષિ મેતારજ'માં જૈનોને તેમની મૂળ ભાવનાની યાદ આપવા અને ધર્મચ્યુતિનું ભાન કરાવવા મેતારજ પાત્રની આસપાસ કથા-ગુંફન કર્યું છે. તેમણે પોતાનું મૂળ વક્તવ્ય એટલી સારી રીતે અને ઉઠાવદાર છટાથી વ્યક્ત કર્યું છે, કે એને પ્રશંસતા રૂઢિના ગુલામ જૈનોને પણ જોયા છે. ખરી રીતે મારી દૃષ્ટિએ ઉચ્ચ–નીચ ભાવમાં માનનાર

બધા જ વર્ગોને એક સરખો બોધ આપવા માટે આ વાર્તા લખાયેલી છે. પાત્ર કેવળ જૈન કથાસાહિત્યમાંથી લીધુ છે એટલું જ.

લોભી અને કંગાળ વૃત્તિનો માણસ પણ કોઈનો ઉદાત્ત અને અને સાત્ત્વિક ત્યાગ જોઈ ક્ષણ માત્રમાં કેવી રીતે બદલાઈ જાય છે, દીન-હીન મટી કેવી રીતે તેજસ્વી બને છે, એ વસ્તુ સ્પષ્ટ કરવા તેમણે 'દેવદૂષ્ય'ની નાની વાર્તા લખી છે. વાંચવા કે સાંભળવા માંડયા પછી તે પૂરી કરીને જ ઊઠવાનું મન થાય છે, અને અંતે વ્યંગ્ય સમજાઈ જાય છે.

હવે બહુ લંબાવ્યા સિવાય પ્રસ્તુત 'મત્સ્ય-ગલાગલ' નવલકથા વિષે જ કાંઈક કહેવું પ્રાપ્ત થાય છે. સત્ય બે છે: લૌકિક અથવા માયિક સત્ય, અને લોકોત્તર અથવા પારમાર્થિક સત્ય. સામાન્ય જગત પહેલા જ સત્યનો આદર કરી તેમાં રસ લે છે. તેને લીધે જ્યારે તે વિડંબનામાં સંડોવાય છે ત્યારે તેમાંથી તેને મુકત કરવા-અંધકારમાંથી પ્રકાશપથ દર્શાવવા-કોઈ ને કોઈ મંગળમૂર્તિ લોકોત્તર સત્ય, વિચાર ને વર્તનથી, ઉપસ્થિત કરે છે. એ પ્રકાશમાર્ગમાંથી ઘણા આશ્વાસન મેળવે છે ને વળી પાછું સામાન્ય જગત તો પુરાણા ચાલેલ ચીલે-અંધકારની દિશામાં-જ ગતિ કરે છે. આમ લૌકિક ને લોકોત્તર બંને સત્યનું ચક્ર વારાફરતી પોતપોતાનું કામ કરે જાય છે. સત્તાની લાલચ, જાતીય આકર્ષણ, સંપત્તિનો મોહ અને મિથ્યા અભિમાન જેવાં દુસ્તત્ત્વોથી પ્રેરાયેલ કોઈ સબળ હમેશાં પોતાનાથી નિર્બળ સામે જ બળનો પંજો અજમાવે છે. અને પોતાથી વધારે સમર્થ કે બળશાળી સામે પાછો દીનતા દાખવે છે. આ લૌકિક સત્ય છે. જે વિભૂતિને લોકોત્તર સત્ય સાક્ષાત્ થાય છે, તેમનાં વિચાર અને વર્તન તદ્દન જુદાં તરી આવે છે. તે કદી સબળ સામે અયોગ્ય રીતે નમતું નથી આપતો અને નિર્બળને માત્ર એની નબળાઈને કારણે દબાવતો કે સતાવતો પણ નથી. ઊલટું તે પોતાના સમગ્ર બળનો ઉપયોગ નિર્બળને દીનતામુકત કરી સબળ બનાવવામાં અને

સબળને મિથ્યાભિમાનની દિશામાંથી વાળી તેના બળનો વિધિવત્ વિનિયોગ કરવામાં કરે છે. સમયે સમયે આવી લોકોત્તર વિભૂતિઓને ઇતિહાસે જોઈ છે. એ વિષે કોઈને સંદેહ હોય તો, જાણે તે સંદેહ નિવારવા જ આ યુગે ગાંધીજીને જન્મ ન આપ્યો હોય !— તેવી મૂળગત ધારણાથી જ પ્રસ્તુત નવલ આલેખાયેલી હોય એમ લાગે છે. તેથી જ તો લેખકે આ નવલ પૂજ્ય ગાંધીજીને ચરણે અર્પી છે.

'મત્સ્ય-ગલાગલ'નો અર્થ માત્સ્યી ન્યાય શબ્દથી પ્રગટ થતો આવ્યો છે. આ ન્યાય બહુ જૂના વખતથી જાણીતો છે. કેમકે નિર્બળની સતામણીનું અસ્તિત્વ પણ એટલું જ જૂનું છે. લેખકે માત્સ્યી ન્યાય દર્શાવવા ઇતિહાસપ્રસિદ્ધ પાત્રો અને કથાનકોનો આશ્રય લીધો છે. એ પાત્રો અને કથાનકો માત્ર જૈન સાહિત્યમાં જ મળે છે, એમ નથી, પણ તે રૂપાંતરે અને ઓછેવત્તે અંશે બૌદ્ધ તેમજ બ્રાહ્મણ સાહિત્યમાં પણ મળી આવે છે. નિર્ગ્રંથનાથ મહાવીર તો ઐતિહાસિક છે જ, પણ એમના મામા ચેટક—જો કે એ નામથી અન્ય સાહિત્યમાં સુવિદિત નથી, છતાં—તે જૈન સાહિત્યમાં તો અતિ પ્રસિદ્ધ છે. ચેટકની સાત પુત્રીઓ પૈકી પાંચ પુત્રીઓ જ્યાં જ્યાં પરણી હતી ત્યાંનાં રાજ્યો સત્તાધારી હતાં અને વિશેષ સત્તા માટે મથતાં. ચેટકના એ પાંચે જમાઈઓમાં માત્સ્યી ન્યાય કેવી રીતે પ્રવર્ત્યો અને તેઓ કૌરવ-પાંડવોની પેઠે પોતાની ખાનદાની, તેમજ અંદરોઅંદરનું સગપણ વિસારી ક્ષત્રિયત્વને ભાવિ પતનની દિશામાં તેઓએ કેવી રીતે ઉન્મુકત કર્યું, તે લેખકને દર્શાવવું છે. અને છેવટે લોકોત્તર સત્ય ઉપસ્થિત થઈ કેવી રીતે કાર્યસાધક બને છે, એ પણ દર્શાવવું છે. આ બધું વકતવ્ય નવલકથાની સુંદર અને રસમય ગૂંથણી દ્વારા સ્પષ્ટ થાય છે. અને વાંચનારને એમ લાગે છે, કે જો કે સર્વત્ર માત્સ્યી ન્યાય પ્રવર્તે છે, છતાં વચ્ચે વચ્ચે આશાસ્પદ લોકોત્તર સત્યના દીવડાઓ પણ પ્રગટતા રહે છે. આથી વાચનાર માત્સ્યી ન્યાયનાં બળો જોઈ નિરાશ ન થતાં ઊલટો

આશાવાન બને છે, અને સત્પુરુષાર્થ કરવાની પ્રેરણા પામે છે. મારી દૃષ્ટિએ આવી પ્રેરણા જન્માવવી અને પરોક્ષપણે ગાંધીજીના જ ઉદાહરણથી પુષ્ટ કરવી—એ જ પ્રસ્તુત નવલની મુખ્ય વિશેષતા છે.

જયભિખ્ખુની ભાષા કેટલી સહેલી, પ્રસન્ન અને અર્થવાહી છે તે એના વાચકવર્ગથી અજાણ્યું નથી. પણ એમની આ સ્થળે એક જણાવવા જેવી વિશેષતા મને એ પણ લાગે છે, કે તેઓ પ્રણાલિકાબદ્ધ, છતાં તર્ક અને બુદ્ધિથી ગ્રાહ્ય ન બને એવી કેટલીક કલ્પનાઓને બુદ્ધિગ્રાહ્ય થઈ શકે તેમજ જીવનમાં ઉપયોગી થઈ શકે તે રીતે રજૂ કરે છે. દા. ત. ભગવાન મહાવીરે લાંબા ઉપવાસોને પારણે એક દુષ્પૂર અભિગ્રહ–સંકલ્પ કર્યાની વાત જૈન સાહિત્યમાં પ્રસિદ્ધ છે. એ અભિગ્રહ કે સંકલ્પનું સ્વરૂપ ત્યાં એવી રીતે વર્ણવવામાં આવ્યું છે, કે જાણે એ અભિગ્રહ જ અસ્વાભાવિક લાગે. પગમાં બેડી પહેરેલ, માથું મૂંડાવેલ, એક પગ ઉંબરામાં ને એક પગ બહાર મૂકેલ, આંખમાં આંસુ સારેલ ઇત્યાદિ લક્ષણવાળી કોઈ સ્ત્રી ભિક્ષા આપે તો જ પારણું કરવું, એવો અભિગ્રહ કથામાં વર્ણવાયો છે. આધુનિક વાચકને સહેજે પ્રશ્ન થાય કે બેડી, મસ્તક-મુંડન, અમુક પ્રકારની દેહસ્થિતિ, આંસુ વગેરેનો ભિક્ષા દેવા કે લેવા સાથે શો સંબંધ છે? ભિક્ષા દેનાર ભક્તિપૂર્ણ હોય, ભિક્ષા નિર્દોષ હોય, અને લેનાર સાત્ત્વિક હોય — એટલું જ ભિક્ષા લેવા–દેવા વચ્ચે અપેક્ષિત છે. તો આવી અભિગ્રહની કઢંગી કલ્પના કથામાં કેમ આવી? આ પ્રશ્નનો જયભિખ્ખુએ બુદ્ધિગમ્ય ખુલાસો કર્યો છે, અને તે ભગવાન મહાવીરના સાત્ત્વિક જીવન તેમજ જૈન સિદ્ધાન્તની સાથે સુમેળ ધરાવે છે, અને તત્કાલીન ઐતિહાસિક પરિસ્થિતિને પણ ન્યાય આપે છે. તે વખતે દાસ–દાસી અને ગુલામની પ્રથા કેટલી રૂઢ તેમ જ પ્રતિષ્ઠિત હતી, એ બીના ઐતિહાસિકોને સુવિદિત છે. ભગવાન મહાવીર મક્કમપણે આત્મૌપમ્યના સિદ્ધાંતમાં માનતા. અને તદનુસાર જ જીવન જીવવા સંપૂર્ણપણે મથતા. જાતિગત ઉચ્ચ–

નીચ ભાવ કે ગરીબી-તવંગરી કૃત દાસ-સ્વામિભાવ એ આત્મૌપમ્યના સિદ્ધાંતનું મોટું આવરણ છે. એ આવરણ નિવારવું તે જ ભગવાનને અભિપ્રેત હતું. તેથી તેમનો અભિગ્રહ આ કે તે ચિહ્ન ધરાવનાર સ્ત્રીના હસ્તે ભિક્ષા લેવાના સ્થૂલ રૂપમાં બદ્ધ ન હતો, પણ તેમનો અભિગ્રહ લોકોમાં તુચ્છ મનાતાં ને અવગણના પામતાં દાસ-દાસીઓને પણ ઉચ્ચ લેખાતા નાગરિકો જેવા જ માની તેમને હાથે સુદ્ધાં ભિક્ષા લઈ તેમને માનવતાનું ભાન કરાવવું, એ સૂક્ષ્મ-રૂપમાં સમાતો હતો. જયભિખ્ખુએ ભગવાન મહાવીરના અભિગ્રહનું આ સૂક્ષ્મ રૂપ વ્યક્ત કરી એના સ્થૂલ રૂપમાં દેખાતા કઢંગાપણાને વધારે બુદ્ધિગ્રાહ્ય કર્યું છે.

'મત્સ્ય-ગલાગલ' શબ્દ ઘણાને અપરિચિત જેવો લાગવાનો સંભવ છે, પણ વસ્તુતઃ એ બહુ પ્રાચીન છે. પાણિનિ જેવા હજારો વર્ષ પહેલાં થયેલા વૈયાકરણોએ એ શબ્દને મૂળ સંસ્કૃત રૂપમાં લઈ તેની વ્યુત્પત્તિ દર્શાવી છે. આ ઉપરથી બે બાબતો સ્પષ્ટ સૂચિત થાય છે: એક તો એ, કે સબળો નબળાને ગ્રસે, એ વસ્તુ તે કાળે પણ કેટલી સર્વવિદિત હતી! અને બીજી એ કે એ વસ્તુને સૂચવવા તે વખતના જન-સમાજે કેવો અર્થવાહી અને નજરોનજર દેખાતી યથાર્થ ઘટનાને સૂચવતો સરલ શબ્દ વ્યવહારમાં આણેલો. વ્યાકરણ શાસ્ત્રમાં **तिमिंगिल, मत्स्यंगिल** અને **मत्स्यं-गिलगिल** જેવાં ઉદાહરણો ટાંકયાં છે. તિમિ એ નાનામાં નાનું માછલું. તેને જરાક મોટું માછલું ગળી જાય. એ મત્સ્યને વળી એનાથી મોટું માછલું ગળે, ને એને પણ એનાથી મોટું ગળે. આ બીના ઉક્ત ઉદાહરણોમાં સૂચવાઈ છે. એ પ્રસિદ્ધ સંસ્કૃત શબ્દનું જ આધુનિક ગુજરાતીમાં રૂપાંતર 'મત્સ્ય-ગલાગલ' છે. એટલે જયભિખ્ખુએ નવલનું નામ યોજ્યું છે તે નામ જેટલું પ્રાચીન છે તેટલું જ તે અર્થવાહી પણ છે. લેખકે એક સ્થળે ચિતારાનું જળાશયદર્શન અને ચિંતન આળેખતાં એ ભાવ હૂબહૂ સ્પષ્ટ કર્યો છે. (પ્રકરણ ૧૦મું 'સબળ નિર્બળને ખાય')

પ્રસ્તુત કથાનું ગુંફન કરવાનો વિચાર કેવે પ્રસંગે ઉદ્ભવ્યો અને તેણે મૂર્ત રૂપ કેવી રીતે ધારણ કર્યું, એ હકીકત લેખક પોતાના નિવેદનમાં બહુ સચોટપણે અને યથાર્થ રીતે રજૂ કરી છે. તે ઉપરથી વાચક સમજી શકશે કે પ્રસ્તુત કથાનું નામ કેટલું સાર્થક છે.


શરૂઆતમાં આપેલ વચન પ્રમાણે, પોતાનો અનધિકાર જાણવા છતાં, અત્રે લખાણની પ્રવૃત્તિ કરવાની લાલચ કેમ થઈ આવી, એનો ખુલાસો મારે કરવો રહે છે. ખુલાસામાં મુખ્ય તત્ત્વ તો લેખક પ્રત્યે બહુ મોડું મોડું થયેલું મારું આકર્ષણ છે. એનાં બે કારણો : એક તો લેખકની મેં જાણેલી નિર્ભય સાહસિક વૃત્તિ. અને બીજું એમની સતત સાહિત્ય-વ્યાસંગવૃત્તિ. આ ટૂંક નિર્દેશનું સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે. એમ તો અમદાવાદમાં સોળ-સત્તર વર્ષ થયાં, અને તે પણ બહુ નજીક નજીક અમે રહેતા. કહી શકાય એવો પરિચય તો ત્રણેક વર્ષ પહેલાં થયો, અને ચિત્તને વિશેષ આકર્ષનારી હકીકત તો થોડાં વખત પહેલાં જ જાણવા પામ્યો. નૈતિક બળને આધારે, કશા પણ જોખમનો કે અગવડનો વિચાર કર્યા સિવાય, પોતાના આશ્રયદાતા અને શ્રદ્ધેય લેખાતા સંસ્થાના અધિષ્ઠાયક ગુરુવર્ગ સામે બળવો કરવાની વૃત્તિ, એ મને આકર્ષનારું જયભિખ્ખુના જીવનનું પ્રથમ તત્ત્વ. લગભગ બેંતાલીશ વર્ષ પહેલાં કાશીમાં મારા મિત્રો સાથે મારે જે સ્થિતિનો સામનો કરવો પડેલો—લગભગ તેવી જ સ્થિતિનો અને તે જ વર્ગ સામે સામનો પોતાના મિત્રો સાથે જયભિખ્ખુને કરવો પડ્યો, એ અમારી સમશીલતા. પણ એથીયે વધારે આકર્ષણ તો તેમનામાં આવિર્ભાવ પામેલ વંશપરંપરાગત સંસ્કારને જાણીને થયેલું છે.

હકીકત એ છે, કે જયભિખ્ખુ ઊર્ફે બાલાભાઈ દેસાઈના જ એક નિકટના પિત્રાઈ નામે શિવલાલ ઠાકરશી દેસાઈ કાશીમાં મારી સાથે હતા. મારાયે પહેલાં તેમણે પોતાને આશ્રય આપનાર અને પોતે જેને શ્રદ્ધેય માનેલ તેવા અધિષ્ઠાયક ગુરુજન સામે નૈતિક બળની ભૂમિકા પર જ બળવો કરેલો, અને પૂરેપૂરી અગવડમાં મુકાવા

છતાં જરાય નમતું નહિ તોળેલું. એ દૃશ્ય આજે પણ મારી સામે નાચતું હોય તેવું તાજું છે. અને મને પણ એ જ ભાઈના સાહસથી કાંઈક અજ્ઞાત રીતે સાહસ ખેડવાની પ્રેરણા મળેલી. જ્યારે મને માલૂમ પડ્યું કે બાલાભાઈ એ તો ઉપર્યુક્ત શિવલાલ ઠાકરશીના પિત્રાઈ અને વધારામાં એ માલૂમ પડ્યું કે તેમણે પણ એમના જ જેવી અને એ જ ભૂમિકા ઉપર અને એ જ વર્ગ સામે બળવો કર્યો, ત્યારે એક બાજુથી વંશપરંપરાગત સંસ્કાર ઊતરી આવવાનું આશ્ચર્ય થયું અને બીજી બાજુથી જયભિખ્ખુ પ્રત્યે આકર્ષણ વધ્યું. નવાઈની વાત તો એ છે, કે શિવલાલ ઠાકરશી દેસાઈના બળવા વખતે જયભિખ્ખુનો જન્મ પણ ન હતો.

આકર્ષનારી બીજી બાબત એ—જયભિખ્ખુની સાહિત્ય પરિશીલનવૃત્તિ છે. જે વૃત્તિ સાથે મારું જીવન પહેલેથી જ એક અથવા બીજે કારણે જોડાયેલું છે, તે જ વૃત્તિ સાથે તેમનું આખું જીવન જોડાયેલું છે. આ બીજી સમશીલતા. જયભિખ્ખુએ એ વૃત્તિના બળે અને આત્મવિશ્વાસે બીજા કેટલાક એવા સંકલ્પો કરેલા છે કે જે પુરુષાર્થી અને સ્વાવલંબી જીવનના જ આધાર ગણાય. મુખ્ય આ બે બાબતોના આકર્ષણે મને અનધિકારના વિચારની ઉપેક્ષા કરાવી અને એ જ આ સ્થળે લખવાનો મારો (—જો અધિકાર કહી શકાય તો) મુખ્ય અધિકાર છે.

સરિતકુંજ, એલિસબ્રિજ, સુખલાલ
અમદાવાદ—૯, તા. ૧૯–૨–૫૦



## —અનુક્રમ—


१ लेखकनुं निवेदन ४–१३

२ अनधिकार चेष्टाः पं. सुखलालजी ४१–२५

---

૧. વિલોચન ૩

૨. શ્રેષ્ઠિ ધનાવહ ૧૩

૩. મૂલા શેઠાણી ૨૩

૪. દૃષ્ટિ તેવી સૃષ્ટિ ૩૨

૫. ચિતારો રાજશેખર ૪૧

૬. અભિગ્રહ ૪૯

૭. મહાયોગી ૬૧

૮. પોતાના પડઘા ૭૬

૯. કોણ કોનો ન્યાય કરે ૯૩

૧૦. સબળ નિર્બળને ખાય ૧૦૫


૧૧. અવન્તિપતિ પ્રદ્યોત ૧૨૦

૧૨. રજમાંથી ગજ ૧૩૮

૧૩. હાથનાં કર્યાં હૈયે ૧૪૫

૧૪. સતીમા ૧૫૨

| | | |
|---|---|---|
| ૧૫. | વત્સરાજ ઉદયન | ૧૬૦ |
| ૧૬. | બળ અને બુદ્ધિનો ઝઘડો | ૧૭૪ |
| ૧૭. | મંગળમૂર્તિ મહાવીર | ૧૮૪ |
| ૧૮. | સારમાણુસાઈનું દુઃખ | ૧૯૯ |
| ૧૯. | વત્સરાજ ને વનરાજ | ૨૧૦ |
| ૨૦. | વાસવદત્તા | ૨૨૨ |
| ૨૧. | કુંવરી કાણી ને રાજા કોઢિયો | ૨૩૪ |
| ૨૨. | ઘી અને અગ્નિ | ૨૪૭ |
| ૨૩. | આતમરામ એકલો અવધૂત | ૨૫૯ |
| ૨૪. | પહેલો આદર્શ | ૨૬૭ |
| ૨૫. | દુવિધામેં દોનોં ગઈ | ૨૭૫ |
| ૨૬. | વહેશે અહીં સમર્પણની ધારા | ૨૮૩ |
| ૨૭. | મરીને મેળવો લેવાની રીત | ૨૯૨ |
| ૨૮. | મંગળ મિલન | ૩૦૨ |

सव्वे पाणा पियाउया,

सुहसाया, दुक्खपडिकूला

अप्पियवहा, पियजीविणो

जीविउकामा सव्वेसिं जीवियं पियं।

બધા જીવોને આયુષ્ય અને સુખ પ્રિય છે. દુઃખ અને વધ અપ્રિય ને અકારાં છે, જીવિતની કામનાવાળા ને જીવિતને પ્રિય માનનારા છે. બધાને જીવન પ્રિય છે.

×

इमेण चेव जुज्झाहि! किं ते जुज्झेण बज्झओ।

તારી જાત સાથે જ યુદ્ધ કર! બહાર કરવાથી શું?

×

तूं बत्ती मैं स्नेह बनूं वह बन जावे चिनगारी।

इस असीम जल थलके उपर तब फैलेगी उजियाली॥

×

जबसे हमने सुना है, मरनेका नाम जिंदगी है।

सरसे कफन लपेटे, कातीलको ढूंढते हैं॥

# મત્સ્ય–ગલાગલ

[ સબળ નિર્બળને ખાય ]

## મત્સ્ય પહેલું

### વિલોચન

શારદ ઋતુની સુંદર સવાર—હજી હમણાં જ ઊગી હતી. વત્સદેશની રાજનગરી કૌશાંબીનાં બજારોમાં વહેલી સવારથી ભારે ભીડ મચી હતી.

કૌશાંબીપતિ મહારાજ શતાનિક ગઈ કાલે અંગદેશની ચંપાનગરી પર વિજય મેળવીને પાછા ફર્યા હતા. એમણે ઉદાર હાથે ચંપામાંથી આણેલી માલ–મિલકત ને દાસ–દાસીઓ સૈનિકોમાં ને સામંતોમાં વહેંચી આપ્યાં હતાં. એની આપ–લે માટે બજારમાં ભારે ભીડ જામી છે. ક્યાંક રત્ન-જડિત મુગટ વેચાય છે, ક્યાંક નવલખા હાર વેચાય છે. અરે, પણે હીરાજડિત કાંસકીઓ પાણીનાં મૂલે જાય છે. સોનાના બાજઠ ને રૂપાના પલંગો મફતના ભાવે મળે છે. હીરચીર ને હાથી ઘોડાં તો ઢાલે ઢીબાય છે. રૂપાળાં દાસ–દાસીઓનો પણ કંઈ ઝમેલો જામ્યો છે ! દેશદેશથી ગ્રાહકો દોડ્યા આવે છે !

કૌશાંબીનાં આ બજારોમાં વિલોચન નામીચો વેપારી હતો. હજી ગઈ કાલની જ વાત છે. વત્સદેશાધિપતિએ એને

રૌપ્ય ધ્વજા આપી અર્ધ કોટિધ્વજ બનાવ્યો હતો. પણ એ પછી તો, એણે જોતજોતામાં એટલો નફો કર્યો, કે મહારાજ વત્સરાજનો બીજો દરબાર ભરાય એટલી જ વાર એને સુવર્ણ-ધ્વજા મેળવી કોટિધ્વજ જાહેર થવાની હતી.

વિલોચનની શાખ પ્રામાણિક વેપારી તરીકેની હતી. એની આંટ જબરી હતી. એને ત્યાંથી વહોરેલા માલ માટે કદી દાદ–ફરિયાદ ન આવતી. એ હતો પણ ચોખ્ખાબોલો. ગ્રાહકના મોઢા પર જ એ પોતાના માલની ખોડખાંપણ કહી દેતો અને છેવટે કહેતો કે "શ્રીમાન્, પશુ અને સ્ત્રીનાં રૂપરંગ જોવા કરતાં, જરા એની જાત–કજાત જુઓ. જો ઢોર અને સ્ત્રી સારાં પગલાનાં હોય તો નિહાલ કરી દે. એમાં બે–ચાર માષા સુવર્ણનો લોભ સારો નહિ. તમે માનશો નહિ, શ્રીમાન્! પણ લક્ષણશાસ્ત્ર મારે મોઢે છે. રેખાશાસ્ત્રમાં તો કોઈ પંડિત સાથે વાદમાં ન હારું. અરે, લાંબી ટૂંકી વાત શું કામ કરવી? આપણા સેનાપતિ શૂલપાણિજી, બે વર્ષ પહેલાં એક દાસી ખરીદવા આવેલા. કહે, વિલોચન! તું જ જોઈ તપાસીને આપ; તારા પર ભરુંસો છે! ને શ્રીમાન્, પેટછૂટી વાત કહું છું, વેપારમાં તો વિશ્વાસુને જ ઠગાય! પણ હું તેવો વેપારી નથી. મેં એક એવી સુલક્ષણી દાસી આપી, કે ચાર વર્ષમાં તો સાત ભવનું ધન કમાયા અને મહારાજ શતાનિક આજ એમની આંખે જ દેખે છે. અને પેલી ત્રણ ટકાની દાસી રાણી બની બેઠી, ને એયને રાજમહેલમાં અમનચમન ઉડાવે."

વિલોચન ભારે વાચાળ! જો તમે જરા મન બતાવો,

તો સાંજ સુધી પોતાનું પુરાણુ હાંકયા જ કરે, બોલે કદી ન થાકે. અને પોતાના માલની આટઆટલી પ્રશસ્તિ કર્યા પછી ભલા કયો પાષાણુ ન પીગળે ? પણુ આજ તો એનું બોલ્યું ન સંભળાય એટલી ભીડ હતી. ગ્રાહકો કીડિયારાની જેમ ઉભરાણાં હતાં ને ભારે બૂમાબૂમ કરતાં હતાં.

વિલોચન તેઓને ઘાંટા પાડીને એક જ વાત કરતો: " ઉતાવળા કોઈ થશો મા ! હું જૂનો જોગી છું. દરેક લડાઈ પછી આ રીતે બજારોમાં પડાપડી થાય છે. વેપારી અને ઘરાકને સહુને થાય છે, કે આપણે રહી ગયા. આવી તક ફરી હાથ આવશે કે નહિ ! અને તેના લીધે કયાંક કથીરના ભાવે કુંદન વેચાય છે; તો વળી કોઈ ઠેકાણે કુંદનને ભાવે કથીર જાય છે. પણુ હું તેવો તકવાદી નથી. ટચ માલનો લેનારો ને વેચનારો છું. અમારી સાત પેઢીથી અમે એ રીત રાખીએ છીએ. સહુ સહુનો માલ હાજર કરો. પદ્મિની, હસ્તિની, ચિત્રિણી, શંખણી — મને પરખ કરતાં વાર નહિ લાગે. "

" અરે એ વિલોચન ! કોની વાત કરે છે ? જરા મુંહ સંભાળીને વાત કર ! " એક સૈનિક જેવા માણસે જરા દમ છાંટયો. " ધંધો કરવો છે કે ભીખ માગવી છે ? પદ્મિની, પદ્મિની શું કરે છે ? ભલા માણસ, પદ્મિની તો વત્સદેશમાં શું, આખી ભારતભૂમિ પર એકમાત્ર મહારાણી મૃગાવતી જ છે. રાજદરબારમાં ખબર પડી તો અવળી ઘાણીએ ઘાલી તેલ કાઢશે. રાજાજીને જાણે છે ? મહારાણી તરફ આંગળી ચીંધનારનો હાથ વાઢે, નજર કરનારનાં નેણુ કાઢે, નામ લેનારની જીભ

કાપે !" સૈનિકે ભારે રૂવાબ છાંટયો. એણે પોતાની પાછળ દોરીથી બાંધીને એક રૂપાળી છોકરી ઊભી રાખી હતી. ચાંદા જેવું એનું મોં હતું ને હરણાં જેવાં એનાં નેત્ર હતાં.

"અરે હો ! સૈનિકવર શ્રીમાન્ વિક્રમાવતારજી ! નમસ્તે, નમસ્તે ! શ્રીમાન, આયુષ્યમાન, ગુસ્સો અમ ગરીબ પર ન હોય. અમારે એવા બોલ શા ને વાત શી ! અમારે તો અમારો વેપાર ભલો ને અમે ભલા ! દુનિયા દુનિયાનું ફોડી લે ! બાપજી ! અમે તો આપની રાંક પ્રજા છીએ. વાંક આવે તો તો વઢો, એમાં નવાઈ શી ? બલ્કે વગર વાંકે પણ મારવા કે જિવાડવા તમારી મરજી પર છે ને ? પધારો ને, મારું લક્ષ બીજે હતું. આ ભીડ જુઓ ને !" ઉસ્તાદ વિલોચને સૈનિકને મીઠી જબાનથી આમંત્રણ આપ્યું ને પોતાની પાસે બોલાવ્યો, અને વળી હસતો હસતો કહેવા લાગ્યો :

"શ્રીમાન, લોકો તો ભારે ગાંડા છે. અને એક રીતે પૂછો તો એમનો પણ દોષ નથી. ગરજુ હમેશાં ગાંડા જ હોય. આ બધા એમ માને છે, કે ચંપાનગરીની ફતેહમાંથી આણેલી બધી સ્ત્રીઓ માત્ર પદ્મિની ને ચિત્રિણી જ છે."

"પાછું પદ્મિનીનું નામ લીધું ? અરે મૂર્ખ, એ નામ બોલવું બંધ કર ! પદ્મિની સ્ત્રીના પગની પાની પણ તેં જોઈ નથી !"

"અરે હાં. ભૂલ્યો સાહેબ ! પધારો પધારો ! બોલો કંઈ ખપ. મારા જોગું કંઇ કામ ! શ્રીમાન, એક વાર તો મને બટાવો. જીવનભર યાદ કરશો હો !" વિલોચને વાત બદલી નાખી.

" વિલોચન, તારા જોગું કામ લઈને આવ્યો છું. તારો જ ખપ પડ્યો છે. "

" અરે શ્રીમાન, તો બોલતા કાં નથી? કહો તે માલ હાજર. અંગનાં ફૂદાં, બંગનાં ગુલાબ, કાશીની કમલિની, કોશલની કેતકી, મગધની મોહિની, રોરૂની રંભા, કામરુની કામિની! હું કોઈને છેતરતો નથી, અને તેમાં પણ આપને...."

" મારે માલ લેવો નથી, વેચવો છે. " સૈનિકે એમ કહેતાં પોતાની પાછળ રાખેલી છોકરીને દોરીથી આગળ ખેંચી! " જો, કેવી સુરેખ ને નમણી છે. "

" એમ....તો આજ આપ વેપારી થઈને આવ્યા છો, ને હું આપનો ગરીબ ગ્રાહક છું! વારુ, વારુ, એ તો સાહેબ, એમ જ ચાલે. કભી નાવ ગાડેમેં, તો કભી ગાડા નાવમેં. ચિંતા નહિ!" જરા લહેકો કરતો વિલોચન આગળ આવ્યો, એક આંખને ઝીણી કરી છોકરીને જોઈ રહ્યો. કસાઈ ઘેટું ખરીદતાં પહેલાં, કાછીઓ શાકનો સોદો કરતાં પહેલાં માલની જાત, એનો કસ વગેરે જે બારીકાઈથી નિહાળે, એ રીતે એ નિહાળી રહ્યો હતો. છોકરીનું એક એક અંગ એ બારીક દૃષ્ટિથી વિલોકી રહ્યો હતો. અને જાણે પોતે પૂરી પરીક્ષા કરી ચૂકયો હોય તેમ થોડી વારે બોલ્યો :

" સૈનિકજી, છોકરી સુલક્ષણી છે. રાખી મૂકો ને! વારંવાર આવો માલ બજારમાં આવતો નથી. "

" ના ભાઈ, ના. ચંપાની લડાઈમાંથી એક આ છોકરી અને એક એની મા–એમ બેને ઉપાડી લાવ્યો હતો. એની

મા ઉપર મારું મન ઠર્યું હતું. પણ એ તો સતીની પૂંછડી નીકળી. હું જરા અડવા ગયો ત્યાં જીભ કરડીને ભોંય પર પડી. ભલે ગુલામ તરીકે પકડેલી પણ ગમે તેમ તોય સ્ત્રી ખરી ને! મારું મન જરા પાપભીરુ છે. મનને લાગ્યા કરે છે કે રે! મને સ્ત્રીહત્યા લાગી. ત્યારથી મન ભારે ભારે છે. એની માના ચહેરા–મહોરાને મળતી આ છોકરી દીઠી ગમતી નથી."

"અરે શ્રીમાન, ભારે ધર્મપરાપણુ જીવ છો! સાક્ષાત્ ધર્માવતાર છો. બાકી તો રસશાસ્ત્ર ને કામશાસ્ત્રની નજરે જરા જુઓ ને! કેવી તારલિયા જેવી આંખો છે? અરે, એની અંદરનો આસમાની રંગ તો જાણે જોયા જ કરીએ. આ કેશ, અત્યારથી નાગપાશ જેવા છે. કૌશાંબીના કોઈ શૃંગાર-ગૃહમાં જરા સંસ્કારિત કરાવી, કેશ ગુંથાવો તો એની પાસે દેવાંગના પણ ઝાંખી પડે."

"કવિ બની ગયો લાગે છે."

"ના રે શ્રીમાન, અમારા ધંધામાં વળી કવિત્વ કેવું? અસ્થિ, માંસ, મજ્જાના આ વેપારમાં તો ભારે વૈરાગ્ય આવે છે! જોજો સાહેબ, કોઈ દહાડો હું સંન્યાસી ન બની જાઉં તો કહેજો! આ તો બાળબચ્ચાં માટે બે ટકાનો સંઘરો થઈ જાય એટલી વાર છે!"

"હવે આડી વાતો મૂકી દે. આ સોદો પાર પાડી દે."

"ફરી એક વાર કહું છું, રાખી મૂકો! શ્રીમાન, મારી સો ટચની સલાહ માનો."

"ના, ના, આ વેઠ હું ક્યાં વેંઢારું. અરે, જો મૂલ્ય

આપવાની જ શક્તિ છે, તો જ્યારે જોઈશે ત્યારે મનપસંદ માલ મળી શકશે. કૌશાંબીનો દાસબજાર ક્યાં ઉજ્જડ થઈ ગયો છે ? "

"વારુ સાહેબ, તો તમે કહો તેટલું સુવર્ણ આપું !"

આ પછી વિલોચન અને સૈનિક ખાનગીમાં ચર્ચા કરવા લાગ્યા. જે કિંમત સૈનિક માગતો હતો એ વિલોચનને ભારે પડતી દેખાતી હતી, પણ આખરે સમાધાન થયું. સૈનિકે છોકરીને વિલોચન પાસે ખેંચી ને રસ્સી છોડી લીધી.

વિલોચને બૂમ મારીને અંદરની વખારમાંથી એક સ્ત્રીને બોલાવી એ યક્ષિકા હતી; ગુલામ સ્ત્રીઓની પરીક્ષક ને સંરક્ષક! પ્રચંડ, કદાવર ને સાક્ષાત ચંડિકાસ્વરૂપ! કાળા



"વિલોચન ! મારો સોદો પાર પાડી દે !"

મુખમાં એના મોટા લાલ હોઠ, એમાં લાલઘૂમ જીભ! લાંબી ભુજાઓમાં રહેલું અણીદાર ત્રિશૂળ! ત્રિશૂળનો છેડો નઠોર ગુલામના લોહીથી રંગાયેલો હતો. ગમે તેવી અભિમાની સ્ત્રી યક્ષિકા પાસે ઢીલી ઢસ થઈ જતી. યક્ષિકા ઘડીભર આ નવી ગુલામડી તરફ નીરખી રહી!

છોકરી શૂનમૂન ઊભી હતી. એની આંખોમાં નિરાધારતા હતી. જાળમાં ફસાયેલી મૃગલીની જેમ એ પરવશ હોય તેવો એની મુદ્રા પર ભાવ હતો.

"ચંદનની ડાળ જેવી છોકરી છે!" ગુલામોમાં જાલીમ ગણાતી યક્ષિકાને પણ પળ વાર છોકરી ઉપર વહાલ આવ્યું.

"યક્ષિકા!" ઠરાવેલી કિંમતનું સુવર્ણ ગજવામાં મૂકતાં સૈનિક યક્ષિકાની પાસે આવ્યો. એણે જરા નરમાશથી કહ્યું: "યક્ષિકા, કોઈ સારા ગ્રાહકને વેચજે હો, છોકરી સારી છે."

"શ્રીમાન, વળી પાછી એની એ વાતો. જુઓ, એક નિયમ કહું. સ્ત્રી, દાસ અને શૂદ્ર તરફ કદી માયા મમતા દેખાડવી નહિ. એ તો ચાબૂકના ચમકારે સીધાં દોર! એમને વળી શું સારો ગ્રાહક ને શું ખોટો ગ્રાહક!"

"ના, ના, જો ને છોકરીનાં નયનોમાં કેવો ભાવ છે!"

"તમે પુરુષો ભારે વિચિત્ર છો હો! ઘડીમાં માયા-ભાવ એવો દેખાડો કે જાણે હમણાં ગળગળા થઇ જશો, ને ઘડીમાં ક્રોધભાવ એવો દેખાડો કે જાણે દેહનાં ચિરાડિયાં કરી અંગેઅંગમાં મરચું ભરશો! મન ન માનતું હોય તો હજીય તક છે, લઈ જાઓ ઘેર!"

"ના, એ તો જે એકવાર નક્કી થયું એ થયું. અહીં 'બે બોલ'ની વાત નહિ!"

"એ તો હું જાણું છું. ઘરવાળીએ ઘસીને રાખવાની ના પાડી હશે. હવે તો બધી સ્ત્રીઓ દાસી તરીકે કદરૂપી કાળી દાસીઓ પસંદ કરે છે! મને માફ કરજો, શ્રીમાન, તમારા મોટાના ઘરમાં ઉંદર-બિલાડીના ખેલ ચાલે છે! એના કરતાં તો અમે...." યક્ષિકા બોલતાં બોલતાં મર્યાદા વટાવતી જતી હતી; વિલોચને અડધેથી વાત કાપી નાખતાં કહ્યું :

"વારુ સાહેબ! હવે કઈ નવી લડાઈ ખેલવા જવાના છો, એ કહો ને! કામરૂ દેશમાં જાઓ તો જરૂર ચાર–છ લેતા આવજો. ત્યાંની ઘનકુચયુગ્મા ને સુતનુજઘનાની માંગ વધારે છે."

"વારુ, વારુ," ને સૈનિક છેલ્લી એક નજર પેલી છોકરી તરફ નાખીને ચાલ્યો ગયો.

"યક્ષિકા, ઓતરાદી વખારમાં–જ્યાં આપણે ઉચ્ચ કુળની દાસીઓ રાખીએ છીએ ત્યાં–એને રાખ. કોઈ દાસ એના તરફ નજર પણ ન નાખે, એ ધ્યાન રાખજે! આપણે પણ ગુલામોને શીલ પાળતાં શીખવવું જોઈએ, કારણ કે બજારમાં તેઓનો ભાવ મોં માગ્યો મળે છે."

"વારુ!" પ્રચંડકાય યક્ષિકા હાથમાં નવી દાસીનો હાથ લઈને ચાલી ગઈ.

"આજનો દહાડો બગડ્યો. સવારના પહોરમાં જ એક લપ વળગી, હે ભગવાન!" વિલોચન એક ઊંચા આસન પર બેઠો, વેપારમાં એ વહેમ અને જ્યોતિષને બહુ માનતો.

એ કહેતો કે શુકન તો દીવો છે. આજ શરૂઆતમાં જ ખોટ બેઠી. એણે નવો માલ લેવા–દેવાની સહુને આજ પૂરતી ના સંભળાવી દીધી.

એની ચિંતા સ્વાભાવિક હતી, કારણ કે એની વખારો-માં હમણાં ખૂબ દાસ–દાસી ભરાઈ ગયાં હતાં. ભારતવર્ષના રાજાઓ હમણાં દિગ્વિજયના શોખમાં પડ્યા હતા. રોજ છાશવારે લડાઈઓ થતી. લડાઈમાં જે રાજાની જીત થતી, એ હારેલા રાજ્યની માલ–મિલકત સાથે સ્ત્રીઓ ને પુરુષોને પણ ઉઠાવી લાવતા; ને એવી સ્ત્રીઓ ને એવા પુરુષો ગુલામ કહેવાતાં. આ ગુલામો રાજમાન્ય દાસ–બજારમાં વેચાતાં.

વળી પ્રત્યેક લડાઈનું પરિણામ સ્વાભાવિક રીતે અનાજની તંગીમાં આવતું. ખેતરો રોળાતાં, ભંડારો લૂંટાતા ને દુષ્કાળ ડોકાતો. આમાં પણ પેટની આગ ઠારવા બાળકો વેચાતાં. દુષ્કાળ પછી અનિવાર્ય એવો રોગચાળો ફાટતો. કેટલાંય બાળકો અનાથ બનતાં, સ્ત્રીઓ વિધવા થતી; એ બધાં નિરા-ધારોના આધાર વિલોચન જેવા દાસબજારના વેપારીઓ હતા. અને આ બધાં કારણોથી હમણાં વિલોચનની વખારોમાં ખૂબ માલ ભરાઇ ગયો હતો. એની ઇચ્છા ભારણ ઓછું કરવાની હતી, કારણ કે એટલા મોટા ગુલામ–સમુદાયને સંભાળતાં, સાચવતાં ને યોગ્ય શણગારીને રાખતાં ભારે ખર્ચો થતો!

રાજમાન્ય દાસ–બજારમાં ખરીદ કરેલાં દાસ દાસી ખરીદ કરનારની મિલકત લેખાતાં. આવા ગુલામોને કોઈ રાજકીય કે માનવીય હક ન મળતા. ખરીદનાર સર્વ સત્તાધીશ! ગુલામ પર એને સર્વ પ્રકારના વધ, બંધ ને ઉચ્છેદના અધિકાર!

વિલોચન એવો રાજમાન્ય ખાનદાન વેપારી હતો.

## મત્સ્ય બીજું

### શ્રેષ્ઠી ધનાવહ

વિલોચન જેવો કુશળ વહેપારી હતો, એવો વહેમીલો પણ હતો પેલી ચંદનની ડાળ જેવી નાજુક છોકરી ખરીદ્યા પછી એનામાં ભારે પરિવર્તન આવતું જતું હતું. જલ-નિધિના અતાગ ઊંડાણ જેવી પેલી છોકરીની નીલી નીલી આંખો એના સ્મરણપટ પર કંઈ કંઈ ભાવ અંકિત કરી રહી હતી.

તે પેટની દીકરી સુનયનાને જોતો ને વિચારમાં પડી જતો ! અરે, પેલી ચંદના ને આ સુનયના, એમાં ફેર શું ? રૂપે-રંગે, ગુણે કઈ રીતે કઈ ઊતરતી છે ? શા માટે એક ગુલામ ? શા માટે એક પ્રતિષ્ઠિત ? ગુલામને શું જીવ ન હોય ? પેટનાં જણ્યાં ને પારકાં જણ્યામાં કેટલું અંતર ! અને પછી એ મૂંઝવણમાં પડી જતો.

જો કે આવા વિચારો વિલોચનના વેપાર માટે આત્મ-ઘાતક હતા, અને આ પહેલાં કદી એ એવો વેવલો બન્યો પણ નહોતો. પણ પેલી નાનીશી છોકરીની શાન્ત–ગ્લાન મુખમુદ્રા એણે જોઈ ત્યારથી એને કંઈનું કંઈ થઈ ગયું હતું. એને લાગતું સંસારની કરુણતા–ક્ષણભંગુરતા જાણે ત્યાં આવીને થીજી

ગઈ હતી. કિસલય સમા એના ઓષ્ઠ જોઈ ને એમ થતું કે અરે, રડી પડીએ! એ દિવસથી એણે ચાબૂક મૂકી દીધો. ક્રમમાં ક્રમ નાની છોકરીઓને તો એ મારતો બંધ થયો.

કેટલીક વાર યક્ષિકાને બોલાવી એ કહેતો: "હે યક્ષિકા, તેં તો કેટલાય ગુલામોના વાંસા ફાડી નાખ્યા છે, પણ તને એમ નથી લાગતું કે ગુલામ કંઈ બધા સરખા નથી હોતા. ખરાબ હોય તેમ સારા પણ હોય?"

"એવી વાત હું ન જાણું. હું તો એટલું જાણું કે આપણા કહ્યામાં રહે તે સારો, કહ્યામાં ન રહે એ ખરાબ! તાડનનો અધિકારી! ગઈ કાલની જ વાત છે. એક ડોસાને ગુલામડી જોઈતી હતી. એ કૃપણ આત્મા ખૂબ સુવર્ણ લઈ ને આવ્યો હતો. એણે એક નાની છોકરી ખરીદ કરી. જૂઈના જેવી કોમળ! કેળના જેવી સ્નિગ્ધ! એને જોઈને વિષયી બૂઢાના મોમાંથી લાળ જવા માંડી. મેં કહ્યું: ડોસલજી, ચેતતા રહેજો, નહિ તો મરી જશે તો પાપ લાગશે. બૂઢો દાંત કટકટાવીને કહેવા લાગ્યો કે 'ગુલામને હાથે કરીને ક્યાં મારી નાખીએ છીએ? બાકી એની મેળે મરી જાય એમાં તે પાપ કે પુણ્ય! અરે, એમ પણ એ જીવને મુક્તિ મળશે ને! નહિ તો બિચારા આ ભવે કંઈ ગુલામીમાંથી છૂટવાનાં હતાં?' પેલી છોકરી બિચારી એને જોઈ ડરી ગઈ હતી. પહેલાં તો પાછાં પગલાં ભર્યાં. પણ આ ત્રિશૂળ જરા પીઠમાં ભરાવ્યું કે જાય ભાગી!" યક્ષિકા અટ્ટહાસ્ય કરી ઊઠી.

યક્ષિકાની વાત સાંભળી હમેશાં ભયંકર અટ્ટહાસ્ય કરનારો વિલોચન જાણે આજે થાકી ગયો. એ નીચે બેસી

ગયો. અને કહેવા લાગ્યો : "યક્ષિકા, આપણે એટલું ન કરીએ કે દાસીઓનો–છોકરીઓનો વેપાર બંધ કરીએ; માત્ર દાસો જ વેચીએ. એ લડધાઓ તરફ મને જરાય દયા–માયા નથી જાગતી."

"કોઈ શ્રમણ ભેટી ગયો લાગે છે! ભગતડો થયો છે શું?"

"ના, ના, ભગત તો શું? સાત પેઢીનો આ બાપુકો જમાવેલો ધંધો છે, પણ આ છોકરી ભારે વિચિત્ર છે. એને જોયા પછી ઘણા વિચાર આવે છે. આવો નબળો હું કદી નહોતો પડ્યો."

"અરે, તારા વિચારવાયુનું મૂળ જ એ છોકરી છે. કાલે સવારે જે પહેલો આવશે, એને વેચી દઈશ. એ જ અપશુકનિયાળ લાગે છે. અઠવાડિયાથી ધંધો જ ચાલતો નથી."

"ના, ના, એવું ન કરીશ, યક્ષિકા!"

"તારી એક પણ નહિ સાંભળું. કામરૂ દેશની કામિની અથવા રોરૂની રંભા જેનું મન ચળાવી ન શકી એનું મન એક છોકરી ચળાવી જાય, એ તો ન બનવાનું બને છે. આ લાગણીવેડા ભૂંડા છે. આ તો વેપાર છે. વેપારમાં તો વેપારની રીતે બધું ચાલે! એ છોકરીને તો જે મળે તે લઈને વેચી નાખે જ છૂટકો. એ જશે તો તારું મન થાળે પડશે. પુરુષોનાં ચિત્ત ભારે ચંચળ ઘડ્યાં છે ઘડનારે!" યક્ષિકાને વિલોચન જેવા પ્રતિષ્ઠિત વેપારીને પણ લાડમાં તુંકારે બોલાવવાનો ખાનગી અધિકાર હતો.

"હું ઘરાક લાવી દઈશ," એટલું કહીને વિલોચન

બહાર નીકળી ગયો. એ ઘણે ઠેકાણે ફરી આવ્યો, પણ મન શાન્ત ન થયું. અતલ ઊંડાણવાળી પેલી છોકરીની નીલી નીલી આંખો એને યાદ આવી રહી હતી! કેટલાંક મોં એવાં હોય છે, જે મૃત્યુની છેલ્લી પળ સુધી વિસરાતાં નથી! એમાં ક્રાંતિકારી અસર ભરી હોય છે.

એ ભજનમંડળીમાં ગયો. મોડી રાત સુધી ભજન ગાયાં, પણ ચિત્ત ઠેકાણે ન આવ્યું! ગુરુદેવના ચરણ દાબી ધર્મી વિલોચન ભેટ ધરી આવ્યો, પણ શાન્તિ ન મળી. ઇષ્ટદેવનો જાપ કર્યો, પણ ચેન ન પડ્યું. અરે, છોકરીને જોઈને કામ જાગવાને બદલે શમી ગયો છે, છતાં આ અશાન્તિ શી? મોડી રાતે એ પથારીમાં પડ્યો.

આખી રાત સ્વપ્નામાં પેલાં નયનતારક દેખાતાં રહ્યાં. સવારે વિલોચન વહેલો ઊઠી ગયો. રસ્તા ઉપર જઈને એ ઊભો રહ્યો.

સૂર્યનો સુવર્ણરંગી પ્રકાશ ચારે તરફ પથરાઈ ગયો હતો. ગુલામો વહેલી સવારથી કામે લાગ્યા હતા. ગુલામડીઓ પોતાની માલિકણ માટે શૃંગારનાં સાધનો એકત્ર કરી રહી હતી. કોઈ વાર નઠોર ઢોર કે રેઢિયાળ ગુલામ ઉપર વીંઝાતા ચાબૂકના સપાટા ઠંડી હવામાં ગાજતા. કોઈ વાર બૂમો કાને પડતી: “બેટાઓને કામ કરતાં ટાઢ વાય છે. કરમ બુંદિયાળનાં ને રોફ રાજાનો.” ને થોડી વારમાં જ કોઈ ઘરના દરવાજામાંથી આગળ દોડતો અર્ધનગ્ન ગુલામ ને પાછળ પશ્મીનાની શાલ ઓઢી હાથમાં ચાબૂક લઈ દોડતો ઘરધણી દેખાતો.

ભારે રમૂજ ! ઘર ઘરના દરવાજામાં પ્રજાજનો આ તમાશો જોવા આવીને ખડા થયા હતા. ખૂબ મજા જામી. વાહ ભાઈ વાહ ! ખૂબ કરી ! એ પકડી પાડ્યો ગુલામને ને ભરબજારે બધાની સામે માંડ્યો ફટકારવા ! આવી ટાઢમાં ભારે કાશ્મીરી શાલમાંથી હાથ બહાર કાઢીને જોરથી ચાબૂક વીંઝવો એ કંઈ ઓછી મહેનતનું કામ હતું ! ગુલામના મોંમાંથી લોહી જતું હતું, એ હાથ જોડતો હતો, પણ પેલો બમણા આવેશથી ફટાકરતો હતો. લોકો હસતાં હતાં. ભારે રમૂજ ! સવારના પહોરમાં સુંદર રમૂજ માણવા મળી.

પણ વિલોચનનું દિલ અત્યારે રમૂજ માટે તૈયાર નહોતું. એણે એ દૃશ્ય તરફથી મોં ફેરવી લીધું ને દૂર દૂર ક્ષિતિજ સુધી નજર નાખી. પરોઢનાં પંખેરું ચારો ચૂગવા અહીંથી તહીં ગાતાં ગાતાં ઘૂમી રહ્યાં હતાં. વિલોચનની વ્યગ્ર દૃષ્ટિને એ જોવામાં કંઈક આસાયેશ મળી. ત્યાં તો એ ધોરી માર્ગ પર એક રાજહાથી ઘંટા વગાડતો આવતો દેખાયો. સોનેથી રસેલી અંબાડી તેજનાં અંબાર છોડતી હતી. એમાં દેવકુમાર જેવો કોઈ પુરુષ બેઠેલો હતો.

વિલોચને ઉત્કંઠાથી બે ચાર જણાને પૂછ્યું. કોઈ શ્રેષ્ઠી, કોઇ મહાજન, કોઈ વ્યવહારીઓ ગુલામોની ખરીદીએ તો આવતો નથી ને ! અરે ચાલો, આજ ભારે તડાકો પડશે ! આજ છોકરીઓ બધી વેચી નાખું ! પછી દેખવું નહિ ને દાઝવું નહિ ! કૌશાંબીના દાસબજારમાં મારા જેટલો માલ પણ છે કોની પાસે ? વિલોચનની આંખોમાં અવનવું તેજ ભભૂકી ઊઠ્યું. પણ થોડી વારમાં એ નિરાશ થઈ ગયો. એને ખબર

પડી કે આ તો રાજઅતિથિ છે. મહારાજા શતાનિક રંગશાળા નિર્માણ કરી રહ્યા છે, એમાં મૂકવા માટે મહારાણી મૃગાવતીની છબી ચિતરાવવાની છે. એ માટે ભારતવર્ષમાં સુવિખ્યાત યક્ષમંદિરના ચિતારા રાજશેખરને તેડ્યો છે. લબ્ધિવંત છે. માત્ર એક અવયવ જોઈને સાંગોપાંગ છબી દોરી શકે છે !

વિલોચનની ઉત્સુક આંખો નિરાશ થઈ પાછી ફરી. એ કંઈ અત્યારે છબી પડાવવા નીકળ્યો નહોતો !

"અરે વિલોચન !" યક્ષિકા એને શોધતી શોધતી અહીં આવતી દેખાઈ. વિલોચને એની સામે માત્ર એક લુખ્ખી નજર નાખી, કંઈ જવાબ ન આપ્યો.

"શું કરે છે ?"

"છબી દોરાવું છું, યક્ષિકા ! પેલો યક્ષમંદિરનો ચિતારો રાજશેખર આવે. ચાલ, તારી છબી દોરવા એને કહું !" ને વિલોચને યક્ષિકાના પ્રચંડ દેહ પર નજર નાખી. સુંદર શુર્પણખા ! ઈતિહાસની શુર્પણખા કદાચ કુરૂપ હતી; એની આ યક્ષિકા એવી નહોતી ! એની દુકાનની વિશ્વાસુ વાણોતર હતી; સાથે સાથે એ વહાલસોઈ પત્ની પણ હતી, લાડ લડાવનારી માતા પણ હતી, ભાવભરી ભગિની પણ હતી: યક્ષિકા અનેકરૂપા હતી.

"એ દહાડા ગયા, ગાંડા !" ને યક્ષિકાએ પોતાના દેહ પર એક સ્નિગ્ધ નજર નાખી ! "વિલોચન, રાજશેખર તો ૪૮ પ્રકારના નાયકો ને ૩૮૪ પ્રકારની નાયિકાઓની છબી

ચીતરનારો છે. રાજા–મહારાજા સિવાય બીજાનું ગજું નહિ, ને પદ્મિની સિવાય બીજીનું કામ નહિ. હું કંઈ પદ્મિની છું!"

"ના, ના, યક્ષિકા,! કૌશબીમાં પદ્મિની માત્ર મહારાણી મૃગાવતી. નહિ તો યક્ષિકા, પ્રેમના નિયમ કંઈ ઓર છે: એમાં તો જો શંખણીથી મન લાગી જાય તો પદ્મિની એની પાસે પાણી ભરે. બાકી, પેલી છોકરી....ચંદનની ડાળી જેવી–ચંદના–મોટી થતાં હું ખાતરીથી કહું છું કે જરૂર પદ્મિની થવાની."

"જોઈ ન હોય તો તારી પદ્મિની! અરે નામ મૂક એ રાંડ પદ્મિનીઓનું! અરે, પદ્મિની તો આખા વંશનું નખ્ખોદ કાઢે, તમામ દેશનું ધનોત–પનોત વાળે, એમ ઘરડા લોકો કહે છે. એ તો જીવતી જાગતી પનોતી! એના કારણે ભયંકર લડાઈઓ થાય."

"ચૂપ મર! વળી કોઈ સિપાઈ–સપરું સાંભળી જશે તો તને ને મને અવળી ઘાણીએ ઘાલી તેલ કાઢશે. આ રાજાઓને તો માખી મારવી કે માણસ મારવું સરખું! જય હો પદ્મિની રાણી મૃગાવતીનો!" વિલોચન પાછળનું વાક્ય જરા જોરથી બોલ્યો. રાજહાથી પાસે આવતાં યક્ષિકા ઉતાવળી ઉતાવળી બાજુમાં સરી ગઈ.

વિલોચન ઘણી વાર ત્યાં ઊભો રહ્યો. સૂરજ તપવા લાગ્યો, પણ મનમાન્યો ગ્રાહક ન મળ્યો. એટલામાં દૂરથી ધનાવહ શેઠને આવતા ભાળ્યા. વિલોચન એ ભદ્રિક શ્રેષ્ઠીને જોઈ ખુશ થઈ ગયો.

ધનાવહ શેઠ ભારે દયાળુ–દયાધર્મમાં માનનારા! એ

હિરણ્યકોટી નિધાનમાં હતા. એક વેપારમાં ને અડધી વ્યાજમાં રાખતા હતા. એમને મૂલા નામની પત્ની હતી. બંને સ્વર્ગનું સુખ ભોગવતાં હતાં. સંસાર માંડયાને ઘણો વખત વીત્યો છતાં કંઈ સંતાન નહોતું થયું; એટલું માત્ર દુઃખ હતું.

સંતાનની અછત શેઠના મનને મૂંઝવતી. વાંઝિયાનું મુખ લોકો ન જુએ, એવી માન્યતા હોવા છતાં સવારના પહોરમાં ધનાવહ શેઠનું નામ હોંશથી લેવાતું. મોં જોનાર માનતું કે દહાડો સફળ થયો. એ વિલોચનના જૂના ગ્રાહક હતા. વેપાર ધંધા માટે તેમજ ઘરકામ માટે માણસની જરૂર પડતી ત્યારે વિલોચનને ત્યાં જ આવતા. જૂના વખતમાં એ મોતીનો વેપાર કરતા. દરિયામાંથી મોતી કાઢવા જુવાન ને મજબૂત ગુલામોની જરૂર રહેતી, પણ મોતી કાઢવાનું કામ એવું ભારે હતું કે એ ગુલામો ત્રણ-ચાર વર્ષમાં અકાળ મૃત્યુને ભેટતા. એક વાર કોઈએ કહ્યું : "શેઠ, ગુલામોને માણસ ભલે ન ગણો પણ એનામાંય જીવ તો હોય છે ને! ભારે પાપ હો, અને આ પાપે તમને સંતાન થતાં નથી."

શેઠે મોતીનો ધંધો છોડયો, પણ સંતાન તો ન થયાં. વિલોચનને જોતાં જ શેઠે કહ્યું :

"કેમ વિલોચન! અત્યારમાં ફુરસદમાં!"

"આપના માટે જ આવ્યો હતો. એક સુંદર દાસી તમારા માટે રાખી લીધી છે! મારે એમાં કંઈ નફો ખાવો નથી, શેઠજી!"

"વેપારી નફો નહિ ખાય તો શું વેરાગી ખાશે? પણ અલ્યા, હરી ફરીને અમે હુતો ને હુતી. બે માણસમાં તે કેટલાં દાસ-દાસી રાખવાં?"

"અરે શ્રીમાન, લઈ જવા જેવી છે. પેટની દીકરી જેવી લાગશે. સૂનાં ઘર વસાવે એવી છે. ચાલો પધારો, બતાવું! મન માને તો લઈ જજો ને!"

વિલોચન ધનાવહ શેઠને અત્યંત આગ્રહ કરીને વખારે લઈ ગયો. એક કાષ્ઠ-સિંહાસન પર શેઠને બેસાડી ચંદનાને હાકલ કરી.

ચંદના તૈયાર જ હતી. આજે એને વેચી નાખવાની હોવાથી સવારથી જ એનો શણગાર થઈ રહ્યો હતો. ગુલામો માટે ખાસ બનાવવામાં આવતાં તાંબાનાં, અબરખનાં ને મીણનાં ઘરેણાં એને પહેરાવ્યાં હતાં, લાંબો કેશકલાપ ગૂંથ્યો હતો ને હાથમાં રાતું કમળ આપ્યું હતું.

કોઈ પણ ગ્રાહક સામે હસતા મુખે ઊભા રહેવાની



ચંદના શાન્ત ગંભીર ઊભી હતી.

અને હાથનું લીલા–કમળ રમાડતાં રહેવાની આજ્ઞા હતી.

ચંદના–લાવણ્યભરી ચંદના–હસતી તો નહોતી, પણ શાન્ત ગંભીર ઊભી હતી.

"ચંદના, શેઠના પગ પખાળ!" યક્ષિકાએ હુકમ કર્યો.

ચંદનાએ પગ પખાળ્યા.

"ચંદના, એક ગીત ગા જો!"

ચંદનાએ એક નાનું ગીત ગાયું. એ રડતી હતી કે હસતી હતી, એ કંઈ ન સમજાયું: પણ એના નિર્દોષ સ્વરે શેઠનું હૈયું હલમલાવી મૂક્યું. એની કામણભરી કીકીઓએ શેઠને આકર્ષણ કર્યું.

"શું મૂલ્ય છે?"

"આપો તે, તમને જ આપવી છે." વિલોચને કહ્યું.

"હા, હા, આ તો મગના ભાવે મરી વેચાય જેવો ઘાટ છે. જે આપો તે. આજે જ નિકાલ કરવો છે," યક્ષિકાએ કહ્યું.

"માગો તે આપું!" શેઠ પણ ઉદાર બની ગયા.

ત્રણે જીવ દરેક વાતે તૈયાર હતા. એ રીતે એક અનાથ જીવનું ભાવિ બહુ જલદી નક્કી થયું.

સોદો સરળ રીતે પતી ગયો. યક્ષિકાએ ચંદનાને દોરી દીધી. વિલોચન–વાઘ જેવો વિલોચન–ઓશિયાળો બનીને એને જતી જોઈ રહ્યો. એને લાગ્યું કે એના જીવનમાંથી જાણે ચેતન ચાલ્યું જાય છે!

શેઠની પાછળ ચંદના ચાલી નીકળી: નવા આવાસમાં, નવા પરિવારમાં, નવું ભાગ્ય ઘડવા!

# મત્સ્ય ત્રીજું

## મૂલા શેઠાણી

ઊડણ ચરકલી જેવી ચંદના, અમે કહીશું કે, ખરેખર ભાગ્યશાળી હતી. એ આવી ત્યારથી ધનાવહ શેઠના ઘરમાંથી અમાવાસ્યાનો અંધકાર સરી ગયો છે ને પૂનમની ચાંદનીનો શીતળ છંટકાવ સર્વત્ર વ્યાપ્યો છે.

શેઠ-શેઠાણીના હૃદયમાં હજી સુધી ભરી પડેલી સંતાનની માયા ચંદના પર ઠલવાઈ રહી છે. લીલા વનની પોપટડી જેવી ચંદના કળા કરતી, જંગલની મૃગલી જેમ આખો દિવસ કૂદ્યા કરતી. ભાતભાતના શણગાર એના માટે આવતા, રંગરંગનાં વસ્ત્રો એને માટે મંગાવાતાં અને ખૂબી તો એ હતી, કે ગમે તેવાં વસ્ત્ર કે અલંકાર ચંદનાને અડીને અરધી ઊઠતાં. અલંકારથી ચંદના શોભે છે કે ચંદનાથી અલંકાર દીપે છે—રસશાસ્ત્રીઓ માટે એ ભારે મૂંઝવણનો પ્રશ્ન રહેતો. ચંદનાનો પડચો બોલ શેઠશેઠાણી ઝીલતાં.

ચંદના ભૂતકાળ ભૂલી રહી હતી; ને સુખદ વર્તમાનની કુંજોમાં કેકા કરી રહી હતી. આજ નાગપાશસમો કેશકલાપ બાંધી રાસ રમવા જતી, કાલે પાયે સુવર્ણનૂપુર બાંધી

નૃત્ય કરવા લાગતી. વસંતોત્સવ ને કૌમુદી ઉત્સવોમાં ચંદના સહુથી અગ્રેસર રહેતી.

ચંદના પણ નગુણી નહોતી. એ જાણતી હતી કે આ સંસારમાં ગુલામનું સ્થાન ગમાણના ઢોર કરતાં હીણું હતું. એ માટે એણે ઘરની વ્યવસ્થાનું તમામ કામ ઉપાડી લીધું હતું. અશન, પાન, ખાદિમ ને સ્વાદિમ એ પોતે જ તયાર કરતી. વસ્ત્ર, કંબલ, પ્રતિગ્રહ, પાદપ્રોંછન એ પોતે જ વ્યવસ્થિત રાખતી. પીઠફલક, શય્યા, સંસ્તારક યથાયોગ્ય સ્થાને એ જ રખાવતી. ઓસડવેસડની ઉપાધિ પણ એ જ રાખતી. ઘરનાં અન્ય દાસદાસીઓને પણ એ જ સંભાળતી.

દાસ–દાસીઓને વિચાર આવતો: 'અરે, આ છોકરી તે ગુલામ છે કે માલિક! આપણી જાણે શેઠાણી હોય એમ વર્તે છે.' ગુલામ કદી ગુલામનું શાસન સહન કરી જ ન શકે, ત્યાં એનું સ્વામિભાન સહેજે ઘવાય. ભૈરવી નામની નવજુવાન દાસીને ચંદનાનું આ જાતનું આધિપત્ય સહુથી વિશેષ ખટકતું. એ ઘણી વાર મૂંગો વિરોધ દર્શાવતી. એક રીતે બંને હરીફ પણ હતાં. ભૈરવીનું પણ ઊગતું યૌવન હતું, ને ચંદના પણ નવયૌવના બની રહી હતી. બંને જીવનની નવ વસંતને સત્કારી રહી હતી.

દાસત્વના કટુ ને અપમાનિત જીવનમાં ભૈરવી એક વાતનો નિશ્ચય કરી ચૂકી હતી, કે કામદેવ વય કે અવસ્થા કંઈ જોતો નથી. ગમે ત્યારે, ગમે તેને, ગમે તે વયે પીડે છે. ભરવીની છૂપી સાધના ધનાવહ શેઠમાં કામપીડા પેદા કરવાની હતી. સ્વસ્થ, શાંત ને ચતુર્યામના પાલક ધનાવહ શેઠ

ભૈરવીને પુત્રીની નજરે નીરખતા, એની દરકાર રાખતા, કોઈ વાર એની સુખપૃચ્છા પણ કરતા. ભૈરવી પોતાનાં અંગોને બેદરકાર રીતે ઉઘાડાં રહેવા દઈ, રતિપીડા વ્યક્ત કરતાં બેશરમ ગીતો ગાઈ, વારંવાર કોઈ ને કોઈ કામના બહાને શેઠની નજર સામે આવી; હસીને, વ્યંગ કરીને પોતાના ઇચ્છિત માર્ગે કદમ કદમ આગે બઢી રહી હતી.

તેમાં અડધે રસ્તે ચંદના આવી મળી. બધો ખેલ બગડી ગયો. શેઠ-શેઠાણી તો ચંદના પાછળ ઘેલાં બન્યાં હતાં. એનો પડ્યો બોલ ઝીલાતો હતો. ભૈરવી આ સહી ન શકી. શરૂઆતમાં ધીમો વિરોધ કર્યો, બધાં દાસ-દાસીને એની સામે ઉશ્કેર્યાં પણ ખરાં, પણ ચંદનાએ એક વાતમાં તેમને સહુને ઠંડાં કરી દીધાં :

" આપણે બધાં દાસ છીએ. આપણે એક જ જ્ઞાતિનાં કહેવાઈએ, એટલે આપણી વચ્ચે ઐક્ય શોભે! લડશું-ઝઘડશું તો આપણા હાથે આપણે આપણું બગાડશું."

આ જવાબથી બીજાં બધાં તો સમજ્યાં પણ ભૈરવી ન માની. એ મનમાં ને મનમાં બબડી : " ગઈ કાલે આવેલી દોઢ ટકાની ગુલામડી અમારા પર રાજ કરશે? અરે, એના કરતાં કોઈ નીચના ઘેર દાસત્વ કરવું શું ભૂંડું?"

ભૈરવી ચંદનાનું મૂળ ઉખેડી નાખવા સજ્જ થઈ. પોતાની રૂપજ્યોતમાં જલી મરનાર કોઈ પતંગિયું ન મળ્યું, એટલે એ દિશાનો પ્રયત્ન એણે બંધ કર્યો. બીજાં દાસ-દાસી પણ ચંદનાને વધુ પ્રેમ કરવા લાગ્યાં, એટલે એ તરફનો યત્ન પણ એણે બંધ કર્યો.

એક ઘોર અંધારી રાતે, દ્વેષ-દાવાનલમાં જલી રહેલી એ તુચ્છ દાસીએ મંથરા ને કૈકેયીનું નાટક ભજવવાનો નિરધાર કર્યો. ભલી ને હરખઘેલી મૂળા શેઠાણી સંસારના દાવપેચથી અજાણુ હતાં. સંતાન નહોતાં, એટલે એ તરફ સ્વાભાવિક આકર્ષણુ રહેતું, છતાં ચંદના ઘરમાં આવ્યા પછી મન કંઈક શાન્ત થયું હતું.

એક દહાડાની વાત છે:

અચાનક સ્નાનગૃહમાંથી સ્નાન કરીને આવતી ચંદના લીસી ભૂમિ પર લપસી પડી. એક જ ઉત્તરીય એણુે શરીરે વીંટયું હતું ને એનાં સુંદર ગાત્રો તરતના સ્નાનની સ્નિગ્ધ-તાથી ચમકી રહ્યાં હતાં. લાંબો છૂટો કેશકલાપ પગની પાની સુધી વિખરાયેલો પડયો હતો.

એક ચીસ નાખીને ચંદના બેહોશ બની ગઈ. એના માથામાંથી લોહી ફૂટીને વાળને ભીંજાવી રહ્યું. આજુબાજુ કોઈ નહોતું. એક માત્ર ભૈરવી થોડે દૂર કામ કરતી હતી. એણુે ચંદનાને પડતી જોઈ, પણુ તરત જ જાણુે કંઈ ન જાણુતી હોય તેમ આડું જોઈને કામ કરવા લાગી. “રાંડ, એ જ લાગની છે, મરી જાય તો મારી આંખનું કણું જાય!” તે મનમાં બબડી.

ધનાવહ શેઠ બહાર ગયા હતા, ને મૂલા શેઠાણી પડોશણુને ત્યાં બેસી ગપ્પાં ઝૂડી રહ્યાં હતાં. પડોશણુ મશ્કરી-માં કહેતી હતી: “શેઠાણી, તમે તો વગર સુવાવડે-વગર સૂંઠ ખાધે દીકરી જણી ને તેય અપ્સરા જેવી! શાસ્ત્રીજી કહેતા હતા કે સ્વર્ગમાં દેવ-દેવીને કંઈ માતાના ઉદરમાં

ગર્ભમાં રહેવું પડતું નથી. જેવો કોઇ પુણ્યશાલી જીવ અહીંથી સ્વર્ગમાં ગયો કે ત્યાં દૈવી પલંગમાં જ આળસ મરડીને સીધો ઊભો થાય. ન એમને બાલ્યાવસ્થા, ન એમને વૃદ્ધાવસ્થા! જન્મે ત્યારે જુવાન, મરે ત્યારે પણ જુવાન!"

"મારી ચંદના પણ પૃથ્વી પર ભૂલી પડેલી અપ્સરા જ છે ને?" મૂલા શેઠાણી બોલ્યાં.

"જોઈ તારી ચંદના!" એક વૃદ્ધ ડોશીમા તાડૂકી ઊઠયાં, "નીચ જાતને માથા પર ચઢાવવી સારી નહિ. ગુલામ એ આખરે ગુલામ! એનામાં ખાનદાની હોય ક્યાંથી?"

"મારી ચંદના જુઓ તો તમે ખાનદાની ને ઊંચ-નીચની વાત ભૂલી જાઓ. બેન, ગુલામ શું ને શેઠ શું? માણસ તો ન ઊંચ છે, ન નીચ છે. સ્થિતિ પ્રમાણે સારો-નરસો થાય છે."

"અરે એ વાતૂડિયણ! તારી વાતો પૂરી થશે કે નહિ?" તાજા જ ઘરમાં આવેલા ધનાવહ શેઠે ચંદનાને બેભાન પડેલી જોઈને બૂમ પાડી.

મૂલા શેઠાણીએ સાદ સાંભળ્યો, પણ શેઠની રોજની આદત સમજી તે બેસી રહ્યાં.

"તમારે તો ઘરડે ઘડપણે જુવાની આવી છે," પાડોશણે મીઠી મશ્કરી કરી, "ઘરમાં આવ્યા કે શેઠથી શેઠાણીને જોયા વિના ઘડીભર એકલા રહેવાતું નથી."

"એ તો એવા જ છે! ઘરમાં મને ન જુએ કે બૂમાબૂમ કરી મૂકે, જાણે કાલે જ પરણી ન ઊતર્યાં હોઈએ!

બેન, કોઈ વાર શરમાવા જેવું કરે છે એ !" મૂલા શેઠાણીએ મનમાં હરખાતાં ને ઉપરથી લજાવાનો ડોળ કરતાં કહ્યું.

"શેઠાણી સ્વાધીનપતિકા છે. આવું સુખ તો દેવ-દેવી પણ........"

સામેથી એકદમ ભરવી દોડતી આવી : "બા, શેઠ ખૂબ નારાજ થયા છે; જલદી ચાલો."

"એ તો નાના છોકરા જેવા છે. ઘડીમાં રાજી, ઘડીમાં કરાજી !"

"ના, ના, બા ! આ તો ચંદના સ્નાનગૃહમાં લપસીને પડી ગઇ છે. જાણે શું થયું છે કે બોલ્યા–ચાલ્યા વગર પડી છે. શેઠજીએ ઉપાડીને પથારીમાં સુવાડી છે ને તમને બોલાવે છે."

"શું ચંદના બેભાન પડી છે? હાય બાપ ! લે, આ આવી."

મૂલા શેઠાણી ઊઠીને ઉતાવળાં ઘર તરફ ધસ્યાં.

"ચંદનાનું નામ આવ્યું કે ગાંડાં !" પાડોશણે ટીકા કરી.

"એ છોકરીએ તો ભૂરકી નાખી લાગે છે," ભૈરવી ધીમેથી બોલી ને કપાળે હાથ પછાડી પાછળ ચાલી.

ચંદના ધીરે ધીરે શુદ્ધિમાં આવી રહી હતી. શેઠે પોતે એના માથે પાટો બાંધ્યો હતો ને પાસે બેસીને પંખો નાખી રહ્યા હતા. યૌવન અવસ્થાનું આગમન સૂચવતાં એનાં અર્ધખુલ્લાં અંગો ભલભલાની નજરને બાંધી લે તેવાં હતાં.

શેઠાણીને જોતાં જ શેઠ તાડૂક્યા : "તમને બૈરાંને દિલમાં દયા જ નહિ ! આ છોકરી મરવા પડી છે ને પોતે,"

"ખોટા ચિડાશો મા! કોને ખબર કે છોકરીને આમ થયું છે! મૂઆં નોકર ચાકર પણ સ્નાનગૃહ સાફસૂફ નથી રાખતાં ને! લીલ-શેવાળ કેવી થઈ જાય છે! હાય રે મારી લાડલી!"

"બા, એ લાડલીને મેં ઘણી વાર કહ્યું કે નીચું જોઈ ને ચાલજે, પણ માને તો ને!" ભરવીએ ચંદનાની બેશુદ્ધિનો લાભ લઈ કહ્યું, "ભારે રોફ! બા, આંખો જાણે ઓડે આવી! હું પૂછું છું કે શું જુવાની એને એકલીને જ આવી હશે?"

ભરવીની વાતોમાં છૂપો વ્યંગ હતો. મૂલા શેઠાણી ચંદનાની સેવામાં લાગી ગયાં, પણ શેઠ તો પથારી પાસેથી ખસે જ નહિ!

મૂલા શેઠાણી ચંદનાની ભારે આળપંપાળ કરતાં, પણ આ વખતની ચંદનાની તમામ સુશ્રુષા શેઠે પોતે ઉપાડી લીધી. ઐરક જાતિ પરનો અવિશ્વાસ તેઓ વારે વારે વ્યક્ત કરતા :

"ઐરાની જાત ભારે બેદરકાર! એને પોતાનાં પેટનાં જણ્યાં ને પોતાનો 'પરણ્યો'–એ બે સિવાય કોઈની પડી હોતી નથી." અને તેઓ શેઠાણીના હાથમાંથી ઓસડની પ્યાલી લઈ ને પોતે જ ચંદનાને પાતા. ચંદનાના વિખરાયેલા વાળ પણ પોતે જ વ્યવસ્થિત કરતા, માથાના ઘામાં ને કમરના દુ:ખાવામાં ઓસડ પણ પોતે જ લગાવતા.

દાસ-બજારનો નામીચો વેપારી વિલોચન પણ છાનોમાનો એક વાર ખબર લેવા આવી ગયો. એને કોઈ એ ખબર આપેલી કે ચંદનાને ખૂબ વાગ્યું છે, માથું ફૂટી ગયું છે ને મરણપથારીએ છે. વિલોચન જાણતો હતો કે ઘરના ગુલામોને સાધારણ વાંકમાં પણ ભયંકર શિક્ષાઓ થાય છે. તેણે પોતાના મનમાં વિચાર્યું,

ચંદનાનો વાંક આવ્યો હશે ને મારતાં ધ્યાન નહિ રહ્યું હોય ! 'લાવ, ખબર કાઢતો આવું ને જો શેઠ એને પાછી આપે તો લેતો આવું !' વિલોચન સાથે સુવર્ણ લઈને આવ્યો હતો. પણ અહીંની આવી સ્થિતિ જોઈને એ શું બોલે ? શેઠ તો ગાંડાઘેલા થઈ ગયેલા. શેઠે રોજની આદત મુજબ શેઠાણીનો વાંક કાઢતાં કાઢતાં, ને આખા સ્ત્રીવર્ગ તરફ નિર્દયતાનો કટાક્ષ કરતાં કરતાં, બધી વાત અથથી ઇતિ સુધી કહી દીધી.

ભૈરવી પાસે જ ઊભી હતી. એણે શેઠાણીનો પક્ષ લેતાં કહ્યું : " શેઠજી, મારાં શેઠાણીનો વાંક ન કાઢશો. સગી મા પણ આટલું હેત ન રાખે. રોજ વાતવાતમાં તમે શેઠાણીબાને આ દોઢ ટકાની ગુલામડી ખાતર હલકાં પાડો છો !"

' દોઢ ટકાની ગુલામડી ! રે ! મારી ચંદનાનું અપમાન !' અને ધનાવહ શેઠે એને ઊધડી લીધી.

ભૈરવી રોઈ પડી ને રડતી રડતી અંદર ચાલી ગઈ. મૂલા શેઠાણી ઓસડ બનાવી રહ્યાં હતાં. ભૈરવીને રડતી જોઈને, તેમણે તેને પાસે બોલાવીને બધી હકીકત પૂછી.

ભૈરવીએ મીઠું-મરચું ભભરાવીને બધી વાત કરી ને છેલ્લે છેલ્લે કહ્યું: " બા, તમે તો સતજુગનાં સતી છો. તમને શું સમજણ પડે. બાકી પેલી મનોરમા દાસીની વાત જાણો છો ને. રાંડ શેઠ સાથે પ્રેમમાં પડી ને શેઠે પોતાનાં શેઠાણીને તગડી મૂક્યાં. આ રાંડો તો મારે ત્યારે આખું ઘર મારે છે ! મને તો આ ચંદનાનાં લક્ષણ સારાં નથી લાગતાં."

" આ તું શું કહે છે, ભૈરવી ? "

"સાચું કહું છું બા! મને મારીને કટકા કરશો તોય બા, હું તો સાચું જ કહેવાની. સાચું કહેવામાં શેઠે મને ધમધમાવી, હવે તમે મને ભલે શૂળીએ ચઢાવો, પણ બા, ખોટું તો મારાથી નહિ બોલાય." સત્ય કરતાં અસત્યની જબાનમાં ભારે જાદુ હોય છે. ભૈરવીએ આગળ ચલાવ્યું: "એ રાંડ ચંદના શેઠને જોઈને વાળ વિખેરી નાખે છે, વસ્ત્ર આડાઅવળાં કરે છે. અરે, કંઈ કંઈ ચાળા કરે છે! બા, જો શેઠ આમ એને પંપાળતા રહ્યા તો દશ વર્ષેય સાજી થાય તો કહેજો. અને બા, હું મરું. મને રાંડને ક્યાંથી આ સત પ્રગટ્યું કે સાચું કહેવા માંડી," ભૈરવી જરા પાસે સરી ને શેઠાણીના કાનમાં કહેવા લાગી, "બા, કહેશો તો હું ચાલી જઈશ, પણ કોઈ વાર મારી વાત સંભારજો! આ તમારી માનીતી ચંદના એક દહાડો તમારી શોકય ન થાય તે જોજો! પુરુષ તો આખર પુરુષ છે. ભમરાની જાતનો બધી વાતમાં વિશ્વાસ થઈ શકે, પણ કયા ફૂલની સુવાસ લેવા ક્યારે દોડશે, એ કંઈ ન કહેવાય. બસ બા, હવે મને મારવી હોય તો મારી નાખો. હતું તે કહી દીધું!"

માયાભર્યા જગતમાં મૂલા શેઠાણી મૂંઝાઈ ગયાં. અરે, શું ચંદના મારી શોકય? ના, ના, મારા પતિ એવા નથી! પણ આ ભૈરવી કહે છે કે પુરુષ તો ભ્રમર!

મૂલા શેઠાણી કંઈ નિર્ણય ન કરી શકયાં.

સંસારના આ પોલા ગોળામાં અસત્ શબ્દના પડઘા ભારે પ્રચંડ હોય છે.

## મત્સ્ય ચોથું

### દૃષ્ટિ તેવી સૃષ્ટિ

દિવસો વીતી ગયા છે ને ચંદના તો પાછી હતી તેવી થઈ ગઈ છે. એ જ કામકાજ, એ જ નૃત્ય–ગાન, એ જ આનંદ–ઉલ્લાસ! પણ વચ્ચે વચ્ચે ચંદના કદી ગંભીર બની જાય છે, એને માતાતુલ્ય મૂલા શેઠાણીના પ્રેમમાં કંઈક ખૂંચ્યા કરે છે! પણ મસ્તીભરી ચંદના ભાવિના ખોળે બધું ભૂલી બીજી પળે આનંદમાં ડોલવા લાગે છે.

ધનાવહ શેઠ તો એના જીવનદાતા હતા. ચંદના એમના માટે જીવ આપીને પણ કંઈ સેવા થઈ શકતી હોય તો જીવ આપવા તૈયાર હતી. અરે, રાજવંશની કેટલીય રૂપાળી છોકરીઓ ગુલામડી તરીકે પકડાયા પછી કેવી દુર્દશા પામી હતી અને પોતે! આજે એના તરફ કોઈ ઊંચી આંખે જોઈ શકે તેમ નહોતું.

પણ જે દિશામાંથી રોજ મીઠા શ્વાસો આવતા, ત્યાંથી આજ અગ્નિની ઝાળ આવતી હતી. વાતાવરણ ભારેખમ હતું. આજ સવારથી શેઠાણી ને ભૈરવી ઘરમાં નહોતાં. શેઠ બહાર કામે ગયા હતા. વશાખનો મહિનો આંતરબાહ્ય તપતો હતો. ચંદનનાં કચોળાં ને શીતળ પેયો વગર રહેવાય તેમ નહોતું. સુંદર વીંઝણા ને દહીં–શ્રીખંડનાં ભાણાં પાસે તૈયાર હતાં.

મૂલા શેઠાણી નહોતાં એટલે ચંદનાએ શેઠના સ્વાગતનો ભાર પોતે ઉપાડી લીધો હતો. એણે પાદપ્રક્ષાલનથી માંડીને ઠેઠ તેમના આરામ માટેની સેજની વ્યવસ્થા કરી હતી. ચંદનાના હાથમાં ચમત્કાર હતો. એનો હાથ જે ચીજ પર ફરતો તે જાણે પલટાઈ જતી. બારીઓમાં કેવડાના સુગંધી ગુચ્છા ને પલંગ પર બટમોગરાની ઝીણી ચાદર ગૂંથીને એણે બિછાવી હતી. પોતાના જીવનદાતા માટે તો ચંદના પોતાનું કોમળ હૈયું પણ બિછાવવા તૈયાર હતી.

શેઠના આવવાનો સમય થતો જાય છે, પણ શેઠાણી ન જાણે હજી કેમ ન આવ્યાં? અરે, વસંતના દિવસો છે. શેઠ બહારના તાપથી આકુળ ને ક્ષુધાથી વ્યાકુળ આવશે. એમના પગ ધોવાનું, જમવા બેસાડવાનું ને છેવટે વીંઝણો ઢાળી થોડી વાર આરામ આપવાનું કામ શેઠાણી વિના બીજું કોણ કરશે? થોડી વાર વિચાર કરીને ચંદના પોતે તે સેવાકાર્ય બજાવવા સજ્જ થઈ.

એક દાસીએ કહ્યું : "મૂલા શેઠાણી આજે પોતાને પિયેર જવાનાં છે અને એ માટે બહાર ગયાં છે. કદાચ સાંજે પણ આવે!"

ચંદના કહે : "વારુ, એમને કહેજો કે શેઠની ચિંતા ન કરે. હું બધું સંભાળી લઈશ."

ભોળી ચંદના તૈયારી કરતાં કરતાં હર્ષાવેશમાં આવી ગઈ. એણે ઘણા દિવસથી સંગ્રહી રાખેલું લાલ કસૂંબલ ઓઢણું કાઢ્યું, નાનાં નાનાં આભલાથી જડેલું કંચુકીપટ કાઢ્યું, ને પાની સુધી ઢળતા કેશ સુગંધી તેલ નાખીને

ઢીલા બાંધી લીધા. હયાભર્યા વનની પોપટડી જેવી ચંદના બધી તૈયારીઓ કરીને એક બાજોઠ પર બેસીને શેઠ ધનાવહની રાહ જોવા લાગી. અરે, પોતાના પિતાનું, પોતાના જીવનદાતાનું સ્વાગત પોતાના હાથે કરવાની કેવી અમૂલ્ય તક !

ચંદના આજ જોયા જેવી બની હતી. છલકતું રૂપ, મઘમઘતું યૌવન ને ઉપર શણગારનો સાજ ! ચંદનાનું રૂપ કોઈ કવિનું જીવંત કાવ્ય બની બેઠું હતું.

જાણે દેવી વાસંતિકા નવવસંતના સ્વાગતે સજ્જ બેઠી હતી. જે રૂપમાં સંસાર સદા વિકાર જોવા ટેવાયો છે એમાં વિશુદ્ધિનાં દર્શન કરતાં શીખે તો, માનવદેહની નિંદા કરનારા કવિઓ જરૂર લાજી મરે !

ધનાવહ શેઠ હંમેશથી કંઈક મોડા ઘેર આવ્યા. ચંદના સ્વાગત માટે દ્વાર સુધી દોડીને જઈ આવી. શેઠના હાથની લાકડી લઈ તે લાકડીને હાથમાં રમાડતી ચંદના શેઠને ચંદનના બાજોઠ સુધી દોરી ગઈ અને બાજોઠ પર બેસાડી, પોતે તેમના માટે તૈયાર કરેલ ખાટા આમ્રફળના પાણીને લઈ આવી. ઉનાળાના તાપમાં ગરમ લૂ લાગી હોય તો આ પાણીથી દૂર થાય, એ ચંદના જાણતી હતી.

“અરે ચંદના, આ ચીકણું ચીકણું જળ શાનું છે ?”

“એ આમ્લ જળ છે. લૂ લાગી હોય તો નષ્ટ થઈ જાય. જુઓ ને, તાપ કેવો સખત પડે છે !”

“અરે ચંદના, તું કેટલું વહાલ બતાવે છે ! મારા જેવો ભાગ્યશાળી આખી કૌશાંબીમાં બીજો નહિ હોય. તારા જેવી પર તો સાત સાત દીકરાદીકરી ઓળઘોળ કરું.”

"ખોટી મશ્કરી કરી કોઈને શરમાવો નહિ. શેઠજી, તમારા માટે તો મારા ચામના જોડા...." ને ચંદના પગનાં તળિયાં પર જરા ભારથી પેલું ખાટું જળ ઘસી રહી. પગની પાની પર થતા કોમળ સ્પર્શથી મીઠાં ગલગલિયાં માણી રહેલા શેઠ મુક્ત હાસ્ય કરી રહ્યા; એક નેહભરી નજર–યૌવનના સૌરભ બાગ જેવી ચંદનાના દેહ પર નાખી રહ્યા. એ નજરમાં રૂપયૌવનભરી પુત્રીને નીરખનાર પિતાનું ચિરંતન વાત્સલ્ય ઝરતું હતું.

આજે ચંદનાનો હર્ષ એના નાના હૈયામાં તો શું, આખા વિશ્વના વિશદ પાત્રમાં પણ સમાતો નહોતો. પગની પાનીઓને ખાટા જળથી ઘસ્યા પછી, એ સ્વચ્છ જળનો કુંભ લઈ આવી. કુંભ લઈને આવતી, કસૂંબલ સાડી પરિધાન કરેલી ચંદનાને જોવી એ પણ આ ચર્મચક્ષુઓની સાર્થકતા હતી. સાચા ગુણીજનોનાં દર્શન જેમ સંસારમાં દુર્લભ હોય છે, એમ સાત્વિક સૌંદર્યભરી દેહલતાનાં દર્શન પણ મહાદુર્લભ હોય છે.

શેઠ બાજોઠ પર શાન્તિથી બેઠા હતા. એમનો તમામ થાક જાણે ઊતરી ગયો હતો. ઉતાવળ તો આજે ઘણી હતી, જલદી જમીને પાછા રાજદરબારમાં જવું હતું; પણ એ બધુંય આ મીઠી પળે ભૂલી જવાયું.

પૂનમના ચાંદા જેવું મોં નીચું ઢાળીને પગ ધોઈ રહેલી ચંદનાનો ઢીલો કેશકલાપ છૂટો થઈ ગયો, ને આખી પીઠ પર કાળા વાસુકી નાગની જેમ ઝૂમી રહ્યો. એ કેશ-કલાપની એકાદ બે લટ હવાની સાથે ઊડી શેઠના પગ પર જઈ પડી; પગના ધોવણના પાણીમાં મલિન થવા લાગી.

અરે, પોતાની પુત્રીનો કેશકલાપ, આમ ધૂળમાં રગદોળાય ! શ્રેષ્ઠીએ હેતથી હવામાં ઊડી રહેલી અલક લટ લીધી ને છૂટા પડેલા કેશકલાપમાં ધીરેથી બાંધી દીધી.

પગ પખાળીને શેઠ ભાણે બેઠા. આજની રસવતી (રસોઈ) અદ્‌ભુત હતી. ખૂબ હોંશથી બંને જણાએ બાપ-બેટીએ પેટ ભરીને વાતો કરી, ને એમ કરતાં પેટ તો બમણું ભરાઈ ગયું. આજનો દિવસ મહાહર્ષનો હતો.

“ચંદના, માણસ માણસમાં પણ કેટલો ફેર છે? એક હોય તો જલ-થલ પલટાવી નાખે, બીજું હોય તો દિવાળીની હોળી કરી નાખે. આજ જાણે આખું જીવન કોઈ અશ્રાવ્ય ગીતથી મધુરું બની રહ્યું છે. વિલોચન કહેતો હતો કે ચંદના પદ્મિની સ્ત્રી છે.”

“મારે પદ્મિની નથી થવું. કૌશાંબીનાં મહારાણી મૃગાવતી ભલે એકલાં જ પદ્મિની રહ્યાં. તમે પુરુષોએ પણ બિચારી સ્ત્રીને શાં શાં ઉપનામ આપી, એની ન જાણે કેવી કેવી કક્ષા પાડી, ન જાણે મૂર્ખતાની પરિસીમા જેવાં કંઈ કંઈ એનાં વખાણ ને નિંદા કરી, એ બિચારી-બાપડીને કેવી બદનામ કરી છે!”

“પદ્મિની થવું ખોટું છે, ચંદના?”

“હા. કોઈ કહેતું હતું કે એનું રૂપ આગ જેવું હોય. એમાં પોતે બળે ને બીજાનેય બાળે.”

“સાચી વાત છે. રાણી મૃગાવતી પદ્મિની તરીકે પંકાય છે. રાજા શતાનિક એની પાછળ ગાંડા છે. છબીઓ ચિતરાવતાં થાકતાં જ નથી. પેલો યક્ષમંદિરવાળો ચિતારો રાજશેખર દિવસોથી અહીં પડ્યો છે. અનેક છબીઓ ચીતરી, પણ

રાજાજીનું મન ધરાયું નથી. એ તો કહે છે, કે હજી મન ડોલી ઊઠે તેવી છબી ચીતરી જ નથી. એમને તો સાક્ષાત મૃગાવતી જોઇએ !"

"લોક ઘેલાં થયાં છે. રૂપ, યૌવન સત્તા કે ધન મળ્યું એટલે માનવી વિવેક જ છાંડી દે છે. આ કાયામાં ચીતરવા જેવું શું છે ? અને કાયા ગમે તેવી સુંદર હોય–એથી શું છબીમાં સુંદરતા આવી જશે ? અસલી હીરા સાથે નકલી હીરો હોડ બકી શકશે ખરો ? "

"ચંદના, તારી વાતો અજબ હોય છે !" શેઠ જમી રહ્યા હતા. વખત ઘણો વીતી ગયો હતો. રાજદરબારમાં તાકીદે પહોંચવાનું હતું. તેઓ જવાની તૈયારી કરવા લાગ્યા.

"મધ્ય ખંડમાં સેજ બિછાવી છે, જરા આરામ કરતા જાઓ તો સારું," ચંદનાએ કહ્યું.

"તારી પાથરેલી સેજ પર આરામ કરવાનું કોને દિલ ન થાય !" શેઠ આરામ કરવા માટે વિચાર કરી રહ્યા, એટલામાં તો રાજદરબારમાંથી તેડાગર આવીને જ ઊભો. એણે સપ્રણામ કહ્યું :

"રાજાજી આપની રાહ જોઈને બેઠા છે. કહેવરાવ્યું છે, કે અમે જમીને આવી ગયા છીએ, ને છતાં શેઠજી હજી જમી પરવાર્યા નથી ? "

"અરે, મારા સુખને બિચારો રાજા શું જાણે ? " શેઠે ધીરેથી કહ્યું, ને પછી મોટેથી કહ્યું : "ચાલો, આ આવ્યો !"

શેઠ તરત રવાના થઈ ગયા, જતાં જતાં એમની નજર ચંદનાની નજર સાથે મળી ! વાત્સલ્યનાં બે તેજ ભેટી પડયાં.

દ્વાર સુધી આવીને ચંદના શેઠને જતા જોઈ રહી! પોતાનો વાત્સલ્યનો ઝરો! પોતાનો જીવનદાતા! એ જાય!

ચંદના બે ક્ષણ સુખનિદ્રામાં મગ્ન થઈ રહી. અચાનક આકાશમાંથી વજ્રપાત થાય તેમ કોઈએ એને ધક્કો માર્યો, કોઈએ જોરથી એનો કેશકલાપ ખેંચ્યો. એણે વેદનામાં ચીસ નાખી, ને પાછા વળીને જોયું:–

— જોયું તો ક્રોધથી ધમધમતાં મૂલા શેઠાણી ઊભાં હતાં, ને ભૈરવી એનો ચોટલો જોરથી ખેંચી રહી હતી. યમદૂત જેવા બે કદાવર ગુલામો હાથમાં દંડા લઈને ખડા હતા.

"પકડો એ રાંડને! ઘસડીને ચોકમાં નાખો, ને હજામને બોલાવી એનું માથું મુંડાવી નાખો."

"માતા, માતા, આ શું?"

"કોણ તારી માતા?" શેઠાણીને બદલે ભૈરવીએ જવાબ આપ્યો, "રાંડ, જેનું ખાય છે તેનું ખોદવા બેઠી છે!"

"હું કંઈ નથી સમજતી!"

"તું કેમ સમજે? અમે અમારી સગી આંખે બધું નાટક નિહાળ્યું. આજ તારાં ચરિતર જોવા અમે સવારનાં ઘરમાં જ છુપાઈ બેઠા હતાં," શેઠાણીએ કહ્યું.

"હું કોઈ કામ છૂપું કરતી નથી; એમાં પાપ સમજું છું."

"જો પંડિતાણી! એટલે જ રાંડે આજ લાલ કસૂંબલ વસ્ત્ર પહેર્યું છે, (લાલ વસ્ત્ર અનુરાગનું ચિહ્ન છે) ને છૂટા કેશ રાખી શેઠ જેવા પુણ્યાત્મા પાસે કેશપાશ બંધાવ્યો છે. અરે, પુરુષ તો ભ્રમર છે. એમાં તું મળી, પછી પૂછવું શું? કામક્રીડાની જાણનારી તારા જેવી જ આ નાટક ભજવી શકે!"

"અરે માતાજી! હું નિર્દોષ છું. આ તો તમે ઠંડા પાણીને માથે જાણે એવો આરોપ મૂકો છો કે તેં આગ લગાડી! જેની માતાએ શીલને સાટે પ્રાણ દીધો, એની હું પુત્રી છું."

"સોનાની છરી ભેટે ખોસાય, પેટમાં ન મરાય. હું વધુ સાંભળવા તૈયાર નથી! હજી તો સેજ પર સૂવું હતું મારી શોકયને!" શેઠાણીએ ગર્જના કરી.! ગેરસમજ એટલી મોટી હતી કે દલીલનાં વચન વ્યર્થ હતાં. ભીષણ આગમાં છંટાતું પાણી પણ તેલની ગરજ સારે છે.

"ઓ પ્રભુ! આ શબ્દો સંભળાવવા કરતાં મારા કાનમાં ખીલા ઠોકયા હોત તો સારું." ચંદના રડી પડી. એને પોતાની બેહાલી કરતાં શેઠની બદનામી વધુ સાલી રહી હતી.

"એ પણ થશે. ગુલામનું મોત ને શેરીના કૂતરાનું મોત સરખું છે."

"મોતનો તો મને ડર નથી, પણ...."

એટલી વારમાં ગુલામ હજામને બોલાવી લાવ્યો. એને જોતાં જ શેઠાણીએ બૂમ પાડીને કહ્યું:

"મૂંડી નાખ એ ચંદ્રમુખીના કેશ! ન રહેગા બાંસ, ન બજેગી બાંસુરી!"

બે ગુલામોએ ચંદનાને મુશ્કેટાટ પકડી. સુંદર કેશકલાપ ક્ષણવારમાં–આત્મા વિનાના દેહ જેવો–દૂર જઈને પડયો. કેટલો સુંદર, છતાં સ્થાનભ્રષ્ટ થયેલો કેટલો અસુંદર!

"ભૈરવી, મારા ઘરની આ નવી રાણી જોઈ! મારી શોકય, મારી સેજની ભાગીદાર, આપ એને કાળી કોટડી, નાખ એને પગે બેડી, જડી દે એના હાથે જંજીર!"

"શેઠાણી, ગુલામ તે આખરે ગુલામ. નસીબમ શેઠાણી થવાનું લખ્યું હોત તો કોઈ શેઠાણી કે રાજરાણીના પેટે જન્મ ન લેત!" ભૈરવીએ ચંદનાને હાથે-પગે બેડી નાખીને એક અંધારી કોટડી તરફ ઘસડી જતાં કહ્યું. આખરે નિષ્ફળ ગયેલી ભૈરવી સફળ થઈ.



નિષ્ફળ ગયેલી ભૈરવી આખરે સફળ થઈ.

રો-કકળ કરતી ચંદના આટલું ભયંકર અપમાન જોઈ શાંત બની ગઈ હતી. હવે પુરુષાર્થ એની સીમા ઓળંગી ચૂક્યો હતો; પ્રારબ્ધની ભેટ તો પ્રેમથી સ્વીકારવી ઘટે. એના આપ્યાં સુખદુઃખ તો શાંતિથી સહેવાં ઘટે. એના મોં પરથી ક્ષણવાર માટે સરી ગયેલું ગૌરવ પાછું ફરીને આવીને ત્યાં બેસી ગયું.

"કોઈએ શેઠને ચંદનાનો પત્તો દીધો છે, તો ખબરદાર છો. ઘાંચીની ઘાણીએ ઘાલી તેલ કાઢીશ. હું મારે પિયર જાઉં છું." ઘરનાં દાસ-દાસીને ફરમાન કર્યું, ને મૂલા શેઠાણી ભરવીને ઘર ભળાવી પિયર ચાલ્યાં ગયાં.

## મત્સ્ય પાંચમું

### ચિતારો રાજશેખર

રે ! કૌશાંબીની રૂમઝૂમતી હવા હમણાં ભારે કાં લાગે ? આ શ્વાસોશ્વાસ લેતાંય થાક કાં ચઢે ? અરે, વગર શોકે મનમાં કાં રોવું રોવું થયા કરે ! નિરર્થક–વગર કારણે પોતાના પર અને પારકા પર ખીજ કાં ચઢયા કરે ! ગવૈયાઓ સિતાર પર કરુણાનાં ગીત કાં બજાવે !

બધા હસે છે, પણ રડવા કરતાં હસવું ખરાબ લાગે છે. ઊજળાં મોં કોઈનાં નથી. કોઈ ભારે સામૂહિક પાપ શું સહુને આવરી બેઠું છે ?

યક્ષમંદિરનો ચિતારો રાજશેખર પણ કોઈ ભારે પળ-યોગમાં આવ્યો છે. કૌશાંબીનાં મહારાણી મૃગાવતીના રૂપની ઘણી પ્રશંસા એણે સાંભળી હતી. એ મહારાણીને નજરે નીરખીને એ દીવાનો બની ગયો. રૂપનું પ્રચંડ ઝરણું ત્યાં પોતાના પૂર દમામથી ખળખળ નાદે વહેતું હતું. શું સુકુમારતા ! શી સુરેખતા ! શી સુડોલતા ! શું લાવણ્ય ! એક એક અવયવ કવિની કલ્પનાને બેહોશ બનાવનાર હતું. ઉષાની લાલાશ એ દેહ પર હતી. ચંદ્રનું સૌમ્ય અને

પુષ્પની ખુશબો ત્યાં બિરાજતી હતી. ગાલે ગલફૂલ પડ્યાં હતાં ને લજ્જાનાં ડોલર ત્યાં સદા ખીલેલાં રહેતાં.

એમણે ઝીણું પારદર્શક હંસલક્ષણ વસ્ત્ર પરિધાન કર્યું હતું, જે શ્વાસ માત્રથી પણ ઊડી જાય તેવું હતું. ચીનાંશુકની ગુલાબી કંચુકી ને માથે કમળની વેણી ગૂંથી હતી. સુંવાળા મૃગ-ચર્મનો ગલપટો ગળે વીંટ્યો હતો. વત્સદેશની મહારાણીને નીરખીને ચિતારાની પીંછી સ્તબ્ધ બની ગઈ.

ચિતારો સાવધ બને, એના રંગ જમાવે, ત્યાં તો મહારાણી મૃગાવતી બેઠાં ન બેઠાં ને ચાલ્યાં ગયાં. દાસી કંઈ સમાચાર લાવી હતી. આ સાંભળી ઉનાળે જાણે વાદળ-વીજળી ઝબૂકીને અદૃશ્ય થઈ જાય તેમ તે ચાલ્યાં ગયાં. અને જતાં જતાં એ કહેતાં ગયાં :

"રે, ન જાણે કેમ, આજે મન ભારે ભારે છે. નથી ઉતરાવવી છબી ! મને જોઈ ને માત્ર મોહ પામનારા કે મુગ્ધ બની જનારા મને શું ન્યાય આપશે ? આજ સુધી તો મારા રૂપયૌવનભર્યા દેહને કોઈ ચિતારો ફલક પર સંપૂર્ણતાથી ચીતરી શક્યો નથી, તો આ બિચારો શું...." મહારાણીએ પોતાના ભુવનમોહન સૌંદર્ય વિષેનું અભિમાન પ્રગટ કર્યું. ને સાથે સાથે સ્વમાની ચિતારાના અહંકાર પર પણ ઘા કર્યો.

ઘાયલ થયેલો બાજ જેમ બેવડી ઝપટ કરે, એમ યક્ષમંદિરનો ચિતારો રાજશેખર અભિમાનથી બોલી ઊઠ્યો: "મારી કળાને લાંછના ન દેશો. રાણીજી, સાંભળી લો, છેલ્લો ને પહેલો બોલ ! વિદ્યા ને વપુ બંને હોડમાં મૂકું છું. વસુની તમા જ નથી ! સાંભળી લો ! મહારાણી મૃગાવતીની

છબી દોરાશે, માત્ર છબી નહિં–સાંગોપાંગ દેહયષ્ટિ! રંગ અને રેખામાં આ ફલક પર એ ટૂંક સમયમાં અંકિત થશે. મારી જીવનભરની સાધના આજ હોડમાં મૂકી દઉં છું. હવે ન પધારો તો પણ પૂર્ણ છબી યોગ્ય સમયે આવીને જોઈ જશો..."

રાણીજી ગર્વમાં ને ગર્વમાં નેપૂરનો ઝંકાર કરી ચાલ્યાં ગયાં. ને ચિતારો પોતાની સાધનામાં પડી ગયો. એણે પોતાના તમામ રંગ ઢોળી નાખ્યા, તમામ પીંછીઓ કાતરી નાખી. નવા રંગ, નવી પીંછી, નવું ચિત્રફલક!

એણે રાજાજીને કહ્યું: "રાણીજી ફરી ન પધારે તો ન સહી. આપના શૃંગારભવનનું અચૂક નિર્માણ થશે, ને એમાં મહારાણી મૃગાવતીનું સાંગોપાંગ ચિત્ર હશે—સંસારે કોઇ વખત નહિ નિહાળ્યું હોય તેવું આબેહૂબ!"

રાજા શતાનિક પ્રસન્ન થયા. એમણે અંતઃપુરમાં જઈ રાણીજીની મશ્કરી કરતાં કહ્યું: "તમે નહિ બેસો તો પણ છબી તો જરૂર દોરાશે. પદ્મિનીઓનો કંઇ તોટો છે, વત્સદેશમાં."

"બીજી કોઈ બતાવો તો ખરા!" રૂપગર્વિતા રાણી મૃગાવતી આજ રવે ચઢયાં હતાં. સંસાર જે રૂપને સદા વખાણતું હતું, એ રૂપને આજે પોતે જાતે જ પ્રશંસવા બેઠાં હતાં.

"અને બીજી મળે તો એ પટરાણી બને, એમ કબૂલ છે ને!" રાજા શતાનિકે મર્મછેદી ઘા કર્યો.

"સુખે એને પટરાણી બનાવજો. તમારે રાજાને શું? પાંજરાનું પંખી ને અંતઃપુરની રાણી–બેય સરખાં. જૂનાને ઉડાડી મૂકો, નવાને પિંજરામાં પૂરો!"

"છતાંય રાણીજી, હું સારો છું. બીજા રાજાઓને તો જુઓ: ઘોડાસરમાં જેટલા ઘોડા, અંતઃપુરમાં એટલી રાણીઓ. જેટલી વધુ રાણીઓ એટલી વધુ શોભા. લોક પણ વાહવાહ કરે."

"અરે, હજારનો ખંગ વાળી દઉં એવી હું એક નથી!" રાણી મૃગાવતીએ એક સુંદર અંગભંગ રચતાં ધીરેથી કહ્યું.

પણ રાણી મૃગાવતીને ન્યાય આપવા ખાતર એટલું કહેવું જોઈએ, કે વત્સ દેશમાં શું, ભારતવર્ષમાં એના જેવી બીજી પદ્મિણી સ્ત્રી કયાંય નહોતી. એના પરસેવામાં કસ્તૂરીની મહેક હતી, ને શ્વાસમાં કેસરની સુવાસ હતી. રાણીજીનાં રોજનાં વસ્ત્રો રાજ-ધોબી રાતે ધોવા જતો. દિવસે સુગંધી પરસેવાથી મઘમઘતાં વસ્ત્રોને ફૂલ સમજી આકર્ષાઈને ભમરાઓનાં ટોળાં ધસી આવતાં અને ધોવું મુશ્કેલ બનાવતાં.

ચિતારા રાજશેખરે ગર્વ કરતાં તો કર્યો, પણ હવે એને લાગ્યું કે વાત સહેલી નહોતી. એણે પોતાનાં ચિત્રો બધાં તપાસી જોયાં, પણ એમાં કોઈ એ માપ-ઘાટની સ્ત્રી નહોતી. એ શહેરની ગલીએ ગલીએ ફરી વળ્યો, પણ કયાંય બીજી મૃગાવતી ન લાધી.

એને યાદદાસ્ત માત્ર હતી રાણીજીના ચહેરાની અને રાણીજીના ચહેરાના ઉપસતા ભાગ પર રહેલા એક તલમાત્રની. ચિતારાનું અંગશાસ્ત્ર કહેતું હતું કે અમુક ઠેકાણે જેને તલ હોય, પગમાં લાખું હોય, જંઘા પર બે નાના તલ હોય, વક્ષપ્રદેશ પર એક....પણ એ વાત અત્યારે નકામી હતી.

પહેલાં તો દેહપ્રમાણ જાણવાની જરૂર હતી. હજી ચહેરા પર પૂરી દૃષ્ટિ મંડાઈ નહોતી ત્યાં તો રાણીજી ગર્વ કરીને ચાલ્યાં ગયાં. ફરી વાર એણે આડકતરી રીતે રાણીજીને જોવા ઘણો યત્ન કર્યો, પણ પગની પાની સુદ્ધાં જોવા ન મળી. મુખમુદ્રા પરથી એ માનવદેહ, એની પુષ્ટતા, સ્થૂલતા, સૂક્ષ્મતા, ઊંચાઈ, પહોળાઈ ચીતરવી એ શક્ય નહોતું.

મૂંઝવણ હમેશાં માર્ગદર્શક હોય છે. એવી મૂંઝવણમાં પડેલા ચિતારાને અચાનક એક માર્ગ સૂઝી આવ્યો. ગધેડાં પર વસ્ત્રોની ગાંસડી લાદીને જતી રાજધોબણને એણે ચીતરી નાખી. અરે, રાજમાન્ય ચિતારો એક આવી સ્ત્રીના ચિત્રણ પાછળ પોતાની કલમ ઉઠાવે ? અને કલમ ઉઠાવી તો ઉઠાવી, પણ ખુદ પોતે ચિત્ર લઈને ધોબણને મળવા ચાલ્યો.

આદિ સંસારમાં સ્ત્રી શાસક હતી, પુરુષ પ્રજા હતી. એ આદિ સંસારનો રિવાજ હજી આ શ્રમજીવી કુળોમાં પ્રવર્તતો હતો. ધોબણનો આ પાંચમો પતિ હતો. ચાર ચાર પતિ એના ગાર્હસ્થ્યને નિભાવી ન શક્યા, ને જીવના ગયા. આ રાજ–ધોબી એનો પાંચમો પતિ હતો. પતિ મેલોઘેલો ભલે રહે, ધોબણ તો સદા ઠાઠમાઠથી રહેતી. જ્યારે એ ગધેડે બેસતી ત્યારે એના ઠસ્સા પાસે હાથી પર આરૂઢ થયેલી રાજાની રાણી પણ તુચ્છ લાગતી. આઠે પહોર એના મોંમાં સુગંધી તાંબૂલ રહેતું. એ ચાલતાં ચાલતાં જ્યાં પિચકારી મારતી, એ સ્થળ શહેરના ઈશ્કી નરો માટે બલિવેદી સમું બની જતું.

યક્ષમંદિરનો ચિતારો રાજશેખર સામે પગલે એક

ક્ષુદ્રાતિક્ષુદ્ર ધોબણને ઘેર પહોંચ્યો. ધોબણ તો ઘેલી ઘેલી થઈ ગઈ. એણે ધોબીને બૂમ મારી : " એ માટીડા, તારાં ભાગ્ય જાગ્યાં. ચારમાં તો કોઈની સાથે બેસીને છબી ન દોરાવી, પણ હાલ્ય, તારી સાથે તો બેસું. આપણી આખી ધોબીની નાતમાં ઈંદર-ઈંદરાણી જેવાં શોભશું. "

" રહેવા દો એ તકલીફ ! આ બુડથલ ઈંદર કરતાં, રસ-રંગભરી ઇંદ્રાણી જ મારી પીંછીને યોગ્ય પાત્ર છે. લ્યો, આ મારી ભેટ ! " ચિતારાએ કહ્યું, ને છબી ભેટ ધરી.

ધોબણે દોડીને છબી ઉપાડી લીધી. થોડી વાર એ એકી ટશે જોઈ રહી. પછી પોતાના મુખ પર પોતે જ ચૂમી ભરી લીધી.

" મારી જ છબી અને બળ્યું મને જ હેત આવે છે ! જાણે એક દેહનાં બે રૂપ હો કે. મહામાન્ય ચિતારાજી, કહો, આપનાં શાં શાં સન્માન કરું ? "

" એક ખાસ કામ અંગે આવ્યો છું. '

" એક શું, અનેક કામ કહો ! અરે, હું મરું મારા લાલ ! શું છબી બનાવી છે ! મારી મા બિચારી જોઈને ગાંડી ગાંડી થઈ જશે. કહો, ચિતારાજી, શું કામ છે ? "

" જરા ખાનગી છે. "

" વારુ ! " ધોબણે ચારે તરફ નજર ફેરવી અને ઈશારાથી સહુને બહાર ચાલ્યા જવા સૂચવ્યું. આવી જાજરમાન સ્રીની ઈચ્છાની અવહેલના કરનારું પુરુષત્વ ત્યાં નહોતું. બધા ધીરે ધીરે બહાર ચાલી ગયાં.

ચિતારાએ પોતાની મનની વાત કહીને કહ્યું : "આ બાબતમાં કોઈ મદદ કરી શકે તેમ હોય તો તમે જ છો. રાણી મૃગાવતીનાં એક જોડ કપડાં એટલું જ !"

"અરે, રાજાજી જાણે તો માથું જ કાપી નાખે. એવાં વસ્ત્ર પહેરનારી પણ ક્યાં છે! આપ શું રાણીજીના રૂપ પર...."

"ના, ના. મારે રૂપની જરૂર નથી, વસ્ત્રની છે."

"એ વસ્ત્ર લઈને શું કરશો ?"

"એનાથી દેહયષ્ટિનું માપ કાઢીશ—એ વસ્ત્રો જેને અનુરૂપ થશે એને પહેરાવીશ, એના પરથી મહારાણીનાં તમામ અવયવો સર્જીશ."

"એવો કમનીય ઘાટ ધરાવનાર ગાત્રોવાળી સ્ત્રી કૌશાંબીમાં નહિ મળે !"

"સોનાની મૂર્તિ બનાવીશ, પણ વારુ, ઊંચાઈ માટે શું કરીશું ?" ચિતારાએ મૂંઝવી રહેલો છેલ્લો પ્રશ્ન પૂછ્યો. થોડી વારમાં બંને જાણે ચિરપરિચિત બની ગયાં હતાં.

ધોબણ અત્યંત પ્રસન્નચિત્ત હતી. એણે કહ્યું : "રાજની માલણને તેડાવું છું. એ રોજ પારિજાતકનાં પુષ્પનો દેહપ્રમાણ પોશાક ગુંથી મહારાણીને પહેરાવવા જાય છે. એની લંબાઈ પહોળાઈ એ જાણે છે. ચાલો, તમારું કામ પતાવી દઉં."

ચિતારા રાજશેખરની યુક્તિ સફળ થઈ. એને પોતાનો વિજય હાથવેંતમાં લાગ્યો. પોતાને આવાસે આવીને એણે પાળેલી ખિસકોલીઓને રમાડવા માંડી. સોનેરી, રૂપેરી ને

કાબરચીતરા વર્ણવાળી ખિસકોલીઓ એના દેહ પર કૂદકા મારવા લાગી.

ચિત્રકારે એક નાની કાતર લીધી; ને ખિસકોલીઓની પૂંછડીઓ કાતરવા માંડી. એ પૂંછડીઓના મુલાયમ બાલને દોરીએ બાંધી કુશળ સોની સુવર્ણપીંછીઓ બનાવવા લાગ્યો. થોડી વારમાં અનેક પીંછીઓ બની ગઈ. ઝીણામાં ઝીણા રંગકામ માટે એ વેળા ખિસકોલીની પૂંછડીઓ વપરાતી. એની બનેલી પીંછીઓ દેહ પરના ઝીણામાં ઝીણા રૂંવાટાને પણ ચીતરી શકતી.

પોતાની પૂંછડી કપાવીને–પ્રત્યેક ખિસકોલી એક અખરોટ લઈને નાચતી નાચતી ચાલી જતી હતી. સંસારમાં ગુમાવ્યાની ગણતરી નથી, છતાંય મળ્યાનો આનંદ છે.

ચિતારા રાજશેખરની સાધના અપૂર્વ હતી.

## મત્સ્ય છઠ્ઠું

### અભિગ્રહ

રે, તે દિવસે પેલી દાસીએ આવીને મહારાણી મૃગાવતીને કાનમાં એવું તે શું કહ્યું, કે છબી ઉતરાવવા માટે આવેલાં રાણીજી પાછાં ફરી ગયા? શા કારણે એમણે ચિતારા રાજશેખરને નિરર્થક ઊંડા પાણીમાં ઉતાર્યો? શા માટે પત્નીઘેલા રાજા શતાનિકે નિર્માણ કરવા માંડેલા શૃંગારભવનમાં વિક્ષેપ નાખ્યો? અલૌકિક સૌંદર્યરાશિના સ્વામિત્વના એમના ગર્વરાશિને એમણે આમ અડધે કાં થંભાવ્યો? મહાન જીવન જેમ સંસારની મિલકત છે, એમ મહાસૌંદર્યો પર પણ સંસારનો હક છે. તો પછી સંસારની એકમાત્ર સૌંદર્યરાશિ સમી પદ્મિનીના ચિત્રને આમ અડધે કાં થંભાવ્યું!

વાત સાવ સામાન્ય હતી–એક રીતે અસામાન્ય પણ હતી. પોષ માસના પહેલા પક્ષમાં, નગર બહારના વનમાં, એક તરુણ તપસ્વી પધાર્યા હતા. ભરપૂર યુવાની હતી. હસ્તિના મસ્તક જેવું પ્રશસ્ત ને વિસ્તીર્ણ સંસ્થાન હતું. નિશ્ચલ શ્રીવત્સથી શોભતું હૃદય હતું. ગંધહસ્તિ જેવી ચાલથી એ સહુનું મન મોહતા હતા. એમના મુખ પર સિંહ જેવી દુર્જેયતા હતી. મેરુના જેમ એ સદા અકંપ હતા. ચંદ્ર ને

સૂર્યની સૌમ્યતા તથા તેજસ્વિતા બંને ત્યાં ભેળી મળી હતી. જોઈએ ને મન મોહી જાય તેવા એ સોહામણા હતા. વગર વાત કરે મનના બંધ છૂટી જાય એવા પ્રતિભાશાળી હતા એ તરુણ તપસ્વી.

પોષ મહિનાના અજવાળિયા પક્ષમાં એ યોગી ભિક્ષા માટે નગરમાં ન આવતા, પણ અંધારિયો પક્ષ બેસતાં એ જરૂર આવતા. ભિક્ષાન્નની–અશન–પાનની આકાંક્ષા પણ મોં પર દેખાતી: છતાં ન જાણે સહુના દ્વાર સુધી જઈને, ભિક્ષાન્ન અને ભિક્ષા આપનાર બંને પર એક મીઠી નજર નાખી એ પાછા ફરી જતા.

અરે, એ મહાયોગીને શું ખપતું હશે? નિત નિત નવનવાં ભોજનો બનવા લાગ્યાં; પ્રજાજનો, સામંતો, શ્રેષ્ઠીજનો દોડી દોડીને પોતાને ત્યાં નોતરી લાવવા લાગ્યા: પણ યોગીનો સંકોચાયેલો પવિત્ર હાથ ભિક્ષા માટે લાંબો ન થયો તે ન થયો. અદ્‌ભુત રે યોગી! શી અજબ હશે તારી વાંછના!

વખત ઝડપથી પસાર થવા લાગ્યો. શિશિર અને પાનખર પસાર થઈ ગઈ. વસંત આવી; એય ગઈ ને જગતને અકળાવતી ગ્રીષ્મ પણ આવી. આમ્રતરુઓ પર કેરીઓ પાકી ગલ થઈ ગઈ, ને નગરવાસીઓ પૃથ્વી પરના એ અમૃતને આરોગવા લાગ્યાં. શ્રીખંડ ને શીતળ પેયો ઘર ઘરમાં તૈયાર રહેવા લાગ્યાં. પણ એક દિવસ નહિ–બે દિવસ નહિ–એક અઠવાડિયું નહિ–બે અઠવાડિયાં નહિ, પાંચ પાંચ માસ લગી આ ભૂખ્યા મહાયોગીની ભિક્ષા પૂરી ન થઈ.

કૌશાંબીના વિખ્યાત મહાઅમાત્ય સુગુપ્તના ઘરમાં

નંદાદેવી નામે સુલક્ષણી પત્ની છે. મહાયોગીની એ પરમ પૂજારિણી છે. સહુનાં દેખતાં એણે બીડું ઝડપ્યું કે આવતી કાલે એ મહાયોગીને અવશ્ય ભિક્ષા આપશે. અજબ હતી એની તૈયારીઓ. પાન અને પિંડની સાત પ્રકારની એષણાઓ (પવિત્રતા) વિચારીને એણે બધી સજાવટ કરી.

બીજે દિવસે મહાયોગી પધાર્યા. નંદાદેવીએ વિનયથી આમંત્રણ આપ્યું. યોગીરાજ ઘરઆંગણે આવ્યા. ભિક્ષાન્ન તરફ જોયું ને તરત પાછા વળી ગયા. નંદાદેવીનું અભિમાન ચૂર્ણચૂર્ણ થઈ ગયું. એ ખાધા-પીધા વગર પલંગ પર જઈને પડી. સાંજ પડી તોય એણે ન કેશ સમાર્યા. પતિને આવવાની વેળા થઈ તોય ન એણે ફૂલ ઘાલ્યાં, પૃથ્વી પર અંધારાં વીંટાયાં તોય ન એણે દીપક જલાવ્યા.

"રે માનુની! આજે તું માનભંગ કાં થઈ?" સાંજે અમાત્ય સુગુપ્ત ઘેર આવ્યા, ત્યારે એમણે કહ્યું.

"ધિક્કાર છે આવા અમાત્યપદથી કે જેના અન્નનો એક કણ પણ મહાયોગી સ્વીકારતા નથી! અને શરમ છે આપના ચાતુર્યને કે એ મહાયોગીને શું ખપે છે, તેની ખાતરી પણ આપણે કરી શકતા નથી! મને તો વત્સ દેશનું ભાવિ અમંગળ ભાસે છે."

"સાધારણ ઘટનાઓમાં મંગલ કે અમંગલનું નિર્માણ ભાળનારી તમને સ્ત્રીઓને હજાર વાર નમસ્કાર છે!" મહાઅમાત્ય વાત ઉડાડી દેવા માગતા હતા.

"આ સામાન્ય ઘટના? એક પવિત્ર અતિથિ આંગણેથી ભૂખ્યો જાય, એને તમે સાધારણ ઘટના માનો છો? જે ઘરનો

એક કણ પણ યોગી–અતિથિના પાત્રમાં ન પડે એ ઘર–ઘર કે સ્મશાન? તમારી બધાની મતિ ફરી ગઈ છે. તમારા રાજાને આવી વેળાએ શૃંગારભવન નિર્માણ કરવાનું સૂઝયું છે! તમારી રાણીને છબી પડાવવાની આકાંક્ષા જાગી છે. રૂપ ને યૌવન એમને ત્યાં જ આવ્યું હશે? દરેક વસ્તુને અથવા કાર્યને હદ–મર્યાદા હોય. જે વસ્તુને તમે વધુ માયાથી વળગશો, એ તમને વધુ સંતાપશે. જે ચીજો માયિક છે, એ ગમે તેવી સારી હોય પણ તેમાં વધુ આસક્તિ સારી નહિ. તમારાં રાજા–રાણી ઘેલાં નથી તો શું? અરે, તમે ચંપાનો વિજય કરી આવ્યા, ત્યાંના રાજા દધિવાહનને માર્યો, લૂંટ ને જુલમ કર્યા, એમાં રાણી મૃગાવતીની સગી બેન રાણી ધારિણી ને કુંવરી વસુમતી દાસ બજારમાં વેચાઈ. ત્યારથી મને તો ભીતિ લાગે છે. આ દાસ–દાસીઓ! તમારાં પશુબળ નીચે પાયમાલ થયેલા ગુલામો! આ તમારા વૈભવ–પ્રાસાદો! આ તમારા ખૂની વિલાસો! આ તમારી અન્યના સંતાપથી સંગ્રહાયેલી સંપત્તિઓ! મને તો જ્યાં જોઉં છું ત્યાં અન્યાય, અન્યાય, અધર્મ, અધર્મ લાગે છે. મહાયોગી આવું અન્ન તે આરોગે! સ્વામિનાથ, મને તો આ તમારા કોટકાંગરા તમારા વૈભવના ભારથી જ ડગુમગુ થઈ ગયા લાગે છે!"

"નંદા, તમે સ્ત્રીઓ રજનું ગજ કરવામાં ચતુર હો છો. એ તો સહુનાં કરમની વાતો. લેખમાં મેખ કોણ મારી શકે? સહુનાં સુખદુઃખ સહુ સહુનાં કરમનાં કારણે. લે જો, આ મહારાણી મૃગાવતીની પ્રતિહારી વિજયા તને રાજમહાલયમાં તેડવા આવી છે. રાજાજી શૃંગારભવન નિર્માણ કરી રહ્યા છે. શેષ કાર્યમાં ફક્ત મહારાણીજીની સર્વાંગ

છબી બાકી હતી. આજે જ રાણીજી હંસલક્ષણ વસ્ત્ર પહેરી ચિતારાની સામે બેસવાનાં છે. તમને બોલાવ્યાં છે."

"વિજયા, આવ બહેન!" અમાત્યપત્ની નંદા વિજયા તરફ ફરીને એને પાસે બોલાવી. વિજયા અંતઃપુરની મુખ્ય પ્રતીહારી હતીઃ વિવેકી, વિનયી ને ધર્મશીલ હતી, રૂપવતી પણ એટલી જ. અંતઃપુરની આ દાસીઓ કદી લગ્ન ન કરતી. વેળા–કવેળાએ જાગેલી રાજાઓની કામલિપ્સા તૃપ્ત કરવા સિવાય, સંસારમાં એ સદા શીલવંતી રહેતી. રાજાઓ પણ આવી દાસીઓ દ્વારા થયેલા દાસીપુત્રોને રાજ-પુત્રોની જેમ જાળવતા, એટલે વિજયા અલબત્ત દાસી જરૂર હતી, પણ રાણી જેટલા માનની અધિકારિણી બની બેઠી હતી.

નંદાએ એનું બહુમાન કરતાં કહ્યું: "વિજયા, પેલા મહાયોગીની વાત તું જાણે છે ને! આજ મહિનાઓથી એ ભૂખ્યા છે. આંગણે આવેલો આવો અદ્ભુત અતિથિ આપણા અન્નનો એક કણ પણ ન લે, એનો અર્થ તું સમજે છે? હું તો એમાં રાજા અને પ્રજાનું અમંગળ ભાવિ જોઉં છું. રાણીજીને કહેજે કે રૂપ તો પતંગ જેવું છે, આ દેહ પર બહુ ગર્વ કરવા જેવું નથી. કોઈ વાર આપણું રૂપ આપણને જ ખાઈ જશે. વિકારોનું પોષણ વિવેકનો નાશ કરે છે માટે ચેતી જાય. આ પૃથ્વી જેઓનાં સુકૃતથી ટકી રહી છે, એ યોગીઓનાં સન્માન માટે સજ્જ થાઓ, નહિ તો આપણાં પાપ તો ઓછાં નથી. એ પાપથી તો આ પૃથ્વી રસાતાળ ચાલી જાય."

નંદાદેવીની આ વાતે દાસી વિજયાને વિચારમાં નાખી

દીધી. એ જલદી જલદી ત્યાંથી ચાલી નીકળી, ને રાણીજી છબી ઊતરાવવા બેઠાં હતાં ત્યાં આવીને બધી વાત કહી, ને છેલ્લે કહ્યું :

"રૂપ, યૌવન ને ધનનાં આ બધાં નખરાં છાંડો. આ નખરાં એક દહાડો આપણુને ભરખી જશે, કંઈક ઉપાય કરો અતિથિને અન્ન-પ્રાશન કરાવવાનો. નહિ તો વૃથા છે આ રાજપદ, આ રાણીપદ ને આ સામ્રાજ્ઞીપદ !"

દાસી વિજયાની વાતોએ રાણી મૃગાવતીના મર્મભાગ પર પ્રહાર કર્યો. પારદર્શક વસ્ત્રો પહેરીને, અંગોપાંગને ઓપવ્યાના બહાના નીચે પ્રત્યક્ષ કરાય તે રીતે અલંકાર સજીને, ફૂલના ગુચ્છા ને સુવર્ણની ઘૂઘરીઓ ફણીધર જેવા અંબોડામાં ગૂંથીને બેઠેલાં રાણીજીને પોતાને પોતાના રૂપ પર ગુસ્સો ઊપજ્યો. ચંપા કળી જેવો દેહનો રંગ જોઈને, મજીઠના રંગથી અધિક પગની પાનીની લાલાશ જોઈને અને કમળના ફૂલની રતાશને શરમાવે તેવો ગાલનો રંગ જોઈને ચિતારો તો કોઈ દિવાસ્વપ્નમાં પડી ગયો. એની કલ્પનાદેવી પણ આટલી મોહક નહોતી-અને કદાચ મોહક હોય તો પણ આટલી સુંદર ને સુરંગ તો નહોતી જ.

પણ અચાનક રાણીજી તો ઊભાં થઈ ને ચાલ્યાં ગયાં. ચિતારાના રંગમાં ભંગ પડ્યો. રાણીજી જઈ ને રાજા શતાનિકની પાસે પહોંચ્યાં, ને ભૂખ્યા યોગીની વાત કરી. છેલ્લે છેલ્લે કહ્યું :

"શરમ છે આ વૈભવને, આ સત્તાને, આ રાજપદને ! શું આપણે એવાં અલ્પ-હીન છીએ, શું આપણી રાજલક્ષ્મી

એવી શાપિત છે કે આટઆટલી સાહ્યબી છતાં આપણે એક ભૂખ્યા એક યોગ–અતિથિને પણ ન સંતોષી શકીએ ? ”

ક્રોધમાં વિશેષ સૌંદર્યવંતાં લાગતાં રાણીજીને સાંત્વન આપતા રાજાજી બોલ્યા : “ રાણીજી, અબઘડી પ્રબંધ કરું છું. વત્સદેશના રાજભંડારોમાં કઈ વાતની કમીના છે ! આટલા રાજભંડારો, આટઆટલાં રસોડાં ને આવડા મોટા પેયભંડારો. યોગીની ઈચ્છાને તૃપ્ત કરવી એમાં શું ? એમનું પાશેરનું પેટ પૂરવું એમાં શી વિસાત ? ”

“ પણ યોગી તો અભિગ્રહવાળા છે. એ પેટમાં અન્યાય-સંપન્ન દ્રવ્યનો એક દાણો પણ નહિ જાય. યોગીના અભિગ્રહો વિચિત્ર હોય છે. આપણી પંગતમાં તો હાથ ધોઈને આવેલો ખૂની પણ જમી જાય–પણ એ દયાવતાર તો આપણા મનની વાત પણ જાણતા હોય. પાપનો પડછાયો હોય ત્યાં ઊભા જ ન રહે.”

“તેની ચિંતા ન કરશો. સભાપંડિત તથ્યવાદી અભિ-ગ્રહના વિષયમાં નિષ્ણાત છે. અભિગ્રહોના પ્રકારો જાણી લઈએ. હજાર પ્રકાર હશે તો એ રીતની તૈયારીઓ થશે. ”

રાજઆજ્ઞા છૂટી. થોડી વારમાં સભાપંડિત આવીને હાજર થયા. રાજાજીએ આજ્ઞા કરી કે “યોગીઓના અભિગ્રહની ખાસ ખાસ વાતો અમને સંભળાવો.”

સભાપંડિતે શાસ્ત્ર કાઢી એ વિષે કહેવા માંડ્યું. ત્યાં દાસી વિજયા વિનમ્ર વદને આગળ આવી અને કંઈક કહેવા માટે રજા માગી.

"વિવેકી દાસી, તારે જે કહેવું હોય તે કહે."

"મહારાજ, મારી એક નાનીશી અરજ છે. અભિગ્રહની વાતો સર્વ પ્રજાજનોને પણ સંભળાવો, કારણ કે આ મહાયોગીને મન રાય કે રંક સમાન છે, ઉચ્ચ-નીચના ભેદ એને નથી. હજી ગયા વર્ષની તાજી વાત છે. વૈશાલીમાં ચારચાર માસના ઉપવાસોનું પારણું કરાવવા ત્યાંના નગરશેઠ ભારે પરિશ્રમ ને કાળજી રાખી રહ્યા હતા; પણ એ મહાયોગીએ તો એક દહાડો વૈશાલીના પુરણીઆ નામના સામાન્ય ગૃહસ્થ-ને ત્યાં લૂખું-સૂકું જે મળ્યું તેનાથી પારણું કરી લીધું."

"ધન્ય છે વિજયા તને, તેં અમને યોગ્ય સૂચના કરી. અરે જાઓ, પુરજનોને રાજપરિષદમાં આમંત્રો!"

થોડી વારમાં રાજપરિષદ પુરજનોથી હેકડેઠઠ ભરાઈ ગઈ. સભાપંડિત તથ્યવાદીએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવવિષયક અભિગ્રહોનું વર્ણન કર્યું. યોગીઓના અન્ન-પાનની મર્યાદા વિષે સવિસ્તર વ્યાખ્યાન આપ્યું. સાત પ્રકારની પિંડેષણા અને પાનૈષણા (ખાન-પાનની શુદ્ધિ, એને બનાવવાની શુદ્ધિ, એના બનાવનારની શુદ્ધિ, પાત્ર, સ્થળની શુદ્ધિ વગેરે) બતાવી.

રાણી મૃગાવતીની વતી દાસી વિજયાએ કહ્યું કે-

"રાણીજીનાં ફૂઈના એ દીકરા છે. રાણીજીનાં બેન એમના મોટા ભાઈ નંદિવર્ધનનાં પત્ની થાય. વૈશાલીના ગણનાયક રાજા ચેટકના એ ભાણેજ થાય. પણ એ વિશ્વપ્રેમીએ બધું તજ્યું છે, ને સંસાર માટે સાચા સુખની શોધમાં એ નીકળ્યા છે. સંસારના સંબંધો એમને માટે વાદળના રંગ

જેવા છે. દિવસોથી મૌન છે. દિવસો બાદ જમે છે. તેઓ માને છે, કે સુખબુદ્ધિથી સંસાર જે વિષયો સેવે છે, તે જ તેમના દુઃખ–સંતાપનું અને અન્ય જીવોની હિંસાનું પણ કારણ બને છે. એ તો કહે છે–અહિંસક બનો, નમ્ર બનો, ઉદાર બનો, સંયમી બનો, સત્યપ્રિય બનો. આટલું કરશો તો જે સાચા સુખને તમે શોધવા જાઓ છો, તે તમારે બારણે આવીને ખડું રહેશે ! માટે બુઝ્ઝહ ! બુઝ્ઝહ ! જાગો ! જાગો !

"આ નાદ એમણે શૂલપાણી નામના તાલભૈરવને સંભળાવ્યો, ને સાધ્ય કર્યો. અચ્છંદક નામના તાંત્રિકને તેના અસત્ય માર્ગેથી વાળી સત્ય, અહિંસા ને બ્રહ્મચર્યના તેજને સમજતો કર્યો. અરે, શ્વેતાંબી પાસેના કનકખલ આશ્રમમાં આર્યોનો કટ્ટર શત્રુ કૌશિક નામનો નાગ રહેતો હતો. તે એવો ક્રોધી હતો કે એને સહુ ચંડ કૌશિક કહેતા. એને પણ બુઝવ્યો. એવા બીજા સંબલ ને કંબલ જેવા નાગકુમારને પણ ગંગા નદીના તટ પર તાર્યા, ને પછી ખુદ અનાર્ય દેશમાં સંચર્યા –પોતાની સહનશક્તિની ને અહિંસાની કસોટી કરવા. એ દુઃખો તમે શું જાણો ? કૂતરાં વારંવાર બચકાં ભરી પગની માંસપેશીઓ કાપી નાખતા, અનાર્ય લોકો એમને મારતા, એમના શરીરમાંથી લોહી કે માંસ કાઢી જતા. છતાં ન કોઈ પર ક્રોધ કે ન કોઈ પર વેરભાવ !

" અરે, અનાર્યદેશની વાત શી, આર્યદેશમાં એ મહાપુરુષને મારણ, તાડન, છેદન ઘણાં થયાં. પણ આ હૃદયદ્રાવક દુઃખોએ એ સમબુદ્ધિ, તપસ્વી, દયાવતાર મહાત્માનાં અહિંસા, બ્રહ્મચર્ય અને સત્યને અક્ષુણ્ણ રાખ્યાં. ચમત્કારો તો

કેટલાય એમના છે, પણ ચમત્કારો કરવામાં એ માનતા નથી. સંસારને બાળીને ભસ્મ કરનારી તેજોલેશ્યા ને સળગતા અગ્નિને શાન્ત કરનારી શીતલેશ્યા એમની પાસે હાજરાહજૂર છે." દાસી વિજયાએ જરા ગૌરવથી પોતાનું કથન પૂરું કર્યું.

"સુવર્ણસિદ્ધિ કે પારદસિદ્ધિ જેવું એ જાણતા હશે, કે વિજયાદેવી ?" એક સામંતે સ્વાભાવિક જિજ્ઞાસાથી પૂછ્યું, "આવા મહાત્માઓ પાસે આવી ગુપ્ત વિદ્યાઓ હોય છે; પણ ખૂબ સેવાભાવ કર્યા વગર એ બતાવતા નથી! આકાશ-ગામિની વિદ્યા પણ જાણતા હશે વારુ!"

"તમારું મન હજી સંસારને દુઃખી કરનાર સોના ને રૂપામાં છે. તમારો ભક્તિભાવ સ્વાર્થી છે. એ સુવર્ણસિદ્ધિ કે પારદસિદ્ધિ તો નથી જાણતા–પણ આત્મસિદ્ધિ ને પર-માત્મસિદ્ધિ જરૂર જાણે છે. એ મહાન આત્મા દિવસોથી આપણી શેરીઓમાં ભૂખ્યો ને તરસ્યો ફરે છે!"

"વિજયાબેન! વૈશાલીના ક્ષત્રિયો વિચિત્ર હોય છે. એ દેશ પણ વિચિત્ર. એમને એક નહિ, અનેક રાજા હોય. બધા મળી રાજ ચલાવે, આમ્રપાલી ત્યાંની ભારે નામાંકિત નટડી!" એક વૃદ્ધ સામંતે આમ્રપાલીનું નામ આવતાં મોં પહોળું કર્યું, ને મોંમાંથી તાંબુલનો રસપ્રવાહ આખા દેહ પર પ્રસરી રહ્યો.

"નટડી નહીં નર્તકી!" એક જુવાને કહ્યું ને વધુમાં ઉમેર્યું, "અરે, એ તો મગધના રાજાની રાખેલી!"

"રાજા માણસોની વાત ઓર છે! અલ્યા, એવાં સુખો રાજા નહિ ભોગવે તો શું હાલીમવાલી ભોગવશે."

દાસી વિજયા આ વાર્તાલાપથી છેડાઈ ગઈ. રાજા શતાનિક પોતાના બાહુબળસમા આ પરાક્રમી સામંતોનાં ટોળટપ્પાં મૂછમાં મલકાતા સાંભળી રહ્યા હતા. વિજયા જરા છેડાઈ ને બોલી :

"કેવી વિચિત્ર તમારી વાતો છે! અરે, જે વાતનો વિચાર કરવા અત્રે એકત્ર મળ્યાં છીએ એનો વિચાર કરો ને!"

"બરાબર છે!" રાજા શતાનિકે સમર્થન આપ્યું.

"વત્સદેશ પર આફત તોળાઈ રહી છે," વિજયાએ કહ્યું.

"શાની, બેન? વિજયાદેવી! એ આફત–બાફતની વાતમાં કંઈ માલ નથી. હજી તો અમારી તાતી તલવારો કમર પર જ છે. ચંપાના રાજા દધિવાહનને દધિ–પાત્રની જેમ રગદોળી નાખ્યો એ તો જાણો છો ને?" બે ચાર સામંતોએ ભુજા ઠોકીને, મૂછે તાવ દઈ ને કહ્યું.

"તો તમને સૂઝે તેમ કરો!" વિજયા નારાજ થઈ પાછી ફરી.

"ના, ના, વિજયા! આ તો બે ઘડીની મજાક છે. વારુ, સભાપંડિત તથ્યવાદી, તમારો મત દર્શાવો!" રાજા શતાનિકે પોતાની માનીતી દાસીને સાંત્વન આપ્યું.

"મહારાજ, મારું સંક્ષેપમાં કહેવું એ જ છે, કે છેલ્લે છેલ્લે એમણે કહ્યું કે આ પ્રકારના યોગીઓ આવા અભિગ્રહ દ્વારા આપણી ભૂલો બતાવવા, આપણાં પાપ પખાળવા કે આપણી ભક્તિની કસોટી કરવા આવે છે. તેઓ પરમ જ્ઞાનની ખોજમાં છે: એટલે મૌન છે. તેઓ બાહ્ય રીતે

સુખી દેખાતા આપણા દુ:ખભર્યા જીવનના ઉદ્ધાર માટે મથે છે. તેઓ બોલતા નથી, પણ પોતાના કાર્યથી સત્ય માર્ગ દાખવે છે. આપણે આત્મિક આલોચના કરતા રહીએ. પાપ કર્મથી દૂર રહીએ. ન જાણે એ મહા-યોગી આ અભિગ્રહ દ્વારા આપણો કયો દોષ દૂર કરવા માગતા હશે! તેઓના અભિગ્રહ સદર્થે જ હોય છે માટે સહુએ સાવધાની ને ભક્તિથી વર્તવું."

ભરી પરિષદ જ્યારે વિખરાઈ ત્યારે સહુ એક વાત માટે કૃતનિશ્ચય હતાં ને તે આવતી કાલે એ મહાયોગીનો મહાઅભિગ્રહ સંપૂર્ણ કરવાની બાબતમાં.

# મત્સ્ય સાતમું

## મહાયોગી

હવેલીના ભૂગર્ભમાં આવેલ ભોંયરામાં ચંદનરસ જેવી કોમળ ને ચંદનકાષ્ઠ જેવી કઠોર ચંદના ભૂખી ને તરસી બંદીવાન દશામાં બેઠી હતી. રડવાનું તો એણે ક્યારનું છોડી દીધું હતું. સખત રીતે જડાયેલી બેડીઓ એના કોમળ અંગોને કઠી રહી હતી. ઉતાવળે મૂંડ બનાવેલું મસ્તક કાળી બળતરા કરી રહ્યું હતું; ને સહુથી વધુ તો પોતાનું સ્વમાન હણાયું—પોતાને શિર હલકટ આરોપ મુકાયો, એની સહસ્ર વીંછીના ડંખ જેવી વેદના એને વ્યાકુળ બનાવી રહી હતી.

પૃથ્વીને સ્વર્ગસમી માની બેઠેલી ચંદના, આજ પૃથ્વી પર નરકની ગંધનો અનુભવ કરી રહી હતી. ક્ષુધાની કોઈ સગવડ ત્યાં નહોતી, તૃષાનું કોઈ સાધન ત્યાં નહોતું—પણ એ ખુદ પોતે જ ઊંઘ, આરામ, ક્ષુધા કે તૃષા ભૂલી ચૂકી હતી. એના હૃદયમાં કોઈ સતીની ભડભડતી ચિતા જેવી અનેક ચિતાઓ જલી રહી હતી. અરે, સતીની ચિતા તો સારી, એક વાર જલીને ખાખ થયે છૂટકો થઈ જાય. આ તો ચિતા જેવું હૈયું અવિરત ભડકે બળી રહ્યું હતું. એમાંથી મુક્તિ ક્યારે?

અતિ દુઃખ મનનાં બિડાયેલાં દ્વાર ખોલી નાખે છે. વિપત્તિ વિરાગના દરવાજા ઉઘાડી આપે છે. કષ્ટ સહન કરતાં આવડે તો માણસ કુંદન બની જાય છે. જોતજોતામાં દીનહીન બનેલી, કચડાયેલી ચંદના સ્વસ્થ બની ગઈ. પુરુષાર્થથી પલટી ન શકાય એવી પળોને 'પ્રારબ્ધની ભેટ' સમજી એણે વધાવી લીધી. એ મનોમન વિચારી રહી :

"પૃથ્વીને નિષ્કંટક ન સમજો. પૃથ્વી કાંટાથી ભરેલી છે. કાંટા તો સદા રહેશે, એમાંથી ફૂલ વીણવાની કળા શીખો. સંસારમાંથી અનિષ્ટને કોઈ દૂર કરી શક્યું નથી; અનિષ્ટનો ઇષ્ટમાં ઉપયોગ કરતાં જાણો. દુઃખ તો છે જ. એનો સુખની જેમ ઉપભોગ કરતાં શીખો."

ચંદનાની વિચારશ્રેણી ઉત્તરોત્તર વિશુદ્ધ થતી ચાલી. દિવસોની તપશ્ચર્યા ને મહિનાઓનો જ્ઞાનાભ્યાસ જે વિરાગ તેને ન આપી શકત, એ ત્રણ દિવસની કાળી કોટડીએ એને આપ્યો. સંસારનું સ્વરૂપ પ્રત્યક્ષ કરી આપ્યું. કર્મનાં રહસ્યો તાદૃશ કરી દીધાં.

દિવસ અને રાત ચાલ્યાં, આગળ વધ્યાં, પણ કોઈનું મોં ન દેખાયું. ચંદનાની વિચારશ્રેણી ઉત્તરોત્તર વિશુદ્ધ બનતી ચાલી. મહાન્ દુઃખમાંથી ઊભો થયેલો માનવી કાં તો સંત બને છે, કાં શેતાન ! કાં શ્રદ્ધાનો સાગર બને છે, કાં અશ્રદ્ધાનો આગાર બને છે. ચંદના સંસારનું અનિત્યપણું, અસ્થિરપણું, અશુચિપણું ભાવી રહી. અરે, માણસ પણ પ્રારબ્ધનું રમકડું છે. દુઃખ પડે કોઈને શાપ આપવો, ને સુખ પડે કોઈને આશિષ આપવી, એ તો ચંચળ મનનું જ પરિણામ છે.

ચંદના મનોમન કહેવા લાગી : "અરે, હું દુઃખી અવશ્ય હઈશ, પણ દીન તો નથી જ. જે દુઃખમાં દીનતા ન હોય, તે દુઃખ ગૌરવની નિશાની છે. ચંદના, તું અલ્પ હઈશ, પણ અધમ નથી, તું હિણાયેલી હઈશ, પણ હીન નથી. રે ઘેલી, વિપત્તિની રાત વગર સમૃદ્ધિનું પ્રભાત કદી ખીલે ખરું !"

વાહ રે ચંદના ! તું શાન્ત, સ્વસ્થ, સ્થિતપ્રજ્ઞ બની ગઈ; દુઃખ માત્રને સામે પગલે વધાવવા સજ્જ થઈને બેઠી.

ત્રણ રાત ને ત્રણ દિવસ વીતી ગયાં. કઠોર મનવાળી પણ કોમળ દેહધારિણી ચંદના ક્ષુધા–તૃષાથી નિર્બળ બનતી ચાલી, પણ એ તો દેહની નિર્બળતા હતી. દેહ નિર્બળ ભલે બને, અંદર રહેલો આત્મા શા માટે નિર્બળ બને ? ચંદનાના આત્માએ ચોખ્ખું દેહને સંભળાવી દીધું હતું કે–તું નિર્બળ બનીશ, તો પણ હું નિર્બળ–લાચાર બનવા તૈયાર નથી. બહુ થશે તો તું મને છોડીને ચાલ્યો જઈશ, પણ એથી ડરે એ બીજા ? હું હાજર હઈશ, તો મારે દેહનો તૂટો નથી; ને વળી જો એમ કરતાં તારો પીછો છૂટી જાય તો તો ગંગ નાહ્યા.

આ સાંભળીને કાયા તો બિચારી ડાહી થઈ ગઈ. અરે, નગુરા આત્મા, આપણે તો જનમજનમનાં સાથી ! ગાંડા, આવી વાતો કાં કરે ? તું કહીશ તેમ કરીશ, પણ તારા વગર મારું કંઈ જોર નહિ ચાલે, માટે જોજે, એમ ને એમ ભાગી છૂટતો !

આત્મા અને દેહનો આ અશ્રાવ્ય સંવાદ સાંભળી ચંદના મીઠું મીઠું મલકાય છે. પણ એ જાણે છે, કે હવે

અહીંથી બંનેને એક સાથે બહાર નીકળવાનો સર્વથા અસંભવ છે ! કાયા તો બિચારી આ કારાગારમાં પડી રહેશે ને આત્મા ઊડી જાશે. અરે, પ્રાણનો પોપટ ઊડીને ચાલ્યો જશે, ને કાયાનું પિંજર રવડતું પડયું રહેશે !

ચંદનાના મુખ પર એક સુંદર સ્મિત ફરકી રહ્યું. તે વિચારવા લાગી: "જગત કેવું મૂર્ખ ! એ સમજે છે, કે હું કારાગારમાં છું, પણ એવી નાસી છૂટીશ કે શોધી નહિ જડું !" એ હસી ! ને એ સ્મિતનો સામે જવાબ વાળતું હોય તેમ કિચૂડાટ કરતું કોટડીનું દ્વાર ખૂલ્યું.

દ્વાર ખૂલતાં જ "ચંદના ! મારી પ્રાણ ! રે બેટી !" એવો પોકાર ગાજી રહ્યો ને થોડી વારમાં ધનાવહ શેઠ આવીને ચંદનાને ભેટી પડયા. એમણે ચંદનાના દેહ પર હાથ ફેરવ્યો, માથું સૂંઘ્યું, હાથે પગે જડેલી બેડીઓને દાંતેથી કરડી.

બે પળ સુધી બેમાંથી કોઈ કશું ન બોલ્યું. ચંદના શાન્ત સ્વસ્થ હતી. ભર્યાં વાદળાં જેવા નયનોમાંથી એક ટીપું પણ પડતું નહોતું. શેઠ ચોધાર આંસુએ રડી રહ્યા હતા.

"મારી દુઃખિયારી ચંદના !"

"પિતાજી, દુઃખે મને ડાહી બનાવી છે. હવે હું સમજી છું કે શરીરના સુખથી આત્મા સુખી થતો નથી, તેમ શરીરના દુઃખથી આત્મા દુઃખી થતો નથી. દુઃખસુખ શરીરનો ધર્મ છે, આત્માનો નથી."

"બેટી, તારા દુઃખનું કારણ હું બન્યો."

"કોઇ કોઈના સુખદુઃખનું કારણ બનતું નથી. પુરુષાર્થ ને પ્રારબ્ધની ઘટમાળમાં અન્યને શો દોષ દેવો પિતાજી ?"

"ચંદના, તું ખરેખર ચંદના છે. અરે, મને એ રાંડ પર ક્રોધ આવે છે, એવું મન થાય છે, કે...."

"સંસારનું રહસ્ય જો જાણી લઈએ, તો પિતાજી! કોઈ પર ક્રોધ કરવાનું મન ન થાય. સહુ પોતપોતાની રીતે સાચું સમજીને જ સમાચરે છે. પછી ભલે એ બીજાની નજરમાં જૂઠ હોય. સહુ સહુની રીતે સાચાં છે. શેઠાણી રીતે સાચાં હતાં. આપણે આપણી દૃષ્ટિથી જોઈએ તે કરતાં બીજાની દૃષ્ટિથી જોઈએ, તે વધુ ઠીક છે." ચંદનામાં આપોઆપ જ્ઞાન–ઝરણુ ફૂટયું હતું, જે સંસારની કોઈ મહાશાળાના મહાપંડિતો પણ એને આપી શકયા ન હોત.

"ચંદના, તારી વાણીમાં જ્ઞાનીના બોલ ગાજે છે...."

"પિતાજી, દિવસે પેટ ભરીને ચરેલી ગાય, રાતે જેમ બધું વાગોળીને એક રસ કરે છે, એમ મેં પણ આ ભયંકર એકાંતમાં જીવનનાં તમામ સત્યો વાગોળ્યાં છે, ને નવું નવનીત પામી છું."

"ચંદના, ધન્ય છે તને! તારાં માતપિતાને ધન્ય છે! દુ:ખ જાણે તું ઘોળીને પી ગઈ છે, વેદના જાણે આરોગી ગઈ છે. તારી વાણીમાં કડવાશ નથી, વર્તનમાં ક્રોધ નથી."

"અરે, પણ આડીઅવળી વાતો છોડી એની ખાવા-પીવાની તો ભાળ લો. ત્રણ દહાડાના કડાકા છે બિચારીને! હું તો ઘણી વાર કહેતી કે બહુ પ્રેમઘેલા થવું સારું નહિ! એમાંથી દુ:ખ જ ઊભું થાય." વૃદ્ધ દાસીએ આવીને ભાવના-શીલ શેઠને સાવધ કર્યા! એણે જ મૂલા શેઠાણીની સખ્ત

મનાઈ હોવા છતાં ચંદનાની માહિતી શેઠને આપી હતી. એણે કહ્યું : "શેઠ, તમારી સેવામાં જિંદગી કાઢી. હવે મરણ કિનારે બેઠી છું ત્યારે આટલું સુકૃત કરતી જાઉં, તો બીજે ભવે કંઈ સારો અવતાર ભાળું."

"સાચી વાત છે. દાસી, જે ખાવાનું હોય તે જલદી હાજર કર !"


દાસી ઘરમાં ગઈ, પણ રાંધેલા અડદના બાકળા સિવાય કંઈ તૈયાર નહોતું. એક સુપડામાં એ લઈ ને દાસી આવી. શેઠ એ દરમ્યાન પગે જડેલી બેડીઓ તોડવાનો નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યા હતા. આખરે થાકીને તેમણે દાસીને કહ્યું :

"તું ચંદનાને જમાડી લે, હું લુહારને બોલાવી લાવું છું." ને શેઠ બહાર નીકળી ગયા.

મધ્યાહ્નનો સમય થઈ ગયો હતો ને સદાની જેમ આજે પેલા મહાયોગી ભિક્ષા માટે નગરમાં આવ્યા હતા. દ્વાર દ્વાર પર નરનારી ખડાં હતાં. કોશાંબીના રાજવી શતાનિક ને રાણી મૃગાવતી પણ હમેશની જેમ આવીને ઊભાં હતાં. મંત્રીરાજ સુગુપ્ત ને દેવી નંદા પણ હાજર હતાં. વિજયા દાસી પણ ત્યાં ખડે પગે હતી.

અને હમેશની જેમ એ મહાયોગી દ્વાર પછી દ્વાર, શેરી પછી શેરી વટાવતો આગળ ચાલ્યો જતો હતો. રે, શું સદાની જેમ આજે પણ રિક્ત હાથે યોગી પાછો ચાલ્યો જશે ? અરે ! શું આપણાં કોઈ અજાણ્યાં પાપનો ભાર આપણને નિર્માલ્ય બનાવી બેઠો છે ? જે દેશમાં અતિથિ જેવો અતિથિ–યોગી જેવો યોગી–છ છ માસથી અન્નજળ વિનાનો ઘૂમે,

એના માથે આપત્તિના ભણકારા અવશ્ય સમજવા! નિરાશાનું ઘોર મોજું સર્વત્ર પ્રસરી રહ્યું. પણ ત્યાં અચાનક મહાયોગી થોડે દૂર જઈને ક્ષણભર થોભ્યો, કદી સ્થિર ન થતા એના પગ સ્થિર થયા, કદી લંબાતા ન જોવાયેલા એના હાથ આજે લંબાતા દેખાયા.



ધન્ય ઘડી! ધન્ય ભાગ્ય! આખરે મહાયોગીનો અભિગ્રહ પૂરો થયો. હર્ષની એક કિકિયારી ચારે તરફથી જાગી ઊઠી, પણ એ અડધે જ દબાઈ ગઈ.

મહાયોગીએ થંભાવેલા પગ ફરી ઉપાડયા, લંબાવેલા હાથ પાછા ખેંચી લીધા! અરે, ભિક્ષા લીધા વિના એણે

આગળ કદમ બઢાવવાની તૈયારી કરી. બધાના શ્વાસ અડધે થંભી રહ્યા, ત્યાં એક કોમળ રુદનના હૃદયદ્રાવક સ્વર સંભળાયા.

મહાયોગીના ઉપડેલા પગ પુનઃ થંભી ગયા, ખેંચાયેલા હાથ ફરી લંબાયા. એણે ભિક્ષાન્ન લીધું ને છ માસિક તપનું પારણું કર્યું.

ધન્ય ચંદના! ધન્ય મહાયોગી! બધેથી જયજયકાર ગાજી રહ્યો.

"અરે, મહાયોગીએ એક દાસીના હાથના બાકુળાથી પોતાનો અભિગ્રહ પૂર્ણ કર્યો!"વાની સાથે વાત પ્રસરતી ચાલી!

"દાસી નહિ, ત્રણ ટકાની ગુલામડી! જેના ચારિત્ર્યનું, જેની ખાનદાનીનું, જેની નાગરિકતાનું ઠેકાણું નથી એવી, ધનાવહ શેઠે દાસબજારમાંથી આણેલી એક છોકરીના હાથેથી. અલ્યા, ગુલામ કરતાંય આપણે હેઠ! નીચ! અધમ! જાતપાંત વગરના ગુલામના હાથનું અન્ન તે અડાય! શું કળિ આવ્યો છે!" બીજાએ કહ્યું.

"દાસીના હાથના બાકુલા? એક નીચ ગુલામડીના હાથના અન્નથી ઉજ્જ્વળ તપનું પારણું?" કેટલાક ટીકા કરી રહ્યા.

"હા, હા, શું ગુલામ મનુષ્ય નથી? અરે, ગુલામોમાં જેટલી માનવતા છે એટલી તમારામાં ક્યાં રહી છે? ગુલામના ચારિત્રની વાત કરો છો ને તમારું ચારિત્ર તો જુઓ! એના નાગરિકત્વની વાત કરો છો, ને તમારા પગ નીચેનું બળતું તો જુઓ. મહાયોગીને મન શું ઊંચ કે શું નીચ! એ દીવાલો ને વાડા તો આપણે બધાએ આપણા

સ્વાર્થ માટે ખડા કરેલા. બોલો, જય હો મહાયોગી જ્ઞાતપુત્ર મહાવીરનો! અરે, ચાલો અન્ન લેનાર ને અન્ન દેનાર બન્નેનાં દર્શન કરીએ." માનવી ટોળાબંધ એકઠું થઈ રહ્યું હતું.

ભારે રૂડો જોગ જામ્યો હતો. પેલી દાસી ચંદના બે હાથ જોડીને ખડી હતી. જે પગના બંધ ધનાવહ શેઠથી તૂટ્યા નહોતા અને જેને માટે શેઠ લુહારને તેડવા ગયા હતા, તે આપોઆપ તૂટી ગયા હતા. દાસત્વની તૂટેલી સાંકળો જાણે મનુષ્યત્વનાં ખંડેર સમી સહુને મૂંગો બોધ-પાઠ આપી રહી હતી.

"દાસત્વના હિમાયતીઓ ! સહુ ચેતતા રહેજો. આજે તમે એકને દાસ બનાવશો, કાલે બીજો તમને બનાવશે. અહીં તો કરશો તેવું પામશો. સહુનો વારો પછી વારો છે. સમય કે શક્તિનો ગેરલાભ ન ઉઠાવશો; સારી કે ખોટી ઊભી કરેલી પરંપરા આખરે તમારે જ ભોગવવી પડશે."

ચંદનાના મુખ પર દિવ્ય તેજ ઝળહળી રહ્યું હતું. આજ એ ક્ષુદ્ર ગુલામડી નહોતી રહી; કૌશાંબીના દરેક મનુષ્ય કરતાં મહાન ઠરી હતી. દાસ પણ મહાન છે, મનુષ્યત્વના સર્વ હક્ક એને છે; એની આજે આડકતરી પણ સ્પષ્ટ જાહેરાત થઈ ચૂકી હતી.

ચંદના બે હાથની અંજલિ રચી કહી રહી હતી: "પ્રભુ, મુજ જનમદુ:ખિયારીને આજ આપ જનમસાથી મળ્યા. આંખો મીંચાય છે. જલવાદળી વરસે છે. અરે, મારા સૂના અંતરમાં આવીને કોઈ વસ્યું છે, પ્રભુ ! મારું જીવન જ રુદનમય હતું. રોઈ રોઈને મારાં અશ્રુ થીજી ગયાં હતાં.

ભવ આખો કાઢવાનો હતો. રોઉં તો પાર ક્યાં આવે? કર્મ અને પુરુષાર્થનાં દ્વંદ્વોને સદા યાદ કર્યા કરતી. તમને આવતા જોયા. જાણે શરીરને ત્યાં પ્રાણને આવતો ભાળ્યો ને અંતર મલકી રહ્યું. પણ પછી તો દુર્ભાગીના સુખની જેમ આપને જતા જોયા ને ન રહેવાયું. સૂર્યપ્રકાશના સ્પર્શે હેમંતનું ઝરણ વહી નીકળે, એમ થીજેલા અંતરમાંથી આંસુ વહી નીકળ્યાં. ધન્ય ભાગ્ય આજ મારું ગણું! સંસારમાં હવે ચંદના હીન નહિ, દીન નહિ! તમારા દર્શને એ ભવોભવ તરી ગઇ. મારો આત્મા અજેય બની ગયો, કાયાના ભલે કણ કણ થાય, જુલમગારો ભલે એને છુંદે–મને કોઇ ઊની આંચ પણ નહીં પહોંચાડી શકે. દેવ, હું તો ન્યાલ થઈ ગઈ."

પ્રભુ તો દિવ્ય મૌન ધારીને, અંતરના પડદા મૌન વાણીથી ઉચ્છેદી રહ્યા હતા. માનવતાના પરાગ સમું એમનું જીવનમાધુર્ય વાતાવરણમાં મધુરતા પ્રસારી રહ્યું હતું. જાણે કદી ત્યાં શોક નહોતો, સંતાપ નહોતો.

ધનાવહ શેઠનું વિશાળ પ્રાંગણ માનવમેદનીથી ભરાઇ ગયું હતું. જનસમુદાય પ્રભુનો અભિગ્રહ પૂર્ણ થવાથી ગેલમાં આવી ગયો હતો. કોઈ ભાતભાતનાં વાજિંત્ર બજાવતાં હતાં, કોઈ પુષ્પ, અક્ષત, સુવર્ણજવ, મણિમૌક્તિક ઉડાવતાં હતાં. ઘડી પહેલાં નરકની ગંધ જ્યાં પ્રસરી હતી, ત્યાં સ્વર્ગની શોભા પ્રગટી રહી હતી. લોક કહેતાં: "અરે પૃથ્વી એ પૃથ્વી જ છે. સ્વર્ગ ને નરક ખડાં કરનારાં આપણે જ છીએ."

રાજા અને રાણી પણ આવી પહોંચ્યાં હતાં. એમના અંતરનો આનંદ આજ અંતરમાં સમાતો નહોતો. શહેરને

શિરેથી શાપ ટળ્યાનો એમને સંતોષ હતો. એમણે જે જોયું તે દૃશ્ય અપૂર્વ હતું.

પ્રભુ તેજકિરણો વહાવતા સ્થિર ખડા હતા. ચંદના ભક્તિઝરણું વહાવતી પૃથ્વી પર મસ્તક નમાવીને પડી હતી. વાહ રે વાહ! કયું જ્ઞાન આ ભક્તિને જીતી શકે! એ ઘેલી કંઈ કંઈ લવી રહી હતી. જાણે એના દિલના બાગમાં કવિતાનાં સુમન ખીલ્યાં હતાં.

"પ્રભુ, સ્વાતિતરસ્યાં ચક્ષુ-ચાતકોને આજ મેઘ મળ્યો છે. આશાનિરાશાના હંસોને મોતીનો ચારો મળ્યો છે. વેદના ને વિષાદની ભૂમિ પર આશાનાં અમર ફૂલ ખીલ્યાં છે. આજ ભક્તને ભગવાન મળ્યો છે. બેટીને બાપ મળ્યો છે. બહેનને ભાઈ મળ્યો છે. આવા સંતોષમાં જ જીવનનો અંત આવી જાય તો...."

પ્રભુ તો હજી મરકતા ખડા હતા. રાજા-રાણીએ પ્રભુના ચરણ વાંદ્યા. અપૂર્વ ભાગ્યને વરનારી ચંદનાને ઊભી કરી સાતા પૂછી, ત્યાં તો અચાનક એક વૃદ્ધ ડોસો ભીડને ચીરતો ધસી આવ્યો. એણે ચંદનાને ઊંચકી લીધી ને રડતો રડતો નાચતો નાચતો બોલવા લાગ્યો.

"ધન્ય હો રાજકુંવરી વસુમતીને! અવગતે ગયેલાં માબાપ આજે સદ્ગતિ વર્યાં. જય જયકાર હો ચંપાનગરીની કુંવરીનો!"

"ચંપાનગરીની કુંવરી! રાજા દધિવાહનની પુત્રી!" સર્વત્ર જાણે અચંબાની લહરી પ્રસરી ગઈ.

"હા, રાજાજી! જે ચંપાનગરી પર અચાનક છાપો મારી તમે લૂંટી લીધી, જ્યાંના નાના સૈન્ય સામે મોટું સૈન્ય ચલાવી તમે ફતેહ મેળવી, જેના રાજા દધિવાહનને લડાઈમાં હણ્યો, જ્યાંનાં સ્ત્રીપુરુષોને તમારા રાજ–નિયમ પ્રમાણે દાસ બનાવી આણ્યાં–વેચ્યાં, એ રાજની આ કુંવરી વસુમતી!" વૃદ્ધ પુરુષના શબ્દોમાં આગ ભરી હતી.

"મેં ચંપાને જરૂર લૂંટી–વિજયી રાજા તરીકે મારો એ હક્ક હતો. મેં ત્યાંના રાજા દધિવાહનને રણમાં રોળ્યો, કારણ કે એ મારો ક્ષત્રીનો ધર્મ હતો. પણ મેં તેની કુંવરીને નથી લૂંટી."

"જેનો રાજા લૂંટ કરતો હોય એની સેના શાહુકાર ક્યાંથી હોય? રાણી ધારિણી અને કુંવરી વસુમતીને એક સૈનિક ઉપાડી લાવ્યો. રાણી ધારિણી શીલની રક્ષામાં મૃત્યુને વર્યાં. કુંવરી વસુમતી દાસબજારમાં વસુ માટે વેચાઈ. શું મહારાણી મૃગાવતી પોતાની માજણી બેન ધારણીની પુત્રીને ભૂલી ગયાં?"

"કોણ વસુમતી? મારી ભાણેજ, એ ગુલામ! એનું વેચાણ!" રાણી મૃગાવતી એકદમ આગળ આવ્યાં ને ચંદનાને ભેટી પડયાં. માસી–ભાણેજ એકબીજાને ગળે વળગ્યાં. મૃગાવતીની આંખોમાં આંસુ હતાં. સંસારના સગપણનું રહસ્ય જાણનારી ચંદના સ્વસ્થ હતી.

"ધિક્ છે આ રાજધર્મને! ધિક્કાર છે આ ક્ષત્રીવટને! એકને અનેક જીતે, એમાં શી બહાદુરી! સબળો નબળાને હણે એમાં શી માનવતા!"

બધેથી લોકવાણી પ્રગટી નીકળી. આ ભીડાભીડમાંથી ન જાણે પેલો મહાયોગી ક્યારે સરકી ગયો, તેનું કોઈને ભાન નહોતું. આંસુ ને આશ્વાસનની દુનિયામાંથી યોગીઓ સદા એમ જ સરી જાય છે. સિતારના તાર જરા છેડાથી મિલાવીને કામઠી એમ જ અલગ થઈ જાય છે, ને સંસારનો પ્રત્યેક રજકણ એનાથી જ ધ્વનિત થઈ દિવ્ય સંગીત છેડ્યા કરે છે.

"મહાયોગી આપણાં અન્ન કેમ નહોતા આરોગતા એ જાણ્યું ને!" મંત્રીરાજનાં પત્ની નંદાદેવી આગળ આવી બોલ્યાં, "આપણાં પાપ એણે આ રીતે પ્રત્યક્ષ કરી બતાવ્યાં. તમે ઢોર કરતાંય ભૂંડી રીતે ગુલામોને રાખો છો. એ ગુલામો કોણ છે, તેનું તમને ભાન કરાવ્યું. ગુલામ પણ માણસ છે, ને માણસના હકથી એને તમારા જેટલો જ સુખ-દુઃખનો અધિકાર છે."

"નંદાદેવી! તમે સાચાં છો. વસુમતીને–મારી ચંદનાને –દુઃખ દેનાર હું જ છું. મને સજા કરો!" શ્રેષ્ઠી ધનાવહ આગળ આવ્યા, ને ગદ્ગદિત કંઠે બોલ્યા. લુહારની શોધ કરતાં વિલંબ લાગવાથી એ મોડા પડ્યા હતા. એમણે લોકમુખે બધો વૃત્તાંત સાંભળી લીધો હતો.

"પિતાજી, હું તો તમારી ચરણરજ! હું તો તમારી ચંદના જ છું. વસુમતી નામ પણ મારે ભૂલવું છે. રાજાની કુંવરી ન હોત ને તમારે ત્યાં જન્મી હોત તો? માતા મૂલાના ઉદરમાં વસી હોત તો? તમારો અને મારી માતા મૂલાનો ઉપકાર કયે દિવસે વાળીશ."

"ચંદના, તું ધન્ય બની! મહાયોગીના મૂંગા મૂંગા કેવા મહાઆશીર્વાદ તને મળ્યા!"

"એમણે તો સહુને ધન્ય કર્યાં, ને આપણે સમજીએ તો સમજાવ્યું કે પશુ, પંખી કે મનુષ્ય–કોઈને ગુલામ બનાવવા પાપ છે. ગુલામી પાપ છે. ગુલામ પણ તમારા જેવો જ–અરે, કોઈ વાર તમારાથી પણ શ્રેષ્ઠ માણસ છે!" નંદાદેવીએ કહ્યું.

"એવું બોલી આ નફ્ફટ ને નઘરોળ ગુલામોને ફટવીશ. મા! આપણાથી પણ શ્રેષ્ઠ!" એક વૃદ્ધ રાજપુરુષે કહ્યું.

"શ્રેષ્ઠ! સાત વાર શ્રેષ્ઠ! જે પારકાના સુખ માટે દુઃખ ઉઠાવે તે શ્રેષ્ઠ ને પોતાના સુખ માટે પારકાને દુઃખ આપે તે કનિષ્ઠ! ભગવાનનું તો વચન છે, કે કોઈ પણ કર્કશ વચન, કઠિન વર્તાવ ને કઠોર વ્યવહારનો આ જગત તો પડઘો છે. આ તો સોદાનો બજાર છે, જેટલું આપશો એટલું પામશો!" વિજયા દાસી બોલી, અને ચંદનાને ભેટી પડી. "બહેન, તું તો ધન્ય છે. તારા જેવો પ્રભુપ્રસાદ પામવા એક વાર નહિ, સો વાર ગુલામ બનવા તૈયાર છું!"

પણ સંસારમાં સહુ એક મતના હોતા નથી. જેઓ સૂર્યને દિવસનો રાજા માને છે, તેઓની સામે છછુંદર જેવા પ્રાણીઓનો વિરોધ પણ હશે, એ એને નકામી વસ્તુ પણ માનતા હશે. કેટલાક કર્મચારીઓ માનતા હતા, કે નાની વાતને ખોટું મહત્ત્વ અપાય છે! જ્યાં સ્ત્રીઓનું ચલણ હોય ત્યાં આવું જ બને!

કર્મોની આર્દ્રતા વગરના કર્મચારીઓને તરત એક સંદેશો મળ્યો. શૃંગારભવન પૂરું થયું છે. મહારાજ વત્સરાજ ઇચ્છે ત્યારે નિરીક્ષણ કરે !

મહારાજ શતાનિકને આ સમાચાર પહોંચાડવામાં આવ્યા. તેઓએ તરત મંત્રીરાજને કહ્યું : "આપ સર્વ અંતઃપુરને લઈ ને આવો. હું શૃંગારભવનમાં થતો આવું છું. કોઈએ સાથે આવવાની જરૂર નથી."

ચંદના, મૃગાવતી, નંદા, વિજયા બધાંને વાતો કરતાં મૂકી મહારાજ શતાનિક શૃંગારભવન તરફ વહી ગયા.

આખા સમુદાયને વિધવિધ વાતોમાં ડૂબેલો રાખી ફક્ત બે જણા પોતપોતાના મનમાન્યા રસ્તે ચાલી ગયા.

એક યોગી—જંગલ તરફ ગયા.

એક રાજા—શૃંગારભવન તરફ વળ્યા.

જુદા બે રાહ, જુદા જુદા બે પથિક ! નિર્માણ તો એક થવાનું હતું. રાજા તે યોગી, યોગી તે રાજા ! પણ સંસાર તો માયાવી છે ને !

## મત્સ્ય આઠમું

### પોતાના પડઘા

હસી હસીને મહારાજ શતાનિક આજ શૃંગારભવનનાં દ્વાર ઠેલી રહ્યા હતા. દ્વારપાળો દોડી દોડીને મહારાજ વત્સરાજ આવ્યાની વધામણી આપી રહ્યા હતા.

ગઈ કાલે જ ચિતારાએ ચિત્ર પૂરું કર્યું છે. પૂરું કરીને એ ઘેર જઈને નિરાંતે સૂતો છે. એને દિલમાં અરમાન છે, કે રાજાજી હમણાં હાથીને તેડવા મોકલશે! હમણાં રાજપોશાક લઈને રાજકર્મચારીઓ સાબાશી દેતા આવશે. એ બહુમૂલ્ય પોશાક પરિધાન કરી, ગજરાજની પીઠ પર રચેલી સુવર્ણ અંબાડીમાં બેસી, આખું કોશાંબી વીંધી હું રાજદરબાર ભણી જઈશ! મારી વિદ્યાનાં ભર્યા દરબારમાં વખાણ થશે. મારી કલા પર જનગણ વારી જશે. મહારાજ શતાનિક સોનાના ઢગથી મને નિહાલ કરશે. ભુવનમોહિની મૃગાવતી દેવી પણ પોતાનું સાક્ષાત સ્વરૂપ જોઈ આડી કતરાતી આંખે ધન્યવાદ ઉચ્ચારશે! મારા જીવનની સાર્થકતા થશે. કલાની કૃતાર્થતા થશે. શેષ આયુષ્ય સાનંદ સમાપ્ત થશે. અરે, રીઝયો રાજવી શું શું નહિ આપે!

અને એવી જ કદરદાનીની તાલાવેલી હૈયામાં હીંચોળતા

વત્સરાજ શૃંગારભવનનાં દ્વાર ઠેલી રહ્યા હતા. અસાવધ કંચુકીઓ દોડાદોડ કરતા હતા. મહારાજ તો પોતાના હાથે જ દ્વાર ખોલી અંદર ધસી ગયા. શૃંગારભવનના મુખ્યખંડમાં પહોંચ્યા. અરે, ત્યાં તો મહારાણી મૃગાવતી જાણે છાનાંમાનાં પહેલેથી આવીને ખડાં હતાં!

વત્સરાજને પોતાના માળાના આ સૌંદર્યભર્યા સાથીને દોડીને ભેટવાનું દિલ થઈ આવ્યું! શું નખશિખ તાદૃશ તસબીર બનાવી હતી ચિતારાએ! જાણે પહેલી સોહાગરાતે અમે મળ્યાં ત્યારનાં મહારાણી! યૌવન તો ઉભરાઈ જતું હતું! લીંબુની ફાડ જેવાં નયનોમાં ન જાણે શાં શાં કામણ ભર્યાં હતાં! અરે, એ જ આ સુવર્ણતંતુથી ગૂંથેલું કંચુકીપટ, અરે, સોસો કારીગરોએ છછ મહિના જેને વણ્યું હતું એજ આ હંસલક્ષણ વસ્ત્ર! સોનેરી ન કેશરિયા છાંટનો એ જ ધૂપછાવ રંગ! અને એમાંથી દેખાતા એમના કુકુમવરણા દેહનાં, રતિને પણ લજવે તેવાં અંગપ્રત્યંગ! આ એ જ મૃણાલ દંડ જેવા બાહુ, આ એ જ કેળના થંભ જેવા બે પગ!

માથેથી મલાર ખસી ગયું છે. નાગપાશ સમો કેશ-કલાપ ઉન્નત એવા વક્ષસ્થળ પર, કોઈ ખજાનાની રક્ષા કરતા ફણીધરની જેમ, હિલોળા લઈ રહ્યો છે!

"અરે, છે કોઈ હાજર!"

"આજ્ઞા સ્વામી!"

"જાઓ, રાજહસ્તી મોકલો ને રાજપોશાક ભેટ આપો પેલા યક્ષમંદિરના ચિતારાને! જલદી રાજદરબારમાં લાવો! મહારાજ વત્સરાજની અસાડનાં ભર્યાં વાદળ જેવી કૃપા

આજ વરસું વરસું થઇ રહી છે. આજે આખું આર્યાવર્ત વત્સરાજની ઉદારતા આંખ ખોલીને જોઈ લે !"

"બારે મેઘ એક સામટા!" ધીરેથી બોલીને સેવકો આજ્ઞા ઉઠાવવા ચાલ્યા ગયા. ને વત્સરાજ પેલી અદ્ભુત અલૌકિક છબી તરફ મીટ માંડીને તલ્લીન થઈ રહ્યા. દેહનું એકેએક અવયવ પારદર્શક વસ્ત્રોમાંથી છાનું છાનું ડોકિયાં કરીને મનમાં શમાઇ જવા ચાહતું હતું. અરે, આ ચિત્રિત અંગોનાં સ્પર્શમાં પણ જાણે સ્વર્ગ હતું.

શૃંગારભવનના જુદા જુદા ખંડોમાં ભિન્ન ભિન્ન રચના હતી. ક્યાંક ફુવારા ફુંકાર કરતા ઊડતા હતા, ને બધે શીતળતા પ્રસરાવતા. ક્યાંક સોનાદાનીઓમાંથી ધૂપના ગૂંચળા ઊંચે આકાશમાં ચઢચા કરતાં. ક્યાંક આખોય ખંડ પ્રતિબિંબ પાડનાર અરીસાથી રચ્યો હતો, તો ક્યાંક પારદર્શક રંગબેરંગી કાચની વચ્ચે રાજા-રાણીનું સિંહાસન માંડી દીધું હતું. ખાદ્ય, પેય ને શણગારની સામગ્રીના ખંડના ખંડ ભર્યા હતા. વાજીકરણોની કીમતી મંજૂષાઓ રાજવૈદ્યે છલો-છલ રાખી હતી. કદી નંદનવનની બહાર, કદી મલયાનિલના ઝંકાર, કદી માનસરોવરની મૃદુ લહેરો અહીં વાયા કરતી. રાજા ને રાણી શાસ્ત્રોમાં વણવેલા સર્વ કામપ્રકારોને અહીં સાક્ષાત્ કરવાનાં, પૃથ્વી પર વસીને જીવતે જીવ સ્વર્ગનાં સુખ ભોગ-વવાનાં. રાજા-રાણીની અહીંની એક રાત્રિનું મૂલ્ય કૌશાંબીની આખી પ્રજાનું એક દહાડાનું ધન હતું. અહીં રાજા-રાણી સ્વર્ગનો સ્વાદ માણતાં. કોઈ મૂર્ખા એમ પણ કહેતા કે નરક પણ અહીં જ વસતું હતું. કોના માટે ?—એ પ્રશ્ન અધૂરો રહેતો.

ભોગવિલાસનાં સાધનો, હીંડોળાખાટો, સિંહાસનો, ગાલીચાઓ, સુગંધી તેલભર્યા દીવાઓ ને અત્તરથી મહેકતાં ફૂલદાનો! હાથીદાંત ને સુવર્ણની દીપિકાઓ! રત્ને જડયાં પાંજરામાં કામસૂત્ર રટતાં પક્ષીઓ!

વત્સરાજ ચિત્રની નજીક સર્યા. પૂર્ણિમાના ચંદ્રસમું મુખડું, મદભર્યાં નયન, કમળદાંડી જેવી નાકની દાંડી, મોહના મહાપાશ સમા લટકતા બાહુ, નેત્રના ખંજનપક્ષીને વારે વારે ચમકાવતી મદભરી પાંપણો, પોતાનું પ્રતિબિંબ પાડતાં કર્ણફૂલ, કંબુ જેવી ગ્રીવા ને કોઈ પણ પુરુષને પાગલ બનાવતો કામણગારો અંગભંગ, સિંહની કટી જેવી ગોર લચકાળી કમર ને એના પર શેષનાગના જેવો કંદોરો, અર્ધકુસુમિત એ અધોવસ્ત્ર ને........

વત્સરાજનાં નેત્રો સૌંદર્યસુધાનું પાન કરવામાં તલ્લીન હતાં. એમનું હૈયું આવું ભુવનમોહન સૌંદર્ય પોતાના અંતપુરમાં હોવાનો ગર્વ ધારી રહ્યું હતું. અરે, આર્યાવર્તના રાજાઓ એક વાર મારા અંતપુરની આ મહાશોભાને નીરખી લે તો? એમના વિલાસો એમની મશ્કરી કરતા લાગે! એમની સૌંદર્યોપાસના શ્રીહીન લાગે! અરે, બિચારા એવા ભોંઠા પડે કે પોતાનાં અંતઃપુર પોતાને હાથે જલાવી ખાખ કરી સંન્યાસી બની જાય, ને બીજા ભવમાં આવું રૂપ પણ જોવા મળે એ માટે શેષ જીવન તપશ્ચર્યામાં વીતાવી દે!

યક્ષમંદિરના ચિતારા રાજશેખરે અદ્ભુત કળા દાખવી હતી. વસ્ત્ર તો એણે પહેરાવ્યાં હતાં–છતાંય એ પારદર્શક રંગોમાંથી રાણીનાં ઘાટીલા અવયવો સુસ્પષ્ટ દેખાતાં હતાં.

અને તે કેવાં! ન એકે અતિ સ્થૂલ છે, ન એકે અતિ સૂક્ષ્મ છે. ન દીર્ઘ છે ન હ્રસ્વ છે! કોઈ વ્યાકરણી જે કાળજીથી વાક્યની રચના કરે, કોઈ કવિ જે જાતની પ્રાસમેળમાત્રા સાથે કાવ્યની રચના કરે, એ રીતે ચિતારાએ આ ચિત્ર-કાવ્યની રચના કરી હતી.

"વાહ, વાહ! નારીનો દેહ તો કામદેવનો બાગ છે." રાજાજીને કથાવાર્તા કરનાર પુરાણીજીનું વચન યાદ આવ્યું, ને ચિત્ર જોવાની તલ્લીનતા વધી. પુષ્ટ જઘનપ્રદેશ પર એમની દૃષ્ટિ સ્થિર થઈ રહી. મોહમૂર્છા આવી જાય એવી પળો હતી. કવિઓની ઉપમાઓ ને રસશાસ્ત્રીઓના અલંકારો ત્યાં ફિક્કા પડતા હતા. અરે, કયો કવિ આ અનુપમ અવયવોને યોગ્ય શબ્દોમાં વર્ણવી શકશે!*

વત્સરાજ આગળ વધ્યા. એમની દૃષ્ટિ ત્યાં સ્થિર થઈ રહી. અચાનક એમને ચિત્રના અધોભાગ પર કંઈક કાળા ડાઘ જેવું દેખાયું. એમની નજર ત્યાં સ્થિર થઈ રહી. સુવર્ણની થાળીમાં લોઢાની મેખ જેવા આ બે નાના શા ડાઘ શા? બીજી જ ક્ષણે એમની દૃષ્ટિ ને સ્મૃતિ સતેજ બની. અરે, પ્રિય રાણી મૃગાવતીના જઘનપ્રદેશ પરના એ તલ! સૌંદર્યનું છૂપું રહસ્ય! અને ત્રીજી જ ક્ષણે વિચાર આવ્યો, કે મારી રાણીના જઘનપ્રદેશ પરના તલની ચિત્રકારને ક્યાંથી ભાળ!

---

* કોઈ વાચક આ વર્ણનને કપોલકલ્પિત ન લેખે. આજે પણ આવાં શૃંગારભવન મોજૂદ છે. ને અનેક ચિત્રકારો એવા મહેલને શણગારવા માટે નગ્ન ચિત્રની જોડીઓ બનાવે છે. આજે પણ આ ધંધો જોરથી ચાલુ છે.

વત્સરાજ થોભી ગયા. વિલાસી રાજવી એ વાતનો પોતાના વાસના ને વિલાસથી પરિપૂર્ણ મનથી તાગ મેળવવા લાગ્યા; પોતાના ખંડિત ને ટૂંકા ગજથી દુનિયાને માપવા ચાલ્યા.

ચિત્ર ચિત્રને ઠેકાણે રહ્યું, ને રાજાજીનું ચિત્ત ચિત્ર-વિચિત્ર કલ્પનાઓના રમણે ચઢી ગયું. એમણે બાજુના અરીસામાં પોતાનું રૂપ નિહાળ્યું! અરે, કેટલું ટાપટીપવાળું છતાં કેવું કદર્થિત! મુખ પર અતિ વિલાસની નિસ્તેજતા છે. ભસ્મ ને માત્રાઓથી આણેલી તાકાત, જલદી સળગીને રાખ થઈ જનાર પદાર્થની જેમ, પોતાની આછી આછી કાળાશ બધે પાથરી બેઠી છે! દેહમાં અશક્તિની છૂપી કંપારીઓ છે. અરે, પ્રિયતમાને બાથમાં લઈ કચડી નાખ-નારું પુરુષાતન તો ક્યારનું અકાળે અદૃશ્ય થઈ ગયું છે! નિર્બળ હૈયામાં પ્રશસ્ત ને નિર્દોષ શૃંગારને બદલે અશ્લીલ ને અશક્ત શૃંગારે સ્થાન લઈ લીધું છે.

ક્યાં હું ને ક્યાં પૂર્ણિમાની ચાંદની જેવી મૃગાવતી! ક્યાં અનેક પત્નીઓ ને ઉપપત્નીઓથી ચૂર્ણ ચૂર્ણ થયેલા અરીસા જેવો હું, ને ક્યાં શુકલ પક્ષના ચંદ્રની જેમ રોજ રોજ વધતું મૃગાવતીનું બિલોરી કાચ જેવું રૂપ! હું કદાચ મૃગાવતીથી તૃપ્ત હોઉં—એ મારાથી........

ને શાંતિના સામ્રાજ્યમાં એકાએક શંકાનો જ્વાલામુખી ઝગી ઊઠયો. વત્સરાજના વિલાસી મનના દાબડામાં પુરાયેલી અનેક કુશંકારૂપી પિશાચિનીઓ દાબડાનું મોં ખૂલી જતાં, સ્વય-મેવ જાગીને—સાપણ પોતાનાં જણ્યાંને ખાય તેમ—એમના જ ચિત્તને ફોલી ખાવા લાગી. એમને પુરાણીજીની પેલી શ્લોક-પંક્તિ યાદ આવી ગઈ:

स्त्रियाश्चरित्रं पुरुषस्य भाग्यं
दैवो न जनाति कुतो मनुष्यः।

પુરુષનું ભાગ્ય ને સ્ત્રીનું ચરિત્ર દેવ પણ જાણતા નથી, તો પુરુષની શી મજાલ કે તે જાણે!

રાજા વિચારતો ગયો તેમ તેમ એના મનમાં છુપાયેલો દ્વેષ ધૂંધવાવા લાગ્યો. એનાં ગૂંચળાં રાજા શતાનિકના મનને વધુ ને વધુ વ્યગ્ર બનાવવાં લાગ્યાં. સંસારની એ ખૂબી છે; કે કામી કામદૃષ્ટિથી જ, લોભી લોભદૃષ્ટિથી દુનિયાને મૂલવે છે! યોગી યોગીની દૃષ્ટિએ-ને રોગી રોગીની દૃષ્ટિએ! યોગીને મન ગમે તેવું સૌંદર્ય હાડ-ચામનો માત્ર માળો છે; ત્યારે ભોગીનું જગત એમાં કંઈ કંઇ ભાળે છે. એ વેળા ભોગીને મન સંયમ કે પવિત્રતા જેવી વસ્તુ સંસારમાં સંભવી શકે ને મનુષ્ય હોંશે હોંશે એ પાળી શકે, તેની કલ્પના કરવા માટે પણ એનું મન અશક્ત હોય છે. ભૂખ્યો અખાજ ખાય, એ એની માન્યતા; અખાજ ગમે તેવી ભૂખ હોય તો પણ ન ખવાય, એ વાત એને ન સમજાય.

રાજા વિચારની ઊંડી અતલ ખીણમાં સરતો ચાલ્યો. એને યાદ આવ્યું, પેલું શાસ્ત્રવચન!

"સ્ત્રીનો કામ છાણા જેવો છે; પ્રગટ્યા પછી બુઝાવવો સહેલ નથી.

"પુરુષનો કામ લાકડા જેવો છે. જલદી પ્રગટે છે, જલદી બુઝાય છે.

"સ્ત્રીનો કામ પુરુષથી આઠગણો છે!"

અરે, જો એમાં સત્ય હોય તો મને એક પુરુષને સો રાણીઓથી સંતોષ નથી, તો આઠગુણું વધુ કામવાળી સ્ત્રીને

સંતોષ માટે ૮૦૦ પુરુષ ન જોઈએ? તો આ અનુપમ રૂપ–યૌવના મૃગાવતી, જેને આખો એક પણ પતિ ન હોય તેને, ખંડિત-મંડિત–કુકડા જેવા– મારા જેવા – એકમાત્ર પતિથી કેમ સંતોષ થાય ?

અંકગણિતના આંકડાઓની આંટીઘૂંટીમાં રાજા પડી ગયો. સરવાળા–બાદબાકીના જડ અંકોથી સંસારના અંકોને એ નાણવા લાગ્યો. થોડા વખત પહેલાં બનેલી ને શાસ્ત્રીજીએ ભરસભામાં રસિક રીતે કહી સંભળાવેલી એક આવી ઘટના એના સ્મરણમાં ચડી આવી ! મન-મરકટને નીસરણી મળી. એ ઘટનાની યાદને એ પંપાળી રહ્યો.

ક્ષણવારમાં મૃગાવતીની સુંદર છબી જાણે ફલક પરથી ભુંસાઈ ગઈ, અને નારીજીવનની એક અધમાધમ કથા એ ફલક પર અંકાતી રાજા નીરખી રહ્યો. મનના ઉધામા અપૂર્વ હોય છે.

“ચંપાનગરીમાં એક બ્રાહ્મણ રહે ! એને બે બાળકઃ એક દીકરો ને બીજી દીકરી ! દીકરો દૂધની ખીર જેવો પણ દીકરી ખાટી છાશ જેવી ! જન્મી ત્યારથી રડતી છાની જ ન રહે. કજિયા તે એવા કરે કે જેનો પાર નહિ ! બહુ હુલરાવે તોય છાની ન રહે ! મા ને બાપને તો રાત–દહાડાના ઉજાગરા થાય. એ તો બિચારા એને હીંચોળીને, હાલરડાં ગાઈને, હુલાવી–ફુલાવીને અડધાં થઈ ગયાં. પણ રડતી બંધ રહે એ બીજી ! ભારે વેરવણ !

“ભાઈને એક દહાડો બહેનને ભળાવી માબાપ અનેક રાતની ઊંઘ કાઢવા બીજે જઇને સૂતાં. ભાઈ તો બેનને ખૂબ પંપાળે પણ છાની ન રહે ! એમ કરતાં કરતાં એનો હાથ

પેડુના નીચેના ભાગ પર ગયો ને ટપ લઈને બેન છાની રહી ગઇ ! થોડી વારે ફરી રડી. વળી એણે એ ભાગ પંપાળ્યો ને છાની રહી ગઈ. છોકરો આશ્ચર્યથી જોઈ રહ્યો. પણ પછી તો એને બેનને છાની રાખવાની તરકીબ મળી ગઈ. બેન પણ એનાથી રડતી તરત શાન્ત થઈ જાય ને ઘસઘસાટ ઊંઘે ! મા-બાપને નિરાંત વળી.

"બંને કિશોર વયમાં આવ્યાં. ભાઈ તો શરીરે અલમસ્ત બન્યો; શાસ્ત્ર કરતાં શસ્ત્રના અભ્યાસમાં કુશળ નીકળ્યો. શેરીમાં, ગલીમાં ને શહેરમાં એ દાદાગીરી કરતો ફરવા લાગ્યો; મા-બાપને પણ ન ગાંઠવા લાગ્યો. એક દહાડો મા-બાપે એને પોતાની બેનને પેલી તરકીબથી છાનો રાખતો જોયો, ને આવા અનાર્ય વ્યવહારથી ચિડાઈ એને ઠપકો આપ્યો. સ્વચ્છંદ છોકરાને એ ઠીક ન લાગ્યો, ને એ સામે થયો. મા-બાપે એને માર માર્યો, એટલે એ તો જંગલમાં નાસી ગયો.

"જંગલમાં ચારસો નવાણુ ચોર રહે. એ પણ ચોર ભેગો જઈને રહ્યો. એમની વિદ્યામાં એ પારંગત બની ગયો. થોડા વખતમાં તો એમનો નાયક બની ગયો. એક રાતે તે સહુએ ચંપા પર છાપો માર્યો, ને ખૂબ લૂંટ ચલાવી. લૂંટની સાથે એક સુંદર યુવતીને પણ ઉપાડી લાવ્યા. ચારસો નવ્વાણુ ચોરોએ પેલા નાયકને કહ્યું : 'આ કંદર્પને પણ લજાવે તેવી કામિની આપને ભોગ ભોગવવા માટે યોગ્ય છે.' નાયક કહે : 'ભાઈઓ, આપણો નિયમ છે, કે સહુએ સરખા ભાગે વહેંચી ખાવું; પછી તે કંચન હોય કે કામિની ! માટે તમે સહુ મારા જેટલા જ તેના અધિકારી છો !' વાહ, શું એકબીજાનો નિયમ !

" પાંચસો લૂંટારા પેલી એક સ્ત્રી સાથે ભોગ ભોગવવા લાગ્યા. વખત જતાં પેલા નાયકને વિચાર થયો કે આ એકલી આપણા બધાની સાથે ભોગવિલાસ ભોગવતાં મરી જશે, તો નાહક સ્ત્રીહત્યા લાગશે ! આમ વિચારી તેઓ બીજી એક સ્ત્રીને ઉપાડી લાવ્યા, ને તેની સાથે ભોગ ભોગવવા લાગ્યા.

" પાંચસો લૂંટારા પર એક સરખો હક ધરાવનારી પેલી સ્ત્રીને આથી મનમાં ઘણું માઠું લાગ્યું. એને પોતાનું મહત્ત્વ ઓસરી જતું લાગ્યું. નવી આવેલી શૉક્ય આંખના કણાની જેમ ખૂંચવા લાગી. એક દિવસ બધા લૂંટારા દૂર દેશમાં લૂંટ કરવા ગયા ત્યારે પેલી સ્ત્રીએ નવી આવેલી શૉક્યને કૂવામાં નાખી મારી નાખી. લૂંટારા ઘણે દિવસે પાછા આવ્યા ને પેલી નવી સ્ત્રી માટે પૂછપરછ કરી તો એણે કહ્યું : ' મને શી ખબર ? એ તે કંઈ મારા જેવી હતી કે તમને પાંચસોને એક સરખા હેતથી જાળવે ને ઘર જાળવીને બેસે ! ક્યાંય નાસી ગઈ હશે ! "

વાર્તા પૂરી થઈ! ને રાજા વત્સરાજ વળી વિચારના વંટોળમાં ઝડપાયા : પાંચસો જંગલી ને ઝનૂનીઓથી તૃપ્ત ન થનારી આ સ્ત્રી ! અને એવી સંસારની બીજી સ્ત્રીઓ ! રાજા ઢાલની એક બાજુને નીરખી રહ્યા, ને ઉતાવળે મનોમન નિર્ણય બંધાવા લાગ્યા.

જેવી એ સ્ત્રી એવી રાણી પણ સ્ત્રી ! મહારાણી થયે કંઈ સ્ત્રી મટી જવાય છે. અરે, ઊલટા આ આહાર-વિહાર તો વધુ કામપ્રદ હોય છે. રાજમહેલમાં યોગી એક દહાડો તો વસી જુએ ! બીજે દહાડે યોગીનો ભોગી બની જાય !

અવશ્ય મૃગાવતીએ મારા પ્રેમનો ગેરલાભ લીધો. આવા રૂપાળા રઢિયાળા ચિતારાને જોઈ વૃદ્ધ પુરુષની કઈ પત્ની ન લોભાય ? અરે ! મૃગાવતી લોભાણી ન હોય તો એની જાંગ પરનો તલ ચિત્રકાર કઈ રીતે જાણી શકે ?

વત્સરાજની આંખોમાં અગ્નિ ભભૂકી ઊઠયો. એ વખતે ચોકીદારે અંદર પ્રવેશ કરીને કહ્યું : "મહારાજ, ચિતારાજી આવી પહોંચ્યા છે. "

"જાઓ, એનું કાળું મોં મને ન બતાવશો. એને લઈ જઈને કારાગૃહમાં કેદ કરો. બપોરે ન્યાયસભામાં એનો ન્યાય તોળીશ. એના મસ્તક પર ભયંકર અપરાધ, કાળા નાગની જેમ ફણા પ્રસારીને ખડો છે !"

દ્વારપાલ અજાયબીમાં ડૂબી ગયો. એક ક્ષણમાં આ કેવું પરિવર્તન ! અરે, હજુ બે પળ પહેલાં તો જેને રાજકીય માન-સન્માનથી નવાજી નાખવાની વાત હતી, એને માટે અત્યારે બેડી ને કારાગૃહની આજ્ઞા ! પાઘડી બંધાવવાને બદલે માથું જ મૂળગું લઈ લેવાની વાત ! પણ આ ગરીબ દબાયેલા દ્વારપાળો એક સૂત્ર જાણતા હતા, કે રાજાની કૃપા સમુદ્રના તરંગ જેવી ચંચળ છે. માટે नृपाणामाज्ञा अविचारिणीया। રાજાની આજ્ઞા વિચાર કર્યા વિના ઉઠાવવી.

છતાંય એણે યુક્તિપૂર્વક ફરી વાર આજ્ઞાની સ્પષ્ટતા કરવા પૂછયું : "મહારાજ, બેડીઓ જડું કે હેડમાં નાખું ?"

"જાઓ, એવી બેડીઓ જડો કે બદમાશ જરાય હલી કે ચલી ન શકે. આ સંસારનો હવે થોડી ઘડીનો એ

મહેમાન છે. એનો ગુનો ભયંકર છે. પૃથ્વી એનાથી ભારે મરે છે!" રાજાજી, જે સેવકો સાથે સંક્ષેપમાં વાત કરવાની ટેવવાળા હતા તે, આવાં લાંબાં વાક્યો પોતાની જાતને સંભળાવતા હતા, કે સેવકોને તે પ્રશ્ન હતો.

દ્વારપાળ શિર નમાવીને ચાલ્યો ગયો.

વત્સરાજના ધગધગતા કોપાનલમાં ફરી ભડકા ઊઠવા લાગ્યા. એમના ચિત્તનું તંત્ર ધડાકા કરતું વિચાર કરવા લાગ્યું:

"છરી ભલે સોનાની હોય, પણ આખરે તો છરી જ ને! પેટ પડી લોહી જ કાઢવાની! મૃગાવતી ભલે પદ્મિની રહી, પટરાણી રહી, પણ આખરમાં સ્ત્રી તો ખરી ને! અને શાસ્ત્રમાં કહ્યું નથી रूपवती भार्या शत्रुः । રૂપાળી સ્ત્રી ભરથારને શત્રુની ખોટ પૂરી પાડે! કાલે શા માટે એ મને વિષ આપીને આ ચિતારા સાથે સ્વૈરવિહાર ન માણે? પુરાણીજી કહે છે, કે નારી પ્રત્યક્ષ રાક્ષસી!

"નારી! ખરેખર, નારી નરકની ખાણ! સારું છે, કે મારું અંતઃપુર વિશ્વાસુ કંચુકીઓથી રક્ષાયેલું છે. નહિ તો કોણ જાણે શું થાત? હું રાગાંધ એ વાત કેમ ભૂલી જાઉં છું, કે એક દહાડો આ રાણી મૃગાવતીએ જ મને કહ્યું હતું કે આ કંચુકીઓને ખસી કરવાની મના કરીએ તો? આ રીતે જોરજુલમથી એ લોકોને પુરુષત્વથી હીન કરવામાં શો લાભ? એમનો સંસાર ઉજ્જડ કરી મૂકવાથી શું હાંસલ?

મેં કહ્યું: "તો તો અંતઃપુર વેશ્યાવાડા જેવાં જ બની જાય. આ ષંઢ ચોકીદારો જ એના સાચા ને નિર્દોષ

રક્ષકો છે. એક તો, એકાકી હોવાથી મરતાં સુધી અહીં પડ્યા પાથર્યા રહેવાના. પ્રેમ કરવાની શક્યતા દૂર થવાથી એ કોઈ લોભ–લાલચમાં નહિ સપડાવાના. વળી કુટુંબકબીલો નહિ એટલે જે મળે તેનાથી સંતોષ પામવાના. સ્ત્રીઓની રક્ષા માટે અથવા રાજાઓનાં વિશાળ અંતઃપુરોની રક્ષા માટે અન્ય કોઈનો ભરોસો ન રાખી શકાય ! ”

એ વેળા મૃગાવતીએ શું કહેલું ? અરે, હું મૂર્ખ એ વેળા એની વાતનો મર્મ ન સમજી શક્યો ! મારા ચિત્ત ઉપર એના રૂપની મોહિની એવી પથરાયેલી હતી, કે એ રાત કહે તો રાત ને દિન કહે તો દિન સમજતો. એણે કહ્યું હતું : “સ્વામીનાથ, આપ સ્ત્રીને શું સમજો છો ? એ પણ શક્તિશાલિની છે. તમે માનો છો કે તમારા જેલ જેવાં અંતઃપુરો ને પડદાઓથી એ સુરક્ષિત ને સંયમી રહે છે. પણ એમાં આપ ભૂલ ખાઓ છો. એ ધારે તો વજ્રના કિલ્લા પણ ભેદીને બહાર નીકળી જઈ શકે છે. ફૂલની જેમ કોમળ લાગતી સ્ત્રી અંદરથી વજ્ર જેવી હોય છે. પણ એની અંદર રહેલા એક કોમળ મૃદુ તત્ત્વથી એ પોતે રિબાય છે, પણ સામાને બનતાં લગી ડંખ નથી મારતી. એટલું યાદ રાખજો કે સ્ત્રી રહે તો આપથી ને જાય તો સગા બાપથી ! ”

ને રાણીનાં એ વચનોને મેં ભોળા ભાવથી સ્વીકાર્યાં !. અરે, એના રૂપનો હું એવો દાસ બની ગયો હતો, કે એણે જે સારું ખોટું કહ્યું—મેં સદા તેનો સ્વીકાર કર્યો ! હું કેવો મૂઢ ઘેટા જેવો કે એ મને દાસબજારમાં લઈ ગઈ ને મૂઢની જેમ એનો દોર્યો હું દોરાયો. ને ત્યાં ફરતાં જે દશ્યો

એણે મને બતાવ્યાં એ મેં જોયાં. મેં વિચાર ન કર્યો કે દુનિયામાં કેટલીક વાતોમાં આંખ આડા કાન કરવા પડે છે. ને હું ન સમજ્યો કે દુનિયાનું ગાડું તો એમ જ ચાલે. આ દાસદાસીઓનો વેપાર કંઈ નવો છે? જમાનાઓથી ચાલ્યો આવે છે. શું અમારા કરતાં અમારા વૃદ્ધો ઓછા ડાહ્યા હતા! એમને જોવાને આંખ, સાંભળવાને કાન ને સમજવાને બુદ્ધિ નહોતી! અરે, સંસાર આખો નિર્લજ્જ, નાગો ને નાલાયક છે. સારાં વસ્ત્રો પહેર્યાં, જરા સંસ્કાર ને શણગાર કર્યા, એટલે શું સંસાર સુધરી ગયો? મૃગાવતીના કેટલાક ગુરુઓ તો કહે છે, કે લડાઈ ન કરો, લશ્કર ન રાખો! તો શું વળી કોઈ રાજા યુદ્ધ વિના રહી શકે? યુદ્ધમાં સ્વર્ગ બતાવનાર પુરાણ પુરુષો શું અક્કલ વગરના હતા?

રાજા શતાનિકની વિચારણા આગળ વધી :

"જેમ કેટલુંક સાંભળ્યું–ન સાંભળ્યું કરવું જોઈએ એમ કેટલુંક જોયું–ન જોયું કરવામાં સંસારનો સાર રહેલો છે. પણ સ્ત્રીની બુદ્ધિએ ચાલનાર મેં, મૃગાએ બતાવ્યું તે જોયું! એણે મધલાળ જેવા શબ્દોમાં કહ્યું: "સ્વામીનાથ! આ મહામાન્ય દાસબજારોમાં કેવાં ઘૃણિત કાર્યો ચાલે છે, તે તો જુઓ. રાજા, પ્રજાની કમાણીના દશમા ભાગનો જેમ હકદાર છે, એમ એના પાપ–પુણ્યમાં પણ એનો હિસ્સો છે. અરે, ત્યાં જુઓ! પેલા દેખાવડા જુવાનને પુરુષત્વથી હીન કરવાની કેવી ઘૃણિત ક્રિયા ચાલી રહી છે. લાચાર પશુની જેમ કેવાં બોકાંસાં એ પાડી રહ્યો છે. ને ઉપરથી વધારામાં

એને ચૂપ કરવા માટે કેવો માર મારવામાં આવે છે! અરે, એ રીતે આ ગુલામની કિંમત વધારવામાં આવે છે. કારણ કે વિલાસીજનોનાં વિલાસભુવનોમાં રહેલી વિલાસિકાઓની રક્ષા માટે આ ખૂબ જ ઉપયોગી થઈ પડે છે! અંતઃપુરોની અસૂર્યંપશ્યાઓની ચોકી માટે રાજ-રજવાડાં મોટાં મૂલ્ય આપી એમને લઈ જાય છે! શ્રીમંત ગૃહસ્થોનાં ઘરોની ચોકી માટે સદા અતૃપ્ત રહેતા ને પરિણામે ખિજવાયેલા રહેતા આ દ્વારપાલો ભારે સગવડભર્યા હોય છે. સંસારને એમણે કઠોર ને કદર્થ જોયો હોય છે, એટલે મરેલા આત્માવાળા આ દાસોને ગમે તેવું કઠોર કે કદર્થ કામ કરતાં આંચકો આવતો નથી !

"અને સ્વામીનાથ ! કેવળ જુવાનને જ નહિ, નાનાં નાનાં ગુલામ બાળકો પર પણ આ ઘૃણિત અત્યાચાર ગુજરી રહ્યો છે. મોટી ઉંમરના દાસ ઉપર એ ક્રિયા કરતાં ઘણી વાર શસ્ત્રના ઘાની તીક્ષ્ણતાથી એ મૃત્યુ પામે છે, જ્યારે નાની ઉંમરનાં બાળકોમાં એ ક્રિયાથી મૃત્યુપ્રમાણ ઓછું આવે છે! શું આ ભયંકર કાંડના આપણે જવાબદાર નથી ? શું સંસારમાં જાણતાં કે અજાણતાં કરેલાં કર્મનો બદલો માનવીને અવશ્ય મળવાનો છે, એ વાત આપનાથી ભુલાઈ ગઈ છે?"

વાહ રે પુંશ્ચલી! મેં તારી મીઠી મીઠી વાતોને સાચી માની લીધી! એમાં પેલી ચંદનાનો પ્રસંગ બની ગયો. ન જાણે મહાયોગી ભગવાન મહાવીરે શા કારણે એના હાથે ભિક્ષા લીધી હશે! કદાચ એમના મામાની દીકરીની દીકરી થાય એટલે લીધી હોય. મહાયોગી તો વર્ષોથી મૌન છે. પણ એમના મૌનનો આ બધાએ જૂઠો અર્થ તારવ્યો ને

સહુને બનાવ્યાં ! અરે, હું પણ મૂર્ખ કેવો, કે સમસ્ત વત્સદેશમાં ગુલામીના વેપારની બંધી માટે રાજ–આજ્ઞા કાઢવા માટે તૈયાર થઈ ગયો. બેએક દિવસ વધુ વીત્યા હોત તો એમ બની પણ ગયું હોત! મને એ વખતે વિચાર સરખો પણ ન આવ્યો કે આ સ્ત્રીઓ આ રીતે અંતઃપુરમાં મનમાન્યા પુરુષથી યથેચ્છ વિલાસ ભોગવવાની તક ઊભી કરવા માગતી હતી! અરે, સંસારમાં પુરુષનો બધી બાબતમાં વિશ્વાસ કરી શકાય, પણ એક સ્ત્રી, અને તે પણ સૌંદર્યવતી સ્ત્રીના વિષયમાં કદી વિશ્વાસ ન કરી શકાય. હળાહળ વિષભરેલા નાગને ઘરમાં સંઘરવો ઓછો ભયાનક છે, પણ સુંદર સ્ત્રી જે ઘરમાં છે ત્યાં જુવાન પુરુષનો માત્ર પડછાયો પણ વિષથીય વધુ કાતીલ બને છે! અલબત્ત, આ ગુલામોને થોડું દુઃખ જરૂર થાય છે, પણ એમની કિંમત કેટલી વધી જાય છે! આખી જિંદગી કેવી સુખમાં પૂરી થઈ જાય છે! ન કંઈ આળપંપાળ, ન કોઈ જાતની જંજાળ. બિચારા બીજા સંસારીઓ તો ન જાણે કેવી ભયંકર દશા ભોગવી રહ્યા હોય છે! ન ખાવાના ઠેકાણાં, ન રહેવાનાં! વળી વધુ માણસોના સુખ માટે થોડા દુઃખ ભોગવે તો કંઇ ખોટું પણ નથી!

રાજા શતાનિકની વિચાર–નૈયા ભારે વાવંટોળમાં સપડાઈ ગઈ હતી. રાણીની જંઘા પરના બે તલ ન જાણે એના મનચક્ષુ આગળ કેવાં કેવાં કલ્પના–દશ્યો રજૂ કરી રહ્યા હતા. વૃદ્ધ પુરુષ જુવાન સ્ત્રી સમક્ષ પોતાની અશક્તિનો એકરાર કરી શકતો નથી. પણ એ જાણતો હોય છે, કે

પોતાની અશક્તિ ક્યાં રહી છે, ને સ્રી કઈ વાતે પોતાનાથી તુષ્ટ થતી નથી. ને તેથી એ વાતમાં એ હમેશ શંકાશીલ રહ્યાં કરે છે !

"મહારાજ, ચિતારાને ન્યાયસભામાં ઉપસ્થિત કરવામાં આવ્યો છે !" દ્વારપાળે આવીને સમાચાર આપ્યા.

"ચાલો, હું આવું છું. અધર્મનો ભાર જેટલો જલદી પૃથ્વી પરથી હળવો થાય એટલું સારું ! અરે, માણસ ઈશ્વરને તો જાણે વીસરી ગયો છે. સારું છે કે પૃથ્વી પર ઈશ્વરી શાસનની બીજી આવૃત્તિસમું રાજશાસન હયાત છે !"

ક્રોધાંધ માણસને શાસ્ત્ર, શિખામણો ને શિક્ષાવચનો ઊલટી રીતે પરિણમે છે—રોગીને જેમ સુંદર ભોજન પરિણમે તેમ !

## મત્સ્ય નવમું

## કોણ કોનો ન્યાય કરે ?

**ભરતકુલભૂષણ** મહારાજ શતાનિક+ આવીને વત્સ દેશના ન્યાયાસન પર બિરાજમાન થઈ ગયા. યુવરાજ ઉદયન પણ બાજુમાં આવીને બેસી ગયો. મંત્રીરાજ સુગુપ્ત પણ યથાસ્થાને ગોઠવાઈ ગયા. અંતઃપુરનાં સ્રીજનો પણ પાછળ આવીને બેસી ગયાં. અમાત્યો, મંત્રીઓ, સેનાપતિઓ, રાજન્યો, ભટ્ટો, માંડલિકો વગેરે પણ યોગ્ય સ્થાને આવીને બેસી ગયાં. પ્રશાસ્તારો ( ધર્માધ્યાપકો ) પણ પોતાના ઉચ્ચ સ્થાને બિરાજમાન થયા. નગરશેઠો, સાર્થવાહો, શ્રેણીનાયકો, ધનિકો ને ગૃહસ્થો પણ સભામાં આવી ગયા હતા.

સહુના મુખ પર ભારે ઇંતેજારી હતી. થોડી વાર પહેલાં યક્ષમંદિરના સુવિખ્યાત ચિતારા રાજશેખરને માન-ઈનામની મોટી મોટી વાતોની જાહેરાત થઈ હતી. અને બીજી જ ક્ષણે એની કેદ અને કત્લની વાતો હવામાં ગૂંજતી થઇ હતી. અરે, રાજકૃપા તો ભારે ચંચળ છે. વરસે તો

---

+ વત્સરાજ શતાનિક ભરત વંશના પાંડવપૌત્ર જનમેજયનો વંશજ હતો. મૃગાવતી વૈશાલીના ગણનાયક રાજા ચેટકની પુત્રી હતી. વારવનિતા આમ્રપાલી પણ વૈશાલીની હતી.

અનરાધાર વરસે; ન વરસે તો હોય તેય શોષી લે, બધું બાળીને ખાખ કરી નાખે.

ભરતકુલભૂષણ મહારાજ વત્સરાજે મંત્રી સુગુપ્ત સાથે કેટલીક મંત્રણા કરી. મંત્રીરાજે સામે કેટલીક ચર્ચા કરી, ને અંતે બંને એક નિર્ણય પર આવ્યા. જાણે વત્સરાજ એમ કહેતા લાગ્યા, કે મંત્રીરાજ, હું તો એક ઘા ને બે કટકામાં માનું છું. બંનેને લટકાવી દો! મંત્રીરાજ એમ સમજાવતા લાગ્યા કે એમ ન બને! રાજવંશનાં માણસોનો નિર્ણય બંધબારણે થવો ઘટે. ને તેમાં શિક્ષા પણ શૂળી જેવાં સાધનોથી નહિ પણ વિષપાન જેવાં સાધનોથી થવી ઘટે! આખરે વત્સરાજ કંઈ સમજ્યા, ને મંત્રીરાજને એમની રીતે વાત સભામાં રજૂ કરવા કહ્યું. થોડી વારે મંત્રીરાજ પોતે ખડા થયા, ને સભાજનોને ઉદ્દેશીને બોલ્યા :

"મહામાન્યો, ભરતકુલભૂષણનાં હાથે આજ જાહેર-સભામાં જેનો ન્યાય ચુકવાઈ રહ્યો છે, એ અપરાધી અન્ય રાજકુળોની રીત મુજબ ન્યાય માગવાને પણ હકદાર નથી; એનો તો ઈશ્વરનું નામસ્મરણ કરવા જેટલી પણ તક આપ્યા સિવાય શિરચ્છેદ કરવો જોઈએ. પણ પરમ ઉદાર મહારાજ વત્સરાજને એ રીત પસંદ નથી.

"વિગત એવી છે, કે ચિતારા રાજશેખરે રાજવંશની સુંદરીઓને, ઔચિત્યનો ભંગ થાય તે રીતે, ચીતરી છે. તેમ જ એમાં કેટલાંક અવયવો એટલાં તાદૃશ ચીતર્યાં છે કે એ ચિતારાના નૈતિક અધઃપાત માટે પૂરતા પુરાવારૂપ છે. અને એ અધઃપાતની સજા માત્ર દેહાંતદંડ જ રાજ્યશાસનમાં લખેલી છે.

"મારો નૈતિક અધ:પાત ? કોની સાથે ?" ચિત્રશાએ વચ્ચે કહ્યું.

"તમે તમારી વાત ભલે કરો. પણ યાદ રાખો કે રાજકુળનાં કોઈ પણ સ્ત્રી–પુરુષનાં શીલ–સંયમની જાહેર ચર્ચા શાસનના ધારાની બહાર છે. એને કોઈ કાયદો સ્પર્શી શકતો નથી. રાજકુળનાં મહામાન્ય સ્ત્રી અથવા પુરુષોમાંનું એક પણ નામ તમારી જીભ પર આવવું ન જોઈએ. તમારા અપરાધ વિષે ખુશીથી જે કહેવું હોય તે કહો. વત્સરાજની ન્યાયસભામાં વાઘ–બકરી એક આરે પાણી પીએ છે !"

"હું સમજ્યો," ચિત્રકારે ક્ષણવાર વિચાર કરતાં કહ્યું, "જેને હું મારી નિપુણતા લેખું છું એને આપ મારો અપરાધ લેખો છો ! અંગશાસ્ત્રના વેત્તા તરીકેનું મારું અભિમાન એ મારો અપરાધ ઠરે છે ! મારું નિવેદન માત્ર એટલું છે, કે આ વિદ્યાને મેં તપ, વિનય, પાવિત્ર્ય ને કૌશલથી હાંસલ કરી છે. બજવૈયો બંસી બજાવે છે–ને એણે ન ધારેલી સ્વરમાધુરી પ્રસરી રહે છે, એમ મને જાણ પણ નથી હોતી, ને મારી કલમથી સ્વાભાવિક રીતે પરિપૂર્ણ ચિત્રકૃતિ આલેખાઈ જાય છે. પ્રસ્તુત ચિત્રમાં પણ તેમ જ બન્યું. આંખની કીકીમાં કાળું અંજન ભરતાં પીંછીમાંથી એક ટપકું અધોભાગ પર પડ્યું. મેં જાળવીને લૂછી નાખ્યું. ફરી વાર પણ ત્યાં જ ટપકું પડ્યું. ફરી મેં લૂછી નાખ્યું, પણ ન જાણે કેમ, પૂરતી સાવચેતી છતાં ત્રીજી વાર પણ બિંદુ ત્યાં પડ્યું. આ વખતે એને લૂછી નાખતાં એ ચિત્ર બગડવાનો સંભવ લાગ્યો.

હું થંભી ગયો. વિચાર કરવા લાગ્યો કે અરે, મારી કુશળ લેખિનીમાં આટલી મંદતા કેમ સંભવે? થોડી વાર મેં વિશેષ વિચાર કર્યો. પછી તરત જ મને યાદ આવ્યું કે અમુક લક્ષણોથી યુક્ત મહાપદ્મિની સ્ત્રીને જંઘા પર તલ હોય, અને તે એક નહિ પણ બે. મહારાજ, ભારે કદરદાનીની આશાથી આ કાર્ય કર્યું છે.”

સભા ચિતારાના નિવેદન તરફ દોરવાઈ ગઈ. તરત જ મહારાજ શતાનિકે ચિતારાના નિવેદનની છણાવટ કરવા માંડી: “કાગડાને બેસવું ને ડાળને પડવું, એવો ‘કાકતાલીય’ નામનો ન્યાય અમે પણ જાણીએ છીએ. પણ આવી બાબતમાં ચાલાક ગુનેગારનો એ બચાવ નથી. પુરુષની ચંચળતા ને સ્ત્રી–ચરિત્રની દુર્ગમતા જાણનાર સહેજે કલ્પી શકે કે.......’

“મહારાજ,” મંત્રીરાજ સુગુપ્તે વચમાં ધીરેથી કહ્યું, “આ તો આપણી જાંઘ આપણે હાથે ઉઘાડી થાય છે.” વ્યગ્ર વત્સરાજને વિચક્ષણ મંત્રીએ આગળ બોલતાં વાર્યા. પણ રાજાજીએ બૂમ મારી :

“મંત્રીરાજ! એક તો ચોરી અને પાછી શિરજોરી! ચઢાવી દો એ ચિતારાને શૂળીએ!”

“સુવર્ણને બદલે શૂળી!” ચિતારાએ ઉચ્ચ સ્વરે કહ્યું, “શું આનું નામ વત્સરાજના દરબારનો ન્યાય? ઘેર ઘોડો આવ્યો એટલે શું બધું વિસરાઈ ગયું? મારી કળા, મારી મહેનત, મારી સાધના, મારું તપ—એ બધાનું શું આ ઇનામ! રાજન્!”

“ભરેલા દૂધના ઘડામાં વિષનું એક ટીપું પણ એને નિરર્થક બનાવી નાખે છે. ચિતારા, તારા અધઃપાતે

તારી કળા, તારી મહેનત, તારી સાધના, તારું તપ—સર્વ કંઈ નિષ્ફળ બનાવ્યું છે! પાપાત્માઓનો ભાર પૃથ્વી સહન કરી શકતી નથી. માટે હું તને દેહાંતદંડની સજા ફરમાવું છું."

"રાજાજી, આપ જ્યારે ન્યાય ન છણતાં માત્ર આક્ષેપ જ કરો છો, ત્યારે પરિણામનો પૂરતો વિચાર કરીને કહું છું, કે વત્સરાજના ભાવભર્યા હૃદયમાં શંકાનું વિષ સીંચાયું છે. મહારાજ, કોઇ વાર માણસ પોતાના પડછાયાથી પોતે જ ડરે છે, પોતાના જીવનના પડઘા – પ્રતિબિંબ સ્વયં સાંભળે છે–પોતે જ નિહાળે છે, ને એને સત્ય માને છે! પાપાત્મા કદાચ હું હઈશ; પાપ એટલું જ કે મેં મારાથી મોટા પાપાત્માઓની સેવા કરી હશે! રાજસેવા શું આટલી ભૂંડી હશે? સજ્જનોએ આ માટે જ એને અવખોડી હશે!"

"હું વધુ સાંભળવા તૈયાર નથી!" વત્સરાજે ઉચ્ચ સ્વરે કહ્યું. અચાનક પાછળ કંઈક પડયાનો અવાજ થયો. વત્સરાજનું લક્ષ તે તરફ ખેંચાયું.

"મહારાજ! મહારાણી મૃગાવતી દેવી એકાએક બેભાન બની નીચે પછડાયાં!"

"એમને સુશ્રૂષાગૃહમાં લઈ જાઓ ને રાજવૈદને તેડાવો." રોજ રાણીજીનું નામ પડતાં દોડયા જતા રાજવી આજ કંઈક સ્વસ્થ લાગ્યા. એમણે ફરી કહ્યું :

"મંત્રીરાજ, તમે તો ધર્મના જાણકાર છો. આ વિષયમાં તમારો અભિપ્રાય શું છે?"

"મહારાજ, અપરાધમાં સંદેહ ઊભો થાય છે. સંસારમાં

ઘણી એવી વાતો છે, કે એનો સાદી સમજ અને ચાલુ રીતથી ન્યાય તોળી ન શકાય. કેટલાંક રહસ્યો ભારે ગૂઢ હોય છે, અને તેથી જ જ્યાં જરા જેટલો સંદેહ ઊભો થાય ત્યાં આરોપીને શિક્ષા ન થઈ શકે, એવો પવિત્ર ન્યાયનો જૂનો કાનૂન છે. માણસ માત્ર—પછી ભલે ને ગમે તેવો સમર્થ હોય, એ પણ—ભૂલે છે. રાજા પણ ભૂલે! ન્યાયશાસ્ત્રી પણ ભૂલે!"

"મંત્રીરાજ! તમે માનો છો ખરા કે ચિતારાએ ઔચિત્યભંગ કર્યો છે? यद्यपि शुद्धं लौकाविरुद्धं ना करणीयं नाचरणीयं। વસ્ત્રોની નીચે કોણ નગ્ન નથી? છતાં શું તેથી બધાં નગ્ન થઈને ફરશે કે?" વત્સરાજ સત્યને અવળે હાથે રજૂ કરતા હતા. એમની કલ્પનાની ભૂમિમાં ચિતારાનાં દુષ્ટ અવયવો જાણે મહારાણી મૃગાવતીને સ્પર્શતાં જોવાતાં હતાં. અરે, એ નયનાં સામે નજર નોંધનારનાં નેણ કઢાવું, આંગળી ચીંધનારના હાથ વઢાવું, હોઠ હલાવનારની જીભ વઢાવું. એનાં...." વત્સરાજની કલ્પનાભૂમિ હાહાકાર કરી ઊઠી.

"રાજન્! સજા તો જે કરવી ઘટે તે કરજો, કારણ કે હું તમારે વશ છું, અહીંથી તમારી મરજી વગર મારો છુટકારો અશક્ય છે. પણ આજના રાજદરબારોમાં શું આવાં ચિત્રોનો શોખ નથી? હજી તો મેં આમાં ઘણી મર્યાદા જાળવી છે; પારદર્શક વસ્ત્રોનો પડદો રાખ્યો છે. ફક્ત એકાકી સ્ત્રીનું ચિત્ર દોર્યું છે. પણ શોખીન રાજાઓએ પોતાની પત્નીઓની સાથે, સાવ નગ્ન, અને કેવલ નગ્ન પણ નહિ...." કયા શબ્દોમાં એ વાસ્તવિકતાને રજૂ કરવી એ ચિત્રકારને ન સૂઝ્યું.

" મંત્રીરાજ ! ચાલાક ગુનેગાર સાથે હવે વધુ વાર્તાલાપની ધીરજ નથી. તમને પૂછું છું, કે શું એણે ઔચિત્યભંગ નથી કર્યો ?" વત્સરાજ આજ ઉચિત-અનુચિતતા છણતા હતા. " તમે લાખ કોશિશ કરો પણ ચોર પોતાને ચોર કદી નહીં કહે ! "

" મહારાજ, ઔચિત્યભંગ તો થયો છે ! "

" તો બસ, મારી સજા છે કે.... "

" હાં, હાં, મારા નાથ ! સજા વિચારીને કરજો. કલાકારની સજા શું હોય તે આપ જાણો છો. નાગને માથેથી મણિ લઈ લો, કલાકારની પાસેથી કલા ! પછી એમાંથી એકેને હણવાની જરૂર નથી. મહારાજ, દયાનિધિ છો, વિવેકવારિધિ છો. શાસ્ત્રમાં કહ્યું છે, કે सकृत् जल्पन्ति राजानः । રાજા એક જ વાર બોલે. માટે એવું બોલજો, કે મારે કંઈ ધર્માવતારને વિનતિ કરીને ફેરવવું ન પડે ! મારા વત્સરાજનો ન્યાય ઝાંખો ન પડે ! ભરતકુલભૂષણના સિંહાસનને ઝાંખપ ન લાગે ! "

" ભારે જિદ્દી છો, મંત્રીરાજ ! બીજો રાજા હોત તો તમારી આટલી વાત ન સાંભળત...."

" અરે, મારા સ્વામી ! એ પણ જાણું છું કે એની વચ્ચે આટલી પણ રોકટોક કરત તો અપરાધીની સાથે મારું મસ્તક પણ ઊડી જાત. પણ આ તો વત્સરાજનો દરબાર છે. ગરીબ પારેવાને પણ પોતાની પાંખ ફફડાવી પક્ષ રજૂ કરવાનો હક છે. "

"વારુ, વારુ મંત્રીરાજ! મારા મનમાં પણ હજી સંદેહ જ છે. બીજા પક્ષને સાંભળ્યો પણ નથી. આપણે એને સંદેહનો લાભ આપીએ, પણ સાથે સાથે એક અનિષ્ટને હળવું કરીએ. આવા ચિતારાઓએ રાજાઓનાં અંતઃપુર, જે મૂળથી જ વિલાસ-વાસનાના માંડવા હતાં, એમાં ચિતરામણો આળેખી ભડકા લગાડી દીધા છે. જ્યાં જઈએ ત્યાં એવાં ચિતરામણ કર્યાં છે, કે અમારાં હૈયાં ઊકળતાં જ રહે; અમારી આંખો ખેંચાઈ–ખેંચાઈ ને એમાં આંધળી જ થઈ જાય. બીજી શિક્ષા એ પાપાત્માને નથી કરતો–ફક્ત એટલો હુકમ કરું છું, કે એના જમણા હાથનો અંગૂઠો કાપીને એને વત્સદેશની બહાર કાઢી મૂકો. ફરી વત્સદેશની હદમાં દેખાય તો તરત ગરદન મારવો!"

વત્સરાજ સજા સંભળાવીને વધુ વાર ન થોભ્યા. એ અંતઃપુરમાં ચાલ્યા ગયા. પણ મૂર્છિત મહારાણીના આવાસ તરફ ન જતાં એ બીજી તરફ ચાલ્યા. વિધવિધ સામગ્રીઓથી શણગારેલાં, હાથીદાંતની કમાનોવાળા, સોના-રૂપાની છતવાળા, સુગંધી દીપકોવાળા ભવનોમાંથી એ પસાર થવા લાગ્યા. આર્યાવર્તના મશહૂર ચિત્રકારોએ નિર્માણ કરેલાં વિધવિધ ચિત્રપટો ત્યાં લટકતાં હતાં.

એક ચિત્રની પાસે આવતાં વત્સરાજ જરા થોભી ગયા.

એ ચિત્રમાં ગિરનારની ગુફામાં, વરસાદનાં પાણીથી પલળેલાં દેવી રાજુલ પોતાનાં વસ્ત્ર અળગાં કરીને સૂકવતાં દેખાતાં હતાં. ને દૂરથી ભગવાન નેમનાથના ભાઈ રહનેમિ એ સુંદર કાયાને કામવશ થઈને નીરખી રહ્યા હતા!

નિર્લજ્જ ચિત્રકાર ! શું દેવી રાજુલનો આવો પ્રસંગ આળેખી શકાય ? ગમે તેવો પુત્ર માતાની નગ્નતા નીરખી શકે ? અરે, નીરખીને આળેખી શકે ? ધિક્કાર હજો મને, કે આ છબીઓ મેં નીરખ્યા કરી ને વખાણ્યા કરી ! ધર્મને નામે પણ કેવળ કામને પોષ્યો ! વત્સરાજે હાથમાં રહેલા રાજદંડથી એ છબીને તોડી નાખી નષ્ટભ્રષ્ટ કરી નાખી !

જરા આગળ વધ્યા ત્યાં બીજું ચિત્ર આવ્યું. ચિતારાએ એમાં સુવર્ણ રંગો પૂરીને અજબ કારીગરી આણી હતી. એ ચિત્રફલક પ્રસન્નચંદ્ર રાજવીના પુત્ર વલ્કલચીરીને જંગલનું જીવન છોડાવીને શહેરમાં આણવા ગયેલી વેશ્યાઓનું હતું. જીવનભર સ્ત્રીને ન નીરખનાર પેલા વનમાનવ જેવા વલ્કલચીરી પાસે પોતાના ઉન્નત વક્ષસ્થળનો સ્પર્શ કરાવતી વેશ્યાઓને પેલો કુમાર જ્યારે આશ્ચર્યથી પૂછે છે, કે તમારી છાતી પર આ કયાં ફળ ઊગ્યાં છે, ત્યારે વેશ્યાઓ કહે છે, કે એ ફળ શહેરમાં જ થાય છે, ને ખૂબ રસીલાં થાય છે. મારી સાથે ચાલે તો તારી ઈચ્છા મુજબ ચખાડું !

"છે કોઈ હાજર ?" વત્સરાજે બૂમ પાડી. પાછળ જ દાસ–દાસીઓનું ટોળું પડી આજ્ઞા ઉઠાવવા સજ્જ ખડું હતું. "શું માણસોનાં મન છે–વિષ્ટાની માખી જેવાં ! મીઠાઈના ભરેલા થાળ મૂકી વિષ્ટા પર જ જઈને બેસે. જલાવી દો આ ચિત્રને !"

ગઈ કાલે જ જેની ઉત્કૃષ્ટતાનાં વખાણ કરતાં રાજાજી થાકતા નહોતા, એને જ આજ અગ્નિને આધીન ! પણ

રાજાઓનાં ચંચળ ચિત્તને જાણનાર દાસ-દાસી આજ્ઞાનો અમલ કરવા દોડયાં.

વત્સરાજ આગળ વધ્યા. અચાનક એમની નજરે એક નટડીના સૌંદર્યને પોતાનું બનાવવા નીકળેલ ને એ માટે સ્વયં નટ બનેલા શ્રેષ્ઠીપુત્ર ઈલાચીકુમારનું ચિત્ર આવ્યું. નટડી ફૂટડી-સૌંદર્યના ઝરણા જેવી-એક બાજુ ઊભી ઊભી કામણ કરતી હતી. સામે નટના ખેલ જોતો રાજા વિચારતો હતો, કે આ નટ દોર ચૂકે ને મરે તો આ સુંદર સ્ત્રીને મારી કરું! પેલો નટ વિચારતો હતો કે આ રાજાને રીઝવી દઉં ને ઈનામ લઉં તો નટડી એના વચન મુજબ મારી થાય!

વાહ, વાહ, શું નારીના રૂપની મોહિની! સુંદર પ્રસંગ ચીતર્યો ચિતારાએ! દુનિયામાં આવું જ ચાલ્યા કરે છે! પેલો પેલીને ઝંખે છે; પેલી પેલાને ઝંખે છે! સહુ ઝંખતા ઝંખતા મરે છે, ને ઝંખેલું કદી મળતું નથી! દાસી, આ ચિત્રને મધ્ય ખંડમાં સુંદર રીતે ગોઠવ!

અને હાં....ઊભી રહે દાસી! આ કોનું ચિત્ર છે? પુત્રને ખાનારી માતાનું! પૈસા માટે દીકરાને વેચી દેનાર— ને વેચાયેલો દીકરો પાછાં આવતાં રખે, પોતાની સંપત્તિ લોકો લઈ જશે, એ બીકે—અંધારી રાતે પુત્રને હણવા જનાર માતાનું!

શાબાશ! સંસારમાં સ્ત્રી માત્ર ખરાબ! પછી એ માતા હોય કે પ્રિયતમા હોય! શાસ્ત્રીજી કહેતા હતા— ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ। સ્ત્રીને સ્વતંત્રતા ન હોય. બાળપણમાં

બાપ રક્ષા કરે, મોટપણે પતિ ને વૃદ્ધાવસ્થાએ પુત્ર! વત્સરાજ હસ્યા; એ હાસ્ય ભયંકર હતું!

એક દોઢદાહી–મોઢે ચઢાવેલી–દાસી આ વખતે જરા આગળ આવી, ને નમસ્કાર કરી કહ્યું : “ મહારાણી આપને યાદ કરી રહ્યાં છે! બાળકુમાર ઉદયન પણ પાસે બેસીને રડ્યા કરે છે! ”

“ જાઓ, ઉદયનને મારી પાસે તેડી લાવો! તારી રાણીને કહેજે કે રાજાજીએ આજ સુધી તો સ્ત્રીચરિત્ર સાંભળ્યાં હતાં, પણ હવે તો નજરે નીરખ્યાં. આજથી મેં સ્ત્રી–મુખ ન જોવાની બાધા કરી છે! તારી રાણીએ તો સ્ત્રીપદ સાચું ઉજાળી બતાવ્યું ! ”

દાસી ગઈ. થોડી વારમાં ખુદ મહારાણી મૃગાવતી બાળ-કુમાર ઉદયનને આંગળીએ વળગાડીને આવતાં જણાયાં. રાજાજીએ તરત જ ભયંકર સ્વરે કહ્યું :

“ ઉદયન્, અહીં આવ! રાણી, તમે પાછાં ફરી જાઓ! મારે સ્ત્રીનું મુખ નીરખવાની બંધી છે. આવશો તો કાં તો તમે નહિ હો, કાં હું ! ”

“ અરે રે! જે કાલે દ્વિતીય પ્રાણ હતી, કાલે જે બે દેહ ને એક આત્મા જેવાં હતાં–એ આટલા જલદી જુદા થઈ ગયા.” રાણી મૃગાવતી પડદા પાછળ રહી બોલ્યાં, “ શું હવે જતે અવતારે જે મોંએ તાંબુલ ચાવ્યાં એ મોંએ લાળા ચાવવાના આવ્યા. રાજાજી, સ્ત્રીના શીલ પર પ્રહાર કરવાને બદલે એના શિર પર પ્રહાર કર્યો હોત તો એને મરવું મીઠું લાગત! સ્વમાની સ્ત્રીને મન મરવા–જીવવાની

મહત્તા નથી, તમે તો આવું આળ મસ્તક પર મૂકી મરવું મુશ્કેલ કર્યું, ને આવું અપમાન સહી જીવવુંય મુશ્કેલ છે. ચંદનાની માતાની હું બેન છું. જીભ મને પણ કરડતાં આવડે છે!"

"રાણી, વધુ સ્ત્રીચરિત્ર ન દાખવો."

"સ્ત્રી! સ્ત્રી! રાજાજી સ્ત્રી સ્ત્રી શું કરો છો? જાણે સ્ત્રી સાથે તમારે કંઇ લેવા-દેવા નથી! અમે સ્ત્રી ન હોત—શાસ્ત્રમાં કહ્યો છે તેવો અમારો પોતીકાં જન પ્રત્યેનો કામ આઠ ગુણ બલવાન ન હોત—તો શા સુખે આ સંસારને વળગી રહેત? શા કાજે આ બધાં બંધનો હોંશે હોંશે સ્વીકારત? તમારા નિત્યપ્રતિના તિરસ્કારો ફૂલની જેમ શા માટે ઝીલ્યા કરત? ઓશિયાળું જીવન જીવી તમારા સુખશાન્તિના યજ્ઞમાં શા માટે પોતાની જાતને હોમી દેત? ને એમ કરીને બાળકોને જન્મ આપી-હૈયાનાં ધાવણ ધવડાવી-તમારા જેવો જ નિર્લજ્જ પુરુષ બનાવવા એને શા માટે મોટો કરત? અને શા લોભે પોતાના હાથે પોતાના દાસત્વની શૃંખલાને વધુ મક્કમ બનાવત?"

રાજાજી કંઈ ન બોલ્યા; બાળકુમાર ઉદયનને આંગળીએ વળગાડી બહાર ચાલ્યા ગયા.

## મત્સ્ય દસમું

### સબળ નિર્બળને ખાય

**સંધ્યા** રક્તરંજિત વાદળોની પાછળ ઊતરી રહી હતી. કૌશાંબીનાં વિશાળ તળાવોમાં કુમુદિની ધીરે ધીરે ઊંચું મોં કરી રહી હતી. સારસબેલડીઓ કાંઠે આવીને સ્તબ્ધ ખડી હતી. ઘેર જતાં ગૌધણના ગળાની વાગતી ઘંટડીઓ ને ઘેટાં ચારીને પાછા વળતા ગોવાળની વાંસળીના સૂરો વાતાવરણને ભરી રહ્યાં હતાં !

એ વેળા યક્ષમંદિરનો પેલો ચિતારો, ઘાયલ સ્થિતિમાં, તળાવની પાળે, વૃક્ષને ટેકે બેઠો બેઠો દૂર આભમાં નજર નોંધી રહ્યો હતો. હાથના અંગૂઠામાંથી ધીરે ધીરે રક્ત ટપકી રહ્યું હતું. મંત્રીરાજે સજા ફરમાવતાં ઘણી મહેર રાખી હતી. માત્ર અંગૂઠાનો અગ્ર ભાગ જ છેદવામાં આવ્યો હતો. છતાં એ શસ્ત્રના ઘા કરતાં હૈયામાં પડેલા ઘાની વેદના અપરંપાર હતી !

છેલ્લી રાત જ હતી – કૌશાંબીમાંથી વિદાય લેવાની ! એના હૃદયાકાશમાં પણ કોઈ અંધારી રાત જામી રહી હતી. ને ત્યાં જાણે હવે સૂર્યોદય થવાનો નહોતો ! સંધ્યા જેમ દિશાઓ

પર અંધારપછેડા લટકાવી રહી હતી, એમ કલાકારનાં દેહ, બુદ્ધિ, મન ને આત્મા–ચારે પર ભયંકર અંધારપછેડો લપેટાઈ રહ્યો હતો!

માનવહૃદયના એ પડખામાં કુદરતે મૂકેલા અમૃત ને વિષના બે કુંભમાંથી–વિષકુંભમાં આજે ઉભાળ આવ્યો હતો. એક તરફ તપ, પવિત્રતા, કૌશલ ને કઠણાઈથી પ્રાપ્ત કરેલી વિદ્યાને આવા વિલાસીજનોના ચરણમાં માત્ર લક્ષ્મીની આશાએ અર્પણ કરીને કરેલા જીવનદ્રોહનો અંતસ્તાપ એને બાળી રહ્યો હતો. બીજી તરફ એના વૃદ્ધ ગુરુના શબ્દો યાદ આવી રહ્યા હતા કે, સરસ્વતીનું માનમર્દન કરીને લક્ષ્મીના ચરણ-કિંકર બનશો મા! એમ કરવા કરતાં સરસ્વતીને સ્પર્શશો મા! તમારી વિદ્યા, તમારી કલા, તમારી સાધનાને પરાશ્રયી બનાવશો મા! સતત જ્યાં કામ–ક્રોધના વાવંટોળ ચઢતા હોય ત્યાં બીજની રેખ જેવી તમારી કલાને લઈ જશો મા!

ચિત્રકારે એક વાર કપાળ કૂટ્યું!

બીજી ક્ષણે અંતસ્તાપ પર જોર કરીને અપમાનની જોગણી શંખ, ડાકલાં ને ડમરુ સાથે જાગ્રત થઈ ઊઠી! જાણે કોઈ ભયંકર ચિત્કાર કરીને કહેતું સંભળાયું: "નામર્દ, આટઆટલું અપમાન પામ્યો, લોકની નજરમાં દુરાચારી ઠર્યો, તોય તને કંઈ ચાનક ચઢતી નથી! રે ષંઢ! તારા કરતાં તો ક્ષુદ્ર કીડી પણ સોગણી સારી. એ પણ પગ નીચે ચગદનારને મર્યા પહેલાં જરૂર ચટકો ભરે છે! વૈર! વૈર! પ્રતિશોધ! નિર્માલ્યતાનો સંગી બનીને શા માટે બેઠો છે! તારું અસ્તિત્વ નષ્ટ થાય તો ભલે થાય, પણ એ દુષ્ટ રાજાને દંડ દે!"

ચિતારો વેદનાભરી રીતે પાણીના અતલ ઊંડાણુને નીરખી રહ્યો. એક તણખલું પહાડને તોડી પાડવાના મનસૂબા કરે, એક પક્ષી સમુદ્ર પી જવાની આકાંક્ષા કરે, કેટલું હાસ્યાસ્પદ! કોશાંબીના ધણી પાસે કેટલું લાવલશ્કર! કેટલાં નોકર–ચાકર! કેટકેટલી શસ્ત્રસામગ્રી! એની સામે–હાથીના ઝુંડની સામે–ક્ષુદ્ર મગતરાની શી વિસાત! પણ આકાંક્ષાનો પાર કોઈ પામ્યું છે કે આ દુઃખી ચિતારો પામે!

તળાવનાં ઊંડાં આસમાની જળ ગૂંચળાં વળતાં જાણે એમાં હામાં હા પુરાવતાં લાગ્યાં. માળા તરફ જતાં પંખીઓ પણ સૂરમાં સૂર પુરાવતાં ભાસ્યાં. હવા પણ જાણે એમાં સંમતિ દર્શાવતી વહેવા લાગી. આથમતા સૂર્યનાં છેલ્લાં કિરણો પણ વિદાય લેતાં એ જ કહી રહ્યાં ભાસ્યાં: કેસરિયા કર, ઓ કમનસીબ! વેર, વેર, વેર. કયા દૃઢ સંકલ્પને સિદ્ધિ નથી વરી?

ધીરે ધીરે શીતળ બનતા જતા જળનાં ખૂબ ઊંડાણુમાં ઊતરીને ભરાઈ રહેલી માછલીઓ હવે ઉપર આવીને રમવા લાગી હતી. સુંદર સ્ત્રીની આંખો જેવી, રૂપેરી–સોનેરી માછલીઓ, ચિત્રકાર બેઠો હતો ત્યાં સુધી, રમતી ગેલ કરતી આવી પહોંચી.

આ સુખી, સ્વતંત્ર, નિર્દ્વંદ્વ રમતી માછલીઓને ચિતારો નીરખી રહ્યો. બીજે બધે જાણે આગ લાગી હોય એમ લોક આંધળા થઈને દોડયે જાય છે. જ્યારે અહીં કેવી શાન્તિ! કેવી સરલતા! અરે, આ સંસારમાં તો સર્વત્ર અશાન્તિ ને અશાન્તિ જ લાગ્યા કરે છે. જાણે

માણુસ આ પૃથ્વી પર સમાતું નથી, એટલે એકબીજાને ખાઈને જગ્યા કરી રહ્યું છે. એના શ્વાસમાંથીય હૃદયના જ્વાલામુખીનો લાવા નીકળે છે. એના સ્પર્શમાં પણ તપાવેલા લોઢાના થંભની આંચ છે. એની જીભમાં પણ મારણુ વિષ છે. આ જગતમાં કુટિલતા એ જ સર્વશ્રેષ્ઠતા-સર્વોચ્ચ ગુણ-લેખાય છે. જે વધુ લુચ્ચો-વિશેષ કુનેહબાજ-લોકોને લડાવી મારવામાં કુશળ એ રાજનો સર્વશ્રેષ્ઠ પુરુષ! એ જ માન-પાન પામવાનો પહેલો અધિકારી! પ્રપંચનિપુણતા એ જ સંસાર જીતવાની મોટી કૂંચી! રાજ અને સમાજ બંને આવી કુટિલ ને પ્રપંચી વ્યક્તિઓથી સંચાલિત થઈ એક પ્રપંચજાળ બની ગયાં છે. ત્યાં નિખાલસતા એ દુર્ગુણ લેખાય, નિર્દંશતા એ નિર્માલ્યતા લેખાય, નિરભિમાનીપણું એ નાલાયકી ગણાય!

અરે, સંસારના આ પોલા ગોળામાં કેટકેટલો દંભ, કેટકેટલો અનાચાર ને કેટકેટલી વ્યર્થ મારામારી ભરી દીધી છે! અને તે પણ માનવીએ પોતાને સગે હાથે!

ચિતારાની ચિત્તસૃષ્ટિમાં આજ નવા વિચાર-સૂર્યનો ઉદય થઈ રહ્યો હતો. એકાએક એની નજર એક સુંદર રૂપેરી માછલી પર સ્થિર થઈ ગઈ. કેવી ચપળ, કેવી રમતિયાળ, કેવી રઢિયાળી! અરે, સંસારમાં માત્ર સુખ જ હશે, શાન્તિ જ હશે, એમ માનતી નાની નાની પૂંછ હલાવતી એ ફરી રહી હતી! ડૂબતાં સૂર્યનાં કિરણો પાણીની સપાટીને વીંધીને એને રંગી રહ્યાં હતાં.

જેમ જેમ પ્રકાશ ઝાંખો પડતો જતો હતો-એમ એમ

માછલીઓનાં ટોળાં જળના ઊંડાણને ભેદી બહાર આવી રહ્યાં હતાં. અચાનક એક ખૂણેથી કોઈ જરા મોટી માછલી ધસી આવી–ને પેલી નાની રમતિયાળ ગેલ કરતી માછલી-ને ગળી ગઈ! અરરર!

ચિતારાથી એક ક્ષણુ મોંમાંથી અરેકારો નીકળી ગયો. રે દુષ્ટ! આવી સુંદર માછલીને ખાતાં તારું દિલ કેમ ચાલ્યું? ચિતારાએ જોયું કે એ દુષ્ટ માછલી પેલા ટોળામાં ભળી ગઈ હતી, ને જાણે કંઈ ન બન્યું હોય તેમ સહુ પાછાં ગેલે ચઢયાં હતાં. સુંદર માછલીના નાશની જાણે કોઈને વેદના નહોતી, જાણે કોઈને રોષ નહોતો, એમ દુષ્ટ માછલી સાથે સહુ રમતાં હતાં. રે, નિર્દય માછલીઓ! શા માટે તમારા ટોળામાંની એક નિર્દોષ માછલીને ખાનાર દુષ્ટ ખૂની સાથે ખેલી રહ્યાં છો! કરી દો એનો બહિષ્કાર!

પણ પેલી નિર્દોષ હત્યા સાથે જાણે આ માછલીઓને કંઈ જ નિસ્બત નહોતી! એ તો એમ ચાલ્યા જ કરે, એમ જાણે કહેતી કહેતી હત્યારી માછલી સાથે ગેલ કરતી ધૂમી રહી હતી.

ચિતારો મનોમન પ્રશ્ન કરી રહ્યો: અરે, એક નિર્દોષ માછલીને આ રીતે હડપ કરી જવાનો એ માછલીને હક્ક શો? એકના જીવનને નષ્ટ કરવાનો બીજા જીવને અધિકાર કયો? શા માટે બીજી માછલીઓ એની સામે બળવો જગાવી એ હત્યારીને હાંકી કાઢતી નથી?

પણ આ પ્રશ્નનો ગંભીર રીતે વિચાર કરે એ પહેલાં

તો તળાવના ઊંડા તળિયેથી ધસી આવેલી કોઇ બીજી મોટી માછલી પેલી દુષ્ટ માછલીને હડપ કરી ગઈ.

ઠીક થયું! ચિતારાના મોં પર જરા મલકાટ આવ્યો. ખૂની માછલીને એ જ સજા થવી ઘટતી હતી. ગુનેગારને ગુનાની સજા થવી જ ઘટે! ચિતારાને પેલી ખૂની માછલીને ગળી રહેલી માછલી તરફ ભાવ ઊપજ્યો. એના વીરત્વને ધન્યવાદના બે શબ્દોથી વધાવવાનું દિલ થઇ આવ્યું. અરે, જો આમ ગુને-ગારને શિક્ષા મળતી રહે તો જ સંસારમાં શાન્તિ ને વ્યવસ્થા સચવાઈ રહે!

સૂર્યનાં સોનેરી કિરણો અદશ્ય થઇ ચૂક્યાં હતાં, ને આકાશ આસમાની રંગની ઓઢણી ઓઢી રહ્યું હતું. નાનકડી ત્રીજની ચંદ્રરેખા પાણીમાં પડછાયા પાડી રહી હતી. ચિતારા-ને મન વહાલી બનેલી પેલી માછલી પાણીમાં ગેલ કરી રહી હતી. પેલું માછલીઓનું ટોળું તો, જેમ પહેલી માછલી સાથે રમતું હતું એમ, આ બીજીની સાથે પણ ખેલવા લાગ્યું. એમને જાણે હર્ષ પણ નહોતો, વિષાદ પણ નહોતો. ઊંડાણમાંથી મત્સ્યનાં ઝુંડ આવી રહ્યાં હતાં. અચાનક બીજી એક મોટી માછલી ધસી આવી, ને પેલા ચિતારાને મન વહાલી બનેલી માછલીને ગળી ગઈ!

અરરર! પરમ પરાક્રમી, બહાદુર માછલીનો આમ અકાળે નાશ? એણે તો જુલમીની જડ ઉખેડી નાખવાનું પુણ્યકાર્ય કર્યું હતું! એની આ દશા? ચિતારાની ક્રોધાવિષ્ટ આંખો એના તરફ કોપ વરસાવી રહી, અને રાહ જોઈ રહી કે કોઈ બીજી એનાથી જબરી માછલી એ શેતાનની સાન

ઠેકાણે આણે! એ રાહ તરત જ ફળી. બીજી એક મોટાં ભીંગડાંવાળી માછલી ત્યાં ધસી આવી, ને પેલી ખૂની માછલીને, બીજી પાંચ પંદર માછલીઓની સાથે, ઓહિયાં કરી ગઈ.

ચિતારો હસતો હસતો થંભી ગયો. આ નવી આગંતુક માછલીના કાર્યને અભિનંદતો અભિનંદતો એ વિચારમાં પડી ગયો. અરે, પેલી ખૂની માછલીને ખાધી તે તો વ્યાજબી હતું; પણ સાથે આ નિર્દોષ અન્ય માછલીઓનો પણ આહાર શા માટે કર્યો!

ઘડીભર આ દીવાનો ચિતારો પેલી આગંતુક માછલી માટે સારો અભિપ્રાય થાય તેવાં કારણો મનમાં ઉપજાવી રહ્યો. એક સારો રાજા બીજા દુષ્ટ રાજાને મારે છે, ત્યારે સાથે સાથે અનિવાર્ય રીતે થોડું ઘણું સૈન્ય પણ યુદ્ધમાં હણાય છે! પણ આ ઉપમા એને બરાબર ન લાગી. કડી ક્યાંક તૂટતી હતી, વાસ્તવિકતા ક્યાંય ખંડિત થતી હતી, સત્ય ક્યાંક હણાતું હતું.

પણ એ વધુ વિચાર કરે ત્યાં કિનારાની બખોલમાંથી એક નાનોશો મગરમચ્છ નીકળી આવ્યો. આવતાંની સાથે એણે ચીલઝડપ કરી. પેલી આગંતુક માછલી સાથે બીજી સો–બસોને પોતાના કાળગુફા જેવા જડબામાં જકડીને એ ઉદરમાં ઉતારી ગયો.

અરરર! આ શું? રે ખૂની મગરમચ્છ! ન્યાય, નીતિ, નિયમ કંઈ નહિ?

"કંઈ નહિ !" એમ જાણે કહેતો હોય તેમ મગરમચ્છે જડબું પહોળું કરી અવાજ કર્યો. એના મોટા રાક્ષસી દાંતો વચ્ચે ભરાઈ રહેલાં નાની નાની માછલીઓનાં બે ચાર નિર્જીવ શબ પાણી પર પડયાં. અને એણે બીજી માછલીઓને ઝડપવા જડબું વિસ્તાર્યું.

ચિતારાની ચિત્તતંત્રી ખળભળી ઊઠી. અરે, અહીં તો જુદો જ ન્યાય છે. આ તો એક બીજાને ખાય છે–નાનું મોટાને ખાય છે. મોટાને એનાથી મોટું ખાય છે. દયા ખાવા યોગ્ય માત્ર સહુથી પહેલી માછલી હતી. પણ પહેલી માછલીને ખાનાર માછલી એને ખાનાર માછલી કરતાં કંઇ વિશેષ અપરાધી નહોતી. અપરાધ તો બંનેનો એક જ હતો. કૃત્ય પણ એક જ હતું: માત્ર એણે એક નિર્દોષ માછલીને ખાવાનો ગુનો કર્યો હતો.

ચિતારો વળી વિચારના વમળમાં ઊંડો ઊતર્યો: "પહેલી માછલી નિર્દોષ શા માટે ? શું એણે પોતાનાથી નાની માછલીઓને નહીં ખાધી હોય. મેં મારી આંખે એનો અપરાધ ન જોયો એટલે શું એ શાણી સીતા થઈ ગઈ ? ના, ના, અહીં તો એક જ ન્યાય પ્રવર્તતો લાગે છે: મોટું નાનાને ખાય !

અને શું સંસારમાં એકે ગુનો કર્યો, એટલે બીજાએ એવો જ ગુનો કરવો ? પહેલો ગુનો થયો એટલે પછી શું ગુનેગારને હણનાર અપરાધીઓની પરંપરા બધી માફ થઈ જવાની ? ચિતારાને પોતાનું મનોવિશ્લેષણ પોતાને જ મૂંઝવી રહ્યું ! ઘડીભર એ વિચારતો કે સંસારમાં ન્યાય, નીતિ, સૌજન્ય,

સંસ્કાર એ કંઈ નથી. માણુસે બીજા માણુસને ભોળવવા માટે જ એની રચના કરી છે. કસોટીકાળમાં માણુસ એકે સંસ્કારને જાળવતો નથી! એ માત્ર સ્વાર્થી, ઝનૂની, લોહીતરસ્યો પશુ બની રહે છે. એક રાજા બીજા રાજા પર ચઢાઈ કરે ત્યારે એ કહે છે કે જુલમની જડ ઉખેડવા ને ન્યાયનું શાસન પ્રવર્તાવવા જઈએ છીએ. પણુ શું ચઢાઈ એજ જુલમ નથી? પછી એ અપરાધી કે નિરપરાધીની કત્લ કરે છે. ઘર બાળે છે, ખેતર ઉજાડે છે. પૈસો લૂંટી લાવે છે. સ્ત્રીઓ હરી લાવે છે. ગોધણુ વાળી લાવે છે. શું આ બધાનો સમાવેશ ન્યાયના શાસનમાં થાય છે! ને પેલો રાજા–કે જેને જુલમી માની લઈ ચઢાઈ કરી હતી એના જેવો જુલમ એ પોતે જ વરસાવે છે. વળી એના જુલમની જડ ઉખેડવા બીજો બળિયો રાજા ચઢી આવે છે, ને પેલાએ જે હત્યાઓ, ધ્વંસ, જુલમ કર્યા હતા એનો બે કે ચાર ગણો ગુણાકાર કરે છે, ને ન્યાયનું શાસન પ્રવર્તાવે છે! કેવી બુદ્ધિની ભ્રમણા! ન્યાયની કેવી મશ્કરી!

ભલા, અંગ દેશની ચંપા નગરીને રોળી નાખી, રાજા દધિવાહનને નષ્ટભ્રષ્ટ કરતી વખતે, આ મહારાજ શતાનીક પોતે જ ન્યાયના અવતાર બનીને નીકળ્યા નહોતા!

પણુ પ્રજા શા માટે આ વિનાશકારી વિપ્લવોને ઉત્તેજન આપે છે? એક રાજાના જુલમથી જો બધા રાજ્યમાં જુલમ પ્રસરી જતો હોય તો–અસંખ્યાત પ્રજા શા માટે એને કાન પકડીને તગડી મૂકતી નથી! શા માટે નવું શાસન સ્થાપતી નથી! ન્યાયની સ્થાપના માટે આ ભૂંડાં કાળમુખાં યુદ્ધોની શી આવશ્યકતા, પ્રજા જો સ્વયં સમર્થ હોય તો?

પણ પ્રજા તો ઘેટાંનું ટોળું છે! અને એમ ન હોત તો જેમ મહામંત્રીએ મારી ભેર કરી, એમ પ્રજા શા માટે પોકાર કરી ન ઊઠત કે રાજાજી, ચિતારો નિર્દોષ છે. તમારી એકાદ શંકામાં એના જીવનને ધૂળધાણી ન કરો. રાજાજી શંકા ડાકણને વશ થયા હતા. એ ડાકણના જોરમાં જો આગળ વધે તો પ્રજા પડકાર કરત કે ખબરદાર, એમ અમે જુલમ નહિ થવા દઈ એ! પણ આ ભીરુ પ્રજા! એની પાસે આશા કેવી? પશુજીવન-માંથી માનવજીવનમાં આણેલી આ પ્રજા દેખાવે માત્ર માનવ છે, બાકી તો અંદર સ્વાર્થી ભીરુ પશુ બેઠું છે: જે નબળાંને સતાવે છે, સબળાંની સેવા–પૂજા કરે છે! એ પ્રજાએ જ પોતાના ઘરો-માંથી કાઢીને પશુ જેવા સૈનિકો આપ્યા છે, જળો જેવા રાજકર્મચારીઓ આપ્યા છે: વરુ જેવા પંચપટેલો આપ્યા છે. ઉકળતા ચરૂનો રેશમનો કીડો પોતાને જ તાંતણે વીંટાયો છે!

ત્યારે પૃથ્વી પર માત્ર હજી પશુરાજ્યના જ નિયમો પ્રવર્તે છે? સબળ નિર્બળને ખાય! એ ન્યાય!

ત્રીજની ઝાંખી ચંદ્રરેખા આછું અજવાળું ઢાળી રહી હતી. તળાવનાં આસમાની નીર કાળાં ભમ્મર બની ગયાં હતાં. એના કિનારે રમતાં નવજાત દેડકાંનો ચારો ચરવા સર્પ અહીંતહીં ઝડપ મારતા જોવાતા હતા. દિવસે જેઓના માળા કાગડાઓએ ચૂંથીને હેરાન કર્યા હતા, એ ઘુવડો અત્યારે રાતના ઘોર અંધકારમાં કાળ-બોલી બોલતાં કાગડાંનાં બચ્ચાંની ઉજાણી જમી રહ્યાં હતાં.

વેરના ઘોર અંધકાર જેવો અંધકાર જામતો જતો હતો.

ચિતારાના હૃદયમાં પણ પ્રતિહિંસા–વેરનો અંધકાર જામતો જતો હતો.

અરે! હું નિર્બળ એટલે જ રાજાએ મને અપમાન્યો, ઠગ્યો, તિરસ્કાર્યો ને જિંદગીથી બાતલ કર્યો! જો હું સબળ હોત તો! રાજા મને સ્પર્શી શક્યો પણ ન હોત! એણે પોતાના શત્રુ ચંપાના રાજાની રાણીને જેમ એક સૈનિકને હવાલે કરી ને છોકરીને ગુલામ બજારમાં હડસેલી, એમ હું પણ એની રાણી મૃગાવતીને........

આર્યાવર્તની મહાપદ્મિનીને!

વત્સરાજનું અભિમાન ચૂર્ણ ચૂર્ણ!

ચિતારો એક વાર હસ્યો. વેરની ધૂનમાં એને પોતાની નાની શી કાયા પ્રચંડ બનતી લાગી. એનું મન નાનું બનીને જે ગળી જતું હતું, એમાં જાણે વાઘે બોડ નાખી! એ હુંકારા કરવા લાગ્યું. મનમાંથી દીનતા સરી ગઈ, નિર્માલ્યતા નિસરી ગઈ!

"પણ હું નિર્બળ છું!" વળી ક્ષણભર મન ગળિયા બળદની જેમ બેસી ગયું. વળી મનમાં બોડ નાખીને બેઠેલું વેરનું વરુ છીંકોટા નાખવા લાગ્યું!

તું નિર્બળ નથી! સબળ છે! તારી પાસે કળા છે. કોઈ સબળ રાજાને સાધી લે! લોહાથી લોઢું કપાય. હીરાથી જ હીરો કપાય. ઝેરથી ઝેર ટળે!

મારી વિદ્યા, મારી કલા! ગઈ, એ તો આ અંગુઠા સાથે ગઈ. હવે આ આંગળીઓ રૂડાં ચિતરામણ નહિ કરી

શકે, સંસાર મુગ્ધ બની શકે એવાં ચિત્રકાવ્યો સર્જી નહિ શકે! છેલ્લી અપૂર્વ કૃતિ-જેણે અપમાન ને તિરસ્કાર આપ્યાં, એના જેવી અપૂર્વ છબી હવે એ નહીં દોરી શકે!

રે મૂર્ખ! કોઈ પણ રસ્તે કાર્યસિદ્ધિ કરી લે. વારુ, ચિત્ર નહીં દોરી શકાય, તો એ ઉઠાવીને પણ નહિ લઈ જવાય! આ શેતાન સંસારમાં માણસે કાર્યસિદ્ધિ માટે એટલા અપ્રમાણિક બનવામાં લેશ પણ વાંધો નથી!

ઉઠાવી લાવું? ચિતારો ઘડીભરમાં ચોર બની ગયો. એના પગ નીસરણી જેવા થઇ ગયા. એના હાથને પાંખો આવી. એના વાળ શિહોળિયા જેવા ખડા થઈ ગયા. એના નખોમાં વાઘનખ આવી બેઠા.

એને યાદ આવ્યો એક રાજવી, મહા બળવાન, મહા પરાક્રમી, મહાવિષયી! અને તે ઉજ્જૈનીનો રાજા પ્રદ્યોત! વીર અને શૃંગાર રસનો સ્વામી! સ્ત્રી-સૌંદર્યનો એવો શોખીન કે ન પૂછો વાત! એક સ્ત્રી મેળવવા રાજ આખું ડુલ કરી નાખે! એવો મમતી કે લીધેલી વાત પૂરી કરવા માથું ઉતારીને અળગું મૂકે. એ કહેતો કે સ્ત્રી તો રત્ન છે: ઉકરડે પડ્યું હોય તો પણ લઈ આવવું!

પણ પ્રદ્યોતની રાણી શિવાદેવી મૃગાવતીની બેન થાય! શિવા આ કાર્યમાં વિઘ્ન નહિ નાખે!

પળ વાર ગુંચવાડો થઈ આવ્યો. શાન્તિ કરતાં અશાન્તિ બળવાન છે. ક્ષમા કરતાં ક્રોધમાં અનન્ત ગુણી તાકાત છે. વિષયનાં ઝાડ કલમી ઝાડ જેવાં છે. એના પર ઝટ ફળફૂલ આવે છે!

ચિતારાને એકદમ યાદ આવ્યું : અરે, પણ હું કેવો મૂર્ખ છું ! શું ચંપાના રાજાની રાણી ધારિણી, મૃગાવતીની બહેન નહોતી ! અને એને માથે શું શું ન વીત્યું ! પછી અગર શિવાદેવી મૃગાવતીની બહેન હોય તેથી શું ? રાજકુળમાં કોણ કોનું સગું કોણ કોનું વહાલું !

અહિકુળ જેવું જ રાજકુળ ! પારકાંય ખાય ને પોતીકાંયે ખાય !

શાબાશ વીર રાજા પ્રદ્યોત ! મૃગાવતી જેવું રત્ન તારે જ યોગ્ય છે ! કાયર શતાનીક તો એની પાની ચૂમવાને પણ લાયક નથી ! કાગડો દહીંથરું લઈ ગયો છે ! વિધાતાની ભૂલ સુધારી નાખ ! જેવી તારે મન શિવા એવી એની બહેન !

મૂર્ખ શતાનીક મૃગાવતીને ન આપે તો ક્ષત્રી ધર્મ !....લડાઈ, હિંસા, પ્રતિહિંસા, પ્રતિશોધ, ક્રૂરતા, અત્યાચાર, કત્લેઆમ ! બાળકોને ફૂલના દડાની જેમ આકાશમાં ઉછાળી છૂંદી નાખવાનાં ! સ્ત્રીઓના મૃદુ અવયવોને ભ્રષ્ટ કરીને કાપી નાખવાના, એક એક સશક્ત જુવાનને–જે સામે થાય તેને હણી નાખવાનો, શરણે આવે એને મૃતપ્રાયઃ કરી નાખવાનો !

ચિતારો કલ્પનાપટમાં યુદ્ધનું ચિત્ર આળેખી રહ્યો. થોડી વારે એ ભયંકર રીતે હસ્યો : "બિચારી પ્રજા ! અરે, એક રાજાનો ગુનો એમાં પ્રજા પર જુલમ ! રાંક પ્રજા !"

"રાંક પ્રજા !" ચિતારો પોતાના પ્રશ્નનો પોતે ઉત્તર આપવા લાગ્યો : "રાંક શા માટે ? એણે જ આવા નાલાયક માણસને રાજા બનાવ્યો, એણે જ રાજાને લડવા માટે સૈનિકો, રાજચલાવવા માટે કર્મચારીઓ આપ્યા. પ્રજાના જોર

પર તો રાજા કૂદે છે. સત્ય ને ન્યાયની ડીંગો ઠોકનાર એક પણ પ્રજાજન શા માટે મારા પર થતા જુલમની આડે ઊભો ન રહ્યો? અંગૂઠો કાપવા દઈ શા માટે મને જીવતું મોત અપાવ્યું! મને જીવતો શા માટે દફનાવી દીધો?

"સંસારમાં દયા-માયા ક્યાં છે? રાજા સૈનિકને દંડે છે, સૈનિક શ્રેષ્ઠિને દંડે છે. શ્રેષ્ઠિ ગુમાસ્તા પર રોફ કરે છે. ગુમાસ્તો ચાકર પર જોર જમાવે છે. ચાકર ઘરની બૈરી પર રોષ ઠાલવે છે. ઘરની સ્ત્રી પોતાના બાળકને ઢીબીને શાન્ત થાય છે. બાળક વળી કૂતરાનાં બચ્ચાંને લાકડીએ મારે છે. કૂતરું બિલાડીને દેખ્યું છોડતું નથી, ને બિલાડી પારેવાને પકડીને છૂંદે છે, પારેવું ઝીણાં જંતુને છોડતું નથી. જંતુ વળી એનાથી નાનાં જંતુને સંહારી જાય છે, નાનાં જંતુ જીવતા છોડના છોડ ભરખી જાય છે. છોડ વળી ધરતી કે જેના પર એ ઊભા છે, એનો રસકસ પીધા કરે છે: આમ સબળ નિર્બળને ખાય એ વિશ્વનો નિયમ છે-ત્યાં દયા ને માયાનો ક્યાં પ્રશ્ન!

"સંસારના આ વિષમ ચક્રનો કોઈ આદિ કે અન્ત નથી. સદોષ કોણ કે નિર્દોષ કોણ એનો નિર્ણય સામાન્ય નથી. ખૂન કોનું ને ખૂની કોણ, એ નિર્ણય કરવો મુશ્કેલ છે. જે સાપ દેડકાને ખાવા તૈયાર થયો છે, એ સાપને મારવા નોળિયો પાછળ ખડો છે; ને જે દેડકો અત્યારે નિર્દોષ રીતે હણાતો દેખાય છે-એ ઘડી પહેલાં નિરાંતે અનેક ઊડતાં જંતુને ભક્ષ્ય કરી ગયો હતો.

"દયા એક જાતની કાયરના મનમાં વસેલી નિર્બળતા

છે, શક્તિશૈથિલ્ય માત્ર છે. હું કૌશાંબી પાસેથી–કૌશાંબીના રાજા પાસેથી–એની પ્રજા પાસેથી પૂરેપૂરો બદલો લઈશ."

ચિતારો એક વાર હસ્યો.

એ હમેશાંની સ્વસ્થ રીતભાત ભૂલી ગયો. ઊભો થયો, તે પણ ઠેકડો મારીને, પગ માંડ્યા તે પણ છલાંગ મારીને! ક્ષણ વારમાં એ અદૃશ્ય થઈ ગયો.

ચિતારો દબાતે પગલે દોડયો.

રાતના પહોર વધતા ચાલ્યા. ચંદ્રરેખા આથમી ગઈ. મધરાતને પહોર પેલો ચિતારો કંઈ લઈને નાસતો હતો.

કર્મનું એક કણ આજ મહાવંટોળ આણવા જતું હતું. જે કીડીની હમેશાં ઉપેક્ષા થઈ હતી, એ કીડી હાથીનું કટક નોતરવા હાલી નીકળી હતી!

રોગ ને શોક ક્યાંથી, કયે અજાણ્યે ખૂણેથી આવે છે ને આવશે, એ કોણ જાણે છે!

## મત્સ્ય ૧૧ મુ

### અવન્તિપતિ પ્રદ્યોત

ક્ષિપ્રા નદીના સુંદર તટ પર અવન્તીનું પાટનગર ઉજ્જૈની આવેલું છે. ગગનચુંબી મહાલયો ને આભ ઊંચી અટ્ટાલિકાઓથી શોભતું એ નગર હતું. કાવ્ય, સાહિત્ય ને શૃંગારની અહીં નદીઓ વહેતી. વિલાસ આ નગરપ્રજાનો ખાસ ગુણ હતો: કારણ કે અહીંના કવિ–કલાકારોનો નાયક રાજા મહાસેન પ્રદ્યોત, શૃંગાર અને વીરરસનો સ્વામી હતો.

યુદ્ધની વાત આવી કે એ ચાર પગે સજ્જ થઈ જતો. શૃંગારની સામગ્રી આવી કે ભૂખડી બારસની જેમ તૂટી પડતો. આ બે એના રસાસ્વાદ, એમાં જે વિઘ્ન નાખે, એની સામે એ યમરાજની અદાથી, ભયંકર કાળસ્વરૂપ બનીને ઝૂઝતો. એ વેળા એના ક્રોધને પરિસીમા ન રહેતી. સદોષ કે નિર્દોષ, શત્રુ કે મિત્ર જે કોઈ વચ્ચે આવ્યું એ છુંદાઈ જતું. એના કોપાનલને શાન્ત કરવો સામાન્ય નહોતો.

આ કારણે એને ઘણા ચંડ-(પ્રચંડ) પ્રદ્યોત કહેતા. યુદ્ધના મેદાનમાં એના તલવારના વાર જોવા એ ખરેખર અપૂર્વ હતા. સો સેનાઓનું સામર્થ્ય એના એકમાં દેખાતું.

એના નામ માત્રથી ભલભલા ભડવીરોના છક્કા છૂટી જતા. આખી સેનાની હિંમત એના નામ માત્રથી નાસી જતી ! આ અવન્તિપતિ પ્રદ્યોતે પોતાની સાથે પોતાના જેવા ચૌદ રાજાઓને રાખ્યા હતા. જે એના ખંડિયા હતા ને સામંત-ગીરી કરતા.

આ અલબેલી ઉજ્જૈનીના તીરે, થાકચો પાકચો ચિત્ર-કાર ચાલતો ચાલતો આવી પહોંચ્યો. માર્ગની મુશ્કેલીઓએ, ક્ષુધા અને તૃષાએ એના વેરભાવને બમણો બનાવ્યો હતો.

થાકચો, હાર્યો ચિત્રકાર સંધ્યા સમય થઇ જવાથી શહેરની બહાર એક વટવૃક્ષ નીચે રાત્રિ ગાળવા થોભ્યો. અહીં કેટલાય વટેમાર્ગુઓ રાતવાસો રહેવા રોકાયા હતા, કારણ કે રાજા ચંડ-પ્રદ્યોતની અજાણ્યાને નગરમાં પ્રવેશવાની મનાઈ હતી. હમણાં એ પરદેશીઓથી ભારે સચિંત રહેતો. વટેમાર્ગુઓમાં જાત-જાતના માણસો હતા. કોઈ સાર્થવાહ, કોઇ વણઝારા, કોઈ વેપારી, કોઈ અન્ય દેશોના પ્રવાસી, કોઈ નૃત્ય–સંગીત જાણનારા, કવિઓ ને વિદ્વાનો હતા. મહાસેન પ્રદ્યોતમાં જો કામગુણની તીવ્રતા ન હોત તો પ્રરાક્રમી રાજા તરીકે, કદરદાન રાજવી તરીકે વિખ્યાત થઇ જાત. પણ એ દુર્ગુણે એને વિવશ બના-વ્યો હતો, અને એના બીજા સારા ગુણો ઢંકાઈ ગયા હતા.

યક્ષમંદિરનો ચિતારો આરામ કરવા જ્યાં આડે પડખે થયો હતો, ત્યાંથી થોડે જ દૂર બે સાધુપુરુષો જેવા પ્રવા-સીઓ પણ ઊતર્યા હતા. તેઓ ગુરુ–શિષ્ય હોય તેમ વાત-ચીત પરથી લાગતું હતું. નિત્ય ધર્મક્રિયા કર્યા પછી તેઓ ધર્મકથા કરતા હતા. ચિતારાનું દિલ વ્યાકુળ હતું. વેર

વેરના પોકારો અંતરમાં પડતા હતા. ઊંઘ ઊડી ગઇ હતી. સ્વસ્થતા હરાઇ ગઈ હતી. મૂડીમાં તો માત્ર વત્સદેશના રાજમહાલયમાંથી ચોરીને આણેલી રાણી મૃગાવતીની સર્વાંગસુંદર છબી હતી

શિષ્યે કહ્યું: "ગુરુદેવ, કંઈ વાત સંભળાવો."

"વત્સ!" ગુરુદેવે કહ્યું. "હું એજ ઈચ્છામાં હતો. જો કે સાધુ માટે સામાન્ય રીતે રાજકથાનો નિષેધ છે, પણ જે નગરીમાં આપણે જઈ રહ્યા છે-એને વિષે, એની પ્રજા ને એના રાજા વિષે પુરતો ખ્યાલ આવે તે માટે એક કથા કહું છું. ભગવાન મહાવીરને પણ સ્પર્શતી છે, એટલે ધર્મકથા પણ કહી શકાય. હે શિષ્ય! આ કથા સાચી છે, ને બનેલી છે: અને એ વિષે સંદેહની લેશ પણ આવશ્યકતા નથી."

શિષ્ય કથા સાંભળવામાં દત્તચિત્ત થયો. ચિતારાએ પણ એ તરફ કાન માંડયા. ક્ષિપ્રાના તટ ઉપર પૂરી શાન્તિ હતી. આકાશમાં ચંદ્ર પણ સુધા ઢોળી રહ્યો હતો. નદીતીરે આવેલી અભિસારિકાઓના ઝબૂક દીવડા ને ઝાંઝરનો મૃદુરવ આછો આછો સંભળાઈ ને લુપ્ત થઈ જતો હતો.

"વત્સ!" ગુરુદેવે વાત આરંભી, "પતિતપાવન ભગવાન મહાવીરદેવને સર્વ પ્રથમ નમસ્કાર હો. હે શિષ્ય, એ મહાપ્રભુની પરિષદામાં જાત જાતના ને ભાત ભાતના ભક્તો છે. પાપ તરફ પૂર્ણ અરુચિ રાખનાર એ મહાપ્રભુ, પાપીઓનો તિરસ્કાર કરતા નથી, બલ્કે એમનો પ્રેમભર્યો સત્કાર કરે છે. દીન, હીન, દંભી કે દૂષિત કોઈ આત્માનું મન, કદી કડવી વાણીથી કે કઠોર વ્યવહારથી દુભવતા નથી.

અને આ કારણે તેમની ભક્તપરિષદામાં જેમ જગવિખ્યાત ગુણી, શીલવાન ને અપ્રમત્ત જનો છે, તેમ જગજાહેર કામી, ક્રોધી, લોભી ને મોહી પણ છે. એમની પરિષદામાં વીતભયનગરનો સર્વગુણસંપન્ન રાજર્ષિ ઉદયન પણ છે, ને વૃદ્ધ વયે નાની નવોઢાને અંતઃપુરમાં આણનાર શ્રદ્ધાવાન મગધરાજ શ્રેણિક પણ છે—ને જેની આપણે વાત કરીએ છીએ તે યુદ્ધ ને શૃંગારનો અધિરાજ—કામી ને ક્રોધી-અવન્તિનાથ પ્રદ્યોત પણ છે.

“વત્સ, સુશીલ સ્વભાવી ભક્તો પ્રભુની આ અતિ ઉદાર વૃત્તિ તરફ ઘણીવાર ટીકા કરતા. પોતાના ભક્તોની ઉણપોથી જગદૃષ્ટિએ પોતે ઉપાલંભને પાત્ર ઠરે છે, એમ પણ સૂચવતા: છતાંય ભગવાન મહાવીર તો હસીને એ ચર્ચાને ટાળી દેતા. પણ કોઈ વાર ચારે તરફથી એક સામટા પ્રશ્નોત્તરો થતા—ત્યારે મંદ મંદ સ્મિત કરતા તેઓ કહેતા: “લોકરુચિ વા લોકની શરમમાં દેખાદેખી ચાલવાથી ધર્મ ન ચાલે. પાપનો તિરસ્કાર યોગ્ય છે, પાપીનો તિરસ્કાર અયોગ્ય છે. આત્મભાવે સહુ કોઈ બંધુ છે. પાણીની પરબ તૃષાતુર માટે હોય છે—નહિ કે તૃપ્ત માટે!’

“હે વત્સ! જગની નિંદા અને પ્રશંસાના પલ્લામાં જ તોળી તોળીને જીવન જીવનારા—એમાં શાસન પ્રભાવના લેખનારા ભક્તો ભગવાનની આ વાણીથી સંતુષ્ટ ન થતા, છતાં મૌન રહેતા. તેઓ માનતા કે મહાત્માઓ ઘણીવાર મનસ્વી હોય છે. વાર્યા રહેતા નથી, હાર્યા રહે છે. છતાં વળી કોઈવાર લોકનિંદાથી અકળાઈને ભગવાનને બીજી રીતે પોતાના ભક્તોનાં વ્રતોની—એમની સુશીલતાની, એમની નીતિની કડક

કસોટી પર પરીક્ષા લેવાનું સૂચવતા ને એ રીતે સંઘની પુનરચના માટે આગ્રહ કરતા.

" છતાં જ્ઞાતાશૈલી-કથાશૈલી પર ઉપદેશ દેનાર ભગવાન નવી નવી રીતે બોધ આપતા. કોઈ વાર કહેતા: "યોગી જ આદર્શ રાજા બની શકે, કદાચ આ વાત આદર્શ રાજવી માટે હોય. છતાંય સામાન્ય રાજવી પણ સારાં સુશીલ માત-પિતાથી જન્મેલો, પોતે મર્યાદાવાળો ને લોક માટે મર્યાદા બાંધનાર, પોતાનું ને પારકું ક્ષેમકલ્યાણ કરનાર, જનપદનો પિતા, પુરોહિત, સેતુ ને કેતુ; ધન મેળવવામાં ને તેનો ઉપયોગ કરવામાં કુશળ, બળવાન, દુર્બળોનો રક્ષક, નિરાધારનો આધાર ને દુષ્ટોને દંડ દેનાર હોવો જોઈએ."

આ વેળા ફૂલની આસપાસ મધુમક્ષિકાઓ ગુંજારવ કરી રહે એમ અનેક પ્રશ્નો ગુંજારવ કરી રહેતા. કોઈ કહેતું:

" પ્રભુ, ખૂબ ભોગ ભોગવીને આદમી આખરે કોઈ દિવસ પણ ધરાઈ જાય ખરો ને!"

" ભાઈ, જલથી સમુદ્ર કદી સંતુષ્ટ થાય છે?"

" પ્રભુ, આપના ઉપદેશની અસર કોઈની ઉપર ન પણ થાય એમ ખરું!"

" અવશ્ય, ગમે તેવો કુશળ ચિત્રકાર પણ સારી ભીંત વગર સુંદર ચિત્ર ન દોરી શકે."

" મહાપ્રભુ, જે પુણ્યશાલી ન હોય તે પાપી કહેવાયને!"

" ભાઈ, કેટલાક જીવો આ કાંઠે પણ નથી, પેલા કાંઠે પણ નથી. એમને એકાંત ભાવે પાપી કે પુણ્યશાલી ન કહી શકીએ."

" એવા તરફ કેવો ભાવ રાખવો જોઈએ ? "

" પ્રેમભાવ. આપણે સામાની નિર્બળતાઓ જાણીએ, છતાં એના તરફ પ્રેમ ધરાવીએ એનું જ નામ ધર્મ. માણસનું મન નિર્બળ છે, પણ હૃદય મહાન વસ્તુ છે. મન અને હૃદય વચ્ચે સદા સંગ્રામ ચાલે છે. હૃદય જીતે ત્યારે માણસના જીવનમાં અજબ પલટો આવે છે. રાજાઓ માટે એક નાનો શો નિયમ આપું. રાજાઓ જો એટલું જ કરે કે પોતાના સુખભોગો-જેનાથી અન્ય જીવને દુઃખ પહોંચે છે તે છાંડી દે. નિર્દોષ સુખને સદા વાંછે."

ગુરુદેવ થોભ્યા. શિષ્ય તો આ ગુરુપ્રસાદ મેળવવામાં લયલીન બન્યો હતો. પણ થોડે જ દૂર ઊંઘવાનો ઢોંગ કરીને પડેલો, પણ કાન માંડીને કથા સાંભળી રહેલો ચિતારો આ મુનિની ધર્મકથા પર ચિડાતો હતો. એ આગળ આવતી રાજકથા માટે આકાંક્ષિત હતો.

ગુરુએ આગળ ચલાવ્યું. રાત્રિ નીરવ રીતે આગળ ધપી રહી હતી :

" જેઓના કાન માત્ર જ મારા ઉપદેશને સાંભળવા તૈયાર હોય, પછી ભલે એનાં મન-દેહ એનો અમલ કરવા તૈયાર ન હોય, અરે, મારા ઉપદેશના અર્થનો અનર્થ પરિણત કરનાર હોય, પણ એને હું મારી ઉપદેશસભા માટે અનધિકારી ન લેખું. આત્માની ખૂબી ઓર છે. ન જાણે એ ક્યારે, કઈ પળે જાગ્રત થઈ જશે ! જગમાં-આત્મામાં શ્રદ્ધા રાખતાં શીખો ! "

પણ ભગવાનની વાત પરની શ્રદ્ધાને ડોલાવી નાખે તેવો બનાવ તરત જ બની ગયો. મહાકાળ અવન્તિપતિ

પ્રદ્યોતે રાજર્ષિ ઉદયનનું જ ઘર માર્યું. એના જ રાજ-મહેલમાંથી, અનલગિરિ નામના ભયંકર હાથી પર ચઢી આવીને, રાજર્ષિ ઉદયનની એક સુંદર દાસીને અને એના દેવમંદિરની મહાપવિત્ર એવી ચંદનકાષ્ટની પ્રતિમાને એ ચોરી ગયો.

દાસી અને પ્રતિમા બજારમાં મળે છે તેવાં સામાન્ય હોત, તો તો રાજર્ષિ ઉદયન કંઈ વિરોધ ન દાખવત. પણ આ દેવપ્રતિમા ત્રિભુવનમાં અપ્રાપ્ય હતી. એને એક મહાન શિલ્પીએ સ્વર્ગમાં થતાં ચંદનકાષ્ટથી* નિર્મિત કરી હતી, ને ખુદ દેવોએ આવીને એની પ્રિય પત્ની પ્રભાવતીને અર્પણ કરી હતી.

આ સંસારમાં બે પ્રકારના જીવોમાં ઘરમી થોડા, પ્રમાણિક થોડા, સિંહ થોડા, હંસ થોડા, સાધુ થોડા, સુજાણ થોડા, ગંભીર થોડા, દાતાર થોડા, ઉદાર થોડા, અપકાર પર ઉપકાર કરનાર થોડા, સાચા ધર્મી થોડા, સંયમી થોડા, ને વાત રાખનાર થોડા હોય છે. એ થોડા લોકોમાંનાં આ રાજા-રાણી હતાં. રાણી પ્રભાવતી ને રાજા ઉદયન એની રોજ પૂજા કરતાં. રાણી પ્રભાવતીને એ પ્રાણથી પણ વિશેષ પ્રિય પ્રતિમા હતી. પણ અચાનક એ સતી રાણી પ્રભાવતી મૃત્યુ પામી. મૃત્યુવેળાએ રાજાને એ પ્રતિમા પૂજવાનો ને એની કુબ્જા દાસીને એનું જતન કરવાનો આદેશ આપ્યો. પત્નીપ્રેમી રાજવી આ પ્રતિમાને નિહાળી પોતાનો હૈયાશોક ઓછો કરતો, ને ધીરે ધીરે એ સંસારી મોહને

* આ વાર્તા માટે 'વીરધર્મની વાતો' ભા. ૨જાની 'શિલ્પી' નામની કથા જુઓ.

પણ દૂર કરતો ચાલ્યો. દુનિયામાં એ જળકમળની જેમ રહેવા લાગ્યો.

આ પ્રતિમાનું પૂજન કરનાર કુબ્જા દાસી તનમનથી દેવમંદિરની રક્ષા કરવા લાગી. એવામાં ગાંધાર દેશથી એક ગૃહસ્થ આ દેવી મૂર્તિનાં દર્શને આવ્યો. આવ્યો તો ખરો, પણ આવતાંની સાથે પ્રવાસના શ્રમથી ને હવા-પાણીના એકાએક પરિવર્તનથી બીમાર પડી ગયો. પોતાના પ્રભુના ભક્ત ગૃહસ્થની દુર્દશા જોઈ કુબ્જા દાસીને દયા આવી ને એણે ખૂબ સેવાસુશ્રૂષા કરી. ગૃહસ્થે સાજા થતાં એણે દાસીનો ઉપકાર વાળવા પોતાની પાસે રહેલી 'સુવર્ણગુલિકા' આપી. એમાં માનવીનું રૂપ જાગ્રત કરવાનો ગુણ હતો. એક ગોળી, બે ગોળી ને ત્રીજી ગોળી ખાતાં કુબ્જા દાસીના દેહપર રાજરાણીનાં રૂપ ઢોળાવા લાગ્યાં. આખી દેહયષ્ટિ પર લાવણ્ય દમકી રહ્યું. એના રતિસ્વરૂપ યૌવન પર રાજકુમારો વારી જવા લાગ્યા. રૂપ તે કેવું! દેવકિન્નરી જેવું! ટૂંકા બરછટ વાળની જગ્યાએ-નવ મેઘથી નવ વૃક્ષ પલ્લવે તેમ-સવા વાંભનો ચોટલો લહેરિયાં લેવા લાગ્યો. ચીબું નાક પોપટની ચાંચ જેવું અણીદાર સુરેખ બની ગયું. શ્યામવર્ણી ત્વચા ગોરાં ગોરાં રૂપ કાઢવા લાગી.

સુવર્ણગુટિકાના પ્રતાપે કાયા જાસવંતી જેવી બની. દાંત દાડમકળી જેવા થયા. જાડા હોઠ પરવાળાની શોભા ધરી બેઠા. શ્વાસ લે ને સુગંધી ઝરે, હસે ને હીરા ગરે. ચાલ તો હંસની યાદ આપે. બોલે તો પદ્મિનીની પ્રભા પાડે!

જગતમાં બીજાને છાપરે ચઢાવનાર લોક ક્યાં ઓછાં છે?

સહુ કહેવા લાગ્યાં : અરે, કુબજા ! તું તો કોઈ રાજાની રાણી થાય તો જ આ રૂપ અર્ઘે ! લક્ષ્મી હાથમાં આવે ને શેઠાઈના શોખ થાય, અધિકાર હાથમાં આવે ને અવનિપતિ થવાના કોડ જાગે, એમ સૌંદર્ય પણ એવું માન-લાલસાવાળું છે!

દાસીએ રાજરાણી થવાના કોડ કર્યા. રાજા ઉદયન પર એની દૃષ્ટિ ઠરી. પણ એ તો જળકમળનું જીવન જીવતો હતો. સંસારની વાસનાના બંધ એ છોડી રહ્યો હતો. દાસી ત્યાંથી નિરાશ બની પાછી ફરી. એવામાં એને સંદેશ મળ્યો કે અવંતિપતિ પ્રદ્યોત સૌંદર્યનો ભારે શોખીન છે. દાસીએ પોતાનું ચિત્ર મોકલ્યું. ચંડપ્રદ્યોત પણ આવી શોધમાં રહેતો જ હતો. સૌંદર્યનું નામ સાંભળ્યું કે એનો સંયમ સરી જતો. અને આ તો વળી સ્વેચ્છાથી સામે પગલે વરવા આવતું સૌંદર્ય ! એની ના કેમ પડાય!

બંને વચ્ચે સંકેત રચાયા. ઉદયનના દરબારમાંથી દાસીને કેમ કરીને હરી જવી ? સ્ત્રીનાં હરણ એ તો ક્ષત્રીધર્મ ગણાતો, પણ મહાબલી ઉદયનના મહેલમાં કોણ પ્રવેશે ? યમના મોંમાં કોણ માથું ઘાલે ! રાજા પ્રદ્યોત ખુદ ચડ્યો. એ પોતાના પરાક્રમી હાથી અનલગિરિ પર સંકેત કરેલા સમયે આવ્યો, ને રાજમહેલના ગવાક્ષમાં રાહ જોઈ ને ઊભેલી દાસીને ફૂલની જેમ તોળી લીધી. દાસીના હાથમાં એક સુવર્ણમંજુષા હતી. રાજા પ્રદ્યોતે માન્યું કે દાસીએ કંઈ સોનું રૂપું કે જરઝવેરાત સાથે લીધું હશે. સ્ત્રી આખરમાં માયાનો અવતાર ને !

" સુંદરી, ક્ષત્રિયો સુંદરીઓના હરણમાં શરમ સમજતા નથી, પણ સુવર્ણની ચોરીમાં શરમ માને છે. અવન્તિના

ભંડારો સુવર્ણ રૌપ્યથી છલકાતા પડ્યા છે !" રાજા પ્રદ્યોતે દાસીને પોતાના ભુજપાશમાં દબાવતાં કહ્યું.

"રાજન્, એ તો મને સુવિહિત જ છે. પણ આ સુવર્ણમંજુષામાં સંસારની સર્વ દોલત ખર્ચે પણ ન મળે તેવી વસ્તુ છે. એની અંદર દેવાધિદેવની પ્રતિમા છે, જેના પ્રતાપે મને આ નવો અવતાર મળ્યો છે. એ પ્રતિમાની હું રોજ પૂજા કરું છું. એના વિના હું એક પગલું પણ નહિ આગળ મૂકું." દાસીના શબ્દોમાં અફર નિરધાર ગુંજતો હતો.

રાજા પ્રદ્યોતે વધુ વિરોધ ન નોંધાવ્યો. રૂપસુંદરીને એ લેવા આવ્યો હતો—રૂપસુંદરીને લઈ ને એ પાછો ફર્યો.

પણ આ સમાચાર રાજર્ષિ ઉદયનને મળ્યા ત્યારે એનું ચિત્ત ક્ષુભિત થઈ ગયું. અરે, મારા મહેલમાં પ્રવેશવાની હિંમત ! અને મારા દેવની ચોરી ! સાથે સાથે દાસીનું પણ હરણ ! રે, રાજા ચંડપ્રદ્યોતે મારા ધર્મ અને મારા રાજની આબરૂ માથે હાથ નાખ્યો !

રાજધર્મ રાજાને કહેતો હતો કે રાજા કદી નિરર્થક હિંસા ન કરે, પણ જ્યાંસુધી રાજપદ ધારણ કરે ત્યાં સુધી દંડ-શક્તિ જાળવે. અપરાધીને દંડ ન દઈ શકે, એ રાજાનું રાજપદ નકામું. એ અવળચંડા રાજાને દંડ દેવો ઘટે. એનો રાજદંડ હાકલ કરવા લાગ્યો કે દો નગારે ઘાવ ! રોળી નાખ ઉજ્જેનીને ! કેદ કરીને ગરદન માર એના રાજાને ! પણ સાથે સાથે એ નીતિપરાયણ રાજવીને પુરતો ખ્યાલ હતો કે આવેશમાં આવીને યુદ્ધ ખેલવામાં ન્યાય સાથે અન્યાય પણ થઈ જાય છે. અનેક નિર્દોષોનાં રક્ત રેડાય છે. જન-

વસ્તી ઉજ્જડ બને છે: સમજાવટથી-શાંતિથી-ક્ષમાથી કામ સરે ત્યાં સુધી સારું. એણે દૂત મોકલી શાંતિથી ઉકેલ લાવવાનો સંકલ્પ કર્યો. દૂત મોકલી એણે કહેવરાવ્યું:

"રાજા, દેવપ્રતિમા અને દાસીને પાછાં ફેરવ! યુદ્ધમાં કંઈ સાર નહિ કાઢે." દૂત રવાના થયો.

પણ એ વેળા મહેલની અન્ય દાસીઓએ કહ્યું: "મહારાજ, એ દાસીનાં જ આ કરતુત છે. એને જ રાજરાણી થવાની ઝંખના હતી. એણે જ આ કામી રાજાને નોતર્યો હતો. એ દાસીને તો ભયંકર શિક્ષા થવી ઘટે."

"વાત એવી છે?" રાજા વિચારમાં પડ્યો ને થોડી વારે બોલ્યો: "જો એ દાસી રાજી થઈ ને ગઈ હોય તો ભલે ગઈ, માણસને પોતાના ભલા-બુરાનો હક છે. એ હવે પાછી નથી જોઈતી. અરે, છે કોઈ! બોલાવો બીજા દૂતને!"

થોડી વારમાં બીજો રાજદૂત હાજર થયો. રાજા ઉદયને એને સંદેશ આપતાં કહ્યું: "જા, ઉજ્જેની જઈને એના રાજાને કહેજે કે દાસીને રહેવું હોય તો ભલે રહે. એના પર અમે બળજબરી ચલાવવા માગતા નથી. પણ અમારી પૂજનીય દેવપ્રતિમા પાછી વાળ!"

આ વખતે રાજમંત્રી વચ્ચે બોલી ઊઠયા: "રાજન્, આ સંદેશ રાજધર્મને શોભતો નથી. શૂરવીર રાજાએ પોતાની માગણીને એક વાર જાહેર કર્યા પછી અલ્પ કરવી ન જોઈએ, એ અશક્તિનું ચિહ્ન ગણાય છે. એક વાર તો દાસીને અહીં જ પકડી લાવીએ."

"મંત્રીરાજ, એક માત્ર રાજગર્વને ખાતર આપણે યુદ્ધને

ઉત્તેજન ન આપવું જોઈએ. યુદ્ધ તો ટાળી શકાય તેમ હોય તો ટાળવું જોઈએ. યુદ્ધમાં જનકલ્યાણ નથી, સંધિમાં છે.”

યુગંધર મંત્રીને આ વાત ન રુચિ. એને લાગ્યું કે મહાવીર વર્ધમાનનો ભક્ત રાજવી, અહિંસા ને પ્રેમના પરિબળથી રણખેલનના ઉત્સાહમાં કાયર બની ગયો છે.

બીજો દૂત પણ રવાના થયો, પણ એનું પરિણામ મંત્રીરાજે કહ્યું હતું, એ જ આવ્યું. ચંડપ્રદ્યોતે કહ્યું: “દૂત, હું તારા રાજાના ત્રીજા દૂતના આગમનની રાહ જોઉં છું, જે તારા રાજાનો સંદેશો લાવે કે અમે તમને ક્ષમા કરી છે, ભલે દાસી ને દેવપ્રતિમા તમે જ રાખો. તારા રાજા તો રાજર્ષિ કહેવાય છે ને! યુદ્ધ એ એમના ગજા બહારની ચીજ છે.”

“મંત્રીરાજ!” રાજા ઉદયને કહ્યું: “હવે સૈન્ય સજ્જ કરો! જુઓ, જેટલી હિંસા અલ્પ થાય તેટલું યુદ્ધ ખેલો. દ્વંદ્વથી કામ સરતું હોય તો તેમ કરો! હું રાજા પ્રદ્યોત સાથે લડીશ.”

“મહારાજ, આપની ક્ષમા એ વેળા દગો દેશે.”

“મંત્રીરાજ, સદ્‌ગુણોમાં શ્રદ્ધા રાખતાં શીખો. દુર્ગુણને કારણે મરીએ—એના કરતાં સદ્‌ગુણને કારણે મરવું બહેતર છે.”

અવન્તિના રણમેદાનમાં રાજર્ષિ ઉદયન ને રાજા પ્રદ્યોત બે ભર્યા મેઘની જેમ બાખડી પડયા. પોતાની શક્તિ પર ગુમાન ધરાવનાર રાજા પ્રદ્યોત રાજર્ષિ ઉદયનના દ્વંદ્વ યુદ્ધના આવાહનને પાછું ફેરવી ન શકયો, અને એનું ગુમાન ઊતરી જતાં પણ વાર ન લાગી. સાત્ત્વિક જીવન

જીવનારા રાજાના વજ્રાંગ દેહમાં એવું બળ હતું કે હજાર છળપ્રપંચ જાણનાર આ કામી રાજા એને પરાસ્ત કરી ન શક્યો. જોતજોતામાં એ ચત્તોપાટ પડ્યો ને લોઢાની જંજીરોમાં જકડાઈ ગયો.

રાજા ઉદયને અવન્તિમાં પ્રવેશ કર્યો. એણે સાથે સાથે અમારિપડહ વગડાવ્યો. જાહેર કર્યું કે નિર્દોષનું રક્ષણ કરવામાં આવશે, અમારી શક્તિથી કોઈ ભય ન પામે! અમારે અવન્તિનું રાજ જોઈતું નથી!

તરત બીજો હુકમ છૂટ્યો: "દાસીને હાજર કરો!"

થોડીવારમાં સમાચાર આવ્યા કે એ નાસી ગઈ!

"સારું થયું. ચાલો, દેવપ્રતિમાના દર્શને જઈએ." રાજા છડી સવારીએ દર્શને ચાલ્યો.

દાસીએ પોતાના આ પ્રિય દેવ માટે રાજા પાસે ક્ષિપ્રાનદીના તટે સુંદર દેવાલય નિર્માણ કરાવ્યું હતું. રત્નપીઠિકા રચી એના પર એને બિરાજમાન કર્યા હતા, આરતી, ધૂપ, દીપ ને નૈવેદ્યની ઘટા ત્યાં જામી રહેતી.

જોતજોતામાં ઉજ્જૈનીના લોકો દેવમંદિર પાસે એકત્ર થઈ ગયા. તેઓએ કહ્યું: "હે રાજન, લોકો તમને રાજર્ષિના નામથી ઓળખે છે. તમારે મન શું વીતભય કે શું અવન્તિ! અમે માગીએ છીએ કે અમને આ પ્રતિમા આપો. સ્થાપન કરેલા દેવને ન ઉખાડશો. અમે પણ પ્રેમથી ચરણ પખાળીશું ને પૂજીશું."

રાજા ઉદયન પ્રજાના આ પ્રેમ પાસે નમી પડ્યો. એણે પ્રતિમાને–પોતાની પ્રિય પત્નીના આ પુણ્ય સ્મારકને

ઉજ્જૈનીમાં જ રહેવા દીધું. એ ખાલી હાથે પાછો ફર્યો ને એણે પ્રદ્યોતને હાજર કરવા હુકમ આપ્યો. થોડી વારમાં જંજીરોમાં જકડાયેલા રાજાને હાજર કરવામાં આવ્યો.

“ અરે, એના લલાટ પર “ દાસીપતિ ” શબ્દ ડામો ! જીવે ત્યાં સુધી સ્ત્રીઓ એનાથી ઘૃણા કરતી રહે. સંસાર એના કામાભિલાષને જાણે ! અને જ્યારે પણ અરિસામાં પોતાનું મુખારવિંદ નિહાળે ત્યારે પોતાના આ નિંદ્યકર્મથી એને સદા લજ્જા આવતી રહે. આ રીતે નવાં પાપકર્મથી કદાચ બચે તો ! ”

થોડી વારમાં રાજા પ્રદ્યોતના કપાળમાં “ દાસીપતિ ” શબ્દો ચંપાઈ ગયા. એ અભિમાની રાજાએ ચુંકારો પણ ન કર્યો.

“ ચાલો, એને આપણી સાથે લઈ લો. આપણી રાજધાનીમાં એ રહેશે.”

બીજે દિવસે અવન્તિનો રાજઅમલ ત્યાંના કુશળ કાર્યવાહકોને સોંપી રાજર્ષિ ઉદયન પાછો ફર્યો સેનાએ દડમજલ કૂચ શરૂ કરી.

ત્યાં તો અનરાધાર વરસાદ લઈને ચોમાસું આવ્યું. કૂચ માટેના રસ્તા નકામા થઈ ગયા. રાજાએ માર્ગમાં જ પડાવ નાખ્યો.

શ્રાવણના દિવસો હતા. સાંવત્સરિક પર્વ ચાલતું હતું. ભગવાન મહાવીરના આ ભક્તે આઠ દહાડા માટે દાનધર્મ ને વ્રત, જપ, તપની રેલ રેલાવી. આજે એ પર્વનો અન્તિમ દિવસ હતો. રાજા ઉદયને સવારમાં જ જાહેર કર્યું:

"અમે આજ ઉપવાસ કરીશું: પણ એથી જે ઉપવાસ ન કરતા હોય તેને ભૂખ્યા ન મારશો."

"મહારાજ, બીજા તો સહુ આપને અનુસર્યા છે. વાત માત્ર રાજા પ્રદ્યોતની છે." રાજના વડા રસોઈયાએ કહ્યું.

"વારુ, વારુ. એ ભોગી રાજાને ભૂખે ન મારશો. જે ઈચ્છા હોય તે પૂછીને બનાવો."

પાકશાળાનો વડો અધિકારી રાજા પ્રદ્યોતને પૂછવા ગયો. કોઈ દિવસ નહિ ને આજ થતી પૂછપરછના કારણ વિષે રાજાએ જિજ્ઞાસાથી પૂછ્યું. પાકશાળાના વડાએ બધી વાત વિગતથી કહી સંભળાવી. પ્રપંચમાં રાચી રહેલા પ્રદ્યોતે મનમાં વિચાર્યું કે રખેને ખોરાકમાં ઝેર આપવાની આ નવી રીત હોય, માટે મારે પણ આજે ઉપવાસ કરવો હિતાવહ છે.

એણે કહ્યું : "અરે, હું પણ ભગવાન મહાવીરના ધર્મનો અનુયાયી છું. મારી તો આ દુર્દશામાં મત જ મુંઝાઈ ગઈ છે. એટલું યાદ પણ ન રહ્યું ! જા, તારા રાજાને કહેજે કે મારે પણ ઉપવાસ છે."

પાકશાળાના વડાએ અથથી તે ઇતિ સુધી બધી વાત વિસ્તારીને કહી. રાજા ઉદયન એકદમ વિચારમાં પડ્યો :

"અરે, આ પ્રદ્યોત તો મારો સહધર્મી થયો. આજ તો મારે સાંવત્સરિક ક્ષમાપના કરવાની. પ્રેમીની સાથે ક્ષમાપનાની શી કસોટી ! ખરી તો વેરી સાથેની ક્ષમાપના શોભે ! એને ખમાવું નહિ તો મારી પર્વ-આરાધના કેમ પરિપૂર્ણ થાય !" રાજા ઉદયને એકદમ મંત્રીઓને બોલાવ્યા, ને વિચારણા કરવા માંડી:

"મહારાજ, સહધર્મી ભલે હોય, પણ શત્રુ છે ને!" મંત્રીરાજે કહ્યું.

"તેથી શું? શત્રુ ભલે હોય, પણ સહધર્મી છે ને!" રાજાએ શબ્દો ઉલટાવીને જવાબ આપ્યો.

"રાજન્, એ તો ભગવાન મહાવીરની પરિષદામાં બેસે છે એટલું જ. બાકી તો બધી વાતે પૂરો છે. ધર્મને અને એને શું લાગેવળગે? **खरो यथा चंदनभारवाही।** ચંદનના ભારને ઊંચકનારો ગધેડા માત્ર છે. એને એના સુવાસની કશી સમજ નથી!"

"ભલે ગમે તેવો હોય, પણ ભગવાને પોતાની પરિષદામાં બેસવાની એને એકે દિવસ ના પાડી? ન જાણે માનવીનું સૂતું અંતર કઈ પળે જાગે! ચાલો, એનો ધર્મ એ જાણે. આપણો ધર્મ આપણે પાળીએ. આજ એને મુક્ત કરીએ. સહધર્મી દાવે ક્ષમાપના કરીએ-કરાવીએ."

"શું વાઘને પાંજરેથી છોડી દેવો છે?"

"તો શું, આપણે બનાવટી ક્ષમાપના કરવી છે?"

"પ્રભુ, કાલે એ લોહીતરસ્યો વાઘ ફરી વિખવાદ જગાવશે. ન કરે નારાયણ ને આપણે હાર્યા તો આપણું સત્યાનાશ વાળતાં પાછું નહિ જુએ!"

"તો આપણે ક્યાં કાયર બની ગયા છીએ. માત્ર શત્રુને શિક્ષા કરવામાં જ વીરત્વ સમાઇ જતું નથી. ક્ષમા આપવી એ પણ વીરનું જ લક્ષણ છે."

ને એ પંચમીનો ચંદ્ર આકાશમાં ચમકે એ પહેલાં

રાજા ઉદયને સ્વહસ્તે એની બેડીઓ દૂર કરી. એની પાસે સહધર્મી તરીકે અવિનય-અપરાધની ક્ષમા માગી. પ્રદ્યોત પણ સામેથી ભેટ્યો ને જલદી જલદી છાવણીને વીંધી અવંતિ તરફ ચાલી નીકળ્યો.

એક દિવસ રાજર્ષિ ઉદયને પોતાના મંત્રીઓના મનની શાન્તિ માટે ભગવાનને પ્રશ્ન પૂછ્યો: "ભગવાન, ગમે તેટલો ધોઈએ તોય કોલસો ધોળો થાય! વિષધરને સો વાર દૂધ પીવરાવીએ તોય શું નિર્વિષ થાય!"

"જરૂર થાય, પ્રયત્નવાન અપ્રમત્ત પુરુષની કદી હાર નથી. એવા પવિત્ર યત્નથી સામાનું કલ્યાણ જરૂર થાય. અને કદાચ તેનું કલ્યાણ ન થાય તો કલ્યાણ કરનારનું તો અકલ્યાણ કદી થાય જ નહિ!"

*

અહીં ગુરુદેવે પોતાની વાત થંભાવી. ક્ષિપ્રા નદીના તટ પર રાત્રિ સમસમ કરતી વહી જતી હતી. શિષ્યે ઉત્સુકતાથી પ્રશ્ન પૂછ્યો :

"જ્ઞાનના ધવલગિરિ, તપના મેરુપર્વત, ચારિત્રના સુવર્ણમેરુ એવા પ્રભુએ એ પ્રદ્યોતને હજી પોતાની પરિષદામાં સ્થાન આપ્યું છે?"

"અવશ્ય!"

"ને હવે એ સુધર્યો છે?"

"ના વત્સ! આજે તો એ વધુ ઉગ્ર બન્યો છે. એણે સૈન્યનું ભારે જૂથ જમાવ્યું છે-સાથે ભગવાનના ઉપદેશમાં

પણ જવાનું ચાલુ રાખ્યું છે. પેલી દેવપ્રતિમાનાં દર્શને પણ જાય છે. છતાં કાલે વળી એના કામ-ક્રોધને જોઈતું ભક્ષ્ય મળે તો ફરીથી કામી-ક્રોધી બની જતાં વાર ન કરે! એ તો કૂતરાની પૂંછડી!"

રાત ઘણી વીતી ગઇ હતી. શિષ્ય આ કથાથી સંતુષ્ટ થયો હતો. થોડી વારમાં આ બંને નિષ્પાપ જીવો ઘસઘસાટ ઊંઘી ગયા, પણ વેરની ડાકણ જેને વળગી હોય એને નિદ્રા કેવી!

ચિતારાએ આખી રાત પથારીમાં પડચા પડચા આળોટચા કર્યું, અને આ ધર્મવાર્તા પર વિચાર ર્ક્યા કર્યો. વહેલી પરોઢે એણે એક વાતનો નિશ્ચય કર્યો: "મારો બેડો પાર કરી શકે તો અવન્તિનો પ્રદ્યોત કરી શકે!"

છેલ્લી રાતે એની આંખ મીંચાઈ ગઈ. સ્વપ્નમાં પણ વેરદેવીને આરાધી રહ્યો.

## મત્સ્ય બારમું

### રજમાંથી ગજ

**મોડી** સવારે જ્યારે ચિતારા શેખરની આંખ ઉઘડી, ત્યારે વટવૃક્ષની નીચે એ એકલો જ હતો. બધા વટેમાર્ગુ નગરમાં પ્રવેશ કરી ગયા હતા. ચિતારો ઝટ ઝટ નદીતીરે પ્રાતઃકર્મથી નિવૃત્ત થયો, ને ચિત્ર લઈ ને આગળ વધ્યો.

ક્ષિપ્રાતીરે આવેલા દેવાલયની પવિત્ર ધ્વજા સવારની શીળી હવામાં ફરફરી રહી હતી. ચિતારાએ એ દિશા સાંધી. થોડી વારમાં એ ત્યાં પહોંચ્યો, ત્યારે દેવાલયના દ્વાર પાસે રાજહસ્તિ ઊભો હતો ને રાજસેવકો નગરજનોની ભીડને નિયંત્રી રહ્યા હતા.

થોડીવારમાં 'અવન્તિપતિની જે'થી વાતાવરણ ગાજી ઊઠયું. સાક્ષાત કામદેવની મૂર્તિ શો રાજા પ્રદ્યોત દ્વારમાંથી નીકળતો નજરે પડ્યો. પડછંદ એનો દેહ હતો. દીર્ઘ એના બાહુ હતા. વિશાળ એનું વક્ષસ્થળ હતું. એના લલાટપર સુવર્ણપટ ભીડેલો હતો. ચિતારાએ નિર્ણય કર્યો કે આજ એ દાસી-પતિ રાજા પ્રદ્યોત. એની વાઘના જેવી માંજરી ને વેધક

આંખોમાં હજી વાસનાની લાલી હતી, ને અધર પર જાણે સુંદરીના અધરામૃત આસ્વાદવાની ઝંખના હતી. અત્યારે એ ભક્તને છાજે તેવા સાદા પોશાકમાં હતો, છતાંય એની વિલાસિતા અછતી નહોતી રહેતી. એણે ક્ષીરસમુદ્ર જેવું ધોળું ને પુષ્પિમત ઉત્તરીય ઓઢ્યું હતું.

રાજહાથી પાસે આવીને એ ઊભો રહ્યો ત્યારે ઐરાવત પાસે ઊભેલા ઈંદ્ર જેવી એની શોભા થઈ રહી. બરાબર આ વેળાએ ચિતારો ભીડને મહામહેનતે ચીરતો આગળ આવ્યો ને એના ચરણમાં ઝૂકી પડ્યો.

"કોણ છો ? ક્યાંથી આવો છો ?" બોલવામાં ભારે બેપરવાઈ હતી. કાચાપોચાની છાતી થડકાવી નાખે એવો આતશ હતો.

"કૌશાંબીથી ?"

"કૌશાંબીથી ?" જરા માત્ર આશ્ચર્ય દાખવી, એણે તરત સ્વસ્થતા મેળવતાં કહ્યું: "હા, શું કહેવું છે ?"

"આ ચિત્ર ભેટ કરવું છે" ચિતારાએ પોતાની પાસે કપડામાં વીંટાળેલું ચિત્ર રજૂ કર્યું: રાજા એની સામે નીરખી રહ્યો. ચિતરામણની સુંદરીએ પળવારમાં પોતાની રૂપમોહની સર્વત્ર પ્રસારી દીધી. જડ છતાં ચેતનની શોભાને વિસ્તારી રહી.

"આ કોઈ જીવંત વ્યક્તિનું ચિત્ર છે, કે દેવાંગનાનું ?"

"જીવંત વ્યક્તિનું. રાજરાજેશ્વર ! આ તો જડ ચિત્ર છે ! માટીના રંગો ને વાળની પીંછી જીવંત દેહની બરાબરી ક્યાંથી કરી શકે ! ચંદ્રધવલ દેહ, ચંપકકળી જેવી આંગળીઓ...."

ચિતારાના શબ્દે શબ્દને અવન્તિપતિ જાણે હૈયામાં કોતરી રહ્યો. પણ અચાનક એને ભાન આવ્યું કે અરે, આ તો દેવપ્રાસાદ છે. એણે કહ્યું :

" ચિતારાજી ! અવન્તિની એવી રસમર્યાદા છે, કે જ્યાં ભક્તિ રસ શોભે ત્યાં ભક્તિ રસ, શૃંગાર રસ શોભે ત્યાં શૃંગાર રસ, ને વીર રસ શોભે ત્યાં વીર રસ ! દેવપ્રાસાદ ને રાજપ્રાસાદ બંનેની મર્યાદા સાચવવી જોઈએ. રાજમહેલે આવો. હું તમારી શીઘ્ર મુલાકાત માટે ઉત્સુક છે. "

રાજાજી રાજહાથીએ ચડચા. ચિતારો દોડતો રાજ-મહાલયમાં પહોંચ્યો. એના પ્રવાસને સફળતા મળવાનાં ચિહ્નો દૃષ્ટિગોચર થતાં હતાં. એને પોતાનો શ્રમ સફળ થતો જણાયો. રાજપ્રાસાદમાં જઈને તરત રાજા પ્રદ્યોતે ચિતારાને તેડાવ્યો. અહીંનો ઠાઠ અપૂર્વ હતો. અનેક રૂપભરી પરિચારિકાઓ સેવામાં હાજર હતી.

કેટલીય રાણીઓ હજી હમણાં જ જાગી હતી. એમના હાર-કેયૂર ખસી ગયેલા, પત્રરચનાઓ ભુંસાઈ ગયેલી, વેણી ઢીલી પડેલી ને મુખ પર પ્રસ્વેદ હતો. પણ એથી તો તેઓના રૂપમાં વધારો થતો હતો. ચિતારાએ અહીં રૂપસાગર લહેરાતો જોયો. કોઈના અધર પર મદ્યગંધ, કોઈનાં નેત્ર મદિરામય, કોઈની આંખો લહેરે જતી હતી !

ભોગસામગ્રી પણ ભરપૂર હતી. ગંધ, માલ્ય, ચંદન, દિવ્ય આભરણ, અમૂલ્ય પાન, શ્રેષ્ઠ આસવ, ગીત, નૃત્ય, ને વાદ્ય ચાલી રહ્યાં હતાં.

સ્થંભે સ્થંભ નવનવી કલા કારીગરી હતી. સુગંધી તેલનાં

ઝુમ્મરો જલી રહ્યાં હતાં. ખાદ્ય ને પેય વિધવિધ ભાતનાં સામે મોજુદ હતાં. વાજીકરણ લઈને રાજવૈદ્ય પણ હાજર હતા.

નવનવાં વાજીકરણ સાથે નવનવાં વશીકરણ પણ જોઈએ ! અહીં વશીકરણની ખામી હતી. તે લઈને ચિતારો હાજર થયો. એણે પોતાનું વર્ણન આગળ ધપાવ્યું :

"મહારાજ, કાગડો દહીંથરું લઈ ગયો છે. આ રત્ન તો આપ જેવા ચક્રવર્તીને ઉંબરે જ શોભે. ચંપકકળી જેવી આંગળીઓ, શ્રીફળને શરમાવે તેવું વક્ષસ્થળ, હાથીના કુંભસ્થળ શા નિતંબ, ખંજન જેવી આંખો, મૃગમદ ને કર્પૂરભર્યો શ્વાસ, નાગપાશ શો કેશ કલાપ, કિન્નર શો કંઠ.... શું કહું, રાજરાજેશ્વર ! વહેમી પતિથી સંતપ્ત એ સુંદરીને કોણ છોડાવશે ? વિધાતાની આ ભૂલને બીજો કોણ સુધારશે ? મહારાજ, આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા ? આ ફૂલને વાસી ન લેખતા : ક્ષણે ક્ષણે નવીન શોભા ધરે એ આ ફૂલવેલ છે. "

"ચિતારા, પરભવની, પુણ્યની, પાપની વાત ન કરીશ. એની યાદથી મારું મન નિર્બળ થઈ જાય છે ! ને ભગવાન મહાવીરની યાદ જાગે છે ! ને એની સાથે જ અંતરમાં વસતી રૂપમોહિની સરી જાય છે ! રે, આ સુંદરી શતાનિકના દરબારમાં ન શોભે, અવન્તિપતિના અંતઃપુરને યોગ્ય એ રત્ન છે. બોલાવો મંત્રીરાજને ! "

વયોવૃદ્ધ મંત્રીરાજ આવ્યા. સ્વયં ધર્મરાજ આવતા હોય તેવાં એમનાં ભવ્ય દાઢી-મૂછ હતાં. અવન્તિના શાસનના પાયામાં આ મંત્રીની રાજનીતિ કામ કરી રહી હતી.

"મંત્રીરાજ, મને મારો ક્ષત્રીધર્મ હાકલ કરી રહ્યો છે. વેરની આગ સુખે સૂવા દેતી નથી."

"સાચું છે મહારાજ! તૈયારીઓ પણ તેવા જ પ્રકારની થઈ ચૂકી છે. અવન્તિની સેના જોઈને શત્રુની છાતી ફાટી જાય, એવી રચના કરી છે. ચક્રવર્તીપદ મારા રાજાના હાથમાં જોઈને રણ-પથારી કરવી છે, મહારાજ!" મંત્રીએ કહ્યું: "આ તો વાતમાં ને વાતમાં ઊંદર ડુંગરને ચાંપી ગયો!"

"તો મંત્રીરાજ, દો નગારે ઘાવ!"

"પણ મહારાજ, કંઈ નિમિત્ત તો જોઈએ ને!"

"નિમિત્ત તૈયાર છે. વત્સદેશના રાજા શતાનિકથી આપણે ગણેશ માંડીએ."

"પણ રાજા શતાનિકનો કંઇ વાંકગુનો!"

"મંત્રીરાજ, રાજકાજ કરતાં ધોળાં આવ્યાં પણ એટલું ન સમજ્યા. વાંક ગુનો શોધવો હોય તો કોનો નથી શોધી શકાતો? જુઓ, યક્ષમંદિરના ચિતારા શેખર પર એ રાજાએ નમાલી વાતમાં જુલમ ગુજાર્યો છે—શેખરે આપણો આશ્રય લીધો છે. લખી દો એ રાજાને કે જેના ચિત્ર માટે તેં જુલમ કર્યો-એ રાણી અમને સુપ્રત કરી દે. નહિ તો લડવા તૈયાર રહે!"

"મહારાજ, વળી આપની નજરમાં કોણ વસી?"

"મંત્રીરાજ, તમે ગાયત્રી જપતા ઘરડા થયા એટલે તમને શું સમજણ પડે! હરણનો ચારો ને વાઘનો ચારો એ બેમાં ફેર કેટલો? રાણી મૃગાવતી પદ્મિની છે."

'પદ્મિની હોય તેથી શું ?'

'તો એ અવન્તિના અંતઃપુરમાં જ શોભે!"

"મહારાજ, દીકરીનાં માગાં શોભે, પત્નીનાં માગાં ન હોય!"

"મંત્રીરાજ, એમાં તમે ન સમજો. અવન્તિનાં મહારાણી શિવાદેવીની એ બહેન થાય. પણ એમાં ઘણો ફેર છે. એ વેળા પરખવામાં ભૂલ થઈ. અવન્તિની મહારાણી તરીકે તો મૃગાવતી જ શોભે. તોડી મોડી પણ ભૂલ સુધારીએ."

"મહારાજ, અવિનય થાય તો ક્ષમા. પણ પાછો આપનો કામગુણ...."

"કામગુણ નહિ, વીરત્વ ગુણ! અને મંત્રીરાજ, જુઓ, વીતભયનગરને ખેદાન–મેદાન કર્યા વગર મને જંપ વળવાનો નથી. ને એ માટે શતાનીક ઉપર જીત એ પહેલું પગલું છે. દૂત મોકલીને ખબર આપો કે રાણી મૃગાવતીને આપણા દરબારમાં મોકલી આપે, નહિ તો અમે આવીએ છીએ!"

"પણ મહારાજ, રાણી શિવાદેવીને આ વાતની ખબર પડશે તો? એ તો ભગવાન મહાવીરનાં સાચાં અનુયાયી છે. આપ તો જાણો જ છો, કે આ નગરીમાં વારંવાર આગ લાગતી. કેમે કરી એ વશ નહોતી થતી, ત્યારે રાજગૃહથી બુદ્ધિધન અભયકુમારને તેડાવેલા. તેમણે કહ્યું કે આ દૈવી આગ છે. કોઈ શિયળવંતી જળ છાંટે તો શમે. અને શિયળવંતાં રાણી શિવાદેવીએ જળ છાંટીને શાન્ત કરી. એવાં રાણીનો પ્રકોપ થાય તો....મને ભય લાગે છે."

"જુઓ મંત્રીરાજ, આ રાજકારણ છે. એમાં સ્ત્રીઓની

દખલ લેશ પણ સહન નહિ થાય. વળી શિવાદેવી તો સતી છે. સતી સ્ત્રીઓ પતિની ઇચ્છાને આડે કદી આવતી નથી. તાકીદે દૂતને રવાના કરો."

ચિતારાનું કાર્ય સફળ થતું હતું. ધર્મવંત મંત્રીને આખરે રાજાની વાતને સહમત થવું પડ્યું. બીજે દિવસે દૂત રવાના થયો, પણ એનું પરિણામ તો નિશ્ચિત હતું.

જેવો ગયો હતો તેવો પાછો આવ્યો. ગમે તેવો દુર્બળ માણસ પણ પોતાની પત્નીને સામે પગલે સોંપે ખરો !

રાજા પ્રદ્યોતે ભયંકર સેના તૈયાર કરી. પ્રચંડ ઘટાટોપ સાથે એ મદાને પડયો. એની સાથે એના ચૌદ ચૌદ ખંડિયા રાજા પણ ચઢયા. ધરતી એકવાર યુદ્ધનાદથી ગાજી ઊઠી. ગામડાંઓ ઉજ્જડ બન્યાં. નવાણે નીર ખૂટયાં.

અવન્તિનો પતિ વત્સદેશ પર આંધી કે વાવંટોળની જેમ ધસી આવ્યો. વેરભૂમિનું એક નાનું રજકણ ભયંકર ઘટાટોપ જમાવી બેઠું.

## મત્સ્ય તેરમું

### હાથનાં કર્યાં હૈયે

**શરદઋતુનો** ઠંડોગાર વાયુ જેમ ઉપવનોને ઊભાં ને ઊભાં બાળી નાખે છે: એમ બધી ધરાને ઉજ્જડ કરતો રાજા પ્રદ્યોત કૌશંબીને ઘેરો ઘાલીને પડ્યો છે. કાલભૈરવ જેવા પ્રદ્યોતને તલવારના બળથી પાછો કાઢવો અશક્ય થતું જાય છે. નાની નાની સૈન્ય ટુકડીઓ લડવા ગઈ તે ગઈ. પાછી ફરી જ નથી. શત્રુના લશ્કરનો તો મહાસાગર ઘૂઘવે છે. એમાં આ થોડાં ઈંધન જેવાં વત્સદેશનાં સૈન્યો એને શું બુઝવી શકે !

રાજા શતાનિક ભારે વિમાસણમાં પડ્યો છે. પોતાની હાર ઉપર હારના સમાચાર એને મળી રહ્યા છે. એની ડાબી આંખ ફરકી રહી છે. અપશુકન પર અપશુકન એ જોઈ રહ્યો છે. પંખીઓ અમંગળ સ્વર કાઢે છે. ધ્વજા પર ગીધ આવીને બેસે છે. શિયાળવાં આખી રાત રડ્યા કરે છે. ધર્મ અધ્યયનના ગૃહોમાં નર્યા સાપ નીકળે છે. રાજશાળાની ગાયોનાં દૂધ ઓછાં થઈ ગયાં છે. ઘોડા હણહણતા નથી. હાથીઓનો મદ ઝરવો બંધ થયો છે. ભયંકર કાળમૃત્યુની છાયાએ બધે સોપો પાડી દીધો છે.

રુદ્રની ક્રીડાભૂમિ જેવી રાજધાની ભાસે છે. રાજા શતાનિક દિવસોથી મૌન છે. એને પોતે કરેલી ચંપાની લૂંટ યાદ આવે છે! ત્યાંના રાજા દધિવાહનને જે ક્રૂરતાથી માર્યો, એ સ્મૃતિમાં સજીવ થાય છે. ભર શેરીમાં ઘોડે બેસીને વિજેતાની છટાથી ઘૂમતાં ઘૂમતાં ત્યાંની પ્રજા પર ગુજરતા જુલમોને જે હાસ્યથી નિહાળ્યા હતા: અરે, એવી જ અત્યાચારોની પરંપરા જોવાનો વખત આવી લાગ્યો પ્રદ્યોત ભારે ક્રૂર છે. એ વિનાશમાં કંઈ બાકી નહિ રાખે.

રાજા શતાનિક કૌશાંબીના દુર્ગની દીવાલો પર ફરી રહ્યો. દૂર દૂર ઘુવડ ભારે ચિત્કાર કરી રહ્યો હતો. પાછલી રાતનો ચંદ્ર રૂપેરી અજવાળાં ઢાળી રહ્યો હતો. થોડે દૂર રણભૂમિ દેખાતી હતી. નાના નાના ટેકરા જેવી સૈનિકોની લોથો પડી હતી. વૈશાખમાં કેસૂડે પૃથ્વી છવાઈ જાય તેમ બધે રક્તવર્ણી આભા હતી. કેટલાક દેહોમાંથી રક્તધારા હજી વહેતી હતી. એની આજુબાજુ માંસમજ્જાનો કાદવ હતો, ને કપાયેલી ભુજા ને મસ્તકરૂપી મત્સ્યો એમાં તરતાં હતાં. કેટલાક અર્ધમર્યા સૈનિકોની આછી ચીસો કાનને સ્પર્શતી હતી!

રાજા શતાનિક વ્યાકુળ બનતો ચાલ્યો. આકાશમાં પથરાયેલા તારાની જેમ ક્ષિતિજરેખા સુધી રાજા પ્રદ્યોતના સૈન્યના તંબુઓ પથરાયેલા પડ્યા હતા. આ મહાકાળ રાજાને અને મહાસાગર સમી સેનાને કેમ થંભાવી શકાય?

મહારાજ શતાનિક જેમ વધુ વિચાર કરતા ગયા, તેમ વધુ વ્યગ્ર બનતા ચાલ્યા. તેઓ દુર્ગ ઉપરના એક આવાસમાં ગયા. ત્યાંના પહેરેગીરને હુકમ કર્યો કે, "મારે એકાંતની જરૂર છે. કોઈને મળવા માટે મોકલીશ નહિ!"

અંતર અસ્વસ્થ હોય ત્યારે એકાંત ભયાનક નીવડે છે. માણસના મનચિત્તમાંથી એ વેળા શંકા–કુશંકાની રાક્ષસીઓ ને ભય અને મૃત્યુના કાલભૈરવો છૂટીને ખંડને આવરી લે છે! એકલો માણસ આટલી સેના સાથે કેમ કરીને લડી શકે! માણસ મનોમન લડી, હારી, થાકીને નિશ્ચેષ્ટ બની જાય છે. રાજા શતાનિકનું એમ જ બન્યું!

આખો ભૂતકાળ આવીને સામે ઊભો રહ્યો!

અરે, આજ પોતાનો શ્વાસ પણ પોતાને ગંધાય છે. વિકૃતિ ને વિકારનું પાત્ર ભરાઈ ગયું. પૃથ્વી તો અજબ કોઈ ધારા-ધોરણ પર ચાલી જાય છે. જમણા હાથે વાવો–ડાબા હાથે લણો. કર્મનો એક અપૂર્વ તંતુ સહુને નિયંત્રી રહ્યો છે. પછી કોણ રાજા કે કોણ રંક! તમે તમારી શક્તિથી આજ સુધી એને ઠોકરે ચઢાવ્યો પણ હવે સમય ભરાઇ ગયો. વિશ્વનો ન્યાયાધીશ જેની પોથીમાં દયા–ક્ષમા નથી, જે દાંતને બદલે દાંત, મસ્તકને બદલે મસ્તક માગે છે: એનો ન્યાય ચુકવવાની કાળવેળા આવી ખડી થઈ ગઈ! સંસારની સ્ત્રીઓને વિકારનું પાત્ર બનાવનારા તમે–તમારી સ્ત્રી સામે કોઇ મેલી નજરે નીરખે, એ વિચાર પણ કેમ સહી શકતા નથી! જેના તરફ નજર નાખતા ફરો છો, જેને લૂંટો છો, બદનામ કરો છો, એ પણ તમારી પત્ની જેવી પત્ની, તમારી માતા જેવી માતા છે!

રે શતાનિક, સંસારમાં તેં આજ સુધી શું સારાં કર્મ કર્યાં કે આજ દયા માગવાનો તારો અધિકાર રહે! તેં જે બીજા સાથે આચર્યું, એ જ આચરણનું આ પ્રત્યાચરણ

માત્ર છે ! આજ તને ન્યાય મળે છે-દયાનો તું હકદાર નથી !

નિર્બળ પર જુલમ ગુજારનાર એ દિવસે ભૂલી જાય છે, કે એક દહાડો તારાથી અધિકો સબળ જ્યારે તારા પર જુલમ ગુજારશે, ત્યારે દયા માગવાનો તને લવલેશ અધિકાર નહિ રહે.

શતાનિક પાગલની જેમ પોતાના પડછાયા સામે જોઈ રહ્યો !

એમાંથી મારમાર કરતો પ્રદ્યોત ધસી આવતો દેખાયો. થોડીવારમાં પ્રદ્યોત અદૃશ્ય થયો ને દધિવાહન દેખાયો. " યાદ છે ચંપાની ચઢાઈ ! સગો સાઢુ હતો, પણ રાજકીય બહાના નીચે એને ચગદી નાખ્યો. એની સ્ત્રીની શી દશા થઈ, એ તને ખબર પડી ને ! એની પુત્રી તો તારા ગુલામ બજારમાં જ વેચાણી ! ભગવાન મહાવીર કહેતા હતા કે હસતાં કરેલાં દુષ્ટ કર્મ રડતાં ભોગવવાં પડે છે ! પાપનું પ્રાયશ્ચિત કરવાની ઘડી આવી પહોંચી છે ! શતાનીક ! હવે શા માટે ભીરુ થઈ પાછો ભાગે છે ! મર્દની જેમ મેદાને પડ !

તેં અનેકની સ્ત્રીઓને વિધવા, નિરાધાર બનાવી છે. તારા એક યુદ્ધ પછી હજારો સ્ત્રીઓ ગુલામ બની છે; કરોડોએ શીલ વેચવાનાં હાટ માંડયાં છે. કેટલાંય આશાસ્પદ બાળકો જિંદગી વેડફી ગલીએ ગલીએ પેટ માટે ભીખ માગતાં ફર્યાં છે : ને માગી ભીખ ન મળી ત્યારે લુચ્ચાઈ, દોગાઈ ને દુષ્ટતાને પંથે પળ્યાં છે !

તારા પગ નીચે દબાયેલી કીડીની સ્થિતિ તેં ન

વિચારી તો–હાથીના પગ તળે દબાયેલા તારી સ્થિતિ કોણ વિચારી શકશે?

પ્રજાની સેવા માટે રાજા છે, એ નિયમ તું ભૂલી ગયો. પ્રજાને તારી સેવા માટે વાપરી! જે ચોકીદાર ગામની રક્ષા માટે હતો, એને બદલે ગામે ચોકીદારની રક્ષા કરી.

રાજા શતાનિક સામે સંસારનો નકશો ચિતરાતો ચાલ્યો. અરે, શેરને માથે સવાશેર છે, એ પાઠ કેમ ભૂલી ગયો! સબળની ફરજ નિર્બળનું રક્ષણ કરવાની; શ્રીમંતની ફરજ ગરીબને અન્ન આપવાની. એ સિદ્ધાંત આખો વિસાર્યો, ને વાડે નિરાંતે નિષ્ઠુર ભાવે ચીભડાં ગળ્યાં.

રાજાની પવિત્ર સંસ્થાએ ભારે અનર્થ જન્માવ્યા. તમે જન્માવેલા અનર્થોએ દુનિયા જર્જરિત બની ગઈ તમે તમારા વિલાસ, વિકાર, વૈભવ પોષવા હજારો તૂત જગાવ્યાં તમને એ માટે દુન્યવી ઈન્સાફ અડી ન શકે! ને પ્રજાને એ માટે સજા! પણ આજ દૈવી ન્યાય ચુકવાય છે. તમારું યુદ્ધ બીજા યુદ્ધને ખેંચી લાવ્યું! રે, બાવળ વાળીને કમલફૂલ વીણવાની આશા નકામી છે!

નાની એવી બારી વાટે એણે દૂર દૂર દૂર નીરખ્યું! એ પ્રકાશમાન તારલિયાઓ પર એની ઉન્મત્ત દૃષ્ટિ સ્થિર બની. અરે, એ તો મહાકામી ને મહાક્રોધી પ્રદ્યોતની આંખો હતી! એ આંખો મૃગાવતીને માગતી હતી. મૃગાવતીના પ્રત્યેક અંગને એ લાલસાથી ગળી જતી દૃષ્ટિ હતી!

“ સુંદરીઓ! તમારા મોં પર પડદા નાખો! તમારા મોહક ચહેરા પુરુષોની સુખ શાન્તિ હણી લે છે. તમારા

એક એક આકર્ષક અવયવ ઉપર આવરણ નાખો–જેથી પુરુષની આંખ એને સ્પર્શી ન શકે !

ચૌદ ચૌદ ખંડિયા રાજાઓનું સૈન્ય લઈ ને અંવતીનો પ્રદ્યોત આવ્યો છે. વિકરાળ, ખૂની, જલ્લાદ, ક્રોધી, પ્રદ્યોત મારી નગરીને ખેદાન–મેદાન કરશે, મારા નગરની દોલતને લૂંટી જશે, રે એક પણ સૌંદર્યવતીને સ્પર્શ્યા વિના એ કેડો નહિ છોડે !

એટલું જ નહિ, મારી રાણી મૃગાવતીને પણ એ લઈ જશે, એની લાજ લૂંટશે ! મારા કુમાર ઉદયનને એ પકડીને હાથીના પગતળે ચગદશે ! વિનાશનો ઝંઝાવાત મારા સમગ્ર રાજ્યને આવરી લેશે.

હું શું કરું ?

મૃગાવતીને સોંપી દઉં ! ના, ના, એ નહિ બને !

મૃગાવતીને ઝેર આપીને મારી નાખું ! એનું ગળું પીસીને જીવ લઈ લઉં ! પણ તોય એ હત્યારા પ્રદ્યોતને શી ખાતરી થશે કે મૃગાવતી મરી ગઈ !

ચિતારો એની નજર સમક્ષ આવ્યો. ચિતારાની આંગળીએથી ધડધડ લોહી વહે જતું હતું. એ કહેતો હતો: 'રાજા, તેં મારી આંગળી કાપી મને જિંદગી માટે નકામો બનાવ્યો. પણ હું તને મારીશ નહિ, જિવાડીશ. પણ મર્યાની જેમ ! તું જીવીશ પણ અશાંતિભરી રીતે ! વેરનું વેર કેમ લેવાય, એ આજે તને સમજાશે. તેં તારા માપથી દુનિયાને માપી. દુનિયાના માપથી તારી જાતને માપવાની કદી ઇચ્છા ન કરી ! આજ તારું માપ કાઢી લેવાની ઘડી આવી પહોંચી છે !

વત્સરાજના મોં પર મૃત્યુની ભીષણ વેદના ઝળકી ઊઠી ! ભયનું ગાંડપણ એને ઝનૂની બનાવી રહ્યું ! ભગવાનની વાણી યાદ આવી. એ કહેતા હતા, સહુને જીવ વહાલા છે. બધા જીવ જીવવાને ચાહે છે. સાચું છે. પણ આ ડહાપણ રાંડ્યા પછીનું છે. અરે મૃગાવતી, તું પણ મરવાથી આનાકાની કરે છે ! તને ય જીવતર વહાલું છે ! મનેય જીવતર વહાલું છે ! મારે જીવવું છે. મૃગાવતી, તું મારે માટે મરી ફીટ ! તું સતી છે. હું કામી છું. મારે માટે મરી ફીટ.

આવ, આવ, મૃગાવતી ! તારી બંકી ગરદન જેના પર મારા ભુજપાશ વીંટાતા, અરે, જેમાં પહેરાવવા માટે હું હાર ગૂંથતો એ ગરદન મને પકડવા દે ! મૂંઝાઇશ મા ! માત્ર હું તને ગળે ચીપ દઈશ ! ભયંકર ચીપ દઈશ. તારો પ્રાણ ચાલ્યો જશે. પછી તારા શબને કામી પ્રદ્યોત શું કરશે ! સુંદરી, વિશ્વાસ રાખજે કે તારા કોઈ પણ સુંદર લાલિત્ય ભર્યા અવયવને લેશ પણ હાનિ પહોંચાડીશ નહિ !

વત્સરાજે પોતાના હાથે પોતાના ગળાને પકડ્યું. જરા જોરથી દબાવ્યું. વધુ જોરથી દબાવ્યું.

## મત્સ્ય ચૌદમું

### સતી મા

**સતી** રાણી હાથમાં વિષનો પ્યાલો લઈને આવતાં હતાં. દિવસોથી પતિદેવનાં દર્શન નહોતાં થયાં. રાજાજીના મનમાં રાણી તરફ દિવસોથી ઉદાસીન ભાવ આવ્યો હતો. ઘણીવાર એ ગણગણતા, 'રૂપવતી ભાર્યા શત્રુ !' અરે, જે રૂપની તસ્બીરો ઉતરાવતાં, જેનાં વર્ણનો કરતાં થાકતા નહિ, એ રૂપ તરફ આટલી બેપરવાઈ ! અરે, આટલું રૂપ લહેરાતું હતું, છતાં પતિદેવ મીટ પણ કેમ માંડતા નહોતા ? યુદ્ધની જંજાળમાં કદાચ ભૂલી ગયા હશે ! પણ ધીરે ધીરે સતીને બધી વાતની સમજણ પડતી ગઈ. રે, યુદ્ધના આ પડછાયા કૌશાંબીને પોતાને કારણે વીંટાયા હતા ! રાજાજીએ ચિતારાના ચિત્રને જોઈને શંકા કરી, કે કદાચ રાણીજી અસતી થયાં હોય ! હાય રે ! આ વહેમ, દર્દ, કલંકભર્યા જીવનથી જીવવું એના કરતાં મૃત્યુ કંઈ વિશેષ દુઃખદ નથી ! આખરે એમણે નિર્ણય કર્યો કે ચિતા જેવા હૈયા કરતાં, સતીની ચિતા સારી ! સુખદ !

આજ એ છેલ્લાં દર્શન લેવા ચાલ્યાં આવતાં હતાં. પતિદેવના ચરણદ્વાર પર ખડા રહીને છેલ્લા જુહાર કરી લેવા

હતા. જીવતા પતિએ રાણી મૃગાવતી સતી થવાનો નિરધાર કરી ચૂકયાં હતાં.

વેશ પણ એવો સજ્યો હતો. પાની સુધી કેશ ઢળતા છુટા મૂકયા હતા. ભાલમાં કેસરની મોટી આડ કરી હતી. સર્વ શણગાર સજીને આર્યાવર્તની પદ્મિનો આજ અપ્સરાઓને પણ ઝાંખી પાડે તેવી બની હતી! વસંતપુષ્પનો મોહિની દેહ પર વિરાજી રહી હતી.

પાછળ મંત્રીરાજ યુગંધર મૌન ભાવે, ભર્યે હૈયે, ભારે પગલે ચાલતા હતા.

સતીએ દુર્ગ–ખંડનાં દ્વાર ઠોકયાં, પણ કંઈ જવાબ ન મળ્યો. મંત્રીરાજ યુગંધરે મહેનત કરી, પણ નિષ્ફળ ગઈ! એકાંત ઓરડાનો પહેરેગીર એટલું જ બોલ્યો : "મહારાજા કાલ રાતથી એકાંતમાં છે. બધાને મુલાકાતથી પાછા ફેરવ્યા છે. આખી રાત મહારાજાએ જોર જોરથી બોલ્યા કર્યું છે. બારીઓ ખખડાવ્યા કરી છે. પાછલી રાતે જરાએક જંપ્યા લાગે છે!"

મંત્રીરાજનો વહેમ વધતો ચાલ્યો. જો કે છેલ્લા દિવસોમાં રાજાજી નાહિંમત ને નિરાશ જણાતા હતા. વારંવાર કહેતા કે, મંત્રીરાજ આભ ફાટયું ત્યાં થાગડાં કેમ દેવાશે! પણ મંત્રીરાજે ધીરજ બંધાવી હતી. એ ધીરજનો બંધ આજે તૂટી ગયો હોય તો....

શંકિત માણસની શંકા દુનિયાને ખાય છે, ને છેવટે પોતાની જાતને ખાય છે. મંત્રીરાજે બારણાં પર જોરથી પાટુ માર્યું! વજ્ર જેવાં કમાડ જર્જરિત દીવાલની જેમ ખડી પડયાં!

રે આવું પુરુષાતન કેવું વેડફાય છે! જે પુરુષાતનથી સંસાર નિર્ભય થવો જોઈએ, એનાથી આજે ભયભીત બન્યો છે! જેનાથી સ્ત્રીઓ સુરક્ષિત થવી જોઈએ, એનાથી સાશંક બની છે!

રાણી મૃગાવતીને ભગવાન મહાવીરની એ વાણી યાદ આવી. એણે એક વાર પૂછેલું કે જીવનું સબળપણું સારું કે દુર્બળપણું! ઉદ્યમીપણું સારું કે આળસપણું! એમણે સ્પષ્ટ ભાખેલું કે ધર્મી જીવોનું ઉદ્યમીપણું ને સબળપણું સારું! અધર્મીનું દુર્બળપણું ને અનુદ્યમીપણું સારું.

મનથી રાણી ભગવાન મહાવીરને સ્મરી રહી ને વંદી રહી, પણ અચાનક જે દૃશ્ય એની નજરે પડયું, એણે એને ઘેલી બનાવી મૂકી. ખંડના મધ્ય ભાગમાં રાજા શતાનીક હાથ-પગ પ્રસારીને પડયા હતા. મળમૂત્રથી એમનાં વસ્ત્રો ખરડાયેલાં હતાં. મોં ફાટેલું હતું, ને આંખોના ડોળા ભયાનક રીતે ઉઘાડા હતા. ક્ષણભરમાં એ વાતની ખાતરી થઈ ગઈ કે એ જીવતો દેહ નહોતો, મરેલું શબ હતું!

રાણી પોતાના પતિદેવની આ હાલત ન જોઈ શકયાં. એ દોડયાં, પડયાં ને બેભાન બની ગયાં. રાજકુમાર ઉદયન થોડી વારમાં દોડતો આવ્યો. એ હૃદય પીગળાવી નાખે તેવું રડવા લાગ્યો. પુત્રના રુદને માતાની મૂર્છાને વાળી. એ જાગતાંની સાથે રડવા લાગી. હૈયાફાટ વિલાપ કરવા લાગી.

મંત્રીરાજ ભારે ચિત્તે રાજાજીને યોગ્ય અંત્યેષ્ટિ સંસ્કાર-ની વ્યવસ્થા કરી રહ્યા. અત્યારનો ગભરાટ વત્સદેશનો વિનાશ નોતરે તેમ હતો. નિરાશ સૈન્ય નાસીપાસ બને તેમ હતું. તેમણે રાણીજીને કહ્યું: "ઝરામાંથી પાણી વહી ગયું,

માતાજી! ગમે તેટલો શોક કરીએ તોય વૃથા છે! નવા પાણીની જોગવાઈ કરો!"

"મંત્રીરાજ, હું તો સતી થઈશ. શબના દેન સાથે મારી પણ વ્યવસ્થા કરશો."

"રાણીમા, તમે સતી થશો, પછી આ કુમારનું શું? આ નિરાધાર પ્રજાનું શું? શું બાજને ચકલાંનો માળો ચુંથવા સોંપી દેવો છે?" મંત્રીરાજે પોતાનું ડહાપણ દર્શાવ્યું. આ ભારે અનિષ્ઠ પ્રસંગમાંથી પ્રજાને એ બચાવવા ચાહતા હતા.

"હું જીવીને ઊલટી ઉપાધિરૂપ બનીશ. મારે માટે આજ સુધી મરવું જરૂરી હતું–આજે તો એ ધર્મરૂપ બન્યું છે."

"સતીમા, મારે કહેવું જોઈએ કે તો આપ પરિસ્થિતિ સમજ્યાં નથી! ગઈ કાલે કદાચ તમારું મૃત્યુ જરૂરી હતું, આજે તમારું જીવન જ એટલું જરૂરી બન્યું છે. સતીમા, ચિતાના અંગારા તો તમને ક્ષણભર પ્રજાળીને હમેશાંની શાન્તિ આપશે, પણ કર્તવ્ય–ચિતાના આ અંગારા તમને જીવતાં રાખીને ભૂંજશે. કસોટી આજે જીવનમાં છે, મરવામાં નહિ! કુમાર ઉદયનના નસીબમાંથી શું હમેશને માટે રાજગાદી મીટાવી દેવી છે! વત્સરાજના વેરનો બદલો લેનાર શું કોઈને તૈયાર કરવો નથી! મહારાજનું છતે પુત્રે નખ્ખોદ વાળવું છે!"

રાણી મૃગાવતીને મંત્રીરાજના ડહાપણ પર વિશ્વાસ આવ્યો. પણ રે, પોતાના ખાતર તો આ સંગ્રામ મંડાયો છે! એણે કહ્યું: "મંત્રીરાજ! મારા જીવવાથી શું ફાયદો છે, તે સમજાતું નથી. હું જીવતી હોઈશ ત્યાં સુધી અવન્તિપતિ પાછો નહિ ફરે!"

"ફરશે. રાણીજી, જરા રાજરમતને અનુસરો. બળથી એક જણને હરાવી શકાય-બુદ્ધિથી હજારોને હંફાવી શકાય. યુક્તિથી કામ લો. કાલે સહુ સારાં વાનાં થશે."

"રાજરમતમાં હું શું જાણું ?"

"બધું જાણી શકો છો. અમે છીએ ને! મંત્રીઓ પછી શું કામના ! રાણીજી, મારું કહ્યું કરો. તમે પ્રેમભર્યાં વચનોથી રાજા પ્રદ્યોતને કહેવરાવો, કે રાજાજી ગુજરી ગયા છે. કુમાર ઉદયન નાનો છે. કોટકાંગરા જર્જરિત થયા છે. બધું ઠીક કરી લેવા દે, રાજા ! પછી હું તારી પાસે ચાલી આવીશ."

"મંત્રીરાજ, તમે આ શું કહો છો ? મારે મોંએ આ વચન ! અરે, જીવતાં એનું મોં જોવામાં પણ હું પાપ માનું છું."

"તે હું કબૂલ કરૂં છું, સતી મા ! પણ રાજનીતિ કહે છે કે બળવાનને અનુસરવું. આટલો કપટયુક્ત વ્યવહાર વત્સદેશને બચાવશે, કુમાર ઉદયનને રક્ષશે ને વત્સદેશનું સત્યાનાશ થોભાવશે. વધુ સારા માટે થોડું ખોટું કરવામાં કોઈ દોષ નથી, સતી મા !"

મંત્રીરાજે ગંભીર રીતે પરિસ્થિતિ સમજાવીને વિશેષમાં કહ્યું: "અંતર કપાતું હોય ને અમીના ઓડકાર ખાઈએ ત્યારે કસોટી કહેવાય. મનને જરાય રુચતું ન હોય, પણ કોઈ મહાકર્મ માટે એ રુચતું કરીએ એમાં જ ખરી અગ્નિપરીક્ષા. દુઃખ આવે મૃત્યુ વાંછનારા અને સુખ આવે જીવિત ચાહનારા કાયરોનો તો ક્યાં તોટો છે ?"

મંત્રીરાજે તરત જ લહિયાને આમંત્ર્યો ને એક લેખ તૈયાર કરાવવા માંડયો. એમાં લખ્યું:

" હે વીર રાજવો.

" મારા પતિદેવ એકાએક અવસાન પામ્યા છે. હવે કોશાંબી અનાથ છે, ને કોઈ તમારી સાથે લડવા માગતું નથી. વળી અમે કોઈ તમારાં વેરી નથી. તેમ જ વેર પણ માણસના અંત સુધી–મૃત્યુ સુધી જ હોય છે. હું તમારા વીરત્વ પર મુગ્ધ છું.

" માટે હે શાણા રાજવી,

" હું વિનતિ કરું છું કે અત્યારે પાછા ફરી જાઓ. મારો પુત્ર ઉદયન બાળક છે. વળી જગદૃષ્ટિએ મારે શોક પણ રાખવો જોઈએ. પાંચ વર્ષની હું મહેતલ માગું છું. કૌશાંબીના જર્જરિત કિલ્લાને સમરાવી લેવા દો, પુત્રને રાજ પર બેસાડી લેવા દો. પછી ઘીના ઠામમાં ઘી પડી રહેશે. પ્રીતિ પરાણે થતી નથી. પુષ્પ પરાણે પ્રફુલ્લતું નથી, માટે હે વીર રાજવી, મારી આટલી વિનંતિ માન્ય કરશો. ઘેરો ઉઠાવી લેશો, ને કૌશાંબીના કોટ કિલ્લાના સમારકામમાં યોગ્ય મદદ કરશો.

" જો આ પત્રનો નિષેધમાં જવાબ આવશે, તો મારા જોદ્ધાઓ, મરી ફીટવા તૈયાર છે. એ મરશે–સાથે બીજા થોડાઘણાને પણ મારશે. વળી જેને માટે તમે યુદ્ધ નોતરીને આવ્યા છો એની માત્ર રાખ જ તમારે હાથ આવશે. આશા રાખું છું કે વેરથી નહિ પણ પ્રેમથી કૌશાંબીને જીતશો."

પત્ર પૂરો થઈ ગયો, સતી રાણી મંત્રીરાજની ચતુરાઈ પર મુગ્ધ થઇ ગયાં. એમના નિરુત્સાહી હૃદયમાં આશાના

અંકુર ફૂટી નીકળ્યા. રડતું અંતર સ્થિર કરી પોતાના સુંદર મરોડદાર હસ્તાક્ષર કર્યા અને રાજદૂતને રવાના કર્યો.

થોડીવારમાં તો અવન્તિના સૈન્યમાંથી સુલેહની રણભેરીના સરોદો આવવા લાગ્યા. સહુએ કિલ્લા પર ચઢીને જોયું તો સૈન્યશિબિરો સમેટવા લાગી હતી. રણમોરચા પરથી લશ્કરો ખસવા લાગ્યાં હતાં.

આ તરફ અંત્યેષ્ટિ ક્રિયાની તૈયારીઓ થઈ રહી. ત્યાં તો રાજા ચંડપ્રદ્યોતનો દૂત આવ્યો :

"અવન્તિપતિ પોતાની ગજસેના સાથે મૃતરાજવીને છેલ્લું માન આપવા હાજર રહેશે."

કોશાંબીના દરવાજા ખુલ્લી ગયા. શરણાઈઓ વિલાપના સૂર છેડવા લાગી. અવન્તિપતિ પ્રદ્યોત એની ગજસેના સાથે અગ્નિની જ્વાલાને અભિનંદી રહ્યો અને કોશાંબીની સેના સ્વયં રુદ્રાવતાર અવન્તિપતિને નીરખી રહી.

અવન્તિપતિ પ્રદ્યોતે મીઠાં વચનથી ઉદયનને પાસે બોલાવ્યો, પ્રેમથી એના ખભે હાથ મૂક્યો, ને બે ઘડી એ કુમારની સામે જોઇ રહ્યો !

રાણી મૃગાવતીની આબેહૂબ મૂર્તિ જેવો એ બાળક હતો. મનમાં માયા જન્માવે તેવું તેનું રૂપ હતું. વાઘ જેવા અવન્તિપતિને પણ કોશાંબીના આ બાળ રાજવી પર વહાલ આવ્યું.

એણે સ્વહસ્તે ઉદયનને સિંહાસન પર બેસાર્યો. પોતે

જ એના મસ્તક પર વત્સદેશનો રાજમુગટ મૂકયો, ને રાજસભાની વિદાય માગી.

સહુએ વિદાય આપી. પ્રદ્યોતનાં નેત્ર મૃગાવતીને એક વાર નજરે જોઈ લેવા લાલાયિત હતાં. પણ એને નિરાશા જ સાંપડી. આખરે એણે વિદાય લીધી.

સંધ્યાનું રંગબેરંગી આકાશ જ્યારે જગત પર છેલ્લાં અજવાળાં પાથરી રહ્યું હતું, ત્યારે અવન્તિપતિની પ્રચંડ ગજસેના ક્ષિતિજમાં ચાલી જતી હતી. કિલ્લાના બુરજ પરથી મા–દિકરો જોઈ રહ્યાં હતા!

"મા, શું આ અવન્તિપતિ અજેય છે!"

"બેટા, એ અજેય નથી. એની ગજસેના અજેય છે."

કુમાર ઉદયન કંઈ ન બોલ્યો. એ ફક્ત સંધ્યાના પ્રકાશમાં અસ્ત થતી સેનાને નીરખી રહ્યો! ને ફક્ત એટલું જ ગણગણ્યો:

"ગ જ સે ના!"

વાઘનું બચ્ચું શત્રુનું લોહી ચાખવા સજ્જ થતું હતું!

## મત્સ્ય પંદરમું

### વત્સરાજ ઉદયન

**વિપત્તિનાં** ભર્યાં વાદળો વત્સદેશ પરથી વગર વરસ્યાં ચાલ્યાં ગયાં. મંત્રીરાજ યુગંધરની યુક્તિ-પ્રયુક્તિઓએ તત્કાલ માટે પરાજયની કાલિમામાંથી કૌશાંબીને બચાવી લીધું. જીવતો નર ભદ્રા પામે, એ વિચારે એક વાર તો ખરેખર સહુ વિજયના જેવો આનંદ અનુભવી રહ્યાં.

પણ જેને શિરે આવતી કાલનું ઉત્તરદાયિત્વ છે: એ પૂરેપૂરાં જાગ્રત હતાં. મંત્રીરાજ યુગંધર સૈન્ય વ્યવસ્થામાં પડ્યા હતા. પોતાને વૃદ્ધાવસ્થા ઘેરતી આવતી હતી, એટલે કદાચ કોઈ કામ પોતાનાથી અધૂરું રહી જાય તો એને પૂરું કરવા તેમના યુવાન પુત્ર યોગંધરાયણને તૈયાર કરી રહ્યા હતા. શસ્ત્ર અને શાસ્ત્ર, રાજમંત્ર ને રાજશાસન બધાથી એને પરિચિત કરી રહ્યા હતા.

વિધવા રાણી મૃગાવતી સતી સીતાની બીજી આવૃત્તિ બન્યાં હતાં. પોતાના પ્રિય પતિનો શોક વિસારીને-પોતાના બાળા રાજા પર બધું ધ્યાન કેંદ્રિત કર્યું હતું. એને શસ્ત્ર શાસ્ત્ર, અશ્વ, ગજ, સંધિ, વિગ્રહ, દ્વેધીભાવ વગેરે અનેક

જાતનું શિક્ષણ અપાઈ રહ્યું છે. માતા એકના એક પુત્રને હૈયામાં ઘાલીને શિખામણ આપે છે. ન્યાયના, નીતિના, ઉદારતાના પાઠ પઢાવે છે. ભગવાન મહાવીરનું જીવન સંભળાવે છે, એમના ઉપદેશો કહે છે, એમની ઉપદેશ-કથાઓનું પાન કરાવે છે: છતાં આ સતી નારી એક વાત ભૂલી શકતી નથી; પોતાના પતિનું અકાળ મૃત્યુ ને એનો નિમિત્ત બનનાર ચંડપ્રદ્યોત ! બધી વાતમાં ક્ષમા, ઉદારતા, ન્યાય–નીતિના પાઠ પઢાવનારી નારી આ વાત આવે છે, કે આવેશમય બની જાય છે. એ કહે છે, 'બેટા, તું વાઘ! વેરીનું લોહી પીવાનો તારો ધર્મ ! ત્યાં દયા, ઉદારતા કે ન્યાય–નીતિ જોવાનાં નહિ !'

મન–ચિત્તથી પતિને જ પરમેશ્વર માની બેઠેલી રાણી રંગરાગથી દૂર રહી વૈરાગ્યભર્યું જીવન જીવે છે. આજ ગઢના વ્યૂહભર્યા દરવાજા રચાવે છે, તો વળી બીજી કાલે સૈન્યની કૂચ નીરખે છે. વળી કોઈ સાંજે અક્ષણવેધી ધનુ-ર્ધરોની શરતો યોજી એમને ઉત્સાહિત કરે છે, તો કોઈ વેળા અશ્વપરીક્ષા જોવા સતી રાણી રણમેદાનની મુલાકાત લે છે.

ભાટ, ચારણો ને બંદીજનો વીરત્વભર્યા દુહા ગાય છે, ને અવન્તિ તરફ હડહડતું વેર કેળવાય એવી કથાઓ ચકલે ને ચૌટે મંડાય છે. ઘર ઘરનું સૂત્ર બન્યું છે, કે 'અવન્તિ અમારું શત્રુ છે. અવન્તિનો નાશ એ અમારો જીવનમંત્ર છે." ઉત્સાહી યુવાન યોદ્ધાઓ 'મરવા ને મારવા' માટે થનગની રહ્યા છે. હવે તેઓ દેશભક્ત બની ચૂક્યા છે, ને જન્મભૂમિની સેવા માટે જગત આખાની કત્લ કરતાં એ કદી પાછા હઠવાના નથી ! જનનિ જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ

ગરિયસિ ! જન્મભૂમિ વત્સદેશની સેવા કરતાં, એના પ્રતાપી રાજવી અને રાણીની વફાદારી ખાતર ગમે તેવાં હીન કૃત્ય કરતાં સ્વર્ગને બદલે નરક મળે તો પણ આ યોદ્ધાઓ અચકાશે નહિ !

અલબત્ત, ધર્મશાસ્ત્રીઓ તો કહેતા હતા કે રણભૂમિ ઉપર મરનાર હરકોઈ માટે સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં હોય છે, ને સ્વર્ગની સુંદરીઓ સ્વાગતે હાજર હોય છે. આટ-આટલી સગવડો હોય, પછી કોણ નામર્દ પાછો હઠે ! વત્સદેશના આ જુવાનો એવો વંટોળ જમાવવાની યોજનામાં હતા કે જેમાં અવન્તિનું સ્ત્રી કે બાળક પણ ભરખાઈ જાય. શત્રુનું નામોનિશાન ન રહે ! ભગવાન મહાવીરનાં અનુયાયી સતી રાણી મૃગાવતી આ શૌર્ય ને આ સ્વાર્પણભાવ જોઈ ખુશ ખુશ થઈ રહ્યાં હતાં. પતિના મૃત્યુનો શોક આ વેરભાવનાની જ્વલંત આગમાં ઠંડો થઈ ગયો હતો.

મંત્રીરાજ યુગંધર પણ એવી એવી યુક્તિઓ શોધી રહ્યા છે, કે વાતવાતમાં શત્રુના સૈન્યનું ધનોતપનોત નીકળી જાય. માર્ગનાં ખેતરોમાં કેફી અન્ન ઉગાડાય છે. નવાણો-માં ધારીએ તે પળે હલાહલ ભેળવી શકાય-તેની યોજના વિચારાય છે. એકાએક દવ લગાડી શકાય તેવાં અરણી કાષ્ટનાં યંત્રો યોજાય છે. રૂપભરી વિષકન્યાઓ માર્ગનાં ઉદ્યાનોમાં આશ્રમો બાંધીને રહે છે. શત્રુનાં વધુ માથાં ઉતારી લાવનારને ઈનામની જાહેરાત થાય છે. કીડીની દયા જાણનારાં સતી રાણી યુદ્ધની હિંસાને અનિવાર્ય લેખતાં હતાં. આમ કૌશાંબીમાં આખો રણરંગનો ઉત્સવ ચાલી રહ્યો હતો.

રાજા પ્રદ્યોતના દૂતો આવતા. શસ્ત્રસામગ્રી ને ખાદ્ય-સામગ્રી લઈ ને આવતા. માણસ ગમે તેટલો વીર્યશાળી બને, પણ એનો દેહ તો પોચા માંસનો ને સહેજે કીડીના ડંખથી ભેદી શકાય તેવી ચામડીનો જ રહે છે. જગતવિજેતા બનનાર માનવી એમાં કંઈ પરિવર્તન આણી શકયો નથી. સિંહ જેવો એ મૃત્યુ પાસે ઘેટા જેવો બનતો કોઇ પણ ઉપાયે અટકી શકયો નથી. નહિ તો.......જવા દો એ વાત. પણ અનુભવથી એટલી વાત તો જરૂર કહી શકાય કે શકિતથી ભર્યાભર્યા માનવીઓના દુર્ધર્ષ શકિતના પુંજ નીચે પણ એક અજાણી અશકિત દબાયેલી હોય છે. શકિતનો પુંજ સત્યાનાશ વર્તાવી મૂકે ત્યારે પેલી નાનીશી નગણ્ય અશકિત પ્રબળ થઇને એને નીચેથી અગ્નિ ચાંપીને ઉડાડી દે છે. રાતનો ઘૂવડ દિવસે ન નિહાળવાની અશકિતવાળો છે. વિષધર સર્પ પગ વિનાનો પંગુ છે. વનનો વાઘ અગ્નિથી બીએ છે.

રાજા પ્રદ્યોતનું પણ એમ જ થયું. કંચન અને કામિનીનો રસિયો એ જીવડો–એ બે વાત પાસે નમી પડતો. રાણી મૃગાવતીના રૂપમાં એ પોતાની મુસદ્દીવટ ખોઈ બેઠો. યુગંધર મંત્રી પણ કોઇ વાર પ્રેમાલાપના, કોઇ વાર વિરહાલાપના, કોઈ વાર ઋતુસંહારના, કોઈ વાર વસંતોત્સવ તો કોઇવાર કૌમુદીવિહારના રસભર્યા પત્રો લખતા. રાણી નીચે હસ્તાક્ષર કરતાં. રાજા પ્રદ્યોત કાગળ વાંચી વાંચીને સાહિત્ય, સંગીત ને સૌંદર્યકલાની ત્રિવેણી સમી રાણી પર મનોમન મુગ્ધ થઇ જતો.

એ ઘેરો ઉપાડીને હઠયો હતો, પણ આવડા મોટા

સૈન્યને શું નિરર્થક એકત્ર કર્યું ને હવે એમ ને એમ અર્થ-હીન રીતે વિખેરી નાખવું ? સૈન્યશક્તિ પાસે છે તો એનો ઉપયોગ કાં ન કરવો ? ચંડપ્રદ્યોતે પોતાના જેવા બળિયા રાજા મગધરાજ શ્રેણિક પર ચઢાઈ જાહેર કરી. આ સમાચારે વત્સ દેશમાં શાંતિ પ્રવર્તાવી. બે બળિયા બાખડ્યા છે, તો ઠીક ઠીક વખત વહી જશે. મંત્રીરાજ યુગંધરે રાણી મૃગાવતી વતી એક પત્ર લખી અવન્તિપતિને નવા નિર્ણય બદલ ધન્યવાદ આપતાં જણાવ્યું કે એક વાર મગધપતિને એવા રણરંગના સ્વાદ ચખાડજો કે ફરીથી ખો ભૂલી જાય.

આ તરફ જેના ઉપર વત્સ દેશનો સંપૂર્ણ આધાર હતો, એ કુમાર ઉદયન પણ ધીરે ધીરે યોગ્ય થતો જતો હતો. મંત્રીરાજ યુગંધરે પોતાનો પુત્ર પણ એની સાથે યોજ્યો હતો. બંને સમવયસ્ક હતા. સુશિક્ષિત હતા, સુશીલ હતા. વિદ્વાન હતા, કવિ હતા, રસિયા હતા. ને રણજંગના જાણકાર બન્યા હતા. રાણી મૃગાવતી પોતાના બાળને તીક્ષ્ણ નહોરવાળો મૃગરાજ બનતો નિહાળીને અને મંત્રીરાજ યુગંધર પોતાના પુત્રને પોતાના જેવો જ પરાક્રમી દેખી, માણસ અરીસામાં પોતાનું પ્રતિબિંબ નિહાળે, એમ બંને જણાં હરખાતાં હતાં.

પણ છેલ્લા દિવસોમાં બાળ રાજા અને બાળમંત્રી બંને વનવિહારી બન્યા હતા. દિવસો સુધી જંગલોમાં ફર્યા કરતા. જંગલી હાથીથી ભર્યાં વનોમાં એ ઘૂમ્યા કરતા. ઉદયન બંસી બજાવતો ને મંત્રીપુત્ર સાંભળ્યા કરતો. પણ આ બંસી ધીરે ધીરે લોકોના આકર્ષણનો વિષય બનતી ચાલી. જંગલોના નાકે ને પહાડની તળેટીમાં વસેલાં ગામડાંનાં

રસિક નર-નારીઓ આ બંસીસ્વર વિષે અનેક કિંવદન્તીઓ જોડતાં.

મહાભારત કાળમાં શ્રીકૃષ્ણની બંસીનો સ્વર મધુર મોહક કામણગારો હતો. એવા મોહક સ્વરો ફરીથી સંભળાયા હતા, યુગોની પછી ! એ સ્વરોના આકર્ષણે ગાયો ખીલા છોડીને જંગલ તરફ દોડી જતી, ગોવાળો પશુની દેખરેખ ભૂલી આત્મવિલોપન અનુભવતા ને મહિયારણો તો કોમળ અધર પર ગોરી ગોરી આંગળી મૂકી કોઇ સુખદ સ્વપ્ન-લોકમાં સરી જતી. હવામાં સ્વરો ઘૂમતા ને કોઈને કામ-કાજમાં ચિત્ત જ ન લાગતું. રોતાં બાળ છાનાં રહેતાં, ભાંભરતાં ઢોર ખીલા પર ઊંચું મોં કરી સ્વરદિશા તરફ નિહાળી રહેતાં.

અરે, આ સંતપ્ત પૃથ્વીને શાન્ત કરવા ભગવાન શ્રીકૃષ્ણે ફરીને અવતાર ધર્યો લાગે છે ! આ બંસીના સ્વરો બીજા કોઈના ન હોય., આટલો પ્રાણ અન્ય કોઈના નાદમાં ગાજતો ન હોય.

એમાં એક ચમત્કાર બન્યો. જંગલનાં ગામડાંઓમાંથી નાકા પરના એક ગામ પર વનહાથીઓના વૃંદે એક વાર ધસારો કર્યો. મહુડાંની ઋતુ હશે. પેટપૂર મહુ-ફળ આરોગીને મસ્તીએ ચડેલા હાથીઓએ રમત માટે એ ગામડું પસંદ કર્યું ! સબળની રમતમાં તો નિર્બળનું મોત ખડું હતું ! ગામનાં નર-નારીઓ કાળો કલ્પાંત કરતાં નાઠાં. પણ હાથીઓને તો માનવ-દડા વડે ખેલ ખેલવો હતો. ઝાડ ને પહાડની રમતો તો રોજ રમ્યા, પણ આવો પોચો પોચો માનવદડો

ક્યારે મળે ! હાથ પડ્યાં સ્ત્રી, બાળક કે પુરુષને સૂંઢથી ઉલાળી ફંગોળવા માંડયાં.

સત્યાનાશની-સર્વનાશની ભયંકર પળ આવીને ખડી થઈ. માનવી આ બળના પુંજ ઉપર હમેશાં બુદ્ધિના છળ-બલ ચલાવીને જે રીતે કાબૂ રાખતો, એ આજ નિરર્થક નીવડ્યો. અનાથ ગ્રામજનો માટે ઉપર આભ ને નીચે ધરતી સિવાય બીજો આશરો ન રહ્યો.

એકાએક હવામાં પેલી મોહક બંસીના સૂર સંભળાયા. અહે, ધન્યભાગ્ય ! મરતી વેળાએ પણ મીઠા સ્વરો સાંભળતા મરવાનું સદ્ભાગ્ય વર્યું. શાન્તિના મોહક વાતાવરણને ઘેરા બનાવતા સ્વરો બધે ગૂંજવા લાગ્યા. પવન, પાણી, પહાડ, સ્ત્રીપુરુષ, વાતાવરણ સહુ સ્વરથી સભર બની ગયાં.

મદઘેલા બનીને તોફાને ચઢેલા વનહાથીઓ પણ જાણે ગંભીર બન્યા. એક પળ સૂંઢ હલાવ્યા વિના શાન્ત ઊભા, ને પછી પાછા પગલે ફરીને ધીરે ધીરે સ્વરની દિશામાં ચાલ્યા ગયા. ગામડું અજબ રીતે સર્વનાશના પંજામાંથી બચી ગયું !

લોકો બોલી ઊઠ્યાં: “ અરે, એજ વૃંદાવનવિહારીએ આપણી ભેર કરી ! કંસવધ કરનાર ભગવાન શ્રીકૃષ્ણે જ આપણાં કષ્ટ કાપ્યાં ! ધન્ય ધન્ય ગોવર્ધનધારી ! ”

બધેથી જયજયકાર પ્રગટી નીકળ્યો. પણ જાણકારોએ જાણી લીધું કે એ બંસીનો બજવૈયો એમનો તરુણ રાજા ઉદયન વત્સરાજ છે. હસ્તિકાન્ત વીણાની એણે સાધના કરી છે. એ નાદસ્વર માટે એણે ભારે તપ તપ્યું છે. અજબ

બ્રહ્મચર્ય સાધ્યું છે. એ સ્વરોમાં એવી સંકલ્પસિદ્ધિ પ્રગટાવી છે, કે મનુષ્ય તો શું, જંગલનાં જીવો પણ—ને જંગલના જીવો તો શું—પવન પહાડ ને પાણી પણ-પવન, પહાડ ને પાણી તો શું પણ વૃક્ષ, ડાળ ને વનસ્પતિ પણ મુગ્ધ ભાવે વશ થઈ રહે !

આ વર્તમાન તરત જ રાણી મૃગાવતીને મળ્યા. વેરભાવની આરાધનામાં આંતર બાહ્ય નિમગ્ન બનેલાં રાણી આ સમાચારથી છંછેડાઇ ઊઠયાં :

" બંસીથી તે બાપનાં વેર વળાશે ? "

જમાનાને પિછાણનાર મંત્રીશ્વર યુગંધરે કહ્યું: " રાજ-માતા, વેર લેવાના ય અનેક પ્રકાર છે. કેટલીક વાર શત્રુને હરાવીને હણવા કરતાં જિવાડવામાં વેરની અદ્ભુત વસૂલાત હોય છે. મારા બાળા રાજા પણ આવી કોઇ વેરવસૂલાતની તૈયારીમાં કાં ન હોય ! "

" મંત્રીરાજ, તમે તો અમારું અંગ છો. તમારાથી વાતનું રહસ્ય ન છુપાવાય. મને શક છે, કે પિતાના જેવી રૂપમોહિની પુત્રમાં પ્રગટી ન નીકળે ! આખરે તો એ સંતાન કોનું ? ઇંદ્રિયસુખ—પછી ભલે એ રૂપ, રસ, ગંધ કે સ્પર્શમાંથી એકાદનું હોય, પણ એ એક સુખ પાંચે સુખ એકત્ર કર્યા વિના જંપતું નથી. સ્વરમોહનીનું અવિભાજ્ય અંગ સૌંદર્ય-મોહની છે. "

" તો રાણીજી, ચાલો તપાસ માટે નીકળીએ. મને તો બંને હીરા જેવા લાગે છે ! "

" એનું જ નામ માબાપ ! કાળું સંતાન પણ એને ગોરું ગોરું લાગે. ચાલો, આપણે પ્રવાસે નીકળીએ. આપણી

વેરસાધનાની એક પણ કડી હું નિર્બળ રાખવા માગતી નથી. નિર્બળ રહી ગયેલી એક કડી આખી સાંકળ છિન્નભિન્ન કરી શકે છે, એ તમે ક્યાં જાણતા નથી ? ”

“ સતી રાણી ! જેટલું જાણીએ છીએ એનાથી જીવનમાં અજાણ્યું ઘણું છે. જેનો તાગ અમે મુસદ્દીઓ તો શું, મહાત્માઓ પણ મેળવી શક્યા નથી ! ” મંત્રીરાજે કહ્યું.

છેલ્લા કેટલાએક સમયથી મંત્રીશ્વરની વિચારસરણી કંઈક સાત્ત્વિક ભાવ તરફ ઝૂકતી દેખાતી હતી. સતી રાણી પોતે પણ ધર્મનિષ્ઠ હતાં. ભગવાન મહાવીરની પરિષદાનાં એક અનુયાયી તરીકે પોતાની જાતને લેખાવતાં, પણ જ્યારે વેરને પોતાનો ધર્મ લેખ્યો હોય ત્યારે આવી તાત્ત્વિક વાતોના રગડા શા ? મંત્રીરાજને રાણી જરા મીઠો ઠપકો આપતાં તો મંત્રીરાજ કહેતા :

“ સતી મા, વેર અને વળી ધર્મ ! વિષ અને વળી અમૃત ! એ તે કેવી વાત ! ધર્મ તો ક્ષમા જ હોઈ શકે ! વદતો વ્યાઘાત જેવું કાં ભણો ! જળ ગમે તેવું ગરમ હોય, પણ તેનાથી આગ ન લાગે ! ”

પણ રાણી પછી આગળ ન વધતાં. ધર્મચર્ચાનાં શોખીન હોવા છતાં, આજે તો રાજ્યચર્ચા સિવાય એમને કંઈ રુચતું નહોતું. બંને એક દહાડો રાજહસ્તિ ઉપર તરુણ રાજા અને તરુણ મંત્રીની શોધમાં નીકળ્યાં. વનજંગલની શોભા અપરંપાર હતી. ફૂલ, ફળ ને પંખીઓથી જંગલમાં મંગળ રચાઈ રહ્યું હતું પણ રાણી તો શત્રુને આંતરવા માટે ક્યું સ્થળ સુગમ છે, એના જ વિચારમાં હતાં.

માર્ગમાં વનહસ્તિઓના વિનાશમાંથી બચેલું પેલું ગામ આવ્યું. સહુએ 'જય હો મહારાજ ઉદયન વત્સરાજનો' ના નાદથી રાણી અને મંત્રીનું સ્વાગત કર્યું! બધી કથા વિસ્તારીને કહી, પણ રાણીજીએ એમાં ખાસ લક્ષ ન આપ્યું! પુત્રનો આ વિજય એમને મન મહત્ત્વનો નહોતો. માનવજીવનમાં એવાં નાનાં મોટાં પરાક્રમો તો ચાલ્યા કરે છે, પણ સાચું પરાક્રમ તો એજ જે લક્ષ્યસાધનામાં લેખે લાગે!

રાણીએ પુત્રની ભાળ પૂછી. કયા વનજંગલોમાં અત્યારે વિહરે છે એના વર્તમાન માગ્યા. પણ સ્વૈરવિહારી રાજાનાં પગેરુ કોણ કાઢી આપે! ત્યાં એકાએક હવામાં પેલા વીણાસ્વરો ગુંજી રહ્યા. રાજહસ્તિએ પોતાની સૂંઢ હિલોળવી બંધ કરી. એ સ્તબ્ધ બનીને પળવાર ઊભો રહ્યો.

ગ્રામ્યજનોએ કહ્યું: "મા, આ એ જ સ્વરો! આપ હોદ્દા પર શાંતિથી બેસી રહો. આ હાથી સ્વયં આપને ત્યાં લઈ જશે. અંકુશ તો શું, અવાજ પણ કરશો નહિ. નહિ તો સહુ કંઈ ફગાવીને એ ચાલ્યો જશે! આ સ્વરમાં માતાનાં હાલરડાં, પત્નીના નિમંત્રણ–સાદની મોહિની છે. જેને સ્પર્શે છે, એ સુધબુધ ભૂલી જાય છે!"

શસ્ત્રની શક્તિથી સુપરિચિત રાણીને આ સ્વરશક્તિ અદ્ભુત લાગી. પળવાર સ્થિર થયેલો રાજહસ્તિ વગર દોર્યો સ્વરદિશા તરફ દોરાઈ રહ્યો હતો. નદી, નવાણ, વન, જંગલ, અટવી અરણ્ય વટાવતો હાથી–તીર જેમ લક્ષિત સ્થળ તરફ જાય તેમ ચાલ્યો જતો હતો. આખોય વનપ્રદેશ અજબ સ્વરમોહનીથ ગૂંજી રહ્યો હતો.

બંસીનો એ અદ્ભુત બજવૈયો પહાડની એક તળેટીમાં, રૂપેરી ઝરણાને તીરે, કદંબવૃક્ષની ડાળ પર બેઠો બેઠો સ્વર છેડી રહ્યો હતો. એક શિલા પર સિંહની યાળમાં માથું પસવારતો અશ્વ સ્તબ્ધ બન્યો ખડો હતો. તળેટીમાં હાથીઓનાં વૃંદ ગાયના ધણની જેમ નમ્ર બનીને ખડાં હતાં. ચંદનકાષ્ઠ વીણતી ભીલડીઓના હાથમાં ભારા રહી ગયા હતા ને ઊભી ઝોલાં ખાતી હતી.

"ઉદયન !" રાણીએ ચીસ પાડી.

આવા સુંદર વાતાવરણમાં, રે, આ નાદ-પથ્થર કોણે ફેંક્યો ! હાથીઓ છીંકોટા નાખી રહ્યા. કેસરી સિંહ ગર્જી રહ્યા. કસ્તૂરી મૃગ સુગંધનાભિ છુપાવતા હવામાં ઉછળ્યા.

"ઉદયન ! તારી બાળચેષ્ટા છાંડી દે !" સતી રાણીના સુરેખ અધરોમાંથી અમી નહિ-વેરઝેરની વર્ષા થતી હતી. આખું વન આ નાદમાધુર્યમાં તરબોળ હતું ત્યારે વેરભરી આ વીરાંગનાનું હૈયું બેચેનીમાં તરફડી રહ્યું હતું.

"મા, આવ્યો મા !" વીણાના સ્વરો થંભ્યા કદંબની ડાળ પરથી મધુર અવાજ આવ્યો. લાગલો જ ઉદયન કૂદીને ભૂમિ પર આવ્યો. કેવો રૂપાળો કુમાર ! કેવી સૌંદર્યભરી તરુણાવસ્થા ! તરુણે રાજહસ્તિ પાસે આવીને છલાંગ દીધી. એક છલાંગે ગંડસ્થળ પર જઈને ઊભો રહ્યો. માએ તરુણ પુત્રને ગોદમાં ખેંચ્યો.

સ્વરપ્રવાહ સ્થગિત થતાં વનમાંથી આવેલા હાથીઓ પીઠ ફેરવી રહ્યા હતા. કેસરી સિંહ આળસ મરડતા ઊભા થયા હતા, ને ડરપોક કસ્તૂરી મૃગ કૂદતાં કૂદતાં અદૃશ્ય થતાં હતાં.

"વત્સ, તારા બાપનો ખૂની હજી જીવે છે."

"હું જાણું છું."

"તો પછી આ રાગરંગ!"

"શાના મા રાગરંગ! મેં સુવાળાં બિછાનાં સેવ્યાં નથી. પલંગમાં કદી પોઢ્યો નથી. પકવાન્ન કદી આરોગ્યાં નથી. સ્ત્રીને સ્વપ્નમાં પણ સમજી નથી. મા, પછી શાના રાગરંગ!"

"આ બંસી! આ વાતાવરણ! આ ઘેલી બનેલી ગ્રામ્ય વધૂઓ! બેટા, તારા બાપનો ખૂની પ્રદ્યોત આજ મગધના સીમાડા પર લડાઈ છેડી બેઠો છે. મગધના મહા-મંત્રી બુદ્ધિનિધાન અભયકુમારથી એનો પાલો પડ્યો છે. જલદી એ જીતી નહિ શકે, પણ તેટલા કાળમાં આપણે તૈયારીઓ પૂરી કરી લેવી જોઈએ ને!"

"એની જ તૈયારીમાં છું. મા, મને સૂતો ન સમજીશ. સિંહણનો પુત્ર છું. તૈયારીમાં જ છું. મારા બાલમંત્રી ને મિત્ર યોગંધરાયણને મગધના વર્તમાન મેળવવા મોકલ્યો જ છે."

"ખાખની તૈયારી, બેટા! શું વીણાથી વિકરાળ શત્રુ વશ થાય ખરો! અલબત્ત, સુંદરીઓ જરૂર વશ થાય." રાણીના શબ્દોમાં વ્યંગ હતો.

"મા, ત્યારે તું ન સમજી! તેં એક દિવસ નહોતું કહ્યું કે રાજા પ્રદ્યોતનું ખરું પરાક્રમ ગજસેના છે."

"અવશ્ય."

"એ ગજસેના વિફરી બેસે તો એ વિકરાળ વાઘ ગરીબ ઘેટું બની જાય ને!"

"ઘેટું બને કે ન બને, પણ જલદી વિજય ન મેળવી શકે!"

"બસ ત્યારે. આ વીણાની સાધના એ માટે જ છે. આ વીણાને સામાન્ય ન સમજીશ, મા! એ હસ્તિકાન્ત વીણા છે. બાર બાર વર્ષનાં બ્રહ્મચર્ય સાધ્યાં હોય, એ જ આ નાદ સ્વર છેડી શકે. આ સ્વરો સાંભળ્યા કે ગજસેના રણમેદાન છાંડી દેશે."

"ધન્ય પુત્ર! ધન્ય વત્સ!" રાણી ખુશ થઈ ગઈ.

માએ કંઈ પણ બોલ્યા વિના પુત્રને ગોદમાં લઈ લીધો. ચુમીઓથી એને નવરાવી નાખ્યો. જુવાનીના દ્વાર પર ઉભેલા પુત્રને નાના બાળની જેમ વહાલ કરવા લાગી.

એના વાળ સમાર્યા, ગાલ પ્રોંછયા ને મીઠા કંઠે કંઈ કંઇ ગાવા લાગી! જુવાન પુત્ર સમજતો કે ત્રિભુવન પર સત્તા ચલાવી શકે તેવી માને વિધાતાએ જોઈએ તેવા સંયોગો ન આપ્યા! વિધવા માતાનું પૂર્ણચંદ્ર જેવું મોં એ નીરખી રહ્યો

"મા, તારા મોં પર કવિત્વ કરવાનું દિલ થઈ આવે છે! પૃથ્વીને અમૃતસુધાથી સ્નાન કરાવતી પૂર્ણિમા શું આ મુખચંદ્રથી વધુ સુંદર હશે! ભગવતી વસુંધરાના હૃદયપટમાં શું તારા અધરમાં વહેતા અમૃત જેવી સંજીવની સુધા હશે ખરી!"

"બેટા, તું કવિ થઈ જઇશ. કોઇ રાજકુમારીની

શોધમાં જ છું. કોઈ કાવ્યકલાની રસિયણ શોધી લાવીશું. મેના–પોપટ જેવાં તમે બંને પછી રાજઝરૂખે બેસી કાવ્યકલ્લોલ કર્યા કરજો. પણ બેટા, પહેલાં તારું પિતૃઋણ અદા કર, નહિ તો તારા બાપ જેવો સૌંદર્યઘેલો બની કંઈ કંઈ અનર્થ નોતરી લાવીશ.”

“ મા, મારા કવિત્વનો વિષય તું છે : વીરત્વનો વિષય પ્રદ્યોત છે.”

ઉદયન કંઈ કંઈ કાલીપંક્તિઓ બોલવા લાગ્યો. મૃગારાણી એને નીરખી રહી. પોતાનું સૌંદર્ય એની રેખાએ રેખામાં ઊતર્યું હતું.

# મત્સ્ય સોળમું

## બળ અને બુદ્ધિનો ઝગડો

સંસારમાં સર્વત્ર શક્તિનાં ઝરણ ભરપૂર વહ્યાં કરતાં હોય છે. નિર્બળ માનવી સહેલાઈથી એનું પાન કરી સબળ બની શકે છે. પણ આશ્ચર્ય અને અનુભવની વાત એ છે, કે એ ઝરણનું પાન કરીને સબળ બનેલો નિર્બળ પોતાને પ્રાપ્ત થયેલી શક્તિથી અન્ય નિર્બળોને સતાવવાં શરૂ કરે છે! સંતપ્ત નિર્બળ સબળ બનવા પ્રયત્ન કરે છે, ને એ પણ સબળ બની અન્ય નિર્બળને સંતાપે છે! આમ સબળ-નિર્બળની ઝાલઝલામણી સંસારમાં ચાલ્યા કરે છે.

શક્તિ પામીને જેણે ભક્તિ જાળવી હોય એવા સંસારમાં વિરલા હોય છે. શક્તિની સાથોસાથ ગર્વ, અભિમાન ને અહંતા પ્રગટ થઈ જાય છે. સબળ બનેલો માનવી સંસારને પોતાનો સેવક, પોતાના ઉપભોગનું ધામ માની લે છે, ને પરિણામ એ આવે છે, કે એ સબળને ખાનાર નવો સબળ નીકળી આવે છે! સંસારને કોઈ ખાઈ શક્યું નથી. વિષયને કોઈ ભોગવી શક્યું નથી. સંસાર સહુ કોઈને ખાઈ ગયો છે, ને વિષયે સહુ કોઇને હણી નાખ્યા છે, આજે જે હણનાર છે એ કાલે હણાનાર છે. આજ જે કસાઈ છે, એ કાલે ઘેટું છે! પણ શક્તિ પામીને પણ

નમ્ર રહેનાર સંતો કે મહંતો સિવાય આ રહસ્ય કોઈ પામ્યું નથી. ક્ષમામંદિર શ્રમણ ભગવાન મહાવીર દિવસોથી શું આ નહોતા કહેતા. અરે રાજાઓ! તમે સુધરો. તમે સુધરશો તો પ્રજા સુધરશે. યથા રાજા તથા પ્રજા!

સંસારમાં શક્તિનો સદુપયોગ જેટલો થયો હશે, એનાથી એનો દુરુપયોગ વિશેષ થયો છે. શક્તિથી શાન્તિનું સામ્રાજ્ય જેટલું પ્રસર્યું હશે, એનાથી પ્રલયનું પૂર વધુ વહ્યું હશે.

આ તત્ત્વજ્ઞાનની પ્રતીતિ મહામંત્રી યુગંધરને તેમના પુત્રે કરી આપી. મગધના રણમેદાન પર શત્રુની ચર્યા જોવા ગયેલો આ કુશળ જુવાન ઘણા દિવસો બાદ બધી માહિતી લઈ ને આવ્યો હતો. વત્સરાજ ઉદયન, રાણી મૃગાવતી અને મહામંત્રી યુગંધરની હાજરીમાં આ જુવાન મંત્રીપુત્રે પોતાની કથા આરંભી:

" અવન્તિપતિ પ્રદ્યોત અને મગધરાજ શ્રેણિક બિંબિસાર વચ્ચે જે યુદ્ધ લડાયું એને હું યુદ્ધ કહેતો નથી, માત્ર બળ ને બુદ્ધિનો ઝગડો કહું છું. "

મંત્રીપુત્રની વાતની નવીન પ્રકારની રજુઆતે સહુને આશ્ચર્યમાં નાખ્યા. તમામની વાત વિષેની ઈંતેજારી વધી ગઈ. વાત આગળ ચાલી,

" વાત એવી બની, કે મગધમાં અવન્તિપતિની ચઢાઈના જેવા સમાચાર મળ્યા તેવા મહારાજ શ્રેણિકે પોતાની મંત્રણાસભા બોલી. કેટલીએક ગુપ્ત વિચારણા બાદ સહુએ આ યુદ્ધ સંચાલનની તમામ જવાબદારી મહામંત્રી બુદ્ધિનિધાન અભયકુમારને સુપ્રત કરી.

"યુદ્ધ તો ખરેખર ભયંકર થવાનું. અવન્તિપતિ સામાન્ય લડવૈયો નહોતો. એના પ્રચંડ સૈન્યબળ પાસે ભલભલા રાજા મોમાં તરણું લઈ અધીનત્વ સ્વીકારી સલામતી શોધતા. મહામંત્રી અભયકુમારે સૈન્યને સજ્જ થવા આજ્ઞા આપી, પણ બીજી કંઇ વિશેષ તૈયારીઓ ન કરી.

વાવંટોળને વેગે અવન્તિનું લશ્કર આવી રહ્યું હતું. હવે તો કાલે પાટનગરીના દુર્ગને ઘેરી લેશે. છતાં રે, મહામંત્રી કાળઝાળ દુશ્મનને થંભાવવા રણમેદાન પર મગધની સેનાને કાં દોરતા નથી? મગધના યોદ્ધાઓ કંઇ સામાન્ય નહોતા, છતાંય મગધની પ્રજાને પોતાના બુદ્ધિનિધાન મંત્રીમાં શ્રદ્ધા હતી, વિશ્વાસ હતો. એ માનતી કે આ ધર્મવીર ને કર્મવીર, સુચરિત મંત્રી એવો કોઈ ચમત્કાર કરશે કે શત્રુનું સૈન્ય વગર લડયે ભાંગી પડશે.

શ્રદ્ધાની પણ કસોટી થાય એવી કટોકટી ઊભી થઈ. કાળભૈરવ જેવા અવન્તિપતિએ રાજગૃહને ઘેરી લીધું. એની સાગર સમી સેના દૂર દૂર સુધી પથરાઇ ગઈ. હાથીઓ હુંકાર કરવા લાગ્યા. અશ્વો ખૂંખારવા લાગ્યા. રાજગૃહની સળગતી ખાઈ ઓળંગવાની ને વહેતી ખાઈ તરવાની યોજનાઓ ઘડાવવા લાગી. ચૌદ ચૌદ ખંડિયા સામંતરાજાઓને જુદી જુદી કામગીરી પર મૂકી દીધા.

આટઆટલી મગધને રોળવાની તૈયારી છતાં મહામંત્રી અભયકુમારના પેટનું પાણી પણ હાલતું નથી. છેલ્લા ચારેક દિવસથી વહેલી પ્રભાતે રાજદુર્ગ પર કેટલાક ધનુર્ધરો સાથે એ દેખાય છે. હવામાં બે ચાર તીર એક કાગળના કટકા

સાથે ચાલ્યાં જતાં દેખાય છે, બાકી કંઇ પ્રવૃત્તિ દૃષ્ટિગોચર થતી નથી: છતાં પ્રજા નચિંત છે કારણ કે પોતાના પ્રાણ એક જવાબદાર વ્યકિતના હાથમાં સલામત મૂકયા છે.

શ્રદ્ધા મોટી વસ્તુ છે. કેટલાએક દિવસો બાદ અવન્તિ-પતિની સેના મોટા ઘોંઘાટ સાથે ઘેરો ઉઠાવીને પાછી ફરી. રાજા પ્રદ્યોત તો એવા વેગથી પાછો ફર્યો કે ન પૂછો વાત! અને રાજધાનીમાં પહોંચીને એણે ચૌદે ચૌદ ખંડિયા સામંત રાજાઓને કેદમાં પૂર્યા! પણ કંઈ વાંકગુનો! બિચારા સામંત રાજાઓ તો ઈનામને બદલે કારાગૃહ મળેલું જોઇ આભા બની ગયા.

બીજે દિવસે એમને ન્યાયસભામાં ઊભા કરવામાં આવ્યા, ત્યારે બધો ભેદ ખુલ્યો. રાજા પ્રદ્યોતે કહ્યું કે "રણ-મેદાન પર આવીને શત્રુ સાથે ભળી જવાનો ભયંકર દ્રોહ તમે કર્યો છે. એની સજા માત્ર દેહાંત દંડની જ હોઇ શકે!"

"પણ મહારાજ અવન્તિપતિ પાસે એનું કોઈ પ્રમાણ તો હશે ખરું ને!" રાજાઓએ પૂછ્યું.

"જરૂર. જુઓ આ તમારો છૂપો પત્રવ્યવહાર. ને તમારા તંબૂ નીચેથી નીકળેલું આ જરજવાહર!"

અવન્તિપતિના ઈશારા સાથે એ બધું હાજર કરવામાં આવ્યું. ઘડીભર ચૌદે સામંત રાજાઓ એ જોઈ રહ્યા. ભારે બનાવટ કરવામાં આવી હતી. એ પત્રો મગધના મહામંત્રી અભયે લખેલા હતા, તેમાં જે સામંત રાજાઓ મગધને જીતાવી દે તમને ઈનામ હતાં. આ પત્રોમાં કોને અવન્તિનો કયો ભાગ આપવો, ને કોને મગધનો કયો ભાગ આપવો

ને કેમે રોકડ જરજવાહર કેટલું આપવું તેનો ઉલ્લેખ હતો. કેટલાકને તો પહોંચાડી દીધાની વાત પણ એમાં હતી. ને જેમે પહોંચાડયું હતું તેના તંબૂ નીચે ખોદતાં એ મળી પણ આવ્યું હતું. રજૂ થયેલું જરજવાહર એનો પ્રત્યક્ષ પુરાવો હતો. કહો, આથી વધુ સાબિતી શું જોઈએ ?

" મહારાજ, આ તરકટ છે, મહામંત્રી અભયકુમાર બુદ્ધિનિધાન કહેવાય છે. હજાર લશ્કરોનું બળ એક એના મસ્તિષ્કમાં છે."

" હું બધુ જાણું છું ભગવાન મહાવીરની પરિષદામાં મારી જેમ એ પણ બેસનારો છે. પણ જ્યારે મગધના પાટનગરમાંથી એક પંખી પણ આવી શકતું ન હોય ત્યારે આ બધું કેમ આવ્યું ? "

" અમે પણ એ જ પ્રશ્ન કરીએ છીએ. મહારાજ, આ તો એની પૂર્વતૈયારી જ હોય. એની રાજરમત જલદી સમજાય તેવી નથી. અને અમારી રાજભક્તિને નાણી જોવી હોય તો ગમે તે પળે અમે કસોટીમાં ખડા રહેવા તૈયાર છીએ." સામંત રાજાઓના અવાજમાં સત્યનો નિર્ઘોષ હતો.

અવન્તિપતિ પ્રદ્યોતના દિલમાંથી શંકાની વાદળી સરકી ગઈ. એને તરત જ ભાન આવ્યું, કે બુદ્ધિનિધાન મંત્રી એને આબાદ બનાવી ગયો. હવે ગમે તે રીતે એનો બદલો લેવો જોઇએ.

ફરીથી કૂચ કરવી ? થાકેલું સૈન્ય આ જાતના અર્થહીન રઝળપાટથી કદાચ કંટાળી ઊઠી બળવો કરે તો ! કદાચ

કારાગૃહમાં બંદી બનીને અપમાન પામેલા સામંત રાજાઓ હવે બેવડા તેટલા ઝનૂનથી ન પણ લડે તો?

તો!!! તેર મણનો તો!

અવન્તિપતિએ આખરે નિર્ણય કર્યો કે બુદ્ધિનિધાનને બુદ્ધિથી જ પરાસ્ત કરવો!

×

"ખૂબ કરી, બુદ્ધિનિધાને! ધન્ય મંત્રી!" રાણી મૃગાવતી વચ્ચે બોલી ઊઠયાં.

"ને ખૂબ કરી મારા બાલમંત્રીએ! ભારે ભેદ લાવ્યો. વારુ, પછી શું થયું તે કહો!" બાલરાજા ઉદયને કહ્યું.

*

"બળ અને બુદ્ધિનો ઝઘડો આગળ વધ્યો:" બાલમંત્રી યોગંધરાયણે વાત આગળ ચલાવી.

"અવન્તિપતિએ ઉજ્જૈનીની કુશળ ગણિકાઓ બોલાવી. મહારાજ, અવન્તિકા સુંદરીઓ ભારત ભરમાં વિખ્યાત છે. મદ્રની સ્ત્રીઓને રૂપ હોય છે, કામરુ દેશની સ્ત્રીઓમાં કામણ હોય છે: પણ અવન્તિકાઓમાં જે સૌંદર્ય, સાહિત્ય ને સંસ્કારનો ત્રિવેણી સંગમ હોય છે, તેવો અન્યત્ર મળતો નથી! કવિત્વમાં જુઓ તો એ અગ્રેસર, કાવ્ય, છંદ, દુહા, હેલિકા-પ્રહેલિકામાં એ પ્રથમ આવે! શણગારમાં જુઓ તો એનું ચાપલ્ય સહુથી ચઢતું. રાજકારણ ધર્મકારણ સહુમાં એ ભાગ લે! અવન્તિની અભિસારિકાઓ પર તો ભલભલા યોગીઓ ઘેલા બની ગયા છે!"

"વાતમાં બહુ મોણ નાખીશ મા!" મંત્રીશ્વર

યુગંધરે પુત્રને અન્ય વિજેતાના પ્રવાહમાં ઘસડાતો જોઈ કહ્યું: "તાકાત હોય તો તારા રાજાને એવી કોઈ અદ્ભુત અવન્તિકા લાવી દેજે!"

"એ તો નક્કી કરી રાખી છે."

"કોણ?"

"વાસવદત્તા!"

"મહારાજ પ્રદ્યોતની લાડઘેલી પુત્રી? વાહ, ઘર ફોડવું ત્યારે સામાન્યનું શું કામ ફોડવું! વારુ, વારુ! હવે તારી વાત આગળ ચલાવ." રાણી મૃગાવતીએ કહ્યું.

"રાણીજી, આપ જાણો જ છો, કે ભગવાન મહાવીરે પોતાના ઉપદેશને આચરણમાં મૂકનારનો એક સંઘ–સમાજ સ્થાપ્યો છે. એમાં સાધુ, સાધ્વી, ગૃહસ્થ પુરુષ ને ગૃહસ્થ સ્ત્રી એમ ચાર ભાગ પાડ્યા છે. *ભગવાન મહાવીરના અનુયાયી ગૃહસ્થ પુરુષ તે શ્રાવક કહેવાય, ગૃહસ્થ સ્ત્રી તે શ્રાવિકા કહેવાય. આપણાં ચંદના જેમના હાથે અડદના બાકળા તેમણે લીધા હતા, તેમને સાધ્વી સમુદાયનાં નેતા બનાવ્યાં છે.

---

* ભગવાન મહાવીર કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી એકાકી હતા. પછી તેઓ અપાપા નગરીમાં આવ્યા. અહીં, ૧૧ બ્રાહ્મણ પંડિતોએ સહુ પ્રથમ પોતાના શિષ્યગણ સાથે તેમના ઉપદેશને સ્વીકાર્યો ને શિષ્ય થયા. આમ જ્ઞાની, ધ્યાની ને તપી બ્રાહ્મણોએ ભગવાનનો માર્ગ પ્રથમ ગ્રહ્યો. પછી રાજા શતાનિકને ત્યાં રહેલી ચંદનાએ પણ સંસારત્યાગની ઇચ્છા દાખવી. એને પ્રથમ સાધ્વી બનાવી. અભયકુમાર પ્રથમ શ્રાવક થયો.

" આમાં સંસારમાંથી સંન્યાસ લેવાની તાત્કાલિક સગવડ ન હોવાથી, છતાં ભગવાન મહાવીરના ઉપદેશને અનુસરવાની પૂર્ણ તૈયારી હોવાથી મહામંત્રી અભયકુમાર પ્રથમ શ્રાવક થયા. ભગવાન મહાવીરના અનુયાયીઓનો સંઘ રચાયો, એટલે એ સંઘના હરકોઈ સભાસદ માટે એમને અમાપ પ્રેમ! અને સાચો પ્રેમ તો સર્વ કંઈ કુરબાન કરવા તૈયાર રહે.

" આ પ્રેમનો ગેરલાભ લેવાનો રાજા પ્રદ્યોતે નિર્ણય કર્યો. એણે સર્વ કળાકુશળ એક ગણિકાને શ્રાવિકા બનાવી. ભગવાન મહાવીરનો ઉપદેશ શિખવાડ્યો ને મોકલી રાજગૃહિમાં!

" ભગવાન મહાવીરના ધર્મની અનુયાયી શ્રાવિકા બનીને આવેલી આ અવન્તિકાએ, રાજગૃહિમાં તો ભારે ધૂમ મચાવી. સાધુઓ માટે યોજેલાં પાંચ મહાવ્રતની જેમ ગૃહસ્થો માટે યોજાયેલાં પાંચ અણુવ્રતની ને સાત શિક્ષાવ્રતની એ ચર્ચા કર્યા કરતી. કોઈને ઉપદેશ દેતી ને કહેતી: " જુઓ ભગવાન મહાવીરે ગૃહસ્થો માટેનાં આ વ્રતો આમ કહ્યાં છે.

" જુઓ. સ્થૂલ હિંસાના ત્યાગી સ્ત્રીપુરુષે કોઈ ને બાંધવો નહિ, વધ ન કરવો, અંગપ્રત્યંગ ન કાપવું. ગજા ઉપરાંત ભાર ન ભરવો. કોઈને ભૂખ્યો તરસ્યો ન રાખવો. એવી રીતે સ્થૂલ મૃષાવાદમાં કોઈ પર આળ ન મૂકવું, ગુપ્ત વાત પ્રકાશિત ન કરવી, સ્ત્રી–પુરુષના મર્મ ન ખોલવા. ખોટી સલાહ કે ખોટા લેખ ન કરવા. સ્થૂલ ચૌર્યના ત્યાગી શ્રમણોપાસકે ચોરીની પ્રેરણા ન કરવી, ચોરીનો માલ ન સંઘરવો, બે વિરોધી રાજ્યે નિષેધ કરેલી સીમા ન ઓળંગવી, વસ્તુમાં

ભેળસેળ કે બનાવટ ન કરવી. કૂડાં તોલ માપ ન કરવાં. ચોથાવ્રતમાં પોતાની પત્ની કે પોતાના પતિમાં સંતોષ ધરવો. પુરુષે વેશ્યા, કુમારી ને વિધવા ન સ્પર્શવાં. શૃંગારચેષ્ટા ન કરવી. અન્ય વિવાહ ન કરવા. ને છેલ્લું પરિગ્રહવ્રત એમાં ગૃહસ્થે ક્ષેત્રવાસ્તુ (ઘરજમીન), હિરણ્યસુવર્ણ, ધનધાન્ય, પશુ ને ઘરવખરીનું પ્રમાણ નક્કી કરવું. આ ઉપરાંત સાત શિક્ષાવ્રત ધારીને શ્રાવક* કહેવો."

"વાહ, કેવી સુંદર વ્યાખ્યા! એક તરફ ભર્યું ભર્યું રૂપ ને બીજી તરફ આ વૈરાગ્ય! વાત મહામંત્રી અભયકુમાર પાસે પહોંચી. શ્રાવિકાનું જ્ઞાન જોઈ તેઓ ખુશ થઈ ગયા, ને દરેક પ્રકારે સગવડ કરી આપી. વાત વધતાં વધતાં એક દહાડો એક સાધર્મિક (સમાન ધર્મવાળાની)ના હક્કે તેણીએ પર્વના દિવસે મહામંત્રીને ભોજન માટે નિમંત્રણ આપ્યું. રાજકાજમાં નિપુણ મંત્રીરાજ ધર્મમાં સરળ ચિત્ત હતા. આમંત્રણનો સ્વીકાર કરી જમવા આવ્યા.

"પેલી બનાવટી શ્રાવિકાએ ભોજનમાં કેફી વસ્તુ ભેળવી હતી. ભોજન કરતાંની સાથે મહામંત્રી બેભાન બની ગયા. યોજના પ્રમાણે અવન્તિના દૂત તૈયાર હતા. એક રથમાં નાંખીને સહુ ઉપડી ગયા. વહેલું આવે ઉજ્જૈની!

"મહામંત્રી અભયકુમાર જાગ્યા ત્યારે જોયું તો અવન્તિના કારાગારમાં! એમણે જોયું કે ચતુર કાગડો ઠગાયો છે! પણ આ તો અભયકુમાર! જ્યાં જાય ત્યાં માગ મુકાવે તેવો નર! અવન્તિમાં ય એની લાગવગ વધી ગઈ. સહુ

---

* श्रृणोति हितवाक्यानि यः स श्रावकः। હિતોપદેશ સાંભળે તે શ્રાવક.

જેલમાં ય એની સલાહ લેવા આવે! રાજા પ્રદ્યોતની રાણી શિવાદેવીનો એના પર પૂરો ભાવ! એક દહાડો કર્ણાટકનો એક દૂત કંઈક સમસ્યા લઈને આવ્યો, અવન્તિને તો આવી બાબતમાં અભિમાન! એણે અનેક વિદ્વાનો, બુદ્ધિમાનોને નોતર્યા, પણ કોઈ સમસ્યા ખોલી ન શક્યું!

"એ વેળા રાજકેદી અભયકુમારે સમસ્યા ઉકેલી આપી. અવન્તિ શરમમાંથી બચી ગયું. એક વાર રાજાનો પ્રિય હાથી ગાંડો થઈ ગયો. એને લડાઈ જેવું વાતાવરણ સર્જી ડાહ્યો કરી દીધો. રાજા પ્રદ્યોત ખુશી ખુશી થઈ ગયો, ને એક વચન માગવા કહ્યું; એણે કહ્યું વખતે માગીશ.

"રાણીબા, અભયકુમાર છે મગધનો યુવરાજ, પણ ગાદી નથી લેવાનો. એ તો સર્વસ્વ ત્યાગીને વહેલો મોડો ભગવાન મહાવીરને પંથે પળવાનો.

"પણ અત્યારે ક્યાં છે એ?" રાણીએ પૂછ્યું.

"એ ઉજ્જૈનીમાં બેઠો લહેર કરે! એણે તો પ્રતિજ્ઞા કરી છે, કે ભલે રાજા મને બેભાન કરી; છાનામાના ઉપાડી લાવ્યા. પણ હું તો રાજાને સાજા સારા, અવન્તિની બજારો વચ્ચેથી બંદીવાન બનાવીનેલઈ જઈશ. અને તો જ મારું નામ અભયકુમાર!'

સહુ હસી પડ્યા. પણ રાણી મૃગાવતી તો ગંભીર રહ્યાં ને બોલ્યાંઃ "અત્યારે હસવાનો સમય નથી. કાળ માથે ગાજે છે! રાજા પ્રદ્યોત હવે નિવૃત્ત થયો હશે. એનો દૂત આવ્યો સમજો!"

સહુ ગંભીર બની ગયા.

## મત્સ્ય સત્તરમું

## મંગળમૂર્તિ મહાવીર

આખરે એક દિવસ રાજા ચંડ પ્રદ્યોતનો ભ્રમ ભાંગ્યો. રાણી મૃગાવતીએ સ્પષ્ટ શબ્દોમાં દૂતને જવાબ આપી દીધો.

"સૂર્યને હજાર કમલિનીઓ હોય, કમલિનીને એક જ સૂર્ય હોય. સતી સ્ત્રીને મેળવવાના મનોરથો છાંડી દેજે. કંઇક સ્વધર્મનો વિચાર કરતો થા, રાજા!"

રાજા પ્રદ્યોતનો ક્રોધાગ્નિ આ જવાબથી પ્રચંડ બની બેઠો. અરે, એના અજોડ સામર્થ્યને ચાલાકીથી સહુ ધૂળ મેળવનારા મળ્યા. વિશ્વાસે જ પોતાનું વહાણ ડૂબ્યું. દુનિયા વળી કંઈ વિશ્વાસ કરવા લાયક છે! એણે વત્સદેશનો નાશ કરવાની પ્રતિજ્ઞા કરી. આંધિ, વાવંટોળ ને ઉલ્કાપાત સમી સૈન્ય ને શસ્ત્રસામગ્રી સાથે એ કોશાંબી પર ચઢી આવ્યો. આ વખતે કોઇનો છેતર્યો એ છેતરાય તેમ નહોતો. કોઈનો મનાવ્યો માને તેમ ન હતો. સંસારમાં ન્યાય, નીતિ કે ધર્મ છે જ ક્યાં કે હવે હું એનું પાલન કરું! અધર્મીને સંસારના ધર્મની ભારે ચિંતા રહે છે!

કૌશાંબી અને અવન્તિ વચ્ચે દિગ્પાળ ડોલી જાય તેવું યુદ્ધ જામ્યું. રાજા પ્રદ્યોતે ત્વરાથી એનો નિકાલ લાવવા પોતાની ગજસેનાને મેદાનમાં હાંકી. પળવારમાં ગઢના દ્વાર તૂટયાં સમજો ને કૌશાંબીનું સત્યાનાશ નીકળી ગયું માનો !

હાથીઓ ગર્જારવ કરતા કિલ્લા તરફ ધસ્યા. એવામાં અચાનક હસ્તિકાન્ત વીણાના સ્વર છૂટયા ! વાતાવરણ નવા પ્રકારના ભાવથી ગૂંજી રહ્યું. ભયંકર પહાડ જેવા હાથીઓના કાનમાં એ સ્વર પ્રવેશ્યા કે જાણે ધૂળના ઢગલા જેવા ઢીલાઢસ થઈ ઊભા રહ્યા. માવતોએ ઘણાં અંકુશ માર્યાં, બબે વાર મહુ–જળ પિવરાવ્યું પણ હાથી ન માન્યા તે ન માન્યા !

એ દિવસે એમને પાછા લઈ જવામાં આવ્યા. બીજે દિવસે બમણી તૈયારી સાથે એમને મેદાન પર લાવવામાં આવ્યા. બધા હાથી ભયંકર નશામાં કાળ–ભુજંગ જેવી ફૂણાઓ ઘૂમાવી રહ્યા હતા. કિલ્લાનાં દ્વારનો કચ્ચરઘાણ વળ્યો સમજો !

હાથીઓને હુલકાર્યા ! હાથીઓ ધસ્યા, પણ ત્યાં તો ફરી પેલા સ્વર સંભળાયા. ઉછળતો મહાસાગર ઠંડોગાર ! સૂંઢ મોંમાં ઘાલીને બધા ચૂપચાપ ઊભા થઈ રહ્યા. રાજા પ્રદ્યોત પોતે રણમેદાન પર આવ્યો. પણ એનાથી ય કંઇ અર્થ ન સર્યો !

“ મહારાજ, કોઈ હસ્તિકાન્ત વીણા બજાવે છે. મોરલી પર સાપ નાચે એમ આ વીણા પર હાથી નાચે. આ હાથી-સેનાને હવે ઉપયોગમાં લેવી નકામી છે. જો જંગલમાંથી હાથણી બોલાવતી હોય એવા ‘ પ્રિયકાન્ત ’ સ્વરો એમાંથી છૂટયા, તો આ બધું ભાંગી કચડી, બંધન તોડી જંગલમાં ચાલ્યા જશે. ”

અવન્તિના વિજયની ચાવીરૂપ હાથીઓના આ રીતે નિષ્ફળ નીવડી. એને સૈન્યના પાછળના ભાગમાં લઈ જવામાં આવી. પણ હવે લડાઇ અવશ્ય લાંબી ચાલવાની. રાજા પ્રદ્યોતે લાંબા ઘેરા માટેની તૈયારીઓ કરી લીધી. પોતાની રાણીઓને રણમેદાન પર બોલાવી લીધી. અન્નના ભંડારો આણવામાં આવ્યા. તમામ રસ્તાઓ પર ચોકીઓ મૂકી દેવામાં આવી જેથી કૌશાંબીમાં અનાજનો કણ પણ ન જાય.

ઘેરો ઘાલ્યાને દિવસો વીતતા ચાલ્યા. બંને પક્ષમાં ભીંસ વધતી ચાલી. કૌશાંબીના ભંડારો ખાલી થતા ચાલ્યા ને અવન્તિનું સૈન્ય પણ ખેતરોમાં ઉગાડેલા કેફી અન્નથી ને હળાહળ ભેળવેલા જળપાનથી રોગિષ્ટ બનતું ચાલ્યું. છતાંય અવન્તિના સૈન્ય માટે બહારથી અન્ન-જળ આણવાના ઘણા સંયોગો હતો.

રાજા પ્રદ્યોત પોતાના નિર્ણયમાં અડગ હતો. કૌશાંબીને પાદર બનાવીને જ પાછો ફરવાનો એ!

યુદ્ધની દેવી એવી છે, કે કઇ પળે પોતાનો કૃપાપ્રસાદ કોના પર ઉતારશે, તે કંઈ નિશ્ચિત કહી ન શકાય.

અને રણખેલનનો ઉત્સાહ પણ એવો છે, કે એ મરવા મારવા સિવાય બીજી કંઈ ગણતરી કરતો નથી.

વાતાવરણ ધીરે ધીરે ગંભીર બનતું ચાલ્યું ! યુદ્ધનો ઉત્સાહ ઓસરતો ચાલ્યો ને આવતી કાલની ભયંકર કલ્પનાઓ આવવા લાગી. આ પ્રલયમાંથી ઉગારના કોઇ ઉપાય જડતા નહોતા. હાથી અને મગરનો ગ્રાહ થયો હતો. હાથી એવા કાદવમાં ખૂંચ્યો હતો કે એનાથી પીછેહઠ શક્ય

નહોતી. ને મગરે એવા દાંત ભીડાવી દીધા હતા કે છોડયા છૂટતા નહોતા ! આ ગંજબધ કોણ છોડાવે ! મૃત્યુ સિવાય બે કોણ ? અભિમાની હંમેશાં આધાર વિનાના હોય છે. સ્વ-માનથી સામે મુખે ઘા દઈને ને સામી છાતીએ ઘા ઝીલીને મરવાનો સહુએ સંકલ્પ કર્યો !

આમ શત્રુરૂપી દવમાં આખું કોશાંબી ભીંસાઇ રહ્યું હતું, ત્યાં એકાએક શાન્તિના સમીર વાયા. દિશાઓમાં પ્રસન્નતા રેલાઈ રહી. દવજલન્તી દુનિયાને ઠારવા આકાશમાં જાણે નવમેઘ આવ્યા હોય એવા, શ્રમણ ભગવાન મહાવીર કોશાંબીના ઉદ્યાનમાં પધાર્યા. અગ્નિભરી મરુભૂમિમાં જાણે શાન્તિની સરિતા રેલી રહી.

રાણી મૃગાવતીને દ્વારપાલે આ વૃત્તાંત નિવેદિત કર્યો. મૂંઝાઈ બેઠેલી રાણી પ્રફુલ્લિત થઈ ઊઠી. એણે નિરાધારના નાથને ઉદ્ધારવા આવતો દીઠો. પોતાનું અભિમાન, છળ, બુદ્ધિ, બળ બધું થાકી ચૂક્યું હતું, ત્યાં અનાથોના નાથ આંગણે પધાર્યા. એણે મહામંત્રીને આજ્ઞા કરી :

"દુર્ગનાં દ્વાર ખોલાવો. ભગવાનનાં દર્શને જઈએ."

"પણ રાણીજી, બહાર કાળમુખો શત્રુ બેઠો છે."

"ભલે બેઠો. વસુધા પર સુધાની સરિતા વહેતી હોય, પછી હળાહળની પણ શી પરવા ! જેની ચરણરજથી રોગ નાશ પામે, જેના કૃપાકટાક્ષથી ગૃહો કુટિલતા તજે, જેની દૃષ્ટિ માત્રથી વાઘ ને બકરી મત્રી સાધે, એ આ પ્રભુ છે. પવિત્ર જીવનની શકિત આપણે દંભી, સ્વાર્થી ને કુટિલ બની ભૂલી ગયા છીએ. આજ પરમ તારણહારનાં પગલામાં કાં તો

આપણો નાશ કાં આપણો ઉદ્ધાર! એકે રીતમાં આપણને કંઈ ખોવાનું નથી."

"પણ રાણીજી, કંઈ માનવબુદ્ધિ વાપરવાની ખરી કે નહિ? બસ, આંધળા થઈને ઝંપલાવી દેવાનું!"

"મહામંત્રીજી, તમે દુનિયાના રાજશાસનના દોર ચલાવ્યા છે. હું તો સ્ત્રી છું, પણ એક વાત શીખી છું. જ્યાં માનવબુદ્ધિ મૂંઝાઈને ઊભી રહે, આપણા ડહાપણની સીમા આવીને ખડી રહે, ત્યાં આપણા વિશ્વાસને પાત્ર પૂજનીય વ્યક્તિમાં સર્વ આકાંક્ષાઓ સમર્પિત કરી દેવી! મંત્રીજી, ચંડપ્રદ્યોત પણ પોતાને ભગવાનનો ભક્ત કહાવે છે! કાં એની ભક્તિ સાચી ઠરે છે, કાં એની ભક્તિની ફજેતી થાય છે!"

મહામંત્રી કંઈ ન બોલ્યા. કહેવાનું મન તો ઘણું થયું કે નિશાળમાં એક ગુરુના હાથ નીચે સો નિશાળિયા હોય–એથી શું બધાને સમાન વિદ્યા વરશે! વળી આ વાત ગઈ કાલે કાં યાદ ન આવી? આ તો વાર્યાનું જ્ઞાન નથી, હાર્યાનું છે. છતાં ભલે! ભૂંડા બહાને મરવું એના કરતાં સારા બહાને મરવું સારું. મહામંત્રી યુગંધરે સેનાને કેશરિયાં માટે તૈયાર રહેવા આદેશ આપ્યો. સ્ત્રી–બાળકને ગુપ્ત રસ્તે ચાલ્યા જવા હુકમ કર્યો,–ન કર્યો ને કૌશાંબીના દુર્ગના દરવાજા ખોલી નાખ્યા! એ દ્વારમાં થઈને રાણી મૃગાવતી સાદાં વસ્ત્રો સજી ભગવાનના દર્શને જવા નીકળ્યાં!

શ્વાસોશ્વાસ થંભાવીને માનવી નીરખી રહે એવી આ ઘડી હતી. પ્રત્યેક ઘડી એક અસ્તિ–નાસ્તિ લઈને વીતતી

હતી. હમણાં અવન્તિની યમસેના નગરમાં પેઠી સમજો. હમણાં ઝાટકા ઊડયા સમજો ! ભર્યું નગર શ્મશાન બની ગયું માનો !

પણ પળેપળ શાંત વીતતી ચાલી. બીજી તરફ અશોક વૃક્ષ નીચે બેઠેલા શ્રમણ ભગવાન મહાવીરની અમૃતવાણી વાતાવરણમાં ગૂંજી રહી. શરદના ચંદ્ર જેવા ભગવાનના મુખમાંથી સુધા ઝરતી હતી. એમની પરિષદામાં રાણી મૃગાવતી આવીને બેઠી ! એણે માર્ગમાં જ જોયું હતું કે એક હંસનું નાનું શું બચ્ચું બિલાડી સાથે ગેલ કરી રહ્યું હતું. મંત્રીરાજને ઈશારાથી બતાવ્યું હતું કે જુઓ, અલૌકિક વિભૂતિઓના નિર્મળ જીવનનો આ પ્રભાવ ! આપણે તો જન્મથી જ જૂઠું, વંચનાભર્યું ને દંભી જીવન જીવ્યા ! જીવનપ્રભાવની આપણને શી ગમ !

શ્રમણ ભગવાનનાં ચાતક શા નયન એક વાર રાણી મૃગાવતી ઉપર ને બીજી વાર સામે જ ગોદાહાસને બેઠેલ રાજાપ્રદ્યોત પર ફરી ગયાં. એ નયનપ્રકાશમાં રાણીએ ઊંચે જોયું તો સામે જ રાજા ચંડપ્રદ્યોત ! અરે, કાળનું કેવું પરિબળ ! યમરાજ જેવો રાજા નમ્ર ભક્તિવંત ગૃહસ્થના લેબાશમાં હતો. લોકો એને ચંડ કહેતા, પણ અહીં તો શાંતિનો અવતાર થઈને બેઠો હતો. ભગવાનની વાણી એને સ્પર્શતી હોય એમ એના ચહેરા પરથી દેખાતું હતું ! માનવી પણ પરિસ્થિતિનો ગુલામ છે ને !

આસોપાલવનાં પાન ધીમી હવામાં સહેજ ખખડયાં. ભગવાનની વાણીમાં એવો જ સ્વાભાવિક પલટો આવ્યો. ભરી પરિષદામાં કોઈને એ વાતની જાણ ન થઈ, પણ રાણી મૃગાવતી અને રાજા ચંડપ્રદ્યોતનું અંતર હોંકારા ભણવા લાગ્યું !

"હે મહાનુભાવો, વય ને યૌવન પાણી વેગે ચાલ્યાં જાય છે. ચાળણીમાં પાણી ભરી રાખવું ને કામનાઓ પૂરી કરવી, બંને બરાબર છે. ભોગોથી કદી તૃષ્ણા શમતી નથી. વેરથી અંતરની આગ ઠંડી થતી નથી. કામો પૂર્ણ થવાં શક્ય નથી, અને જીવિત વધારી શકાતું નથી."

મધરાતનો શીળો પવન રેતીના ખરબચડા પટને એક સમાન બનાવી દે, એવાં સહુનાં અંતર બની ગયાં. "તમે જ્ઞાની છો કે નહિ, તેની ચિંતા નથી. તમે તર્કવાદ કે તત્ત્વવાદમાં કુશળ છો કે નહિ, તે જાણવાની જરૂર નથી. સંયમ, ત્યાગ ને તપ તમારી પાસે હોય, તો તમારું કલ્યાણ કરવા પૂરતાં છે."

ભગવાન તો દૃષ્ટાંતશૈલીથી ઉપદેશ આપનારા હતા. એમણે તરત જ એક દૃષ્ટાંત ઉપાડ્યું.

"મહાનુભાવો, આસક્તિ ભારે ભૂંડી ચીજ છે. ભોગ ભોગવવાથી શાન્તિ થતી નથી, પણ એથી આહુતિ આપેલ અગ્નિજ્વાળાની જેમ ભોગલાલસા વાધે છે. એક સાચું બનેલું દૃષ્ટાંત તમને કહું છું.

"ચંપાનગરીમાં એક મહાકામી સ્ત્રીલંપટ સોની હતો. તે જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાંથી રૂપાળી કન્યાઓ પસંદ કરીને લાવતો, ને પાંચસો સોનૈયા આપીને તેની સાથે પરણતો. આમ કરતાં કરતાં એણે પાંચસો સ્ત્રીઓ એકઠી કરી. પણ જેમ જેમ સ્ત્રીઓની સંખ્યા વધતી ગઈ, તેમ તેમ સ્ત્રીઓના શીલ માટેની તેની શંકા વધતી ગઈ. એણે કોટકિલ્લાવાળું મકાન બનાવ્યું. અંદર કોઈ પ્રવેશી ન શકે તેવા બંદ

બનાવ્યા. દરવાજા પર ભયંકર ચંઢ પહેરેગીર મૂક્યા. તેમજ તમામ પત્નીઓને આજ્ઞા કરી કે જે સ્ત્રીને પોતાની પાસે આવવાનો વારો હોય તેજ સ્નાન કરે, શંગાર કરે, વસ્ત્રાભૂષણ સજે ! બીજી કોઈ કંઈ ન કરે !

" આ પ્રમાણે ક્રમ ચાલ્યા કરે, પણ સોનીને સ્ત્રીઓ ઉપર વિશ્વાસ આવે જ નહિ. કોઈ બારી ઉઘાડી રાખી હવા આસ્વાદવા ચાહે તો આ કુપિત થઈ જાય. પોતાના કોઈ મિત્ર સાથે હસીને વાત કરે તો ભારે વહેમમાં પડી જાય. આ કારણે એણે મિત્રોને આવતા બંધ કર્યા ને પોતે મિત્રોને ત્યાં જતો બંધ થયો.

" એકવાર એવું બન્યું, કે સોનીનો કોઈ બાળમિત્ર એને જમવાનું નિમંત્રણ આપવા આવ્યો. સોનીની ઈચ્છા તો નહોતી, પણ આ મિત્રને ના કહી શકાય તેમ પણ નહોતું. અનિચ્છાએ જવાનું કબૂલ કર્યું, પણ પાંચસોય સ્ત્રીઓને બોલાવી હુકમ કર્યો કે તમારે હું ન આવું ત્યાં સુધી ખંડની બહાર ડોકિયું પણ ન કરવું !

" સોની મિત્રને ઘેર જવા રવાના થયો. પાંચસો સ્ત્રીઓએ ભારે છુટકારાનો દમ ખેંચ્યો. સોનીને પાછા ફરતાં વિલંબ થશે, માટે સહુએ ઘણે દિવસે બહાર ફરવા જવાનો ઈરાદો કર્યો. પાંચસોએ સ્નાન કર્યું, શૃંગાર કર્યો, વસ્ત્રાભૂષણ સજ્યાં, ને હેલિ-પ્રહેલિકા ગાવાવતી બહાર નીકળી. સંજોગની વાત છે. પેલો સોની અડધે રસ્તેથી પાછો ફરી ગયો. એને પોતાનું અંતઃપુર સૂનું મૂકવું ન રુચ્યું. ને બધી સ્ત્રીઓ સ્વતંત્ર રીતે આનંદપ્રમોદ માણતી હતી, ત્યાં આવી પહોંચ્યો !

"બધી સ્ત્રીઓને ઠાઠ માઠ સાથે આનંદ પ્રમોદ કરતી જોઈને સોનીને પગથી તે માથા સુધી ઝાળ લાગી ગઈ! એણે એક સ્ત્રીને પકડીને ગળચી મરડીને મારી નાખી. સોની બેસાડવા તો ગયો રોફ, પણ પેલી અબળાઓના મનમાં આવ્યું, કે અરે, આ એકને મારી નાખી. હવે એકે એકે આપણ સહુને મારી નાખશે. એટલે પોતાનો જીવ બચાવવા અબળાઓ સબળા બની. હાથમાં રહેલાં દર્પણ વગેરે સાધનોથી સોનીને ઝૂડી નાખ્યો. સોની ત્યાં ને ત્યાં પંચત્વ પામ્યો. સ્ત્રીઓ એના શબ સાથે ચિતા જલાવી સતી થઈ!"

ભગવાન બોલ્યા. એમની વાણીએ વિરામ લીધો. આખી પરિષદાનાં દૃષ્ટિ-શર ચંડપ્રદ્યોતને મૂંગાં મૂંગાં ભેદી રહ્યાં. અરે, આ દૃષ્ટિશર ઝીલવા કરતાં, દેહ પર તલવારના ઝાટકા ઝીલવા સહેલા છે. શરમથી ભૂમિ માર્ગ આપે તો સમાઈ જાઉં એમ રાજાને થઈ આવ્યું! છતાં નત મસ્તકે પ્રદ્યોત બેઠો રહ્યો.

ભગવાન જાણે સહુના મનની આ સ્થિતિ પરખી ગયા. અનેકાંત દૃષ્ટિના સ્વામી કોઈ એકાંત વિધાન કરવા માગતા નહોતા. જેવા નર તેવી નારી. એમનો વાણીપ્રવાહ પુનઃ ચાલુ થયો.

"મહાનુભાવો, આ કથા તો હજી અર્ધભાગ માત્ર છે. અર્ધભાગ હજી શેષ છે. પેલાં મૃત્યુ પામનારાં ૫૦૧ માંથી સોની તથા સોનીએ મારેલી સ્ત્રી એક બ્રાહ્મણને ત્યાં ભાઈ બહેન તરીકે પેદા થયાં. સોની બહેન થયો, ને સ્ત્રી ભાઈ થઈ. સતી થનારી પેલી ૪૯૯ સ્ત્રીઓ એક ભીલપલ્લીમાં ભીલ તરીકે જન્મી, ને લૂંટારાનો ધંધો કરવા લાગી

"બ્રાહ્મણના ઘેર બેટી તરીકે જન્મેલો સોનીનો જીવ ભારે કામી હતો. જન્મતાંની સાથે જ એ ભારે કજિયાળી નીવડી. ગમે તેટલું કરો તોય છાની ન રહે. આખરે પેલા ભાઈને બેનને રમાડવાનું કામ સોંપ્યું. ભાઈએ બેનના શરીર પર હાથ ફેરવવા માંડ્યો, ને ફેરવતાં ફેરવતાં જેવો એના અધોભાગ પર હાથ આવ્યો કે બેન ચટ છાની રહી ગઈ. બામણ અને બામણી ઘણાં ખુશી થયાં. બને ભાઈ–બેન આ રીતે મોટાં થયાં. પણ એક વાર બ્રાહ્મણદંપતીને બેનના ગુપ્ત શરીરને આ રીતે ભાઈ ને સ્પર્શ કરતો જોઈ ક્રોધ ચઢ્યો ને કુલક્ષણી દીકરાને હાંકી કાઢ્યો. જન્મથી જ કામ-ક્રોધની એનામાં ભરતી હતી જ. એ જઈને પેલા ૪૯૯ ચોરોમાં ભળી ગયો. થોડા વખતમાં તો આગેવાન થઈ પડ્યો.

"એક દિવસની વાત છે. પાંચસો ચોરોએ ચંપાનગરી લૂંટી. આ વખતે પેલી રૂપ–યૌવન ભરી બ્રાહ્મણ–બાળા (પૂર્વ ભવનો સોની) કોઈ પ્રેમીની પાસે જતી હશે. પેલા ચોરો એને ઉપાડી ગયા. પોતાની પાસે રાખી એની સાથે ભોગ ભોગવવા લાગ્યા. આમ દિવસો વીતી ગયા. એક દિવસ ક્રૂર લૂંટારુઓને વિચાર આવ્યો કે આપણે પાંચસો ને આ એક! નિરર્થક મરી જશે તો સ્ત્રીહત્યા લાગશે. તેઓ બીજી એક સ્ત્રી ઉપાડી લાવ્યા.

"તમને આશ્ચર્ય લાગશે, પણ પેલી પાંચસો સાથે ભોગ ભોગવનારી સ્ત્રીને પોતાની આ શોક્ય ખટકી. એણે એક વાર લાગ મળતાં એને પકડીને કૂવામાં નાખી મારી નાખી! ભોગનું કેવું પરિણામ!"

પ્રભુ થોભ્યા. ત્યાં અચાનક એક પલ્લીપતિ જેવો જુવાન ઊભો થઈ ને પ્રશ્ન કરી રહ્યો :

"પ્રભુ, શું આ સ્ત્રી તે જ પેલી બ્રાહ્મણબાળા ?"

"હા, ભાઈ! તે જ." પ્રભુએ ટૂંકો જવાબ વાળ્યો.

"તો પ્રભુ! હું ભગિનીભોગી થયો. પેલા બ્રાહ્મણનો બાળક તે હું જ ! ૪૯૯ ચોરોનો જમાદાર ! મેં બેનને ભોગવી. પ્રભુ મને આશ્રય આપો ! મને પાપીને તારો !"

"ભાઈ, તું ૪૯૯ ચોરનો જમાદાર હશે, પણ અહીં બેઠેલા કેટલાય ઉજળા લાગતા જીવો ચોરોના પ્રછન્ન સરદાર છે. કામરૂપી ચોર, ક્રોધરૂપી ચોર, માયા ને મોહ રૂપી ચોર એમના અંતરમાં બેઠા છે, પણ તેઓની વચ્ચે ને તારી વચ્ચે ફેર માત્ર એટલો છે કે તેઓએ કપડાં શાહુકારનાં પહેર્યાં છે, બાહ્ય વર્તન સજ્જન જેવું રાખ્યું છે, એટલે છાનાચોર ઝટ જણાતા નથી. શરમ ન કરીશ, ભાઇ ! પશ્ચાત્તાપ એ પુણ્યના પ્રાસાદમાં પ્રવેશવાનું પહેલું પગથિયું છે. જો માણસ પોતાના પૂર્વજન્મો જોઈ શકે તો સંસાર પરની કેટલી આસક્તિ છાંડી દે ! આસક્તિ માણસ પાસે શું અકાર્ય નથી આચરાવતી ! માટે ધર્મને સમજ્યો. અને સમજીને સંઘરવો નહિ પણ અનુસરવો. પાપને પાપ તરીકે સ્વીકારવામાં શરમ નથી. પાપને પુણ્ય તરીકે સ્વીકારવામાં શરમ છે."

ભગવાનની આ વાણી સહુના અંતરમાં બુઝાયેલી આતમજ્યોતને જગવી રહી. સહુ પોતાનાં અંતર ખોજી રહ્યાં.

રાણી મૃગાવતી આપોઆપ પોતાના જીવનની આલોચના

કરી રહી. હાથે કરીને પોતાનું કેવું કૃત્રિમ, બનાવટી જીવન કરી મૂક્યું છે! વાણી, વિચાર ને વર્તન એ ત્રણે એકબીજાની કેવી છેતરપીંડી કરી રહ્યાં છે! વેરના વિચારમાં એણે શું ન કર્યું! રાણીની શુદ્ધ બુદ્ધિ જાગી. એણે આજ જીવનની સોનેરી સંધિ નીરખી. એ પરિષદામાં ખડી થઈ ગઈ, ને નત મસ્તકે બોલી:

"હે તરણતારણ દેવ! પહેલી ગુનેગાર હું છું. એક તરફ તમારો ક્ષમાધર્મ અપનાવ્યો, બીજી તરફ વેરધર્મની પ્રતિષ્ઠા કરી. માણસ ચોર બન્યો છે. ચોર તો કાળી રાતે ચોરી કરે, આણે તો ધોળે દહાડે શરૂ કરી છે. મોં પર વચન જુદું, અંતરમાં રટણ જુદું, વર્તન એથી સાવ જુદું. હું માનતી કે દુઃખને કોઈ દેવતા મોકલે છે, પણ ના! દુઃખ ક્યાંયથી આવતાં નથી, અમે જ પેદા કર્યાં છે. કહેવાઇએ રાજા અને રાણી પણ સાચું પૂછો તો ગરીબ જેટલું સુખ અમારે નસીબ નથી! હું પહેલી ગુનેગાર છું, અત્યાર સુધી સ્ત્રીચરિત્રથી જેને ઠગતી રહી છું, એવા રાજા પ્રદ્યોતને હું આજ ભરી પરિષદમાં ખમાવું છું. આશા છે કે મારા અપરાધની તેઓ ક્ષમા આપશે."

મૃગાવતીએ રાજા ચંડપ્રદ્યોત સામે હાથ જોડચા. રાજા ચંડપ્રદ્યોત વિચાર કરી રહ્યો.

ક્ષમા મહાવીરના ઉપદેશનો મર્મ! વણમાગી આપવાની હોય ત્યાં માગી કેમ ન અપાય! એ ક્ષમાના પ્રતાપે તો વીતભયનગરના રાજા ઉદયન પાસેથી પોતે છૂટી શક્યો હતો. આજ મૃગાવતી એની સહધાર્મિક બનતી હતી. સહધાર્મિક

(સાધર્મિક) પ્રત્યે વેર કેવું! એણે પણ સામા હાથ જોડ્યા. મૃગાવતીએ આગળ કહ્યું:

"અને હું ભગવાન મહાવીરની સાખે—રાજાપ્રદ્યોતની અનુજ્ઞા માગું છું દીક્ષા લેવા માટે. સંસારના ભોગવિલાસ પરથી મારું મન ઊઠી ગયું છે. મારા પુત્રની અને પતિના રાજની રક્ષાનો ભાર એમને માથે મૂકું છું!' વેરીને પ્રેમથી વશ કરવાના ભગવાનના ઉપદેશને રાણી અનુસરી.

આ વેળા ચંડપ્રદ્યોતની પટરાણી શિવાદેવી વગેરે આઠ રાણીઓ પણ સભામાં ખડી થઈ, દીક્ષા માટે રાજા ચંડપ્રદ્યોતની આજ્ઞા માગી રહી!

રાજા ચંડપ્રદ્યોત ભગવાનની દેશનાની ધારાથી નિર્મળ-ચિત્ત બન્યો હતો. એણે હા કે ના કંઈ ન પાડી! રાણી મૃગાવતીએ પોતાના યુવાન પુત્રનો હાથ એના હાથમાં સોંપી દીધો ને એના મૌનને સંમતિસૂચક લેખ્યું.

ભગવાને ચંપાની રાજકુંવરી વસુમતી—ચંદનબાળા—જેને પોતાના અનુયાયીઓના ચતુર્વિધ સંઘની શ્રેષ્ઠ સાધ્વી બનાવી હતી—એ આર્યા ચંદનાને બોલાવ્યાં ને નવે રાણીઓને એજ સભામાં પ્રવ્રજ્યા આપી! સાધ્વી સ્ત્રીઓને સહુ નમી-વંદી રહ્યાં.

"હે મહાનુભાવો! વિવેકી જનો આ લોક ને પરલોક બંનેમાં શોભે તેવું કૃત્ય કરે છે. એટલું યાદ રાખજો કે જેને તમે હણવા માગો છો, તે 'તમે' જ છો. જેને તમે પરિતાપ ઉપજાવવા માગો છો, જેને તમે દબાવવા માગો છો, અરે, જેને તમે મારી નાખવા માગો છો, તે પણ 'તમે' જ છો. આ રહસ્ય સમજીને ડાહ્યો માણસ કોઈને

હણતો નથી, હણાવતો નથી. એટલું યાદ રાખજો કે ચંદ્ર જેમ શીતલતાથી શોભે છે તેમ માણસ સંયમથી શોભે છે !

"શાશ્વત ધર્મનું એક સૂત્ર તમને કહું છું: **उवसमसारं खु सामन्नं।** ઉપશમ–વિકારોની શાન્તિ એ મારા શ્રમણ-ધર્મનું મુખ્ય સૂત્ર છે. કોઈ ક્રોધ કરે ને તમે શાન્તિ દાખવો, કોઈ તમને હાનિ કરે ને તમે હસો, કોઈ તમારું લઈ જાય ને તમે ઉદાર રહો, કોઈ અવિનયી રીતે વર્તે ને તમે વિનયી રહો. આ મારા ધર્મના અનુયાયીનું લક્ષણ છે. ગરમની સામે નરમ, સ્વાર્થી સામે નિ:સ્વાર્થી, પાપીની સામે પવિત્ર રહો ! કડવા જગત સાથે મીઠાશથી વર્તો ! તમારા જીવનનો ઉદ્ધાર અવશ્ય છે.

"એટલું યાદ રાખજો કે સહુને જીવન પ્રિય છે. સહુને સુખ પ્રિય છે. બીજાના જીવનથી તમારા જીવનને નભાવવું એ પાપ. બીજાના સુખના ભોગે તમારું સુખ વધારવું એ અધર્મ. તમે જીવો ને સંસારને જીવવા દો. તમે સુખી થાઓ ને સંસારને સુખી રહેવા દો. સર્વને દુ:ખ અપ્રિય છે. માટે સર્વ કોઈ પ્રાણ, ભૂત, જીવ કે સત્ત્વને ન હણવા. ન કલેશ. દેવો, ન પરિતાપ આપવો, ન ઉપદ્રવ કરવો. મારો શુદ્ધ, ધ્રુવ ને શાશ્વત ધર્મ આ છે.+આ ધર્મને અનુસરનારો ભલે મને ન અનુસરે પણ અન્તિમ લક્ષને વરે છે."

---

* सव्वे जीवा पिया उया। सुखसाया। दुक्खपडिकुला। अप्पियवहा पियजीविणो जीविउकामा। णातिवाएज्जे किंचणं। आचारांग।

+ सेयंबरोय आसंबरो य बुद्धो वा तहय अन्नो वा। समभावभावी अप्पा लहई मुखं न संदेहो ॥ संबोधसत्तरी

"પણ મહારાજ, સંસાર તો વિપરીત રીતે ચાલી રહ્યો છે"

"દુનિયાની દેખાદેખી ચાલશે નહિ. ગામમાં રોગચાળો ચાલતો હોય ત્યારે પથ્ય પાળનારો જ બચી શકે છે."

આ ભવતારિણી વાણીને સહુ વંદી રહ્યાં.

રાજા ચંડપ્રદ્યોત પરિષદામાંથી પાછો ફર્યો. કોશાંબીમાં પ્રવેશ્યો–પણ શત્રુ તરીકે નહિ, મિત્ર તરીકે! એ કુમાર ઉદયનને સિંહાસને બેસાડી સેના સાથે અવન્તિ તરફ પાછો ફર્યો!

ભગવાન મહાવીરની ઉપસ્થિતિએ ખૂનખાર યુદ્ધને ખાળ્યું, ને ફરી વાર શાન્તિના સમીર લહેરાઈ રહ્યા!

## મત્સ્ય અઢારમું

### સારમાણસાઈનું દુઃખ

ભરતકુલભૂષણ વત્સરાજ ઉદયન કૌશાંબીના સિંહાસને બિરાજ્યા છે, પણ એણે તો ગાદીએ આવતાં જ ભારે ઠાઠ જમાવ્યો છે.

માતા મૃગાવતી સાધ્વી બન્યાં છે, ને ભગવાન મહાવીરના ચતુર્વિધ સંઘમાં ભિક્ષુણી બન્યાં છે. મહામંત્રી યુગંધર પણ કાયાનું કલ્યાણ કરવા પવિત્ર અરણ્યમાં ચાલ્યા ગયા છે. સૂર્યનું સ્થાન અગ્નિ લે તેમ–મંત્રીપુત્ર યૌગંધરાયણ વત્સદેશના મંત્રી બન્યા છે.

બાલરાજા ને બાલમંત્રીને જોઈ રાજા પ્રદ્યોત મનમાં મલકાતો હતો, કે આવાં છોકરાંથી તે રાજકાજના મામલા ઉકેલાયા છે કદી ? આજ નહિ તો કાલે. મારું શરણ લીધે છૂટકો છે ! વળી આ તરફ હું છું, બીજી તરફ મગધનું બળિયું રાજ છે, એટલે પણ મને નમ્યા સિવાય એને બીજો આરો નથી ! વગર જીત્યે એ જિતાયેલો જ છે. વગર હણ્યે હણાયેલો છે.

પણ રાજા પ્રદ્યોતને અનુભવે પોતાની ગણતરીઓ

ખોટી પડતી લાગી. જે દૂત આવતો એ વત્સરાજનાં વખાણ કરતો આવતો. એના રાજ્ય માટે કહેતો કે નબળાને ને સબળાને સરખો ન્યાય ને સરખું શાસન મળે છે. રાજા ઉદયન પરદુ:ખભંજન વિક્રમનો બીજો અવતાર બન્યો છે. રાતે અંધારપછેડો ઓઢી પ્રજાની ચર્યા જોવા નીકળે છે. મહારાજ, સ્ત્રીઓ એનાં પ્રરાક્રમનાં ગીત જોડીને મહોલ્લે મહોલ્લે ગાય છે. દંતકથાઓનો એ દેવ બન્યો છે. એક વારની વાત છે. રાજા રાત્રિચર્યાએ નીકળ્યો હશે. કોશાંબીના ગઢની દક્ષિણ બાજુથી કોઈ સ્ત્રીનો રુદનસ્વર આવતો સાંભળ્યો. વત્સરાજ એકલા જ હતા. સિંહને અને ક્ષત્રિયને વળી સાથ કેવા ? એકલા જ તપાસ માટે એ દિશામાં ચાલી નીકળ્યા.

"અંધારી ઘોર રાત ! વાટ બિહામણી ! માર્ગમાં દડાની જેમ ખોપરીઓ રઝળે. રાની પશુ ને પક્ષી ભૈરવી બોલી બોલે. પણ ડરે એ બીજા ! કોઈ સ્ત્રીનું હૈયાને વીંધે તેવું રુદન સંભળાઈ રહ્યું હતું ! વત્સરાજ તો એ સ્વરની દિશામાં ચાલતા ચાલતા એક મોટી ગુફા પાસે આવી પહોંચ્યા. નરમાંસની ગંધ એમને અકળાવી રહી. મન થયું કે લાવ પાછો ફરી જાઉં ! હશે કોઈ અઘોરીનું અઘોરકર્મનું ધામ !

"પણ રુદનના સ્વરો હૃદયદ્રાવક હતા. એક રાજા તરીકે એમની શી ફરજ હતી ! જો સાહસથી પગ પાછો ભરે તો ક્ષત્રિય શાનો ! પ્રજાના સુખદુ:ખ વખતે ભાગી છૂટે એ પ્રજાનો પ્રેમી રાજા શાનો ! વત્સરાજે નાકે ડૂચો દઈ અંદર પ્રવેશ કર્યો, પણ અંદર પ્રવેશ કરતાંની સાથે આખી પરિસ્થિતિ પલટાતી લાગી. સુંદર એવી ગુફા હતી. મીઠી મીઠી હવા હતી. સુંદર સુગંધિત વેલફૂલોના કુંજ હતા.

એમાં બેઠી એક સોળે શણગાર સજેલી સુંદર સ્ત્રી બેઠી બેઠી રડતી હતી. છીપમાંથી મોતી ગરે એમ સુંદર સુંદર આંખોમાંથી અશ્રુ ગરતાં હતાં. વત્સરાજને જોઈ એ સુંદરી થડકી ગઈ. એણે કહ્યું: "કાળા માથાના માનવી, તું કોણ છે?"

"તું કોણ છે?'

"હું રાક્ષસની પુત્રી–અંગારવતી!"

"રડે છે શા માટે?"

"મારા બાપનાં બુરાં કૃત્યો નીરખીને. અરે, એ જાનવરોને મારે એ તો ઠીક, પણ માણુસને ય મારીને ખાઈ જાય છે. એના દિલમાં દયા નથી, પ્રેમ નથી, માનવતા નથી. મેં વિરોધ કર્યો તો મને પણ પૂરી રાખે છે, ને સતાવે છે! આપ કોણ છો?"

"હું પૃથ્વી પરથી પાપીઓનો ભાર ઓછો કરનાર એક શૂરવીર ક્ષત્રિય છું. આજ રાક્ષસનાં સોએ સો વર્ષ પૂરાં થયાં સમજો!"

"ના, ના, વીર પુરુષ! એ એવો બલીષ્ઠ છે, કે તું એને હરાવી શકીશ નહિ! તારું રૂપ ને તારી સુંદર મુદ્રા કહી આપે છે, કે તું કોઈ ભદ્ર પુરુષ છે. જલદી ચાલ્યો જા! તારા જીવિતને પ્રિય લેખતો હોય તો આ કાળગુફામાંથી જલદી ભાગી છૂટ!"

"કેસરી સિંહ નાનો હોય છે, છતાં મદમસ્ત હાથીને હરાવી શકે છે. સુંદરી, હું અહીંથી પાછો ફરું તો મને જન્મ

આપનારી ક્ષત્રિયાણીનું દૂધ લાજે. ક્ષત્રિયને જીવિતનો મોહ ન હોય.”

રાક્ષસની પુત્રી અંગારવતી વત્સરાજને સમજાવી રહી હતી, ત્યાં તો દિશાઓને પોતાની પ્રચંડ હાકલથી ધ્રુજાવતો રાક્ષસ આવી પહોંચ્યો. એણે કોઈ નવાં પગલાં પોતાની ગુફામાં ગયેલાં જોયાં ને ક્રોધથી ધ્રૂજી ઊઠ્યો. ધસમસતો ગુફામાં આવ્યો તો સામે જ સુંદર માનવીને ઊભેલો જોયો. “વાહ, વાહ, સુંદર ભક્ષ મળ્યો!” એમ બોલીને એણે છલાંગ મારી, પણ વત્સરાજ સાવધ હતા. છલાંગ ચુકાવી બાથ ભરી રાક્ષસની કમર પરથી ખંજર ખેંચી લઈ એની છાતીમાં પરોવી દીધું. પહાડ જેવો રાક્ષસ ભૂમિ પર પડ્યો ને પંચત્વ પામ્યો. વર્ષોથી ધરાને પોતાનાં પાપકર્મથી સંતપ્ત કરનારનો અંત એક પળમાં આવી ગયો. પાપનો ઘડો ભરાઈ જાય ત્યારે કાંકરીથી પણ ફૂટી જાય તે આનું નામ!

અંગારવતી હાથમાં ફૂલનો હાર લઈને દોડી આવી. એણે હાર રાજાના ગળામાં પહેરાવીને કહ્યું: “જિવાડો કે મારો. તમે જ મારા પ્રાણ છો—પતિ છો, દેવ છો. આ નરકમાંથી મને લઈ જાઓ.”

આ તરફ કૌશાંબીમાં તો રાજાની ભારે ખોળ થઈ રહી હતી. મંત્રીરાજ પગલે પગલું દબાવતા આવી રહ્યા હતા. સહુના મનમાં રાજાજીના આ દુઃસાહસ માટે ભારે આશંકા હતી. આખી રાત શોધખોળ ચાલી. પણ રાતે તો દક્ષિણ દિશામાં કોણ જાય? સવારે સહુ સાથે એ દિશા તરફ આવ્યાં તો એક સૌંદર્યવતી સ્ત્રીને ઘોડાની પીઠ પર બેસાડીને

સામે પગલે રાજાને આવતા જોયા. આ જોઈ બધાએ દિગ્દિગન્તવ્યાપી જયનાદ કર્યો.

રાજાજીએ બધી વાત કરી. સમસ્ત પ્રજા રાક્ષસ જેવા નરાધમના નાશથી ને રાજાજીના શૌર્યથી ફૂલી ઊઠી! કવિઓએ કાવ્ય રચ્યાં. ચિત્રકારોએ ચિત્ર દોર્યાં! નટોએ નાટક કર્યાં! પંડિતોએ પ્રશસ્તિ રચી. વેદજ્ઞોએ આશીર્વાદ આપ્યા.

*

દૂત પોતાની વાત પૂરી કરી રહ્યો કે રાજા પ્રદ્યોત સિંહાસન પરથી ગર્જી ઊઠ્યો, "જૂઠા એ ચિત્રકારો ને એઠા ટુકડા ખાનારા એ કવિઓ! ખુશામદીઆ એ નટો ને પારિતોષિક ભૂખ્યા એ પંડિતો! અરે, રસ્તે જતી કોઈ સ્ત્રીને રૂપાળી જોઈને ઉપાડી લાવ્યો હશે–ને પછી હાંકી હશે બડાશ! એ તો બાપ એવા બેટા."

"પ્રભુ, રાજા ઉદયન તો ભગવાન મહાવીરનો સાચો સેવક છે."

"ને હું નથી? સેવક થયા તેથી શું થયું! સંન્યાસી તો નથી થયો ને! ત્યાંસુધી ધર્મ જુદાં કર્મ જુદાં! સહુ સહુને ઠેકાણે શોભે!'

દૂતને કહેવાનું ઘણું મન થયું, પણ બિચારો નાને મોઢે મોટી વાત કેમ કરે! એણે તો આગળ વધતાં કહ્યું: "મહારાજ, આ પછી સ્વપરાક્રમથી તેઓ બીજી એક તક્ષકરાજની પુત્રી પણ પરણી લાવ્યા છે."

"તે એ તો વનજંગલની ભીલડી કે શબરી જ એને મળે ને! એને વીણા વગાડનારને કંઈ રાજકુંવરી થોડી

વરવાની હતી! એ તો 'રાજાને ગમી એ રાણી, ને છાણાં વીણતી આણી' જેવું કર્યું! એનાથી બીજું થશે પણ શું? ભલે એ રૂપાળો હોય, ભલો હોય, બહાદુર હોય, પણ પ્રખ્યાત રાજકુળની એકે કુંવરી સામે પગલે વરવા આવી?"

દૂતે આખરે રજા માગી. રાજા પ્રદ્યોતે કહ્યું:

"શાબાશ દૂત! તું સમાચાર તો બરાબર વિગતથી લાવ્યો છે. જા. એવી રીતે સમાચાર પહોંચાડયા કરજે. હું તારા પર પ્રસન્ન છું."

દૂત વિદાય થયો. રાજા પ્રદ્યોતે દૂર દૂર ગવાક્ષમાંથી ક્ષિપ્રા નદીના તટ પર નજર નાખી. રાજહસ્તિઓ ત્યાં સ્નાન કરી રહ્યા હતા. અચાનક એને વત્સની લડાઈમાં પોતાની કીર્તિધજા જેવી હાથીસેનાની થયેલી ફજેતી યાદ આવી. એ સાથે હૃદયમાં અપકીર્તિની કાળી બળતરા ઝગી ઊઠી.

"અરે, દુનિયામાં મારા જેવો તે ડાહ્યો મૂર્ખ કોઈ હશે ખરો! બીજાનું એક લેવા જતાં પોતાનાં બે ખોયાં. રાણી મૃગાવતી તો ન મળી, પણ પોતાની પત્ની શિવાદેવી અને બીજી સાત રાણીઓ પણ ગઈ! મૃગાવતી એક મળી હોત તો....તોય સંતોષ લાધત, પણ ન જાણે ભગવાનની ઉપસ્થિતિમાં હું–હું નથી રહી શકતો. મારું વાઘનું મન બકરી જેવું બની જાય છે. રોજ પાપ માટે ઉત્તેજના કરતું મારું અનાડી મન એ વખતે પાપનો પશ્ચાત્તાપ કરવા લાગે છે. યોગમાં પણ જાદુની શક્તિ હશે ખરી! બેશરમ જીવને પણ શરમ લાગી જાય છે. અને શરમ તે કેવી! સગે હાથે

શત્રુના બાળને ગાદી પર બેસાડવાની ! દુનિયામાં બહુ ભલા થવામાં સાર નથી. મૃગાવતીને છોડી દીધે, ઉદયનને ગાદી પર બેસાર્યે, હું શું સારો થઈ ગયો ? મારું શું ભલું થયું ! ”

અને રૂપમાધુર્યભરી મૃગાવતીની સુંદર મૂર્તિ આંખ સામે તરી આવી. ભગવાન મહાવીરની પરિષદામાં સાદા વેશમાં પણ એ કેવી શોભી રહી હતી ! રાજકવિ કહે છે કે સ્ત્રીના દેહમાં મધુ વસે છે, એ વાત મૃગાવતીના દેહને જોતાં અવશ્ય જણાઈ આવે છે. ભક્તિભારથી નમેલાં એનાં અંગોમાંથી કેવી માધુરી ઝરતી હતી ! વય તો થઈ હતી તોય વપુસૌંદર્ય કંઈ ઝાંખું નહોતું પડ્યું.

રાજા પ્રદ્યોતની માનસસૃષ્ટિમાં ખળભળાટ મચી ગયો. કામરુ દેશની દાસી પણ એને સાંત્વન ન આપી શકી. એણે મહામંત્રીને હાકલ કરી.

વૃદ્ધ મહામંત્રી થોડી વારમાં હાજર થયા. એમને જોતાં જ રાજાએ કહ્યું:

“ મંત્રીરાજ, વત્સદેશના મેદાનમાં આપણે હાર્યા કે જીત્યા ? ”

“ હાર કે જીતનો વિચાર ત્યાં મિથ્યા હતો. એના કરતાં પણ એ પ્રસંગ વિશેષ હતો મહારાજ, આપની ઉદારતાની, આપની સરળતાની, આપની ધાર્મિકતાની જનતા પ્રશંસા કરી રહી છે. ધર્મ સમજ્યા તો આપ સમજ્યા એમ સહુ કહે છે. ભગવાનના બધા રાજવી શિષ્યોમાં સાચા શિષ્ય તમે ! આપના ત્યાગનાં તો કવિઓ કવિત રચી રહ્યાં છે. તેઓ કહે છે કે અવન્તિની સંસ્કારિતાને આપે પુનઃ સંસ્કારિત કરી છે ”

"થોભો, મંત્રીરાજ થોભો!" રાજાએ મંત્રીને વાત આગળ ચલાવતા અટકાવ્યા. "શું તમને બધાને માનસિક રોગ વળગ્યો છે? આનું નામ જ દુનિયા! આપણે કોરા ધાકોર જેવા ને જગત સમજે કે ભરી ભરી વાદળી જેવા છે. ભક્તિએ તો ભૂંડી કરી. દુનિયામાં સારો દેખાવા પરિષદામાં બેસતો થયો, એમાં વાત વિફરી ગઈ. અરે, મારા હાથમાં કંઈ આવ્યું નહિ ને લોકોએ પાણીના પરપોટા જેવી હજાર પ્રશસ્તિઓ રચી તેથી શું! મને તો એજ સમજાતું નથી કે સ્વર્ગની લાલસામાં કષ્ટ વેઠી રહેલા સંતો કરતાં આ પૃથ્વી પર સ્વર્ગ ઉતારવા ઇચ્છનાર આપણે શા ખોટા! મંત્રીરાજ! એ આર્ષ દૃષ્ટિનો મને તાપ લાગે છે. એ દૃષ્ટિનો દોરવ્યો દોરવાઈ ગયો, પણ મારા મનમાં તો મૃગાવતીની છબી હજી દોરાયેલી પડી છે. સ્વર્ગની અપ્સરા પૃથ્વી પર મળી જાય તો વળી મરવાની ને સત્કર્મ કરવાની ને સ્વર્ગમાં જવાની ઝંઝટ શા માટે! સાધ્ય તો એક જ છે ને!"

"શાન્તમ્ પાપમ્! મહારાજ, એ તો સાધ્વી બન્યાં. એમને સ્પર્શ કરવાની શક્તિ ધરાવનાર સ્વર્ગ, પાતાળ કે પૃથ્વી પર હવે કોઈ નથી. શાણા રાજવીએ એ વિચાર પણ છોડી દેવો ઘટે! ને સ્વર્ગને પણ ભગવાન કંઈ પૃથ્વી કરતાં ભારે મોટું કહેતા નથી. એ તો કમાયેલું ખર્ચ કરવાની ભૂમિ ને આખરે દેવાળું કાઢી દેવ મટી જવાનું. મનુષ્ય-જન્મ જ સર્વ શ્રેષ્ઠ છે, જ્યાંથી માણસ સત્, ચિત્ ને આનંદસ્વરૂપ મોક્ષ મેળવી શકે."

"પણ આ વત્સરાજ ઉદયનની કીર્તિ મારું હૈયું કોરી નાખે છે. અરે, હું અનેક રાણીઓ ખોઈ બેઠો. એ રોજ

નવી નવી લાવે છે એને કેદ કરીને લાવ્યા વિના મને જંપ વળશે નહિ, પણ મંત્રીરાજ, મારે પણ બળથી એને પકડી આણવો નથી. બુદ્ધિથી એને જકડી લેવો છેઃ ને એમ કરતાં વચ્ચેથી વત્સદેશ ટળે તો મગધ પરની મારી દાઝ કાઢી શકું."

"મહારાજ, મગધ આપણા ડરે છે, આપણે મગધથી ડરીએ છીએ વત્સ વળી આપણા એથી ડરે છે. એકબીજા પરસ્પરના ડરથી સૈન્ય ને શસ્ત્ર સજ્યા કરે છે. મને લાગે છે, કે ઝેરી સાપ માણસને શોખથી કરડતો નથી. એના અંતરમાં રહેલો માનવ પ્રત્યેનો સંદેશો જ દંશ દેવા પ્રેરે છે."

"મારે બીજું કંઈ સાંભળવું નથી. હમણાં હમણાં બધે મંત્રીઓને ધરમની હવા લાગી છે. વત્સનો યુગંધર બાવો થયો, મગધનો મંત્રી અભય બાવો થવાની ઘડીઓ ઘણાય છે, ને તમે પણ તૈયારી કરી રહ્યા લાગો છો!"

"મહારાજ, માફ કરજો લક્ષ્મી અને રાજકૃપાના અસ્થાયીપણાની તેઓને ખબર છે. રાજસેવા કરવી ને નગ્ન તલવાર પર ચાલવું સરખું છે. એ દિવસ ક્યાંથી કે આપ રાજી થઈને રજા આપો અને હું રાજરાજેશ્વર ભગવાન મહાવીરનાં ચરણ ચૂમીને સંસારની અલાબલા છાંડી દઉં!"

"અને છતાંય મંત્રીરાજ, જુઓ. અભયકુમાર ગમે તેવો ધર્મીષ્ઠ હોય પણ એના પિતા માટે કેવો છે, તે તમે જાણો ત્યારે તમને ખબર પડશે. અને મારા સ્ત્રી પ્રેમ વિષે તમે બધા જે અપ્રેમ ધરાવો છો, તે નીકળી જશે. શ્રેણિકરાજ તો મારાથી મોટો છે. મારાથી પણ બૂઢા એ રાજાની નજર આઠ વર્ષની એક સુંદર ગોવાળ કન્યા દુર્ગંધા પર

પડી. વૃદ્ધ રાજા એ અવિકસિત કળીને ભોગવવા ઘેલો બન્યો. એના વિના એ પાગલ બની ગયો. આખરે અભયકુમારે એ છોકરીને લાવીને રાજાના અંતઃપુરમાં મોકલી આપી. મંત્રીરાજ, મારા કામગુણની સહુ નિંદા કરે છે, તો પછી આનું શું ? શું એ ભગવાનની પરિષદામાં નથી બેસતો ? ”

“ પણ ભગવાને ક્યાં એની પણ શરમ રાખી છે ! ચોખ્ખું સંભળાવી દીધું છે કે રાજા, નરકેસરી વા નરકેશ્વરી ! તું નરકમાં જઇશ. બાકી તો ભગવાનને મન પુણ્યશાલી ને પાપી, ભક્ત કે વેરી બંને સમાન છે. એમની પરિષદામાં કોઈ ને જાકારો ન મળે.”

પણ રાજા પ્રદ્યોત તો બીજા વિચારમાં ડૂબી ગયો હતો. તેણે કહ્યું: “ યાદ છે મંત્રીરાજ ! એક દહાડો ઇનામની આશાએ કોઇ કળાકાર લાકડાનો હાથી લઇ ને દરબારમાં આવ્યો હતો. જીવતા હાથીની જેમ એ દોડતો, ખાતો, પીતો ને ગર્જારવ કરતો. એને બોલાવો ”

“ સમજી ગયો, મહારાજ ! ” મહામંત્રીએ વખત વર્ત્યો. “ એ હાથી લઈ ને વત્સના જંગલમાં જાઉં ને જે જેનો આસક્ત એનું અનિષ્ઠ એમાં. ”

“ પણ સાથે પંદરેક મલ્લ લેતા જજો. જેવા તેવાને ગાંઠે તેવો નથી એ ! ”

“ ચિંતા નહિ. મહારાજ ! ઉદયન માટે કારાગૃહ તૈયાર રાખો, એટલી વિનંતિ ! બાકી તો હાજર કર્યો સમજો ! ”

“ વારુ વારુ ! રાજમહાલયના પાછળના ભાગમાં રાજકેદીઓ માટેના કારાગૃહમાં એની વ્યવસ્થા રાખીશું. વાસવ-

દત્તા રોજ કહે છે, કે પિતાજી! તમને એક બાળકે છેતર્યા!"

"મહારાજ, બાળકોના કથન પર શું લક્ષ આપવું! આપે જે કર્યું, એથી તો આર્યાવર્તનાં તમામ રાજકુળોમાં આપની પ્રતિષ્ઠા જામી છે. સહુ કહે છે, વાહ અવન્તિપતિ! ભગવાનનો ઉપદેશ તેં ચરિતાર્થ કરી બતાવ્યો!"

"એનું જ નામ સંસાર ને! એનો સાચો સાર કોણે જાણ્યો?"

રાજા પ્રદ્યોત બેપરવાઈ ભર્યું હસ્યો. વત્સરાજને બંદિવાન કરીને લાવવાની નવી યોજના સાથે મંત્રીરાજ વિદાય થયા.

## મત્સ્ય ૧૯મું

### વત્સરાજ ને વનરાજ

**વ**ત્સરાજ ઉદયન રાજોદ્યાનમાં ફરી રહ્યા હતા. બકુલ, પારિજાતક ને બટમોગરાની બિછાત બિછાણી હતી. રાણીજીનાં અનુપમ કયાં અંગો સાથે કઈ કુસુમકળીની સદૃશ્યતા, એના પર રસભર્યો કાવ્યવિનોદ થઈ રહ્યો હતો.

'સ્રીના સૌંદર્યનું કાવ્ય બને અને પુરુષને શું સૌંદર્ય જ નહિ; કે તેમનું કાવ્ય જ નહિ ?' રાણી અંગારવતીએ પ્રશ્ન કર્યો.

'પુરુષમાં વળી સૌંદર્ય કેવું ? આ કાળી કાળી દાઢી ! આ લાંબી લાંબી કર્કશ મૂછો ! આ કઠોર ને લોઢા જેવાં અંગો ! પુરુષને અને સૌંદર્યને શું લાગેવળગે, સુંદરી !' વત્સરાજે વ્યંગ કરતાં કહ્યું.

'સૌંદર્યના અનેક પ્રકારો છે. કાળા વાદળમાં પૂર્ણિમાનો ચંદ્ર કેવો શોભાભર્યો લાગે છે. વત્સ દેશનાં પદ્મિની રાણી મૃગાવતીનું સૌંદર્ય મહારાજના દેહ પર દમકી રહ્યું છે. એની :પાસે તો કોઈ પણ રૂપવતીનું રૂપ ઝાંખું પડે,' અંગારવતીએ કહ્યું :

'દૃષ્ટિ તેવી સૃષ્ટિ! રાણીજી, પુરુષ-કવિ સ્ત્રીનું સૌંદર્ય વખાણે, સ્ત્રી-કવિ પુરુષનું સૌંદર્ય વખાણે; જે જેને સુલભ નહિ, તે તેને વધુ પ્રિય!'

'વાસ્તવિક કહ્યું, મહારાજ! અમને તમારું બળ પ્રિય લાગે, તમને અમારી સુકુમારતા આકર્ષક લાગે. પણ એ બે એકલાં હોય તો નિરર્થક. એટલે જ દાંપત્યનો મહિમા શાસ્ત્રમાં ગાયો લાગે છે. એકની ઊણપની બીજાથી પૂર્તિ થાય. સાંભળો મહારાજ, હું તમારી કવિતા કરું.'

'અરે, રાક્ષસપુત્રીને વળી કવિત્વ કેવું?'

'સત્સંગનો પ્રભાવ છે. પારસના સ્પર્શે લોહ પણ સુવર્ણ થઈ જાય ને!'

'વારુ, રાણીજી! ચલાવો તમારું કવિત્વ. પણ જોજો, રાજદરબારના કવિઓનાં પેટ પર પાટુ મારતાં. એ બિચારા તો કવિત્વના જોર પર જીવન વહે છે. બીજી કશી આવડત એમને હોતી નથી. ચંદ્રને મુખચંદ્ર અને તરણાનો ડુંગર કરવો એનું નામ જ એમનું કવિત્વ ને! બાકી તો ઈશ્વર સિવાય બીજા કોની કવિતા કરવા જેવી છે! સમજ્યાં કવિરાજ્ઞી!'

રાક્ષસપુત્રી અંગારવતી હાથમાં રહેલા લીલા-કમળથી મહારાજને મારી રહી. રણાંગણમાં તીક્ષ્ણ ભાલાના પ્રહારથી જરા પણ આકુળ વ્યાકુળ ન થનાર મહારાજ વત્સરાજ આ લીલાકમળના મારથી ત્રાહ્ય તોબા પોકારી ઊઠ્યા. એમણે રાણીજીને કહ્યું: 'માફ કરો દેવી! હવે તમારી મશ્કરી નહિ કરીએ. ગમે તેવો કઠોર ચક્રવર્તી પણ પ્રથમ અપરાધની

ક્ષમા બક્ષે છે. અમારો આ અપરાધ પહેલો જ છે, એટલું વત્સદેશનાં સામ્રાજ્ઞી લક્ષમાં લે, તેવી અરજ છે.'

'રાજાના રાજ્યની વાત છોડો. અહીં તો રાણીજીનું રાજ ચાલે છે; શિક્ષા અવશ્ય થશે.'

'ફરમાવો અપરાધીને શિક્ષા ! ગુનેગાર નતમસ્તકે હાજર છે.'

'આજ સાંજ થતાં થતાં અહીં તમારે ઉપસ્થિત થવું; વત્સદેશનાં સામ્રાજ્ઞીની વેણી આ બકુલ પુષ્પથી ગૂંથવી ને એમાં પારિજાતકની કલગી પરોવવી, અને પછી એમને બે હાથમાં ઊંચકીને ફૂલહિંદોલ પર ઝૂલે ઝુલાવવાં. શિક્ષા કડક છે હો. અપરાધી પ્રત્યે દયા અમે સમજ્યાં નથી.' ને રાણી અંગારવતી બોલતાં બોલતાં હસી પડયાં. જાણે ચંપા પરથી ચંપકકળીઓ ઝરી.

'અને માનનીય રાણીજીએ અપરાધી ઉપર રહેમ કરવા ખાતર એક ઋતુગીત ગાવું, જેથી અપરાધીનો શ્રમ સાર્થક બને.'

'વિનંતિ સ્વીકારવામાં આવે છે.' ને રાણીજીએ મહારાજના હાથને પોતાના બે હાથ વચ્ચે જકડી લઈ તેમને બાગમાં દોર્યા.

સંસારમાં સર્વત્ર જાણે મદનનું સામ્રાજ્ય પ્રવર્તે છે. જ્યાં જ્યાં મદન પોતાની આણ વર્તાવે છે, ત્યાં ત્યાં રસિક સ્ત્રી ચક્રવર્તીપદ ભોગવે છે. પુરુષ ભલે કઠોર ભૂમિકાભર્યા પ્રદેશોમાં પોતાની આણ વર્તાવતો હોય, પણ સુકુમાર ગૃહજીવનની સામ્રાજ્ઞી તો સ્ત્રી જ છે. આવા આવા વિચારોમાં રસિયા વત્સરાજ ઉદયન અટવાતા હતા, ત્યાં દાસીએ આવીને નિવેદન કર્યું:

'મહારાજ, વનપાલક આવ્યો છે. આવશ્યક સંદેશ લઈને ઉપસ્થિત થયો છે.'

'જલદી મોકલો આપ, દાસી!' વત્સરાજ ઉદયને કહ્યું.

તરત જ વનપાલક આવીને પ્રણામ કરી ઊભો રહ્યો. વત્સરાજની આજ્ઞા થતાં એણે કહ્યું: 'પૃથ્વીપતિ, આપણાં ઉપવનોમાં કોઈ વિચિત્ર હાથી આવ્યો છે. એને શસ્ત્ર કંઈ કરી શકતાં નથી. ચાલાકીમાં એ કોઈથી છેતરાય એવો નથી. હાથણીઓથી ન લોભાય એવો કઠોર બ્રહ્મચારી છે. ઉપવનોનું સત્યાનાશ નીકળી ગયું છે. રાજસૈનિકોની કંઈ કારી ફાવતી નથી.'

'દિલને ઉત્સાહ આપે તેવા સમાચાર છે. ઘણા દિવસે આવા હાથી સાથે ગેલ કરવાનો પ્રસંગ મળ્યો છે. વત્સ-રાજને વશ ન થાય એવો હાથી તે વળી જોયો છે?'

'મહારાજ, સામાન્ય હાથી જેવો આ હાથી નથી લાગતો. ચેતીને ચાલવા જેવું છે,' વનપાલકે કહ્યું.

'ક્ષત્રિયો ચેતીને ચાલશે તો વૈશ્ય અને એની વચ્ચે શો ભેદ રહેશે? સાહસ એ તો ક્ષત્રિયોનો સ્વભાવ છે,' ઉદયને કહ્યું.

'પણ મહારાજ! તમે કહેતા હતા કે ભગવાન મહાવીરે રાજાને સુખી થવું હોય તો સાત વસ્તુથી દૂર રહેવાનું કહ્યું છે: એમાં મદ્ય, માંસ ઉપરાંત મૃગયા પણ છે ને! મૃગયા એટલે શિકાર હવે છોડવો ઘટે. સાધ્વી માતાને જાણ થશે તો તેમને દુ:ખ નહિ થાય?' રાણીએ વચમાં નવી વાત ઉમેરી.

'રાણી, એ તો નિરપરાધી મૃગ જેવાં જીવોને મારવા

માટે નિષેધ છે. આ તો અપરાધીને દંડ દેવાનો છે. આ મૃગયા ન કહેવાય; આ તો રાજધર્મનું પાલન કહેવાય– આતતાયીને રાજ–દંડ કહેવાય.'

'ચતુર માણસોને શબ્દોના અનેક અર્થ કરતાં આવડે છે. સારું, સિધાવો ને સફળ થાઓ. પણ પેલી સાંજની સજા વિષે વિસ્મરણ થવું ન ઘટે.' રાણીએ કટાક્ષ કરતાં કહ્યું.

'રાણીજી, વત્સરાજ એકવચની છે.'

'આજ તો હું પોતે આપને મુગટ પહેરાવીશ ને બખ્તર પણ હું જ સજાવીશ, નાથ! એટલી સેવા કરવાની દાસીને અનુજ્ઞા મળવી જોઈએ.'

'અરે, સામ્રાજ્ઞીને આ દીન–ભાવ શોભે? ઘડી ભર પહેલાંનાં સામ્રાજ્ઞીની આ રંકવૃત્તિ!'

'સ–નાથ સ્ત્રી પાસે સામ્રાજ્ઞીનો રુઆબ હોય છે, નાથ વિનાની એકલી સ્ત્રી કીડીથી પણ કમજોર છે,' રાણીએ બખ્તર તથા ધનુષ્ય–બાણ પહેરાવતાં કહ્યું.

×

ઘડી પહેલાં સ્ત્રીના સેવક થઈને રસવિનોદ માણી રહેલા મહારાજ વત્સરાજ હવે ઉપવનોમાં તાતાં તીરના ટંકારવથી વનને ગજવી રહ્યા હતા. રાણીના લીલા–કમળના મારથી ત્રાહ્ય–તોબા પોકારનાર વત્સરાજને ઉપરથી ધૂમ તપતો સૂર્ય, માર્ગનાં ઊંડાં નદી–નાળાં કે ભૂખ–તરસ હેરાન કરતાં નહોતાં. છતાં પેલો હાથી પણ અજબ હતો. આ જંગલોમાં આવો હાથી કદી આવ્યો નહોતો. વત્સરાજનાં તાતાં તીર, પુષ્પ પરથી પાણીનું બિંદુ સરી પડે તેમ, હાથીના

દેહને સ્પર્શીને નીચે પડી જતાં. એની ગતિ પણ ખૂબ વેગ ભરી હતી.

પણ કાર્ય જેમ કઠિન થતું ગયું, તેમ તેમ વત્સરાજનો ઉત્સાહ દ્વિગુણ થતો ગયો. ગજરાજ અને વત્સરાજ વચ્ચે ભારે સ્પર્ધા ચાલી. વત્સરાજ ઉત્સાહમાં ને ઉત્સાહમાં સૈનિકોથી છૂટા પડી ગયા. મંત્રી યૌગંધરાયણ પણ સાથ આપી ન શક્યા. વત્સ દેશની સીમા પૂરી થઈ ગઈ, એનું પણ વત્સરાજને ભાન ન રહ્યું. અવન્તિની સીમામાં એમનો પ્રવેશ થઇ ગયો.

હવે પેલો ગજરાજ કંઇ શિથિલ થયો હોય તેમ દેખાતો હતો. પ્રતિસ્પર્ધીને શિથિલ નિહાળી રાજાને વિશેષ ઉત્સાહ વ્યાપ્યો. એ ખૂબ વેગથી આગળ વધ્યા. જોતજોતામાં ગજરાજનો ને વત્સરાજનો ભેટો થઈ ગયો. પણ ભેટો થતાં તો ભારે અજાયબ ઘટના બની.

રાજા ઉદયને પોતાનું તેજસ્વી ખડ્ગ ખેંચી ઘા કરવા જેવો હસ્ત ઉગામ્યો કે એકાએક વનરાજનું પેટ સાંચાકામ વાળી સંપૂટની જેમ ઊઘડી ગયું. એમાંથી દશથી પંદર મલ્લો બહાર કૂદી આવ્યા. વત્સરાજ તરત કળી ગયા કે પોતે કોઈ કાવતરાના ભોગ બન્યા છે. ભાથામાંથી તીર ખૂટી ગયાં હતાં, આટલો પીછો પકડવામાં શક્તિ ઘણી ખરી ખર્ચાઇ ગઇ હતી, છતાં હિંમત હારે એ ક્ષત્રિય કેમ કહેવાય? વત્સરાજે યુદ્ધનું આવાહન આપ્યું. પંદર મલ્લોને એમણે દાવપેચથી હંફાવવા માંડયા, પણ ત્યાં તો અવંતીપતિના બીજા સૈનિકો પણ આવી પહોંચ્યા.

એકાકી વત્સરાજ ઘેરાઈ ગયા. થોડી વારમાં એમને પકડીને બધા મલ્લો રાજદરબારમાં ઉપસ્થિત થયા. મહારાજ પ્રદ્યોત સિંહાસને બિરાજ્યા હતા. એમણે ઉન્નત મસ્તકે ડગ ભરતા વત્સરાજનું શરમથી બાળી મૂકે તેવાં વેણુથી સ્વાગત કર્યું.

'બિલ્લીબાઈ કેટલી વાર ઘી ચાટી જશે! માતાએ ભગવાનનું શરણુ લઈ જીવ બચાવ્યો, હવે પુત્ર કોનું શરણુ લેશે?'

'અવન્તિપતિ, ક્ષત્રિયજાયાને પોતાના ભુજબળ સિવાય કોઈનું શરણુ ખપતું નથી, એ કેમ ભૂલી જાઓ છો? એ ક્યાં શીરા માટે શ્રાવક બનનાર અવન્તિપતિ છે!' વત્સરાજ ઉદયને હૈયામાં ક્રોધની જ્વાલા ભભૂકી ઊઠે તેવાં વેણુ કહ્યાં. એમણે વીતભય નગરના ઉદયનવાળી ઘટનાની યાદ આપી.

'છોકરા, નાના મોંએ મોટી વાત કરે છે! વત્સની ગાદી પર તને સ્થાપન કરનાર કોણુ છે, એ તું જાણે છે? તારું આજનું અસ્તિત્વ કોને આભારી છે, એ તને ખબર છે? ખબર ન હોય તો એ તારી રૂપાળી માને પૂછી જો. અવન્તિનાથની સત્તાને તું જાણે છે ને! એ સત્તાની આમન્યા સ્વીકારવા તું તૈયાર છે કે નહિ?' અવન્તિપતિએ વિવેક ખોયો.

'આમન્યા વડીલોની હોય-શિરછત્રની હોય. ગઈ કાલ સુધી મારા હૃદયમાં અવન્તિપતિનું એ રીતે માનભર્યું સ્થાન હતું. આજ તો અવન્તિ અને વત્સ પ્રતિસ્પર્ધી બની સામસામાં ખડાં છે. પ્રતિસ્પર્ધીની આમન્યા સ્વીકારવી એટલે પરાજય સ્વીકારવો. અને વત્સરાજ મૃત્યુ પહેલાં પરાજયને સ્વીકારતો નથી.'

'તો અવન્તિનાં કારાગારની દીવાલો અભેદ્ય છે.'

'ઉદ્યમી પુરુષાર્થીને મન કશુંય અભેદ્ય નથી.'

'ઉદયન, તારા જેવો છોકરવાદ હું પણ હમણાં કરી જાઉં. મારો એક શબ્દ જ આજે તને હતો–ન હતો કરી શકે. છતાં મારા જેવા કઠોર પુરુષના જીવનમાં પણ માયાનો એકાદ અંશ છુપાઈ બેઠો લાગે છે. તારી માતા પર મેં એક વાર સ્નેહભાવ દાખવેલો. એ વેળા તો તારા દાંત પરનું દૂધ પણ સુકાયું નહોતું. એ વેળા તારી ડોકી મરડી નાખતાં મને વાર ન લાગત. પણ મારામાં પણ કંઈક દયાનો અંશ હશે. એ વખતે જેને જિવાડ્યો એને આજે મારું, એ કેમ બને?'

'રાજન, મારી માતા આજે એવા પદે છે, કે કોઈ પણ ચર્ચાવિષયથી પર બન્યાં છે. રાજકાજનાં ભૂંડાં પરિણામો એણે સાક્ષાત્ સાકાર નિહાળ્યાં. જે કાદવમાંથી એ તરી ગઈ એ કાદવમાં ખદબદ થતા જીવ આપણે છીએ. વીતભય નગરના રાજા ઉદયનની દયાથી જેમ એક દહાડો આપ જીવ્યા, એમ મારું બન્યું હોય તો એમાં શરમાવા જેવું શું છે? દયા એ પણ માનવીનો ગુણ છે; દાનવનો તો નથી ને! મહારાજા, ભગવાન તો કહે છે, વાવશો તેવું લણશો.' વત્સરાજ કંઈ વ્યંગ કરતા હતા.

'પણ આખરે ચતુર કાગડો ઠગાયો ખરો!' રાજા પ્રદ્યોતે વાતને બીજી રીતે વાળતાં કહ્યું. આ શબ્દોમાં મશ્કરી ભરી હતી.

'હા મહારાજ! હમેશાં ચતુર કાગડા જ ઠગાયા છે.

કારણ કે એમને પોતાની ચતુરાઈ પર અભિમાન હોય છે. મારા જેવા એક બીજા ચતુર કાગડાની વાત પણ હું જાણું છું. આજ્ઞા હોય તો કહું.'

'જરૂર કહે. તારી ભાષામાં તો જરા અલંકાર, ઉપમા ને કવિત્વની છાંટ હશે. અમારી જેમ તડ ને ફડ બોલનાર તમે નહિ,' અવન્તિપતિ પ્રદ્યોતે કહ્યું. આખી સભા પણ કથા સાંભળવા ઉત્સુક થઈ રહી.

'વાત સરસ છે; સમજો તો સમજવા જેવી છે. સુંદર એવું એક શહેર છે. એ ગામમાં 'રાજા' નામનો કાગડો રાજ કરે. એને પોતાની કુટિલતાનું ભારે અભિમાન. એણે 'મંત્રી' નામના, એક હંસની ભારે ખ્યાતિ સાંભળી, તેને ઠગવાનો નિર્ણય કર્યો. એક વાર ભોજનમાં કેફી વસ્તુ જમાડી એ હંસને કેદ કરી પોતાને ત્યાં આણ્યો. કાગડાભાઈ તો ફૂલ્યા ન સમાયા. પણ હંસ તે હંસ. કાગડાભાઈ રાજ કરતાં મૂંઝાય એટલે હંસની સલાહ લે. આખરે એક દહાડો ખુશી થઈને કાગડાએ હંસને કારાગારમાંથી મુક્ત કર્યો.

'પણ પેલા મંત્રી નામના હંસના મનમાં એક વાત રહી ગઈ. એને થયું કે આ 'રાજા'ને બોધપાઠ આપું. એણે વેપારીનો વેશ લીધો, બે સારી રૂપાળી મેનાં લઈને એના રાજમાં આવીને રહ્યો. રોજ મેના ગોખ પર બેસીને વિનોદ કરે, ને પેલો રાજા કાગડો ત્યાં થઈને નીકળે. એ તો મેના પર લટ્ટુ બની ગયો.

'હવે પેલા વેપારી હંસે એ 'રાજા' કાગડાના જેવા ચહેરા મહોરાવાળો એક કાગડો પોતાને ત્યાં રાખ્યો. એનું

નામ પણ 'રાજા' પાડ્યું ને દરરોજ ભર બજારે માચા પર નાખી ઓષધ માટે વૈદ્યને ત્યાં લઈ જાય. પેલો રોજ બૂમ મારે કે 'હું રાજા છું. મને આ લોકો પકડી જાય છે. કોઈ છોડાવો.' પહેલાં તો લોકો ચમક્યા કે છે શું? પણ પછી તેમને ખબર પડી કે આ તો ગાંડો 'રાજા' નામનો કાગડો છે. એટલે કોઈ તે તરફ ધ્યાન ન આપે.

'હવે પેલા વેપારીએ ત્રાગડો રચ્યો. પેલી મેનાઓ દ્વારા ખરેખરા રાજા કાગડાને મળવા બોલાવ્યો. કાગડાભાઈ તો મેનાની મીઠી મીઠી વાતોમાં લપટાઈ ગયા. ત્યાં તો હંસમંત્રીના સેવકોએ એને અચાનક ઘેરી લીધો ને મુશ્કેટાટ બાંધીને ગામ વચ્ચેથી ખરે બપોરે ઉપાડ્યો. પેલો કાગડો બૂમ મારે : 'અરે, હું તમારો રાજા. મને આ લોકો ઉપાડી જાય છે. કોઈ છોડાવો.' લોકો સમજ્યા કે આ તો રોજ જે ગાંડો ઓષધાલયે જવા નીકળે છે તે જ હશે. ભરબજારે પેલા રાજા કાગડાને હંસ મંત્રી ઉપાડી ગયો.' વત્સરાજ ઉદયન થોભ્યા. એમની વાતે સભામાં રસ ઉપજાવ્યો હતો. સભાજનોએ આગળની વાત જાણવાની ઉત્સુકતામાં કહ્યું : 'પછી શું થયું ?'

'પછી શું થાય? હંસ ઉદાર હતો. એણે કાગડાભાઈને કહ્યું : 'જુઓ, આ તો કર્મભૂમિ છે. અહીં તો બાવળ વાવશો તો કાંટા મળશે, બકુલ વાવશો તો ફૂલ મળશે. કરશો તેવું પામશો. જાઓ, હું તમને મુક્ત કરું છું. હવે સુધરશો. બસ, વાત થઈ પૂરી. આંબે આવ્યા મોર ને વાત કહીશું પોર!'

'પશુ–પક્ષીની તો માત્ર ઉપમા જ છે. કોઈ રાજ-

કુળની વાત હોય એમ લાગે છે.' એક સભાસદે પ્રશ્ન કર્યો.

'જરૂર. કેટલીક વાર પશુ–પક્ષીની વાતો પરથી માણસોને નીતિનો બોધ અપાય છે. જેમ વત્સરાજને આજે વનરાજથી બોધપાઠ મળ્યો, તેમ.'

'અમને કાગડા અને હંસનાં સાચાં નામ કહો.'

'તમારો આગ્રહ છે, તો કહું છું. એ હંસ મંત્રીનું નામ અભયકુમાર અને કાગડાનું નામ....' વત્સરાજ થોભ્યા, ને થોડી વારે બોલ્યા : 'અરે, ભારે ભુલકણો છું! વાર્તારસિક સભાજનો, માટી ટૂંકી સ્મરણશક્તિ માટે મને માફ કરશો. એ રાજા કાગડાનું નામ હું સાવ વીસરી ગયો છું. મહારાજ અવન્તિપતિ વાતોના ભારે રસિયા છે. એમને જરૂર યાદ હશે....'

અવન્તિપતિને આ વાર્તા–પોતાને ઉદ્દેશીને હતી, એની અસ્પષ્ટ ખાતરી થઈ હતી, છતાં છાણે વીંછી ન ચઢાવવા માટે તેમણે મૌન ધર્યું હતું. થોડા વખત પહેલાં પોતે મહામંત્રી અભયને ઠગેલા, એનો જ બદલો લેવા યોજાયેલી આ ઘટના હતી. વત્સરાજના આ છેલ્લા શબ્દો સાંભળતાંની સાથે ઉશ્કેરાઈને તેમણે કહ્યું :

'આ ચિબાવલાને કારાગારમાં પૂરી દો. એની વાર્તા ભલે એને લાગુ પડે. એના દેશમાં વિવેક જેવી વસ્તુ જ લાગતી નથી. નાના મોંએ મોટી વાત કરતાં એને શરમ આવતી નથી.'

તરત જ સુભટોએ વત્સરાજને ત્યાંથી કારાગાર તરફ દોર્યા. વત્સરાજે ઉન્નત મસ્તકે જતાં જતાં કહ્યું :

'યાદ રાખજો, અવન્તિપતિ! હું પણ એક દહાડો એ રીતે ચાલ્યો જઈશ, ડંકાની ચોટ પર.'

'અવન્તિના કારાગારમાં યમનો પ્રવેશ પણ દુર્લભ છે,' મહારાજ અવન્તિપતિએ કૃત્રિમ રીતે હસતાં હસતાં કહ્યું. કૃત્રિમ હાસ્ય એ મુસદ્દીઓની ખાસિયત છે.

'માયા બૂરી ચીજ છે. એની મા પર જેવી મારી માયા હતી, એવી જ આ છોકરા પર છે. નહિ તો આ તલવાર કોની સગી થઈ છે! અવન્તિપતિના કોપાનલમાં કોણ ભસ્મ નથી થયું! પણ છોકરાની સાથે છોકરવેડા કરવા આપણને ન શોભે!' અવન્તિપતિએ મનની મોટપ દાખવતાં કહ્યું. એ મોટપ પણ એક મુસદ્દીવટ મનાઈ.

'જય હો મહાસેન અવન્તિપતિ પ્રદ્યોતરાજનો!'

સભાએ જયજયકાર કર્યો. સારે કે માઠે દરેક પ્રસંગે આવા એકસરખા, મોટે અવાજે ઊર્મિહીન જયજયકાર કરવા પ્રજાની જીભ ટેવાયેલી હતી.

## મત્સ્ય ૨૦મું

### વાસવદત્તા

**અવન્તિની** રાજકુમારી વાસવદત્તા અપ્સરાનું રૂપ ને સતીનું શીલ લઈને જન્મી હતી. કાદવમાંથી કમળ પેદા થાય તેમ, રાજા પ્રદ્યોતના વાસના-વૈભવવાળા જીવન સરોવરમાં શોભા અને સુશ્રીભર્યું આ પૂર્ણકમળ ખીલ્યું હતું. જીવનના પરાગ સમી આ પુત્રી પિતાના અસંતુષ્ટ જીવનને જોઈ આત્મસંતુષ્ટ બની હતી. પટરાણી શિવાદેવી એના માતા નહોતાં, પણ એ ધર્મશીલા રાણીએ આ નમાયી દીકરીને માનો પ્યાર આપ્યો હતો. એણે સતી રાણીનું દીપકના જેવું-સુખ ને દુઃખમાં સરખી રીતે બળતું-જીવન જોયું હતું. પિતાના સંતપ્ત વાસનાઅગ્નિમાં રોજ ભુંજાવાનું જેના નસીબે જડાયું હતું, એવી માતાનો મૃત્યુ સુધી કોઈ છુટકારો નહોતો. એણે સતી થઈને જીવવાનું હતું, શીલ પાળવાનું હતું, ને જેના કાજે એ શીલ પાળતી, એ પતિના શીલવિહીન જીવનને જાળવવાનું પણ હતી. કારણ કે એ સ્ત્રી હતી.

આ સંસારમાં જે સ્ત્રી તરીકે પેદા થઈ, એના નસીબમાં સદા ગુલામી લખાઈ હતી, પછી ભલે એ દાસબજારની

વેચાયેલી દાસી હોય કે રાજમહાલયોમાં ઊછરેલી રાજકુમારી હોય ! સ્રીના અવતારમાં બાહ્યાવસ્થામાં બાપ દીકરીને દાબમાં રાખતો હતો; યુવાવસ્થામાં પતિનો કોરડો તૈયાર રહેતો, વૃદ્ધ અવસ્થામાં પણ પુત્ર માતા માટે ચિંતિત રહેતો. સ્રીના શીલનો પુરુષોને કદી ભરોસો નહોતો, કારણ કે પુરુષોએ શીલ સર્વથા ખોયું હતું ! સ્રી પણ પોતાનું શીલ જાળવવા સ્વતંત્રતાના દ્વારને સદા ભીડેલું રાખતી. એમાં પણ સ્રી જેમ ઉચ્ચ વર્ણની, ઉચ્ચ ઘરની, ઉચ્ચ રાજવંશની એમ એની આ મૂંઝવણમાં વધારો થતો. સૂર્યનું દર્શન પણ એને નસીબ નહોતું. કારાગાર જેવા અંતઃપુરો ને ક્રૂર ષંઢ ચોકીદારો એની આસપાસ અભેદ્ય દીવાલો રચતા. સ્રીને સ્વતંત્ર જીવન જેવું જ કાંઈ નહોતું !

આ સ્વતંત્રતાનાં દ્વારને પહેલવહેલું ભગવાન મહાવીરે તેમણે દાસબજારમાં વેચાયેલી દીન-હીન ચંદનાનો ઉદ્ધાર કર્યો અને એક દહાડો એને જ આગેવાન બનાવી સાધ્વી-સંઘ સ્થાપ્યો. સ્રી ઉપરના પુરુષના અનન્ત વર્ચસ્વનો ત્યાં અંત આવ્યો. ભૌતિક જીવન કરતાં આધ્યાત્મિક જીવન જીવવા ઇચ્છતી, વિલાસ કરતાં વૈરાગ્યને પસંદ કરનારી, સ્વાર્થી પુત્રોના પાશમાં હિજરાયેલી, જુલ્મી પતિના હાથ નીચે હણાયેલી, લગ્ન જીવનની અનિચ્છાવાળી અનેક સ્રીઓ આ મંડળમાં ભળી. કૌશાંબીની રાણી મૃગાવતી ને અવન્તિની રાણી શિવાદેવીએ જ્યારે એ સંઘનું અવલંબન લીધું ત્યારે તો એની સુકીર્તિ ચારે તરફ પ્રસરી ગઈ.

સ્રી એ દિવસે આધ્યાત્મિક સ્વતંત્રતા મેળવી શકી. ત્યાં એને પતિનો ત્રાસ, પિતાનો દાબ કે પુત્રનું ઓશિયાળાપણું

નહોતાં. શીલ તો બંને સ્થાને એને અનિવાર્ય હતું, પણ અહીં એને સ્વમાન મળ્યું, જીવનની સ્વતંત્રતા લાધી. નિયમન તો અહીં પણ હતાં ને ત્યાં પણ હતાં. પણ ત્યાંનાં નિયમનો લાદેલાં હોઈ એને પશુથી હીન બનાવતાં, આ નિયમનો અચ્છિક હોઈ જીવનવિકાસમાં સાથ પુરાવતાં; ઊછળતા કૂદતા રૂપેરી ઝરણ જેવી વાસવદત્તા નાની ઉંમરે મોટી સમજ મેળવી શકી હતી.

આત્મિક મુક્તિપંથે માતા શિવાદેવીના ગયા પછી, વાસવદત્તાને જીવન ઊણુંઅધૂરું લાગ્યા કરતું. મૂર્તિમય રાગિણી જેવી એ હવે ઘણી વાર ઉદાસીનતાની મૂર્તિ બની જતી. નૃત્ય, ગીત ને વાદ્યની પંડિતા હમણાં હમણાં એમાં નીરસ બની હતી. આજ સુધી જેને જીવન વિષે વિચાર નહોતો આવ્યો એને હવે ડગલે ડગલે જીવનના જ વિચારો આવ્યા કરતા. સજીવ ઊર્મિકાવ્ય જેવી વાસવદત્તા વૈરાગ્યનું શુષ્ક કાવ્ય બનતી જતી હતી. આંબાડાળે ટહુકા કરતી કોયલડી, શ્રાવણના અનરાધાર નીરમાં પાંખ ભીડીને બેઠેલી ભીંજાયેલી ચકલીની જેમ, કંઈક વ્યાકુળ મનોદશા ભોગવતી હતી.

પ્રચંડ પરાક્રમી, અજબ ખાંડાના ખેલ ખેલનારો, અવન્તિના રાજ્યને આર્યાવર્તનું એક મહાન સામ્રાજ્ય બનાવનાર રાજા પ્રદ્યોત, જે પોતાની ક્રોધપ્રકૃત્તિને લીધે ચંડ પ્રદ્યોતનું ઉપનામ પામ્યો હતો, એ આ રૂપશીલા ને ગુણશીલા પુત્રી વાસવદત્તાને જોઈ વાત્સલ્યઘેલો બની જતો. અહીં એના અંતરના કઠોર દુર્ગંમ પડ પાછળ છુપાયેલી

સ્નેહની સરવાણી એકાએક ફૂટી નીકળતી, ને વાસવદત્તાને નિર્મળ સ્નેહના નીરથી સ્નાન કરાવતી. આ વેળા રાજા પ્રદ્યોત ગ્રીષ્મ ઋતુના ઝરણ જેવો શીતળ, તદ્દન સરળ પ્રકૃતિનો આદમી ને પ્રેમાળ સદ્‌ગૃહસ્થ દેખાતો.

અવન્તિના શાણા મહામંત્રી આવે વખતે કેટલાંક ગૂંચવાળાં કામોના નિકાલ માટે આવતા, ને જેવું જોઈએ તેવું આજ્ઞાપત્ર મેળવી લેતા. એ કોઈ વાર ખાનગીમાં કહેતા: 'મહારાજ અવન્તિપતિ બે વ્યક્તિ પાસે ડાહ્યા ડમરા બની જાય છે: એક ભગવાન મહાવીર પાસે, બીજી રાજકુંવરી વાસવદત્તા પાસે. એ વખતે એમનામાં સદ્‌ગૃહસ્થાઈ એટલી ઝળહળે છે, કે જાણે મહારાજ પ્રદ્યોત જ નહિ! ધાર્યું કરાવી લો!'

અસાડનો મહિનો હતો, ને આકાશ ઝરમર ઝરમર વરસી રહ્યું હતું. ગ્રીષ્મના તાપથી અકળાયેલી સરખેસરખી સાહેલીઓનું એક વૃંદ રાજકુંવરી વાસવદત્તાને ઉપવનમાં આમંત્રી જવા આગ્રહ કરી રહ્યું હતું. અકળાયેલી આ સખીઓ લજ્જાનાં આવરણ હલકાં કરીને ચંદનબાગમાં ઝરમર ઝરમર મેહુલાને ઝીલવા જવાની હતી. આખો ઉનાળો અળાઈઓથી દેહને ખાઈ ગયો હતો. કેળના સ્થંભ જેવી સ્નિગ્ધ દેહલતાઓ એને કારણે કર્કશ બની ગઈ હતી. આજે દેહને અને દિલને ખુલ્લી કુદરતમાં બહેલાવી સહુની ઇચ્છા મનનો ભાર અલ્પ કરવાની હતી.

'કુંવરીબા, આ મેહુલો તો જુઓ! પેલી તળાવડી દૂધે ભરાઈ ગઈ. એની મોતીની પાળ ઉપર મોરલા ઢેલ સાથે

કળા કરી રહ્યા છે. દેવકુસુમ લવીંગની લતા લૂંબે ને ઝૂંબે ફૂલીફાલી છે. ચંદનનાં વૃક્ષો પરથી સુગંધિત મેઘજળ ચૂએ છે. ચાલો, ચાલો, મહારાજ પ્રદ્યોતની લાડકવાયી કુંવરી આમ ઊણી ને ઓશિયાળી કાં?' એક સખીએ કટાક્ષમાં કહ્યું. પણ વાસવદત્તા તો શાંત વિચારમગ્ન બેસી રહી. એની કમળદંડ જેવી નાકની સુરેખ દાંડી ને આભના બે તારલીઆ જેવી આંખો એક રસકાવ્ય રચી રહ્યાં.

'રે સખી! ઘણુમૂલા સાજન મેં સ્વપ્નામાં દીઠા!' બીજી સખીએ એક આંખ રાજકુમારી તરફ ને બીજી આંખ સખીઓ તરફ અર્ધમીંચી રાખીને કટાક્ષ કર્યો.

'સપનાંની તો અવસ્થા છે, સખી! પણ એમ ઉદાસ થયે કંઈ ચાલે! અંતરની પ્રીત પીડા કરતી હોય તો કંઈક હોઠ પર આણીએ ને! આપણે તે કંઈ સર્વજ્ઞ છીએ?'

વાસવદત્તાએ આ વ્યંગ તરફ લક્ષ ન આપ્યું. એણે ઊંડો નિશ્વાસ નાખ્યો.

'હાય રે મા! દુઃખ બહુ ઊંડું છે. લાવો રે સખીઓ! ઉશીરનું (ખસનું) અત્તર સખીને હૈયે ઘસીએ. સ્ત્રી અને માછલી ક્યારે તરફડે? જાણો છો સખીઓ! સ્નેહનું જળ ન હોય ત્યારે! હાય રે સાજન! આ તો જલમેં મીન પ્યાસી!'

બટકબોલી સખીઓમાંથી એક સખી દોડીને ખરેખર ઉશીરનું અત્તર લઈ આવી, અને વાસવદત્તાની કંચૂકીની કસ છોડવા લાગી. ઉદાસ રાજકુંવરીથી આ અટકચાળી

સખીઓ પાસે આખરે હસી દેવાયું. એણે સખીઓને કોમળ હસ્તથી દૂર હડસેલતાં કહ્યું: 'મરોને અહીંથી આઘી!'

'અમે તો ભલે આઘી મરીએ, પણ ઘણું જીવે તારો સાજન! વાસવદત્તા, સાચું કહેજે, તું કોનું ધ્યાન ધરતી હતી? કયા પુરુષના ભાગ્યનું પાંદડું તેં ખસેડી નાખ્યું? કોનો સંસાર ધન્ય કરવાનો તેં નિર્ણય કર્યો છે? જે ભાગ્યશાળી કુંવરીબાને પામશે, એને સંસારમાં સ્વર્ગ ઉતારવા માટે અન્ય શું મેળવવાનું શેષ રહેશે?'

'બકુલા! પુત્રી થઈને જે જન્મી, એ પારણામાં જ પરાધીનતા લેતી આવી. દીકરી ને ગાય, દોરે ત્યાં જાય!' વાસવદત્તાએ કહ્યું.

'ના, ના. તારા વિષયમાં એ વાત ખોટી છે. મહારાજ અવન્તિપતિ સ્વયં અમને કહેતા હતા કે વાસુનો સ્વયંવર રચવો છે. એ પસંદ કરે તેની સાથે જ મારે એને વરાવવી છે. રાજકુળોમાં થાય છે તેમ મારે મડા સાથે મીંઢળ નથી બાંધવું.'

'એ વાત સાચી છે. બાપુજી તો અનેક વાર કહે છે, કે મારે ક્યાં વૈશાલીના ગણનાયક રાજા ચેટકની જેમ પાંચ-સાત પુત્રીઓ છે, તે વગર જોયે જાણ્યે ઊંડે કૂવે નાખું!'

'એ વળી કેવી વાત! અમે તો જાણતી જ નથી. એક બાપને સાત દીકરી! ઊંડા કૂવાનો શો અર્થ? અમને કહે.' સખીઓએ ઉત્સુકતાથી પૂછ્યું. સ્ત્રીઓ સ્વાભાવિક રીતે ચરવાર્ત્તાની રસિયણ હોય છે.

'ઊંડે કૂવે નાખ્યા જેવું જ ને! એકે દીકરીમાં સુખ

ન ભાવ્યું. મોટી દીકરી પ્રભાવતીનું વીતભય નગરના રાજા ઉદયન વેરે લગ્ન કર્યું. બિચારી નાનપણમાં જ મરી ગઈ. અને રાજા ઉદયન એના શોકમાં રાજામાંથી રાજર્ષિ બની ગયો. દુ:ખમાં એનું મન મહાવીર તરફ વળ્યું. બીજી દીકરી પદ્માવતી. એનું લગ્ન ચંપાના રાજા દધિવાહન જોડે કર્યું. એ દધિવાહન રણમાં રોળાયો ને બિચારી પદ્માવતી શિયળ બચાવવા જીભ કરડીને મરી. રાણી પદ્માવતીની દીકરી વસુમતી હાટે હાટે વેચાણી!'

'વસુમતી એટલે આયા ચંદનબાળા ને! કૌશાંબીનાં રાણી મૃગાવતીએ જેની પાસે દીક્ષા લીધી એ જ ને એ?' સખીઓએ વચ્ચે કહ્યું.

'હા, હા, ભાણેજ ગુરુ ને માસી શિષ્યા. ચંદનબાલાની મા ને રાણી મૃગાવતી બંને સગી બહેનો. મૃગાવતીનો પતિ રાજા શતાનિક રાજા ચેટકનો ત્રીજો જમાઈ!'

'અરર! ત્યારે આ તો સગા સાઢુએ જ સાઢુને માર્યો, એમ થયું ને, બા?'

'નહિ તો બીજું શું થયું? આ સંસારમાં સ્વાર્થ પાસે કોણ સગું ને કોણ વહાલું! પણ કઠોર કર્મ કરનાર એ રાજાની આખરી દશા શી થઈ એ તો ખબર છે ને? બાપુજી એના દેશ પર ચઢાઈ લઈ ગયા, એટલે એવો ડર્યો કે અતિસાર થયો ને ભૂંડે હાલે મરણ પામ્યો. એની રાણી મૃગાવતી તો પદ્મિની ગણાતી. પુરુષને તો સમજો જ છો ને! કહે છે, કે બાપુની દાઢ ડળકી હતી. એ તો ભગવાન

મહાવીર આવી પહોંચ્યા ન હોત તો, ભારે ગજબ થઈ જાત. સહુની બાંધી મૂઠી રહી ગઈ.' વાસવદત્તાએ કહ્યું.

'પુરુષની વાત પુરુષ જાણે. એ તો ભ્રમરની જાત. આજ આ ફૂલે તો કાલ પેલા ફૂલે. ધરમ તો સ્ત્રીએ સાચવવાનો કુંવરી બા ! લોકો કહે છે, કે એનો કુંવર વત્સરાજ ઉદયન કોઈ લોકકથાના નાયક જેવો રૂપાળો, રઢિયાળો ને ગુણી છે. લોકો એનાં શાં વખાણ કરે છે! હમણાં એક રાક્ષસને હરાવી આવ્યો. એ રાક્ષસને એક દીકરી—રાક્ષસને ઘેર ગાય જેવી. અંગારવતી એનું નામ. પણ પછી તો એ રાક્ષસની છોકરી એ રાજાની કોટે જ વળગી. કહે, તમે પરણો તો હા, નહિ તો જીભ કરડીને મરું. બિચારા રાજાએ એની સાથે લગ્ન કર્યાં. બાકી તો એ પરદુઃખભંજન રાજા જેવા સુંવાળા સ્વભાવનો છે, તેવી શૂરવીર પ્રકૃતિનો પણ છે. બંસીના સ્વરમાત્રથી એ ભલભલા હાથીને વશ કરે છે. સિંહ જેવું એનું પરાક્રમ છે, પણ પરસ્ત્રી સામે નજર પણ કેવી ! સ્વયંવરમાં એને જરૂર નોતરું મોકલશું, બા! પાંચે આંગળીએ પ્રભુ પૂજ્યા હોય તો આ રાજકુળોમાં એવો ભરથાર મળે!' મુખ્ય સખીએ કહ્યું.

'અરે, એ વખતની વાત એ વખતે. હું જે વાત કરી રહી હતી, એ તો પૂરી સાંભળી લો. માતા શિવાદેવી એ રાજા ચેટકનાં ચોથાં દીકરી! જમાઈમાં તો શું જોણું હતું! બાપુજી જેવો બળીઓ બીજો કયો રાજા છે ? પણ રાજપાટ ને ધનદોલતથી દીકરીનો દી વળતો નથી. તમે સહુ જાણો જ છો! દીકરી આપીને રાજા ચેટકે શો લાભ લીધો ?

અરે ! બાપુજી તો મનમાં રાજા ચેટકના રાજ સામે ભારે દાઝ રાખે છે. શિવાદેવી પછીનાં દીકરી જયેષ્ઠા. ભગવાન મહાવીર સ્વામીનાં ભાભી ! કંઈક સુખી એ કહેવાય. જયેષ્ઠા પછીની બે દીકરીઓ. ચેલણા ને સુજયેષ્ઠા ! રાજા ચેટકનું મન બીજે વરાવવાનું ને દીકરીઓનું મન બીજે વરવાનું. સુજયેષ્ઠાનું મન મગધના રાજા બિંબિસાર શ્રેણિક પર લાગેલું. બંને સાથે ભાગી, પણ મોટી બેન ઘરેણાંનો ડાબલો ભૂલી ગયેલી તે લેવા ગઈ; ને ત્યાં તો વખત થતાં મગધવાળાઓએ રથ મારી મૂક્યો. ભારે ધમાલ મચી ગઈ. નાની બેન ચેલ્લણા સાથે મગધરાજ પરણ્યા. હવે મોટી બેન સુજયેષ્ઠાની સ્થિતિ ત્રિશંકુ જેવી થઈ ગઈ. મગધને અને વૈશાલીને વેર બંધાણાં. સુજયેષ્ઠા મનથી તો મગધરાજને વરી ચૂકી હતી. એના માટે સંસારના બધા પુરુષ પરપુરુષ બન્યા હતા. આખરે એણે પોતાનો નિર્ણય જાળવવા ને પિતાની પત રાખવા નિર્ગ્રંથ દીક્ષા લીધી. સારું થજો ભગવાન મહાવીરનું કે સ્ત્રીઓ માટે સુખ-દુઃખનું આ એક ઠેકાણું કર્યું છે ! નહિ તો હીરો જ ચૂસવો પડે ને !'

'કુંવરીબા ! એ તો દુઃખ જોવા જઈએ તો સંસારમાં બધે દુઃખ, દુઃખ ને દુઃખ જ મળે. બાકી હું તો કહું છું કે રાજા ચેટકની તો બહોંતેર પેઢી તરી ગઈ !'

'કેવી રીતે ?'

'ત્રિશલાનંદન ભગવાન મહાવીર ખરા ને! રાજા ચેટકના શું થાય તે જાણો છો !'

'સગા ભાણેજ ! એમની બેન ત્રિશલારાણીને ક્ષત્રિય-

કુંડના રાષ્ટ્રપતિ રાજા સિદ્ધાર્થ વેરે વરાવેલી. એ જ ત્રિશલા રાણીના જાયા ભગવાન પોતે. કુળમાં એક જ આવું રતન પાકે, એટલે આખું કુળ તરી જાય.'

'અરે, પણ વાતોમાં વખત વહી ચાલ્યો! ઈંદ્ર મહારાજે આભમાં ગેડીદડે રમવા માંડ્યું, ને મોરલો ગળાના કકડા કરીને ટહુકી રહ્યો છે. ચાલો, ચાલો સખી, ચંદનબાગમાં!'

સહુએ વાસવદત્તાને આસનપરથી ખેંચી. ઇંદ્રધનુષ્ય રંગનું ઓઢણું પહેરાવ્યું, નીલરંગી પટકુળ બાધ્યું, માથે વેણી છૂટી મૂકી હીરાની દામણી બાંધી, હાથમાં સુવર્ણ-વલય પહેરાવ્યાં અને કમર પર ઘૂઘરિયાળી કટિમેખલા બાંધી.

ચંદનના બાગમાં સંસારનું સૌંદર્યસરોવર લહેરે ચડ્યું. મન મોકળાં મૂકીને, લજ્જાનાં બંધન હળવાં કરીને સરખે સરખી સખીઓ ઝીણી ઝરમર જલધારામાં ખેલી, કૂદી, વૃક્ષ પર ઝૂલે ઝૂલી, કુંડમાં માછલીઓની જેમ મહાલી. કુબેરનો ધનભંડાર જેમ ખુલ્લો મુકાતાં માનવી મુગ્ધ થઈ જાય, એમ અહીં અવન્તિની અલબેલી સુંદરીઓનો મનમોહક સૌંદર્ય–ખજાનો આજ પ્રગટ થયો હતો.

આકાશમાં આષાઢી બીજ દેખાણી ત્યાં સુધી સહુ હસી –ખેલી. સુરજમુખી બિડાઈ ગયાં ત્યાં સુધી સહુએ વિનોદ–વાર્તા કરી. નિશિગંધાએ પોતાની સુગંધ વહાવવી શરૂ કરી ત્યારે થાકીને સહુ નીલમ–કુંડને કાંઠે બેઠી અને પાસે રમતાં હંસબાળને ઊંચકી ઊંચકીને ખોળામાં લઈને રમાડવા લાગી.

ઓતરાદો પવન બંધ થયો, ને પશ્ચિમ દિશામાંથી શીતળ વાયરા છૂટયા. પણ એ વાયરાના આકાશી વીંઝણાની

પાંખ પર ચઢીને કોઈ સુંદર સ્વરો શ્રવણને સ્પર્શી રહ્યા. વાતાવરણમાં ઘોળાતા હોય એમ થોડી વાર એ સ્વરો ચારે તરફ ઘૂમરી ખાઈ રહ્યા. ચંદન વૃક્ષોની સુવાસ જેમ પૃથ્વીને છાઈ રહે એમ આ સ્વરો ધીરેધીરે પૃથ્વી, પાણી ને આકાશને છાઇ રહ્યા.

ગજબની વીણા કોઇ વાતું હતું. એના પ્રત્યેક સૂરમાં ચિત્તતંત્રીને મુગ્ધ કરે તેવી મોહની હતી. ચાંદની રાતની શીતળતા એમાં ભરી હતી. મનને વશ કરી દે તેવું કંઈ મુગ્ધ તત્ત્વ એ સ્વરોમાં ભર્યું હતું.

વીણાના સ્વરો વધુ ગાઢ થતા જતા હતા, એમ એમ જાણે આ બાગ, આ કુંડ, આ હંસ, આ હંસગામિનીઓ બંધુ એકાકાર બનતું જતું હતું. અસ્તિત્વ ભુલાવે એવી, સમાધિ ચઢાવે તેવી સુંદરીના અધરની મધુરતા એમાં હતી. ક્ષણભર સહુ પોતાની જાતને વિસરી ગયાં. હંસ હંસગામિની-ઓનાં વક્ષસ્થળ પર લાંબી ચાંચ નાખીને સ્તબ્ધ બની ગયા. શબ્દ બોલીને સ્વરમાધુરીમાં વિક્ષેપ આણવાની કલ્પના પણ સર્વ કોઈની હણાઈ ગઈ.

આષાઢી બીજ ઊગીને આથમી ગઈ તોય સહુ સ્વર–સમાધિમાં લીન હતાં. થોડી વારે જાદુગર જેમ માયા સંકેલતો હોય એમ સ્વરો પાછા ખેંચાવા લાગ્યા થોડી વારે સ્વરો અદૃશ્ય થયા, માત્ર એનો રણકાર કેટલાય વખત સુધી મન પર અસર જમાવી રહ્યો. મોડે મોડે કોઇ મોહક સ્વપ્નમાંથી જાગતાં હોય તેમ—ગાઢ નિદ્રા પછીની જાગૃત્તિ અનુભવતાં હોય તેમ—સહુ સ્વસ્થ બન્યાં.

'જીવનમાં પ્રથમ વાર જ આવા સ્વરો સાંભળ્યા!' એક સખીએ શાંતિનો ભંગ કરવાની હિંમત કરી.

'જાણે કૃષ્ણ કનૈયાની બંસી યમુનાને તીરે વાગી!'

'સાચી વાત છે, સખીઓ!' વાસવદત્તા જાણે ઘેનમાંથી જાગતી હોય તેમ આંખો ચોળતી બોલી, 'હું તો ગોપીની અવસ્થા જ અનુભવી રહી હતી. જાઓ, ક્યાંથી આ સ્વરો આવ્યા ને કોણ છે આ સ્વરસમ્રાટ એની તપાસ કરો.'

બે સખીઓ રાજમહેલના પશ્ચિમ ખૂણા તરફ ગઈ, પણ જેવી ગઈ તેવી પાછી આવી. તેમણે કહ્યું: 'કુંવરીબા! એ સ્વરો રાજકેદી માટેના કારાગારમાંથી આવ્યા છે. એ સ્વરસમ્રાટને મળવા માટે, કારાગૃહના અધિપતિ કહે છે કે, મહારાજ અવન્તિપતિની આજ્ઞા જોઈએ.'

'ચાલો, અબઘડીએ મહારાજ પાસે જઈ ને અનુજ્ઞા લઈ આવીએ. આવા સ્વરસમ્રાટને અમે જરૂર જોશું, ને આ વિદ્યા અમે જરૂર શીખીશું. અરે, આવો યોગ તો જનમ જનમની સાધના હોય તો મળે.' કુમારીના શબ્દોમાં નૃત્ય, ગીત ને વાદ્ય તરફનો ઉત્કટ પ્રેમ વ્યક્ત થતો હતો.

સુંદરીવૃંદ ઊપડ્યું. એમના પગમાં રહેલાં નૂપુર, વેગમાં રણઝણી રહીને અપૂર્વ સંગીત પેદા કરી રહ્યાં.

## મત્સ્ય ૨૧મુ

### કુંવરી કાણી ને રાજા કોઢિયો

અવન્તિપતિ પ્રદ્યોત મંત્રણાગૃહમાં બેઠા હતા. દાસીએ જેવા ખબર આપ્યા તેવા જ મહારાજ અંતઃપુરમાં જવા ઊભા થયા. એમણે જતાં જતાં મંત્રીરાજને કહ્યું: 'લાડલી બેટી કંઈ રઢ લઈને બેઠી હશે. વાસુને કંઇ કોઈ વાતની કદી ના પાડી છે, તે આજે ના પડાશે? મંત્રીરાજ, તમે શેષ કામ પતાવીને શીઘ્ર આવો. કદાચ તમારો ખપ પડે! એક તો બાળહઠ ને વળી એમાં સ્ત્રીહઠ ભળે, એટલે થઇ રહ્યું.'

મહારાજ પ્રદ્યોત રવાના થયા. તેમણે માર્ગમાં જ દાસીને થોડુંઘણું પૂછી લીધું. બાકીનું સેજમાં પડેલી વાસવદત્તાની પીઠ પર ને મસ્તક પર હાથ ફેરવતાં પૂછી લીધું.

'વીણા શીખવી છે ને, પુત્રી! વાતમાં વાત એટલી જ ને?'

'હા, પિતાજી!'

'અવન્તિ તો નૃત્ય, ગીત ને વાદ્યની ભૂમિ છે. અહીં વીણાવાદકોનો ક્યાં તૂટો છે?'

'પિતાજી, અવન્તિની જ હું છું ને! મારા મનમાં પણ એમ જ હતું. હું પણ એમ માનતી હતી—અરે આજ સાંજ સુધી મારો પણ એવો ભ્રમ હતો. પણ જે સૂરો મેં આજે સાંભળ્યા એણે મારો ભ્રમ દૂર કરી નાખ્યો. એમ તો વીણા હું ક્યાં નથી શીખી? પિતાજી! તમારી આ પુત્રીને આપના પ્રતાપે ગીત, વાદ્ય ને નૃત્યમાં આ અવન્તિમાં તો શું, આર્યાવર્તમાં પણ પરાજય આપે તેવું કોઈ નથી. પણ આ સૂર સાંભળતાં એમ લાગે છે કે અમે તો આજ સુધી મુશળ જ વગાડ્યુ! અવન્તિમાં આવો સ્વરસમ્રાટ હજી જન્મ્યો નથી. આ તો જનમ જનમની સાધના! એ વિના આવી સ્વરમોહિની લાધે ખરી?'

'પણ પુત્રી! કારાગારના એક કેદી પાસેથી અવન્તિની રાજકુંવરીને વીણા શીખતાં શરમ નહિ લાગે? એવા હલકા લોક પાસે જવામાં પણ આપણી શી શોભા? આપણું પદ પણ વિચારવું ઘટે ને!'

'પિતાજી! વિદ્યા તો નીચ કુળમાંથી પણ લેવામાં શરમ કેવી? વિદ્યા ને વનિતા તો ગમે ત્યાંથી લાવી શકાય, એમ તો તમારા પંડિતો જ કહે છે. એક વાર મારે તમારા એ કેદીને સગી નજરે નિહાળવો છે.' વાસવદત્તાએ પિતાના ખભા પર પોતાનું મસ્તક નાખ્યું ને લાડ કરી રહી.

મંત્રીરાજ કાર્ય પતાવીને ત્યાં આવી પહોંચ્યા હતા. અવન્તિપતિને પુત્રીને શી રીતે સમજાવવી તે સૂઝતું નહોતું. મંત્રીરાજને જોતાં જ ઊગી આવ્યું. એમણે મંત્રીરાજને ઉદ્દેશીને કહ્યું :

'વાસુને કારાગારનો પેલો વીણા વગાડનારો જોવો છે. પેલો કોઢિયો જ વીણા વગાડે છે ને!'

ચતુર મંત્રી સ્વામીનો પ્રશ્ન સમજી ગયા. એમણે તરત વાતનો મર્મ ગ્રહી લીધો ને કહ્યું: 'હા મહારાજ, આખે શરીરે બિચારાને રોગ ફાટી નીકળ્યો છે. ભારે ચેપી રોગ! એની બાજુથી આવતી હવા પણ ભયંકર! રૂંવે રૂંવે ને અંગે અંગે પાસ પરૂના રેગાડા.'

'ચેપી રોગ! પુત્રી, સાંભળે છે ને?'

'ગમે તે હોય પિતાજી, આવી વિદ્યા શીખતાં અગર કોઢ જઈ જતો હોય, તોય એ જોખમ વેઠીને શીખવા જેવી વિદ્યા છે. અસલ કૃષ્ણ કનૈયાની બંસી! અદ્ભુત વિદ્યા!'

પુત્રીની હઠ પાસે અવન્તિપતિ મૂંઝાઈ ગયા. કોઈ વાતે ચતુર કુંવરી ન ઠગાઈ. આખરે સમય વર્તવામાં સાવધાન વિચક્ષણ મંત્રીરાજે માગ શોધી કાઢયો. તેમણે કહ્યું:

'આપણે તો દૂધથી કામ છે ને, પાડાપાડીની શી પંચાત! કુંવરીબાને તો વિદ્યા શીખવી છે ને? એના વ્યવસ્થા કરી દઈએ! કોઢિયાને બેસાડીએ દશ ગજ દૂર ને વચ્ચે નાખીએ પડદો બે કુશળ દાસીઓને વચ્ચે બેસાડીએ. એટલે આ તરફની માખીને પણ પેલી તરફ જવા ન દે. બસ, આ રીતે ભલે કુંવરીબા વિદ્યા શીખે.'

'બરાબર છે, બરાબર છે!' મહારાજ પ્રદ્યોત મંત્રીરાજની બુદ્ધિ પર વારી ગયા. 'વાસવદત્તા, બેટી, વત્સા, કળાકારને જોવા કરતાં કળાની પરખ કરવી સારી! કમળનું મૂળ જોવા કરતાં કમળ જોવું સારું. મંત્રીરાજ! આની

વ્યવસ્થા જલદી કરીએ. ભલે વાસવદત્તા વીણા શીખે. તમે અને હું બરાબર એક માસે એની પરીક્ષા લઈશું. જોઈએ, વાસુ કેટલી ઝડપ કરે છે!'

'ભલે, પણ પછી મહિનો થતાં થતાં ક્યાંક લડવા ઊપડશો તો નહિ જવા દઉં! રાજાઓને તો આખી પૃથ્વી મળે તોય ક્યાં પગ વાળીને બેસવું છે? કરોડો માણસ સમાય તેવી મોકળી પૃથ્વી તમારા જેવા વીર નરને સાંકડી પડે છે.' વાસવદત્તાએ વ્યંગ કર્યો. એમાં પિતાની ખુશામત પણ હતી. પુત્રીના પ્રશ્નનો જવાબ વાળ્યા વિના, એને ખભે હાથ મૂકી અવન્તિપતિ ઊભા થયા.

'શિવાદેવી ગઇ અને હું ઘરડો થઈ ગયો, વાસુ!'

'પણ તમારી તલવાર ક્યાં ઘરડી થઈ છે!' વાસવદત્તાએ કહ્યું

'તલવાર વૃદ્ધ થાય તો તો ક્ષત્રિય જીવતો મરી જાય, કેમ મંત્રીરાજ!' અવન્તિપતિએ હાસ્યમાં જવાબ આપ્યો.

'અવશ્ય મહારાજ! અને હજી તો જમાઈરાજ પણ શોધવાના છે ને! દશમા ગ્રહની શોધ તો કરવી જ પડશે ને. ઘરડા થયે કેમ ચાલશે?' મંત્રીરાજે સૂરમાં સૂર પુરાવ્યો.

'મંત્રીરાજ, મારે વંકાયેલા દશમા ગ્રહ જેવો જમાઈ નથી લાવવો. એ વાતમાંથી મેં હાથ જ ખેંચી લીધો છે. મારી વાસવદત્તા સ્વયંવરથી વરને વરશે. મારે કુલડીમાં ગોળ ભાંગવો નથી.'

વાસવદત્તા શરમાઇને ઊભી રહી. આસમાની સાળુમાં છુપાયેલું એનું પૂર્ણ ચંદ્ર જેવું મુખ અપૂર્વ શોભા ધરી રહ્યું.

'ખુલ્લી તલવાર મ્યાન કરાવે તેવી દીકરી છે હો,' અવન્તિપતિએ કહ્યું.

'ન જાણે વિધાતાએ કોના ભાગ્યમાં અમારી અવંતિનું આ અમુલખ રત્નમણિ લખ્યું હશે,' મંત્રીરાજે ટેકો આપ્યો.

વાસવદત્તાના મોં પર લજ્જાનાં ડોલર ખીલી રહ્યાં. રાજા અને મંત્રી ખંડની બહાર નીકળ્યા. તેઓ સીધા કારાગાર તરફ ચાલ્યા. થોડે દૂર જઈને રાજાએ કહ્યું:

'મંત્રીરાજ, ઘી ને અગ્નિ પાસે મૂકવામાં સોએ સો ટકાનું જોખમ છે. જુવાની દીવાની છે.'

'મહારાજ, એમાં પણ વીણાનો વગાડનાર વત્સદેશનો રાજા ઉદયન ભારે જોખમી છે. સ્ત્રીઓ માટે તો એ વશીકરણ મંત્રસમાન છે. પણ એક રમત કરીએ. એને કહીએ કે અમારી એક કાણી કુંવરીને વીણા શીખવી છે. તમારી સામે બેસતાં શરમાય છે. વચ્ચે અંતરપટ રાખી વીણા ન શીખવો? એનું નિરાશ જીવન તમારી વિદ્યાથી ઉલ્લસિત ન બનાવો?'

'સુંદર યોજના છે. મંત્રીરાજ, તમે એકલા જ જાઓ, ને નક્કી કરી આવો. મને જોશે તો જરા માથે ચઢશે. છોકરો ફૂલણશી છે; જરા ફુલાવજો એટલે કામ પાર પડી જશે.'

મંત્રીરાજ નમન કરીને વિદાય થયા. કારાગારનાં તોતીંગ દ્વાર ઊઘડી ગયાં.

*

કેટલાક યોગ મળતાં વિલંબ થતો નથી. જાણે વિધાતા

એની રાહ જોઈને જ બેઠી હોય છે—ક્યારે હાથ લંબાવે ને હું સંયોગ સાધી દઉં !

એ રીતે આ ગુરુ અને શિષ્યાનો યોગ મેળવતાં મંત્રીરાજને બહુ પરિશ્રમ ન પડ્યો. બીજે જ દિવસે ગાંધર્વશાળાના એક ખંડમાં કુશળતાથી બધી આયોજના કરવામાં આવી. નિયત સમયે મધ્યમાં ઊભેલી દાસીઓએ પરસ્પરને નિવેદન કર્યું, કે ગુરુ શિષ્યા ઉપસ્થિત થયાં છે.

'ઉપાધ્યાયજી, નમસ્તે!' વાસવદત્તાએ કહ્યું.

'સ્વસ્તિ, બાલે આવન્તિકે!' વત્સરાજે ધીરેથી કહ્યું. એને કાણી કુંવરીના સ્વરોમાં અપૂર્વ મીઠાશ લાગી. 'શું શીખશો, કુંવરી! અવન્તિની અલબેલીઓ તો સંગીત, સાહિત્ય ને સરસ્વતીમાં નિપુણ હોય છે.'

'જી ગુરુજી! અને છતાં **अनन्तशास्त्र** ને **बहु वेदितव्यं** વિદ્યાનો કંઈ છેડો છે!' વાસવદત્તાએ પોતાના ગુરુનો વિનય કર્યો સાથે રહેલી દાસીએ કુંવરીબાને ચેતવતાં કહ્યું કે 'આટલી બધી નમ્રતા શોભતી નથી. આખરે તો આપણો કેદી છે ને!'

'વાણીચતુર લાગે છે અવન્તિનાં સરસ્વતી. વારુ, શું ભણશો, ગીત કે વાદ્ય! સ્વર, શ્રુતિ, ગ્રામ, મૂર્છના, યતિ ને આરોહ–અવરોહનો અભ્યાસ તો ખરો ને!'

'અવન્તિનાં શુક–સારિકા પણ એ જાણે છે. ને વળી હું તો અવન્તિના દિગ્ગજ વિદ્વાન, હરશેખરની શિષ્યા છું.'

'ધન્ય! ધન્ય! રસાવતાર ભગવાન હરશેખરને કોણ ન ઓળખે? તમારા ગુરુદેવને અમારાં વંદન પાઠવજો કુંવરી!'

'કેવી રસભરી ને અલંકાર યુક્ત વાણી!' વાસવદત્તા ધીરેથી બોલી, ને બુદ્ધિનું માપ કાઢવા એ અન્યોક્તિ વદી, 'કુદરત પણ કેવી કઠોર છે, કે કોયલને કાળી કરી!'

'કુંવરી, કોયલને કાળી ન કરી હોત તો, પ્રજા એને રૂપાળી દેખી પાંજરે પૂરત! પોપટની જેમ, એ પણ પાંજરે પુરાયેલી પારકું ભણ્યું ભણત અને અંતરના રસ-ટહુકા વીસરી જાત.'

'ઉપાધ્યાયજી, ઉત્તમ છે આપનો ઉત્તર. હવે હું આપની પાસેથી વીણા શીખવા માગું છું, થોડું થોડું ગીત પણ. સાંભળ્યું છે કે વત્સરાજ ઉદયન વીણાવાદક તરીકે પ્રખ્યાત છે. કહેવાય છે, કે જ્યારે એ હસ્તિકાન્ત વીણા વગાડે ત્યારે હાથી ચારો ચરતા થંભી જાય છે.'

'શા માટે નહિ? મા હાલરડાં ગાય ત્યારે બાળક જંપી જતું નથી! કુંવરી, સ્વર આપનારે અંતરમાં સ્નેહ પણ જગાવવો રહે. અંતરની સ્નિગ્ધતા વગર સ્વરમાં માધુરી ન જામે. વીણા, વીણાનો વાદક, ને તેનો શ્રોતા ત્રણે એકાકાર બનવાં જોઈએ. સંસારના સંતાપ, દેહનાં દુઃખ, આશાના ઝંઝાવાત બધાં ત્યાં જંપી જાય તો જ દિવ્ય ગાન નીકળે! ગીત, શબ્દ, તાલ, લય, સંગીત, ભાવ બધું શ્વાસો-શ્વાસમાં વણાઈ જવું ઘટે. બાલે! રજકણ માત્ર એમાં રણકાર કરતું હોય. પૃથ્વી, પાણી ને ગગન-સર્વકાળ-સર્વદિશા વિસરાઈ જાય. સોહંનો નાદ માત્ર ત્યાં ગુંજ્યા કરે.'

'યથાર્થ વચન છે આપનાં, ઉપાધ્યાયજી!' વાસવદત્તા આ કોઢી ગાયકની રસછટા પર મુગ્ધ બનતી ચાલી હતી.

'આપની વીણા હવે થવા દો. કોઈ ગીતનું પણ અનુ-સંધાન કરજો.'

'હે આવન્તિકે, મારી વીણાના સ્વરોમાં ગીત અનુસ્યૂત હોય છે. થોડો પણ ચતુર શ્રોતા એને શીઘ્ર પકડી શકે છે. ગીત અને વાદ્ય સમજવા માટે પણ મન પારદર્શક જોઈએ. સંસારના ક્લેશથી ક્લાન્ત થયેલાઓથી આ સૂરો સમજાઇ શકાતા નથી. એને માટે આંટીઘૂંટી વગરનું અંતર જોઈએ છે. મૃગ જ્યારે વીણાનાદ તરફ ધસે છે, ત્યારે એ વિચારતું નથી કે એનો વાદક સાધુ છે કે શિકારી!'

'સાચું છે. સરસ્વતી હમેશાં સ્વાર્પણથી જ સાધ્ય છે,' વાસવદત્તાએ કહ્યું.

'શાબાશ! અવન્તિ જેવા લક્ષ્મીપરાયણ દેશમાં પણ રાજકુંવરીઓને સ્વાર્પણના પાઠ પઢાવનાર વિદ્યાગુરુઓ છે ખરા!'

'ઉપાધ્યાયજી, લાગો છો વિવેકી ને કાં ભૂલો છો! એક જ માનવ આત્મામાં સદ્-અસદ્‌ના બંને અંશ શું નથી હોતા?'

'ચતુરા છો, આવન્તિકે!' અને આટલા શબ્દો બોલતાં ઉપાધ્યાયજીએ ભારે નિશ્વાસ નાખ્યો. એ નિશ્વાસનો રણકો કુંવરીને કાને પડે એટલો ભારે હતો. પણ એ નિશ્વાસનું કારણ રાજકુંવરી પૂછે તે પહેલાં તો વીણા વાગવા માંડી હતી. એના સ્વરો ગાંધર્વશાળાને મધુર ગુંજન કરતી બનાવી રહ્યા. ધીરે ધીરે સ્વરો વેગ ધરતા ગયા. થોડીક ક્ષણોમાં તો બધું એકતાર બની ગયું.

મનને મોહ પમાડે એવું ગીત એમાંથી ઝરતું હતું. પહાડ પરથી ચાંદની ઝરે એમ, એ વાદ્યમાંથી સૂર સાથે ગીત પણ રસળતું આવતું હતું. કોઈ વિયોગદગ્ધ સ્વામી પ્રિયાને સંબોધતો હતો—

'કાળી અણિયાળી આંખો વાળી મારી રાણી,
તારી વેણી બાંધવાનું આપેલું વચન હું વીસર્યો નથી.
તારા વક્ષસ્થળ પર માથું મૂકી, આકાશી તારક સમાં,
તારાં નેત્રો સાથે મૈત્રી સાધતાં નૌકાવિહાર
કરવાના વાયદા ભુલાયા નથી.

અશોકની છાયામાં, બકુલની સેજમાં, પારિજાતકના
પુષ્પહિંડોલમાં તારે સેંથે સિંદૂર પૂરવા હું જરૂર આવીશ.

*

હું આવીશ, રાણી ! નીલ સમંદરના એ મધ્ય પ્રવાહમાં,
જ્યાં જલસુંદરીઓ નીલમ ને પરવાળાના બેટમાં ખેલે છે.
જ્યાં સોનેરી-રૂપેરી માછલીઓ અગાધ પાણીમાં
વાદળની વીજ જેવી ઝબૂકયા કરે છે;
જ્યાં આત્માના પવિત્ર હાસ્ય જેવા સમુદ્રતરંગો,
હરહમેશ ગાયા કરે છે !
જ્યાં ઉષારાણી સોનેરી કસૂંબલ સાડી લઈને,
તને આચ્છાદવા આવે છે.
ત્યાં હું આવીશ રાણી, તારી વેણી બાંધવા !
તારો સ્વામી એનું વચન વિસ્મર્યો નથી। રાણી !
ત્યાં હું આવીશ, જ્યાં આકાશનું બિંદુ સ્વાતિ બનવા
વરસી રહ્યું છે.

જ્યાં શરદ પૂનમની ચાંદની, તારા સ્નાન કાજે
અમૃતના કુંભ ઠાલવી રહી છે.

જ્યાં વાતો મંદ મંદ અનિલ સુરાના સ્વાદને ફીકો
બનાવી રહેલ છે.

ત્યાં, જ્યાં—

જીવનનો આ બોજ
કુળમર્યાદાનો આ ડર
લજ્જાનો આ ભય

કોયલ માળામાંથી ચાલી જાય તેમ
પપૈયો વાદળને પાર જવા ઊડી જાય તેમ
વિલોપ પામે છે.

વીણા થંભી ગઇ. સ્વરો ને તેનો રણકાર બધે ગુંજતાં ઘૂમરી ખાઈ રહ્યાં. મોહ ને મૂર્ચ્છાની થોડી ક્ષણો વીતી ગઇ. ધીરે ધીરે બધાં સ્વસ્થ થયાં.

વાસવદત્તાએ પોતાનાં પોપચાં પર હાથ ફેરવ્યો ને ભારે નિશ્વાસ નાખ્યો. એ નિશ્વાસ ઉપાધ્યાયના કર્ણપટલ પર અથડાયો.

'હે બાલે, આટલો ભારે નિશ્વાસ કાં ?'

'મારો નિશ્વાસ તો સહેતુક છે. પણ આપનો નિશ્વાસ કયા કારણે હતો ?'

'માનવજીવનમાં દુઃખ, દુઃખ ને દુઃખ જ છે ને ? અહીં નિઃશ્વાસની શી નવાઈ ? પણ હે રાજકુંવરી, એવડા ભારે નિશ્વાસ તમારે શા કાજે નાખવા પડચા ? પહેલાં ખુલાસો તમારો'

'ના, તમે કરો, ગુરુજી! શિષ્યભાવે પણ સંદેહ–નિરસનનો મારો હક પહેલો.'

'જરૂર, પણ પહેલાં કોઈનું સાચું કહેવરાવી પછી પોતાનું સાચું કહેવાની પ્રતિજ્ઞા કરો છો ને!'

'અવશ્ય.'

'કુંવરી, હું વિધાતાને દોષ દેતો હતો.'

'અરે ઉપાધ્યાયજી, તમે તો મારા મનની વાત કહી. હું પણ વિધાતાને દોષ દઈ રહી હતી.'

'કે—'

'કળાના ભંડારને કુરૂપ કાં કર્યો?'

'હું પણ એ જ વિચાર કરતો હતો કે અવન્તિની કલામૂર્તિને કઠોર વિધાતાએ કાંણી કાં કરી?'

'કોણ કાણી? ઉપાધ્યાયજી! તમે કોઢી થયા એટલે બીજાને કાણી શા માટે કરો?'

'કોણ કોઢી? કુંવરી, ઉપાધ્યાયનું અપમાન?'

'અપમાન નહિ સન્માન. કોઢિયા કહીને આપને ગાળ આપતી નથી, વિધાતાને શાપ આપું છું.'

'આંખ સાથે અક્કલ તો નથી ચાલી ગઈ ને કુંવરી?'

'કોની આંખ ગઈ છે?'

'તારી! બાલે તારી! સત્યને છેહ નહિ દઈ શકાય. અલબત્ત, કાણાને કાણા નામથી બોલાવવામાં અવિવેક જરૂર છે.'

'અવિવેકીને જ કાયાએ કોઢ નીકળે! જુઓ, કોઢિયા

રાજા, આંખોએ અંધાપો ન આવ્યો હોય તો જુઓ, જેને કવિઓ શુક્રતારક સમી કહે છે એ મારી આંખોને !'

વાસવદત્તા રોષમાં ઊભી થઈ ગઈ. બાલહઠ, સ્ત્રીહઠ ને રાજહઠ એમ ત્રિવિધ હઠનો નશો એને વ્યાપી ગયો. એણે પડદો દૂર હઠાવી દેતાં કહ્યું : 'જોઈ લ્યો કોઢિયા મહાશય !'

આકાશમાં વીજળીનો સળવળાટ થાય ને આંખો અંજાઈ જાય એમ વિસ્ફારિત નેત્રે બંને પરસ્પરને નીરખી રહ્યાં. આશ્ચર્યના અર્ણવમાં ઘડીભર બંને ડૂબી ગયાં. નયન-પલ્લવી જ એક બીજાનો પરિચય કરી રહી. પુષ્પધન્વાને બેઠો બેઠો જાગવું પડે તેવી એ ઘડી હતી ! રતિ ને કામદેવ સામસામાં આવી ઊભાં હતાં.

'વાસુબેન, આ તો વત્સરાજ ઉદયન !—જેમનું રાજ નાનું છે ને કીર્તિ મોટી છે,' બંનેને લાધેલી પ્રેમસમાધિ તોડવા દાસીએ શાન્તિનો ભંગ કરતાં કહ્યું.

'તમે જ અવન્તિનાં રાજકુમારી વાસવદત્તા ! ગુરુભાવે હું પહેલો અવિવેકી છું. ક્ષમા યાચું છે, સુલોચને !' વત્સરાજે કહ્યું.

'હું ક્ષમા માગું છું, હે નરોત્તમ !' વાસવદત્તાએ નખથી જમીન ખોતરતાં કહ્યું. શરમની લાલી એના સુંદર ચહેરા પર કંકુ છાંટી રહી હતી.

'આપણને વડીલોએ છેતર્યાં, રાજકુંવરી ! તમારી ખ્યાતિ શ્રવણપટ પર અનેક વાર આવી હતી; આજે સદેહે સરસ્વતીનાં દર્શન લાધ્યાં.'

'ને આપની પણ, હસ્તિકાન્ત વીણાના ગાયક, પરદુઃખ-

ભંજન, સ્વયં શૌર્યના અવતાર ! આપની યશ:કીર્તિ કસ્તૂરીની જેમ પ્રસરેલી છે.'

'સમય પૂરો થાય છે,' દાસીએ બંનેને એકબીજાની પ્રશંસાની લાંબી પુષ્પમાળ ગૂંથતાં વાર્યાં.

'શું અવન્તિના આ અપરાધી પુરુષને આવતી કાલે ફરી આવન્તિકાનાં દર્શન લાધશે ખરાં ?'

'અવશ્ય. અવન્તિનાં રાજકુમારી કાલે સંગીતના અભ્યાસ માટે નિયત સમયે ઉપસ્થિત થશે જ. ગુરુજી સમયભાન ન ભુલે—કોઈની વેણી બાંધવાનાં સ્વપ્નોમાં,' વાસવદત્તાએ નયનો નચાવતાં, જેનાથી પુરુષના દિલ પર પ્રહાર થાય તેવાં વેણ કહ્યાં.

'મર્મ પર ઘા કરવામાં કુશળ છો, શશિવદનિ! પણ કોઈ વાર ઘાયલને પટ્ટી બાંધવાની ફરજ ઘા કરનારને માથે અનિવાર્ય રીતે આવીને ઊભી રહે છે, એ ન ભૂલશો.'

'ચિંતા નહિ. જ્યાં બંને સમાન દરદી બન્યાં હોય ત્યાં અમૃત-ઔષધની વ્યવસ્થા તો બંનેએ કરવી પડશે ને !'

મહારાજ અવન્તિપતિનો આવવાનો સમય થતો જતો હતો. ગુરુ-શિષ્યાએ પરસ્પરની વિદાય લીધી. પણ એ વિદાય વિદાય નહોતી; મિલનની પળોને ઉત્કટ કરનાર સમયનો ગાળો હતો.

## મત્સ્ય ૨૨મું

### ઘી અને અગ્નિ

**ઘી** અને અગ્નિ એક સ્થળે સ્થાપવું નહિ, એ અવન્તિપતિનો શિખામણ-બોલ સાચો પડ્યો હતો. ઘૂંઘટપટમાં છુપાયેલી પ્રિયાએ, અંતરપટ આડે રહેલા પ્રિયતમને પિછાણી લીધો હતો. રાજાનો અપરાધી કુંવરીનો માનનીય અતિથિ બની ગયો હતો.

બંનેનાં ઉરનાં દ્વાર ઊઘડી ગયાં હતાં, પણ હજી કારાગારનાં દ્વાર અભેદ્ય હતાં. અને એથીય અભેદ્ય હતું મહારાજ પ્રદ્યોતનું હૃદય! રાજકુમારી વાસવદત્તાએ એક વાર લાડમાં પિતાજીને પૂછી જોયું :

'સખીઓ વત્સરાજના સદ્ગુણો બહુ વખાણે છે.'

'એ છાંછળા ને અવિવેકી છોકરાનું નામ ન લઈશ. ભારે વિષયી છે. કોઈ રાક્ષસપુત્રીને પરણી લાવ્યો છે, રેઢિયાળ!'

'પણ પટરાણી-પદ તે રાજપુત્રીને જ મળે ને!'

'એ સાચું, પણ જો આ વાત તું તારા જેવી કોઈ માટે કરતી હો તો જાણી લે કે અવન્તિની રાજકુંવરી માટે

વત્સદેશ નાનો પડે. બેટી, એટલું રાજ તો તને કરિયાવરમાં કાઢી આપીશ.'

વધુ વાર્તાલાપમાં વાસવદત્તાએ સાર ન જોયો. પણ વત્સરાજ પ્રત્યેના પિતાના આ વલણ પછી રાજકુંવરીની ચિંતા વધી ગઈ. બીજી તરફ પિતાજીના મનમાં બીજી શંકા ઊગે અને વધુ તપાસ કરવા પ્રેરાય તો પોતાનું મિલન બંધ થઈ જાય, એ ભયથી એણે આગળ કંઈ ન કહ્યું. એણે પોતાના સંગીત-શિક્ષણના વિકાસની વાત કહી. આવા કલાકારને વિધાતાએ કોઢી કર્યો, એમ કહી એની દયા ખાધી; પિતાજીનું મન બહેલાવવા અનેક આડીઅવળી વાતો કરી.

પણ એથી એના મનનો સંતાપ કંઈ ઓછો થાય? એને એમ જ લાગ્યા કરતું કે હું કોઈ દરિદ્રને ત્યાં દુહિતા થઈને જન્મી હોત તોય સારું હતું! રાજકુળમાં જન્મવું એટલે કુળનો, મોટાઈનો, સ્વમાનનો પ્રશ્ન પહેલો. અહીં પ્રેમદેવતા બિચારો આવે શું કામ? આવે તો આ બધી દંભી પારાયણોમાં બે ઘડી ઊભો પણ કેમ રહે? રે, આ રાજકુળનાં અંતઃપુરો તો ત્રાહ્ય તોબા! વિલાસ, વાસના ને વૈભવની જલતી ભઠ્ઠી! જીવનભર શેકાવાનું: એમાં પણ જો સાથીઓ છેતરામણો મળ્યો તો............

એક દિવસ એને આવી નિરાશામાંથી અદ્‌ભુત વિચાર આવ્યો. હું તો દુઃખી છું જ. કોઇને સુખી કાં ન કરું? એણે એ દિવસે ગાંધર્વશાળામાં વત્સરાજ સાથેની મુલાકાતમાં પ્રસ્તાવ મૂક્યો :

'રાજન્, આ કારાગારમાંથી ક્યારે મુક્ત થશો?'

'અબઘડીએ, આજે, આવતીકાલે, કાં કોઈ દિવસ નહિ!'

'એમ કેમ? તમારું કથન સમજાતું નથી.'

'આવન્તિકે, કુશળ થઈને ન સમજ્યાં? જો તમારા રાજા પ્રદ્યોત મને હણી નાખે તો અબઘડીએ મુક્ત થઈ જાઉં. મારો કુશળ મંત્રી યૌગંધરાયણ એની કોઈ યુક્તિ દ્વારા મને છોડાવી જાય તો આજે અથવા કાલે મુક્ત થઈ જાઉં. બાકી તો રાજકુંવરીનો પ્રેમ મળે તો કોઈ દિવસ કારાગારમાંથી મુક્ત થવા ન ઇચ્છું.'

'તમે તો પ્રજાપ્રેમી રાજા છો. પ્રજા તમને જોવા તલસતી નહિ હોય? હું તમને મુક્ત કરું તો તમે ચાલ્યા જાઓ? કે મારા પ્રેમથી બંધાઈ અહીં સબડયા કરો?'

'રાજા તો પ્રજારંજક છે. પણ તમે મને મુક્ત કરો? રાજકુંવરી, એવી કઈ સત્તા તમારી પાસે છે?'

'સ્વાર્પણની. વત્સરાજ, મારો વેશ પહેરીને તમે બહાર નીકળી જાઓ. મને તમારો પોશાક આપો.'

'અને પછી અવન્તિપતિનો ક્રોધ જોયો છે? પેટની પુત્રીને પણ ભરખી જાતાં એ ખચકાશે નહિ.'

'તો જ મને શાંતિ થશે—જીવનનો કંઈક સાર લાગશે. જે કાર્ય ધર્મ સમજીને કરીએ એને વાણિયાના ત્રાજવે લાભાલાભની દૃષ્ટિએ ન તોળીએ. મારું શું થશે એની તમે ચિંતા ન કરશો!'

'વાસવદત્તા,' વત્સરાજ રાજકુંવરીના ઉદાર સ્વભાવ પર વારી ગયા, 'શું તમે મને એટલો સ્વાર્થી સમજ્યાં

કે મારા સુખ માટે તમને દુઃખી બનાવું ? શું મને એટલો કાયર ધાર્યો કે સ્ત્રીના વેશે કારાગારમાંથી નાસી છૂટું ? તો તો મારી પ્રજા મારું મોંય ન જુએ અને મને પણ જીવતરમાં રસ ન રહે. સુંદરી, મારી પ્રતિજ્ઞા છે. જઈશ ત્યારે ડંકાની ચોટ પર અવન્તિની બજારો વીંધીને જઈશ. એટલું વચન આપો, કે એ વેળા હાથ લંબાવું તો તરછોડશો ના !'

'સ્ત્રી જેને પોતાનું જીવનસમર્પણ કરે છે એને માટે પછી એ કંઈ કહેતાં કંઈ કરતાં પાછા ડગ ભરતી નથી; ભલે પછી સમસ્ત સંસાર એનો દ્વેષી બની રહે.'

વાસવદત્તાના કાન પર આ વખતે બહારથી કંઈ અવાજો આવવા લાગ્યા. વત્સરાજના કાન પણ ચમક્યા. ભારે ચિત્કાર, હોહા ને બૂમાબૂમ સંભળાતી હતી. ભડોભડ દરવાજા બંધ થવાના ને ભાલા ફેંકાવાના અવાજો આવતા હતા. વાસવદત્તા બહાર નીકળી. પહેરેગીરો વત્સરાજને જલદી કારાગાર તરફ દોરી ગયા.

હોહા વધતી જ જતી હતી.

થોડી વારમાં સ્પષ્ટ અવાજો આવવા લાગ્યા.

'રાજહસ્તી અનલગિરિ ગાંડો થઈ ગયો છે. ઘરોને તોડી પાડતો, બગીચાઓને ઉજ્જડ કરતો, વન વેડતો, જે હાથમાં આવે એનું સત્યાનાશ વાળતો એ વાવંટોળની ઝડપે ઘૂમી રહ્યો છે. એને કાબૂમાં લેવા માટેની સર્વ કરામતો વ્યર્થ થઈ છે. ગજપાલકો ને વનપાલકો હિંમત કરવા ગયા તો જીવના ગયા છે.'

રે, ભર્યું અવન્તિ ઉજ્જડ થઈ ગયું હતું. ઘર, હવેલી

ને પ્રાસાદના દરવાજા દેવાઇ ગયા હતા. યમરાજની અદાથી અનલગિરિ બધી શેરીઓ અને ગલીઓમાં ઘૂમતો હતો.

એ વેળા રાજપ્રાસાદ પાસે અચાનક બૂમ પડી : 'અરે, મહારાજ પ્રદ્યોતને ખબર આપો. એમના કારાગારમાં રહેલો વત્સદેશનો રાજા ગમે તેવા કુંજરને કબજે લેવાની કરામત જાણે છે !' બોલનાર કોઈ સંન્યાસી હતો.

જાણે ડૂબતાના હાથમાં તરણું આવ્યું. સ્થળે સ્થળેથી આ પોકાર પડ્યો. મહારાજ પ્રદ્યોત પણ મૂંઝાઇને ખડા હતા. એમને પણ આ સર્વનાશને થંભાવવાનો કોઈ ઉપાય જડતો નહોતો. એમના મોંમાંથી આજ્ઞા નીકળવાની તૈયારી હતી, કે 'જાઓ, અનલગિરિને ઠેકાણે પાડો, જીવતો હાથી લાખનો–હવે મૂએ સવા લાખનો !' પણ પ્રજાના આ પોકારે એમના દિલમાં નવી આશા પ્રગટાવી. અરે, એ રીતે પણ પોતાનો પ્રિય હાથી બચી જાય તો સારું ! બહુ બહુ તો એના બદલામાં એ છોકરાને સારું પારિતોષિક આપીશું.

એમણે આજ્ઞા કરી : 'જાઓ, વત્સરાજને કારાગારમાંથી આમંત્રો અને કહો કે અવન્તિના દરબારની સામે એની ગજવિદ્યાની પરીક્ષા આપે.'

'પણ પિતાજી ! ગજવિદ્યાની પરીક્ષા તો ડાહ્યા હાથી સામે હોય. આ તો ગાંડો હાથી ! વત્સરાજને ચગદી નાખશે.' વાસવદત્તા વચ્ચે બોલી ઊઠી. એના મોં પર વત્સરાજના અનિષ્ટની ચિંતા ઘેરાતી હતી.

'તો ટાઢે પાણીએ ખસ જશે, કુંવરી !'

'પિતાજી.......' ને વાસવદત્તા બેભાન બની નીચે

પડી ગઈ. રાજા પ્રદ્યોત અત્યારે વ્યગ્ર હતા. પોતાની લાડકવાયી પુત્રીની સારસંભાળ લેવાનું દાસીને ભળાવી પોતે ઝરૂખામાં જઈ પહોંચ્યા.

સામે દેખાતું દશ્ય ભારે રોમહર્ષણ હતું. વત્સનો તરુણ રાજવી એક હાથમાં વીણા લઈને રાજપ્રાસાદમાંથી બહાર નીકળતો હતો. સામે જ થોડે દૂર અનલગિરિ હાથી એક વડલાને પોતાની સૂંઢોના પ્રહારથી હચમચાવતો ઊભો હતો. એની પીળી આંખોમાંથી માણસના મોતિયા મરી જાય એવું ખૂની તેજ ઝરતું હતું.

શ્વાસોશ્વાસ આપોઆપ થંભી જાય તેવી પળ હતી.

સાક્ષાત્ યમદેવની મુલાકાતે જતા હોય તેમ વત્સરાજ આગળ વધ્યા, કમર પર રહેલી વીણા હોઠ પર મૂકી. ધીરે ધીરે સ્વરો છૂટવા લાગ્યા. એ જ નીલસમંદરનું ગીત! પ્રિયાને સંદેશો મોકલવા ઝૂરતું હૃદય! ગાઢ આશ્લેષની તીવ્ર ઝંખના! પ્રાણીમાત્રના હૃદયમાં સૂતેલા સ્નેહના સૂરોને આમંત્રણનો એ સાદ! જાણે સર્જનની પીડ!

સ્વરો વધતા જતા હતા. ઉલ્કાપાત જેવો અનલગિરિ કંઈક શાંત થતો જતો દેખાયો. સ્વરો સાંભળીને મૂર્છામાંથી જાગેલી વાસવદત્તા પણ રાજઝરૂખે આવીને ઊભી હતી. પોતાના પ્રેમીના પુરુષાર્થને નિહાળી એની કંચૂકીની કસો તૂટું તૂટું થતી હતી. પોતાના ને પારકાના શા ભેદ કર્યા છે! ગઈ કાલે જે પારકો હતો ને જેનાં સુખદુઃખની કશી તમા નહોતી, આજે એ પોતાનો થતાં શ્વાસેશ્વાસે રાજકુમારી ખમ્મા ખમ્મા શબ્દ બોલતાં હતાં.

જીવનમાં અજબ દૃશ્ય જોવા મળે, એવી થોડીએક પળો કોઈને કોઈક વાર લાધી જાય છે. એવી પળો આજે આવી હતી. અનલગિરિ હવે માત્ર પગથી પૃથ્વીને ખણુતો સૂંઢ મોંમા દબાવીને ખડો હતો. છતાં એની પીળચટ્ટી આંખોમાંથી ઝેર તો વરસતું જ હતું. વીણા વગાડતા વત્સરાજ નજીક ને નજીક સરી રહ્યા હતા. આખી અવન્તિ જાણે એ સ્વરો સાથે શ્વાસ લેતી ને મૂકતી હતી.

હવે વત્સરાજ એ વનરાજની સમીપ પહોંચી ગયા હતા. એમણે એક હાથે એની સૂંઢનો સ્પર્શ કર્યો. પણ શાન્ત માણસમાં એકાએક ભૂતનો સંચાર થાય એમ એ જીવતો પહાડ ધૂણી ઊઠયો, બે ડગ પાછો હઠયો ને એક-દમ આગળ વધી વત્સરાજને પોતાની સૂંઢમાં ઝડપી લીધા; જેવા ઝડપ્યા તેવા જ ઊંચે ઉછાળ્યા.

'ઓ મા રે!' ફરીથી રાજકુંવરી બેભાન બની ગયાં. દાસીએ એમની આંખો દાબી દીધી. અવન્તિની પ્રજા હાહાકાર કરી રહી. રે, એક મરજીવાનો આજે ભોગ લેવાયો!

કેટલાકનાં નયનોમાં આંસુ ઉભરાયાં, પણ ત્યાં તો હર્ષની કિકિયારીથી ગગન ગાજી રહ્યું. સહુની આંખોમાં આંસુ અડધે આવીને થંભી ગયાં ને શોકનાં અશ્રુ હર્ષનાં આંસુ બની બહાર પડ્યાં.

વત્સરાજ અનલગિરિના કુંભસ્થળ પર બેઠા હતા, ને હેતાળ હાથની એક થપકીથી અનલગિરિને ડાહ્યો કરી નાખ્યો હતો. એમની પાછળ પેલો સંન્યાસી જેવો જણાતો માણસ

હતો, જેણે પ્રજાસમક્ષ વત્સરાજનું નામ મૂક્યું હતું. સહુએ ગગન ગજવે તેવો જયજયકાર કર્યો.

ક્ષણભર પહેલાં યમમૂર્તિ લાગતો અનલગિરિ શાણો ને સમજુ બની ખડો હતો. આજુબાજુનાં ગૃહોમાંથી કેટલાક હિંમતવાન માણસો બહાર નીકળ્યા હતા, ને કંઈક ખાવાની વસ્તુઓ લઈ હાથી પાસે આવતા હતા. વત્સરાજ ઉપર કંકુ, અબીલ ને ગુલાલ ઝરૂખાઓમાંથી પડતો હતો. આ કુંકુમવર્ષા ઝીલતાં ઝીલતાં તેમણે હાથીને રાજગવાક્ષ તરફ હાંક્યો.

મહારાજ પ્રદ્યોત જ્યાં ઊભા હતા એ ગવાક્ષ પાસે જઈ ને હાથીએ સૂંઢ ઊંચી કરી નમન કર્યું. અવન્તિપતિએ એની સૂંઢના અગ્રભાગ પર હાથ ફેરવ્યો ને કહ્યું : 'શાણો થજે અનલગિરિ !' ને પછી વત્સરાજ તરફ જોતાં કહ્યું :

'શાબાશ ઉદયન, તેં ભરતકુલ ઉજાળ્યું. અવન્તિનો દરબાર તારી કદર કરશે.'

સન્માન સ્વીકારતો હોય તેમ અનલગિરિએ બીજી વાર સૂંઢ ઊંચી કરી, ને પછી આગળ વધ્યો. રાજકુમારી વાસવદત્તા પોતાની સખીઓ સાથે ગવાક્ષમાં કંકુ ને ગુલાલ લઈ ને ખડાં હતાં. હાથી સમીપ આવતાં કંકુ ને ગુલાલનો વંટોળ ચઢ્યો. એક રક્તરંગી વાદળ જામી ગયું ને બધાંની આંખો એથી ભરાઈ ગઈ.

અચાનક એક હાથ લંબાયો, ને રાજકુમારી વાસવદત્તા ગવાક્ષમાંથી ઊંચકાયાં. હાથી વૃક્ષ પરથી ડાળ લઈ લે, એમ રાજકુમારી ગવાક્ષમાંથી હાથીના હોદ્દા પર આવી ગયાં; ને એ કંકુ-વાદળ ભેદતો હાથી અવન્તિની બજારો તરફ વળ્યો.

ઘડી ભર તો શી ઘટના ઘટી રહી છે, તેની કોઈને ખબર ન પડી. એ કંકુની વાદળી વિખરાઈ જતાં, મુખ્ય દાસીએ આંખ ચોળતાં ચોળતાં રાજકુંવરીને શોધવા માંડયાં. રાજ-મહેલમાં ચાલ્યાં ગયાં હશે, એમ સમજી સહુ અંદર જઈને ગોતવા લાગ્યાં.

અવન્તિની બજારો વીંધતો હાથી ચાલ્યો જતો હતો. ધીરે ધીરે એનો વેગ વધતો જતો હતો. લજ્જાવંતીના છોડ જેવી વાસવદત્તા સંન્યાસી જેવા ત્રીજા માણસની હાજરીથી શંકાશીલ હતી; રખેને પિતાજીનો કોઇ પક્ષકાર હોય ! ચતુર વત્સરાજે કુંવરીની શંકાને જાણી લીધી ને કહ્યું :

‘હે મૃગલોચને ! આ પુરુષથી લજ્જા કરવાની આવશ્યકતા નથી. એ તો આપણો મુક્તિદૂત છે, જેના સામર્થ્ય પર જીવતા નરકાગાર સમાં અવન્તિના કારાગારમાંથી છૂટવા માગતો હતો, એ મારો મિત્ર અને વત્સદેશનો મહા-મંત્રી યૌગંધરાયણ !’

‘અને સ્વામી ! આ દેવી કોણ છે ? એક તરફી પરિચય ન શોભે !’ યૌગંધરાયણે હાથીને વધુ વેગમાં હાંકતાં કહ્યું.

‘અવન્તિના મારા નરકાગારને સ્વર્ગ બનાવનાર દેવી ! અવન્તિનાં રાજકુમારી વાસવદત્તા !’

‘ધન્ય સ્વામી ! ધન્ય સ્વામી ! પોતાના મંત્રીની શેખીને અને રાણીમાતા મૃગાવતીની મશ્કરીને આપે સાચી કરી બતાવી ! ઘર ફાડયું તો મોટાનું ફાડયું. જુગ જુગ જીવો મારાં રાજા–રાણી !’

‘મંત્રીરાજ ! હજી તો લગ્નવિધિ બાકી છે.’

'ક્ષત્રિયનાં તો ગંધર્વ લગ્ન હોય!'

અવન્તિની બજાર પૂરી થઈ હતી, ને હવે એનાં શાખાનગર વીંધતો હાથી આગળ વધતો હતો. પણ એટલી વારમાં તો પાછળ પોકારો પડતા સંભળાયા.

'અરે, વત્સનો રાજા રાજકુમારીનું હરણ કરીને નાઠો છે! જીવતો કે મૂએલો પકડો એને!'

'મહારાજ, હવે કસોટી છે; આપની ગજવિદ્યાની પરીક્ષા થવા દો!'

રાજાએ હાથીનું મહાવતપણું સ્વીકાર્યું. મંત્રીરાજે ધનુષ્યબાણ ચઢાવ્યાં. થોડે દૂર જતાં માર્ગની બન્ને બાજુ કેટલાક ઘડા નજરે પડ્યા. મંત્રીએ એક એક તીર ફેંકી બધા ઘડા ફોડી નાખ્યા. એમાંથી ઉત્કટ ગંધવાળો કોઈ રસ પ્રસરી રહ્યો.

'યૌગંધરાયણ! આ શું છે?'

'મહારાજ, હેમખેમ વત્સદેશ ભેગા થવાની યોજના છે. હમણાં અવન્તિની વાર આવી સમજો! એની હાથીસેનાને ખાળવાની આ યોજના છે. આ ગંધ પાસે હાથી પરવશ થઈ જાય છે. અનલગિરિને જલદી હાંકો.'

અવન્તિનાં શાખાનગર પૂરાં થયાં, ને વનજંગલની વાટ આવી. હાથી ભારે ઝડપથી જતો હતો. મહારાજ વત્સરાજ પણ પોતાની ગજસંચાલન કળા દાખવી રહ્યા હતા. વાસવદત્તાનું દિલ પારેવાની જેમ ધડકી રહ્યું હતું. વત્સના મંત્રીએ જોયું તો દૂર દૂર ધૂળનો ડમ્મર ચઢતો આવતો હતો. હોકલા–પડકારા નજીક ને નજીક સંભળાતા હતા.

'જોર રાખો સ્વામી ! અલબત્ત, અવન્તિના હાથીઓ પેલા રસ પાસે થંભ્યા ખરા, પણ થોડી વારમાં એ આગળ વધ્યા સમજો. કુશળ ગજ–નિષ્ણાતો સાથે લાગે છે. બની શકે તો આડમાર્ગે હાંકો.'

વત્સરાજે હાથીને કેડી વગરના જંગલમાં હાંક્યો. ભારે વિકટ એ મજલ હતી. અવન્તિની હસ્તિ–સેના પણ પગેરુ દાબતી આવતી હતી.

સંધ્યાની રૂંઝો વળી, તોય આ ગજ–દોડ પૂરી ન થઈ. રાત્રિના અંધકારમાં મશાલો પેટાવીને પંથ કાપવા માંડયો. અવન્તિના ગજસવારો હવે જૂથમાં રહેવું નિરર્થક માની, જુદી જુદી દિશામાં વહેંચાઇ ગયા હતા. જ્યાં જરા પણ પ્રકાશ દેખાય કે ત્યાં એ દોડી જતા. પણ અંધકારમાં ઠેબાં ખાવા સિવાય કાંઇ ન લાધતું. કેટલેક સ્થળે તો હાથીઓ ગબડી પડતા, ને સૈનિકો હાથ–પગ ભાંગી બેસતા.

એક આખી રાત જીવસટોસટનો મામલો જામ્યો. પણ વત્સદેશના મંત્રીની પૂર્વયોજનાઓ સુંદર હતી, ને વત્સરાજનું ગજ–સંચાલન અદ્ભુત હતું.

પૂર્વ દિશામાં સૂર્યનારાયણે કોર કાઢી, ત્યાં તો વત્સ દેશની સીમા દેખાણી. એ સીમા ઉપર વત્સની સુસજ્જ સેના ખડી હતી. મંત્રીરાજે દૂરથી જય જયકાર કર્યો.

'જય હો મહારાજ વત્સરાજનો !'

સામેથી અવાજ આવ્યો : 'જય હો મહારાજ ઉદયનનો.'

ક્ષણવારમાં સહુ પાસે આવી ગયા. વત્સરાજ હાથી પરથી

ઠેકડો મારી નીચે કૂદ્યા. રાજકુમારી વાસવદત્તા સૂંઢ સાહીને નીચે આવ્યાં.

'સહુ કોઈ સાંભળો!' મંત્રીરાજે ઊંચેથી કહ્યું, 'આજે આપણે માત્ર રાજાજીને જ પામ્યા નથી, આપણને ક્ષત્રિય કુલાવતંસ રાણીજી પણ સાંપડ્યાં છે!'

આ સમાચારે બધે હર્ષ પ્રસરાવી દીધો. આખી હસ્તિ-સેનાએ સૂંઢ ઊંચી કરી પોતાનાં રાજા-રાણીનું સન્માન કર્યું.

રાજચોઘડિયાં ગાજી ઊઠ્યાં. મંગળ ગીત ગવાવા લાગ્યાં.

પોતાની સીમા પૂરી થઇ હોવાથી, અવન્તિની સેના નિરાશાનાં ડગ દેતી, પાછી વળતી, ક્ષિતિજ પર લુપ્ત થતી હતી.

## મત્સ્ય ૨૩મું

## આતમરામ અકેલે અવધૂત

વનના પશુમાં જ્યારે પોતાનાં બાળ ખાવાની ઝંખના જાગે છે, ત્યારે એ ભારે વિકરાળ લાગે છે! સંસાર શેહ ખાઈ જાય તેવી ક્રૂરતા ત્યાં પ્રગટે છે. સ્નેહના શબ્દો, શિખામણના બોલ ને હિતભર્યાં વચનો એ વેળા લાભને બદલે હાનિકર્તા નીવડે છે! કોઇ શક્તિ, કોઈ સામર્થ્ય એને સર્વનાશના માર્ગેથી રોકી શકતું નથી!

અવન્તિપતિ પ્રદ્યોતમાં એ ભૂખ ઊઘડી હતી. પીછો પકડનારી પોતાની ગજ–સેના પરાજિત મોંએ પાછી ફરી હતી. વત્સદેશમાં વાસવદત્તાનાં લગ્ન વત્સરાજ સાથે થયાનો ઉત્સવ ઉજવાઈ રહ્યાના સમાચાર મળ્યા હતા, ને રાક્ષસપુત્રી અંગારવતીએ સ્વહસ્તે વાસવદત્તાને પટરાણીપદે સ્થાપ્યાં હતાં: ધીરે ધીરે આવી રહેલા આ બધા વર્તમાનો બળતામાં ઘીનું કામ કરી રહ્યા.

અવન્તિપતિ પ્રદ્યોતે તાબડતોબ પોતાના નિષ્ણાત ચરોને રાજમંત્રણાગૃહમાં નિમંત્ર્યા. અવન્તિપતિની એ ખાસિયત હતી કે યુદ્ધનું આવાહન કર્યા પહેલાં, આર્યાવર્તનાં તમામ રાજ્યોની ભાળ મેળવી લેતા. આજે જે યુદ્ધ જગવવાનો

તેમણે નિર્ણય કર્યો હતો એમાં ત્રણ રાજ્યોને કચડી નાખવાનો તેમનો નિરધાર હતો. એક વત્સ, બીજું મગધ ને ત્રીજું સિંધુસૌવીરનું વીતભયનગર! ત્રણે દેશ પર જો અવન્તિનો ધ્વજ ન ફરકે તો, નામોશીની કાળી ટીલી મહારાજના ભાલેથી કદી ભુંસાવાની નહોતી! એ વિના ઊજળે મોંએ બહાર નીકળી શકાય તેમ નહોતું રહ્યું.

અરે! યાદ કરતાં દિલ જલી ઊઠે એવી અપમાન પરંપરાઓ અવન્તિપતિ પાસે હતી. કેટલું યાદ કરવું ને કેટલું ભૂલવું! સિંધુસૌવીરનો ઉદયન, જે 'રાજર્ષિ' કહેવાતો એણે જ પોતાને મુશ્કેટાટ બાંધ્યો હતો, ને માર્ગમાં પોતાને મહાવીરનો અનુયાયી જાણી 'દાસીપતિ' કહી છોડયો હતો. મગધના મહામંત્રી અભયે પોતાની કરેલી દુર્દશા તો ચોરે ને ચૌટે ચર્ચાતી હતી. આજ વત્સરાજ ઉદયને એમાં વધારો કર્યો હતો.

'આજ સુધી મેં દહીં ને દૂધમાં પગ રાખ્યા, પણ હવે ભલે એ સ્પષ્ટ થઈ જાય, કે અવન્તિપતિ શત્રુ પ્રત્યે ક્ષમા, દયા કે ઉદારતા વાપરવાનું જાણતો નથી. ભલે, ભગવાન મહાવીરના કહ્યાગરા ભક્ત તરીકેની મારી કીર્તિ નષ્ટ પામતી. દંભી રીતે મેળવેલી મારી પ્રતિષ્ઠા ભલે વિસર્જન થતી. યોગીરાજના રાહ ન્યારા છે, ભોગીરાજના રાહ ન્યારા છે. અહીં તો અપમાનનો બદલો અત્યાચારથી ને વેરનો બદલો વિનાશથી ચુકવાય છે,' અવન્તિપતિ મનમાં વિચારી રહ્યા.

મંત્રણાગૃહ ધીરે ધીરે ચરપુરુષોથી ભરાતું જતું હતું. સહુ કોઈ આવી જતાં મહારાજાએ કહ્યું:

'મારા મસ્તકસમા ચરપુરુષો, તમારો રાજા એક કાંકરે

એ પંખી નહિ પણ ત્રણ પંખી પાડવા ચાહે છે. તમે આર્યાવર્તમાં સર્વત્ર ઘૂમી વળો. ને દેશેદેશની રાજકીય, આર્થિક ને ભૌગોલિક માહિતી એકત્ર કરી લાવો. પ્રસ્થાન માટેની પળ પણ તમે જ નક્કી કરી લાવો ! આ વખતનું યુદ્ધ જોવા સ્વર્ગથી અપ્સરાઓ પણ ઊતરશે. અવન્તિનો ધ્વજ શીઘ્રાતિશીઘ્ર દિગ્દિગન્ત સુધી ઊડતો જોશો.'

બહુ બોલવામાં નહિ માનનારા, પણ પોતાના કાર્યમાં કુશળ ચરપુરુષો થોડીએક ચર્ચા કર્યા પછી વીખરાયા. તેઓ પોતાનું કાર્ય યથાર્થ રીતે બજાવવા તત્કાલ રવાના થઈ ગયા. પણ એ સમય વ્યતીત કરવો અવન્તિપતિને ભારે પડી ગયો. દિવસ મહિના જેવો ને મહિનો વર્ષ જેવો ભાસવા લાગ્યો. અવન્તિપતિ તો પ્રતિદિન એમની પ્રતીક્ષા કરતા બેસતા હતા. ખાનપાનનો રસ, અતઃપુરનો વિનોદ, અશ્વખેલનનો ઉત્સાહ ને નૃત્ય, ગીતિ ને સંગીતિનો શોખ એ વિસરી ગયા હતા. યુદ્ધ, યુદ્ધ, ને યુદ્ધના જ પોકારો એમના અંતરમાં પડતા હતા.

વિદાય થયેલા ચરપુરુષોમાં મગધનો ચર સહુથી પહેલો પાછો આવ્યો. મહારાજે એને ભારે ઉમળકાથી વધાવ્યો. ગરજ વખતે કડવા વખ માણસમાં પણ અજબ ગળપણ આવી જાય છે.

મગધના ચરપુરુષે પોતાની વાત શરૂ કરતાં કહ્યું : 'મહારાજ, પતંગ જેમ આપોઆપ દીપક પર ઝંપલાવે છે, એમ આપના શત્રુઓ પણ પોતાનો નાશ સ્વયં નોતરે છે. મગધરાજ શ્રેણિકનું મૃત્યુ કારાગારમાં થયું.'

'કારાગારમાં ?'

'હા પ્રભુ! સંસારનો કાયદો છે, કે આ હાથે દે ને બીજે હાથે લે! જે કારાગારમાં અનેક રાજશત્રુઓ પુરાયા હતા, એ જ કારાગારમાં બંદીવાન બનવાનું મગધરાજ શ્રેણિકના ભાગ્યમાં આવ્યું.'

'શા કારણે? એને કોણે બંદીવાન બનાવ્યો? મગધનો બુદ્ધિનિધાન મંત્રી અભય શું એ વખતે મરી ગયો હતો? એનો વયમાં આવેલો પુત્ર અજાતશત્રુ કુણિક કયાં ગયો હતો?'

'મંત્રી અભયકુમાર સર્વ રાજપાટ છાંડી ભગવાન મહાવીર પાસે દીક્ષિત થયા.

'સરસ ભગવાન મહાવીરે ત્યારે શરૂઆત કરી ખરી! સંસારમાં સહુ કોઈનાં હ્રદય પલાળી શકાય, પણ રાજકાજમાં પડેલાનું પરિવર્તન અશકય છે. કર્મોની આર્દ્રતા જ ત્યાં હોતી નથી. હાં, અજાતશત્રુએ પછી શું કર્યું?'

'એને સિંહાસનની ઉતાવળ થઈ, ને આ વૃદ્ધ રાજાને મોતનાં તેડાં મોડાં પડયાં. દીકરાએ ઊઠીને બૂઢા બાપને મુશ્કેટાટ જકડી કારાગારમાં પૂરી દીધો!'

'બૂઢા બાપને કારાગારમાં પૂરી દીધો!' અવન્તિપતિએ છેલ્લું વાકય બેવડયું.

'હા પ્રભુ, માત્ર કારાગારમાં પૂરી દીધો એટલું જ નહિ, રોજ કોરડાનો માર પડવા લાગ્યો. આખી દુનિયાથી એનો સંસર્ગ ટાળી દીધો, ફક્ત રાણી ચેલ્લણાને– એની માને ખૂબ ખૂબ આજીજી પછી રોજ એક વાર જવાની

આજ્ઞા આપી. ભગવાન કહેતા હતા એ સંસારની અસારતા મગધરાજે પ્રત્યક્ષ જોઈ ! આ સ્વાર્થી દુનિયામાં કોનો ભરોસો કરવો ? જે રોજ રોજ મગધરાજના જયજયકારથી જીભ સુકવી નાખતા હતા એ મગધવાસીઓ ને સરદાર-સામંતોમાંથી કોઈએ આ હડહડતા જુલમ સામે આંગળી પણ ન ચીંધી ! રાજની અવકૃપાની બીકે માનવીનાં અંતર પણ ઓશિયાળાં થઈ ગયાં !'

'પછી મગધરાજનું મૃત્યુ કઇ રીતે થયું ?'

'આટઆટલા અત્યાચાર ગુજરવા છતાં એ વૃદ્ધ રાજાની આયુષ્ય દોરી એટલી જબરી કે ન તૂટી ! કર્યાં ભોગવવાનાં હોય ત્યારે માગ્યાં મોત પણ ક્યાંથી મળે ! અને જગતમાં તો સહુ શત્રુનું મોત જલદી જ વાંછે છે. શત્રુ બને. મગધરાજ શ્રેણિકનો સપૂત કૂણિક, વિચારતો હતો, કે સાપ ભલે છુટ્ટો ન હોય, ભલે એને દાબડામાં સુરક્ષિત રીતે પૂર્યો હોય, છતાં અકસ્માત બનવાનો હોય ને કોઈ પાંજરું ખોલી નાખે તો....બનવાજોગ હોય ને બને, અને જીવતા બૂઢા બાપ તરફ કોઈની વફાદારી જાગે, કોઈ કંઈ હલચલ મચાવે, ફરીથી કોઈ નવા તોફાનનો સામનો કરવો પડે ! એના કરતાં ન રહે વાંસ, ન વાગે વાંસળી ! પણ જન્મ, જરા ને મરણ કંઈ કોઈના કાબૂમાં છે કે મગધરાજ કાબૂમાં હોય ! એક વારનો સિંહસમો દુર્ધર્ષ રાજા શિયાળ બનીને પણ જીવી રહ્યો. કહે છે, કે અન્તિમ સમયની એની શાન્તિ ઋષિને છાજે તેવી હતી. એ વારંવાર કહેતો : 'હું વિષયી ભુલ્યો. ભગવાને મારી સામે દીવો ધરીને માર્ગ સૂઝાડ્યો, તોય રાજસુખના કીચડમાં ભુંડની જેમ મહાલી રહ્યો. એ દિવ્ય

પ્રકાશનાં જરૂર મેં વખાણ કર્યાં, પણ એનો લાભ ન લીધો. બુઢાપામાંય સ્ત્રીનાં સુવાળાં અંગોના શોખ રહ્યા. અરે, એક ચેલ્લણા રાણીને આણવા જતાં સુલસા જેવી સતીના બત્રીસ જોધારમલ દીકરાઓનું મોત નીપજાવ્યું. માણસ જેટલો મોટો એટલાં એનાં સુકૃત્ય-દુષ્કૃત્ય પણ મોટાં! પાપ તો ચક્રવર્તીને પણ ક્યાં છોડે છે! કેટલાં પાપ વર્ણવું! ને એમાં રાજ-કાજનાં જીવતર જીવનારના પાપનો તો ક્યાં પાર હોય છે! જુવાનજોધ અભય દીક્ષિત થઈ સ્વાર્થી સંસારના સંબંધો ફગાવી ચાલ્યો ગયો, તોય મેં ઊભા ઊભા જોયા કર્યું! ભગવાને જ મારી શરમ રાખ્યા વગર મારાં કૃત્ય જોઈ કહ્યું: 'રાજા, તું નરકેશ્વરી છે!' વચનગુપ્તિના ધારક આથી વધુ શું કહે? છતાં હું ન સમજ્યો, ને મર્યા પછીના નરકનો અહીં સાક્ષાત્કાર કરવાનો સમય આવ્યો. અહા, પ્રભુની વાણી આજે સમજાય છે. કિસકે ચેલે, કિસકે પૂત, આતમરામ અકેલે અબધૂત! આ કુણિકને જન્મતાં જ અપશુકનિયાળ માની એની માએ ઉકરડે નાખી દીધેલો. કૂકડાએ એની આંગળી પણ ઠોલી ખાધેલી. મને માયા ઊપજી ને હું એને ઉપાડી લાવ્યો. પાસ-પરૂવાળી આંગળીને મોંમાં રાખી ચૂસી! આ બધું મેં એના ભલા માટે કર્યું! ના, ના. અંતરની માયાને સંતૃપ્ત કરવા કર્યું! માયાનો હું મિત્ર બન્યો, પણ માયા મારી મિત્ર ન બની. આહ, પણ ભગવાનનાં પેલાં વચનો કાં ભૂલું? 'સુખ શોખે ભોગવ્યું તો દુઃખ પણ એ જ ભાવે ભોગવી લે, રાજા! તારો બેડો પાર થશે. જાગ્યા ત્યાંથી સવાર ગણી લે!'

મહારાજ, કહે છે કે વૃદ્ધ મગધરાજે સહુ કોઈને માફી આપી, પોતાના અપરાધી પુત્રને પણ ક્ષમા આપી અને

સુખ, દુઃખ, માન, અપમાન સર્વ વિષયો પરથી મન વાળી લીધું ' રાજચર થોભ્યો ને થોડી વારે ચલાવ્યું :

' છતાં લલાટમાં જે લેખની મેખ મરાઈ હોય તે કેમ ભૂંસાય ? કહે છે, કે એક દહાડો જુવાન રાજા અજાતશત્રુ હાથમાં કુહાડો લઈ દોડતા આવતા દેખાયા. વૃદ્ધ મગધ-રાજને લાગ્યું કે પુત્ર મારી હત્યા કરવા આવે છે ! એણે વિચાર્યું કે એ મને મારી નાખશે એની તો કંઈ ચિંતા નથી, પણ મારે કારણે એના કપાળે પિતૃહત્યાનું કલંક સદાકાળ ચોંટી જશે. મારું તો જે ભલું બૂરું થયું તે થયું પણ એ જુવાનની જિંદગી શા માટે બગાડું ? વૃદ્ધ મગધરાજે પોતાની પાસે રાખી મૂકેલો હીરો ચૂસી આત્મહત્યા કરી લીધી. દેહના બંધ છૂટી ગયા. આત્મા ચાલ્યો ગયો—નવા દેહની જોગ-વાઈ કરવા ! '

' અજાતશત્રુ કુણિક કુહાડો લઇને ખરેખર પિતૃહત્યા કરવા ગયેલો ? ' રાજા પ્રદ્યોતે મુખ્ય પ્રશ્ન ઉપાડયો.

' કંઈ કહેવાય નહિ. રાજકારણી પ્રવૃત્તિઓનાં મૂળ પામવાં સુલભ નથી. પણ પ્રજામાં બે પ્રકારની વાતો ચાલે છે : એક પક્ષ કહે છે કે હત્યા કરવા જ ગયેલ. બીજો કહે છે કે એના અંતરમાં પૂજ્ય પિતાને રિબાવ્યાનો ક્ષોભ પેદા થયો ને—હાથમાં કુહાડો આવ્યો તો કુહાડો લઇને—બેડીઓ તોડવા ધસી ગયો. આ તો **सत्यं निहितं गुहायाम् ।** '

અવન્તિપતિ ક્ષણભર વિચારમાં પડી ગયા. એમના પ્રચંડ ભાલ પર કરચલીઓના આટા-પાટા દોરાઈ રહ્યા. થોડી વારે સહેજ સાવધ થઇ તેમણે પૂછ્યું :

'અજાતશત્રુ કુણિકની તૈયારીઓ કેવી છે ?'

'અજબ છે.'

'એના આ દુષ્કૃત્યને લીધે પ્રજામાં અસંતોષ નથી ?'

'જરાય નહિ! એ તો બધા જગની જીવતાં લગીની માયા! બળવાન માછલું નબળા માછલાને ખાઈ જાય, એ તો સંસારનો જાણે નિત્ય ક્રમ છે! આજે એ વાતને દુઃસ્વપ્ન જેવી લેખી કોઈ સંભારતુંય નથી!'

'સારું, જા. ફરીથી મગધમાં જા, અને સમાચાર મેળવતો રહે!'

ચર પુરુષ પ્રણામ કરી વિદાય થયો. અવન્તિપતિ કેટલીય વાર મંત્રણાગૃહમાં એકલા એકલા આંટા મારતા રહ્યા. મગધરાજનું મોત સુધારનાર 'આતમરામ અકેલે અબધૂત' સૂત્ર યાદ આવી રહ્યું. પણ મન સાથે એનો કંઈ મેળ મળ્યો નહિ.

## મત્સ્ય ૨૪મું

### પહેલો આદર્શ

**મગધનો** ચરપુરુષ રાજગૃહી તરફ ઊપડયાને બહુ દિવસો ન વીત્યા ત્યાં, સિંધુસૌવીર દેશના પાટનગર વીતભયમાં ગયેલો ચર પુરુષ દડમજલ કરતો નવીન વર્તમાન સાથે આવી પહોંચ્યો.

મંત્રણાગૃહમાં અવન્તિપતિને આવતાં થોડોએક વિલંબ થયો. તેઓ પોતાની સુસજ્જ સેનાનું નિરીક્ષણ કરવા ગયા હતા. યુદ્ધની પૂર્ણ તૈયારીઓ થઈ ગઈ હતી, પણ ન જાણે કેમ પ્રસ્થાનનાં ચિહ્નો હજી દેખાતાં નહોતાં. અવન્તિપતિ કોઈ ભારે દ્વિધામાં અટવાઈ રહ્યા હતા, છતાં યુદ્ધ કઈ પળે છેડાઈ જાય તે કહેવાય તેમ નહોતું.

ભાટ–ચારણોએ ચૌટે ચકલે વત્સ, મગધ ને સિંધુસૌવીર વિષે વેરભાવ કેળવાય તેવાં કવિતો લલકારવા માંડયાં હતાં. પ્રજામાં હિંસ્ર પશુ જેવું ઝનૂન પેદા કરવા આ સરસ્વતી–સેવકો મેદાને પડયા હતા. શત્રુની નૃશંસ હત્યા એ પુણ્ય, રણમેદાનમાં પીઠ બતાવવી એ પાપ ને રણ–મૃત્યુ એ સ્વર્ગની સીધી વાટ:–કર્મધર્મ કરવાની કોઈ ઉપાધિ જ નહિ, એ વાત પર ખાસ ભાર દેવાતો હતો. જીત્યા તો શત્રુનું ધન ને શત્રુરાજ્યની

અપૂર્વ સુંદરીઓ, મર્યા તો સ્વર્ગનું સુખ ને ત્યાંની રૂપરૂપની અંબાર અપ્સરાઓ વિલાસ માટે મળવાની હતી. અવન્તિના જુવાનો ભયંકર યુદ્ધ જગવવા માટે તલસી રહ્યા હતા. 'કોનું કોણે શું બગાડયું ?' આટલી સાદી સીધી વાત સમજવાની શુદ્ધિ સહુએ ગુમાવી હતી. માણસના રાજ્યમાં પશુરાજ્ય પ્રગટી નીકળ્યું હતું !

આ પશુરાજ્યના પરાક્રમી સ્વામી અવન્તિપતિ પ્રદ્યોત મંત્રણાગૃહમાં પાછા ફર્યા ત્યારે તેમના મુખ પર ભારે ઉત્સુકતા હતી. પોતાના પરમ શત્રુ—જે પરમ ઉદાર કહેવાતો હતો ને જેણે પોતાને જીવતદાન આપી એની કીર્તિને સવાયી ને પોતાની કીર્તિને કલંકિત કરી હતી એ પરમ શત્રુ ઉદયન—ના દેશની વાર્તા ! ન જાણે કેવી હશે ! એમણે સંજ્ઞાથી જ ચરપુરુષને વૃત્તાંત કહેવા આજ્ઞા કરી.

'મહારાજ, જ્યારે હું વીતભય નગરમાં જઈ પહોંચ્યો ત્યારે ત્યાં રાજ તો કેશીકુમારનું હતું !'

'શું ઉદયન અને એનો પુત્ર અભીતિ બંને યમશરણ થયા ? અરે, મગધમાં શ્રેણિક મરી ગયો ને અભય સાધુ થયો. બધે આ શી ઉથલપાથલ મચી છે !'

'પ્રભુ ! વાત ભારે હૃદયદ્રાવક છે. રાજા ઉદયન ભગવાન મહાવીરના ધર્મોપદેશને ધરનારો હતો. ભગવાન મહાવીરે એક વાર કહેલું કે '**યથા રાજા તથા પ્રજા**', પ્રજા રાજાના ગુણઅવગુણનું અનુસરણ કરે છે. ત્યાગનું મહત્ત્વ બતાવવા માટે રાજાઓએ પોતે તેવું આચરણ કરી બતાવવું જોઈએ. તો જ પ્રજા સમજે કે ભોગ અથવા સંગ્રહ એ ધર્મ નહિ, પણ

તપ અને ત્યાગ એ જ મહાન ધર્મ! વેર એ આદરવા લાયક વસ્તુ નહિ, ક્ષમા એ જ મહાગુણ! સબળોની નિષ્ઠુરતા તો જ નાશ પામે; નિર્બળોની નિરાધારતા તો જ ટળે; તો જ આ સંસારમાં સાચું સુખ સ્થપાય. આજે તો જે સબળ થયો તે નિર્બળોને કચડવાનો પોતાનો ધર્મ માની બેસવાનો. સબળ એમ નહિ માને કે નિર્બળના રક્ષણનો ભાર પોતાને માથે આવ્યો. પૃથ્વીને સુખી, શાન્ત ને સમૃદ્ધ બનાવવા માટે આ સિવાય અન્ય કોઈ માર્ગ નથી!'

'ભગવાન તો બધું કહે, પણ પગ પર કુહાડો કોણ લે?'

'મહારાજ, એ લેનારા ય પડ્યા છે. '**बहुरत्ना वसुंधरा**'. આ ધરતીનો ભાર તો એવા જ વેઠી રહ્યા છે. રાજા ઉદયને એક વાર રાત્રિના વિચાર કર્યો કે અહો, એ ગ્રામનગરને ધન્ય છે, એ રાજા-શેઠોને ધન્ય છે જેઓ શ્રમણ ભગવંતનાં દર્શન-વંદન કરે છે. શ્રમણ ભગવંત અહીં આવે તો હું દર્શન-વંદન કરું, ઉપાસના પણ કરું. જોગાનુજોગ વિચિત્ર છે. બીજે જ દિવસે સવારે શ્રમણ ભગવંત વીતભય નગરના મૃગવનમાં પધાર્યા. રાજા તો અત્યંત હર્ષિત થયો, ને પ્રભુના દર્શને ગયો. ભગવાને ઉપદેશ આપતાં કહ્યું: 'સંસારના આ મત્સ્ય-ગલાગલ ન્યાયનો કોણ અંત આણશે? આજ સુધી સબળના હાથોમાં નિર્બળ પિલાયા છે. હવે નિર્બળ હાથો પાસે સબળ ક્યારે ક્ષમા માગીને પોતાની સબળતા શોભાવશે? સંસારના દુશ્ચક્રને પોતાનાં તપ-ત્યાગથી કયો રાજા ક્યારે ખાળશે અને એ રીતે રાજાના વર્તનના અનુકરણમાં માનનારી પ્રજા સામે એક અદ્ભુત આદર્શ રજૂ કરશે?' ભગવાનનો ઉપદેશ સાંભળી

રાજા ઉદયન ભરી પરિષદામાં ખડા થયા ને બોલ્યા: 'હું અભીતિકુમારને રાજ વિષે સ્થાપન કરી દીક્ષા લેવા ઈચ્છું છું.'

'આટલી જવાબદારીવાળો આટલો ઉતાવળો?' અવન્તિપતિએ વચ્ચે કહ્યું.

'ઉતાવળ તો ખરી જ ને! મૃત્યુ કઈ પળે આવીને દબાવી બેસશે, એનો ક્યાં કોઈને ખ્યાલ છે! એ તો આજની ઘડી રળિયામણી! આજ્ઞા લઈને પાછા ફરતા રાજા ઉદયનને વિચાર આવ્યો, કે મારે સગે હાથે પુત્રને શા માટે આ જંજાળમાં ફસાવું. આજના રાજકાજમાં તો મત્સ્ય-ગલાગલ ન્યાય પ્રવર્તી રહ્યો છે. એમાં એકનો વધારો કાં કરું? એના કરતાં એક સમર્પણશીલ આત્માનો વધારો શા માટે ન કરું? એણે પુત્રને બોલાવ્યો ને રાજકાજના ખૂની મામલા વિષે સમજાવ્યું. તેમ જ એક 'સદ્‌ગૃહસ્થ' તરીકે રહીને પોતે વધુ સાધી શકશે, તે કહ્યું. અભીતિકુમારનું મન એ વખતે તો માની ગયું. રાજા ઉદયને મંત્રીમંડળને બધી વાત કહી. તેઓએ રાજાના ભાણેજ કેશીકુમારને રાજગાદી પર સ્થાપન કર્યો. તે જ દિવસે સર્વસ્વ ત્યાગીને, પ્રવ્રજ્યા લઈને રાજા ઉદયન ચાલી નીકળ્યા. અભીતિકુમાર રાજ્યમાં રહ્યો. પણ થોડા દિવસમાં એનું મન માયામાં લોભાયું: હાથમાં આવેલી અનેક ભવનાં પુણ્યે પ્રાપ્ત થનારી આ દોમદોમ સાહ્યબી શું છાંડી દેવી! એણે પિતાની ગાદી મેળવવા પ્રયત્ન કર્યો, પણ સહુએ કહ્યું: 'રાંડીના ભાવ રાતે ગયા!' એ રિસાઈને બીજે ચાલ્યો ગયો, ને પોતાનું રાજ મેળવવા ખટપટ કરવા લાગ્યો.

'રાજર્ષિ ઉદયન વનજંગલોમાં વિહરતા ઉગ્ર તપશ્ચર્યા

કરવા લાગ્યા; લૂખા-સૂકા અન્નનો આહાર કરવા લાગ્યા. ક્યાં રાજપાટ ને ક્યાં વનવગડા ! ક્યાં બત્રીસાં પકવાન ને ક્યાં લૂખાંસૂકાં અન્ન ! એમના સુકોમળ દેહમાં વ્યાધિ થયો. વૈદ્યોએ દહીં લેવાની સલાહ આપી. રાજર્ષિ ઉદયન વીતભય નગરની પાસેના ગોવાળોના વ્રજમાં આવી રહ્યા. પણ રાજ-ખટપટમાં પડેલા પુરુષો કમળાના રોગી હોય છે. તેઓ બધે પીળું ભાળે છે. તેઓએ વાત ઉડાડી કે રાજર્ષિ ઉદયન તપસ્વી જીવનથી કંટાળ્યા છે અને પોતાનું રાજ પાછું લેવા આવ્યા છે! કોઈનું બૂરું ઇચ્છી પોતાનું ભલું ચાહનારા લોકોનો ક્યાં તોટો છે ! પણ કેશીકુમાર સરળ હતો. એણે પહેલાં તો કહ્યું : ' તેમનું હતું ને તેમને આપવામાં સંકોચ કેવો ? ' પણ મંત્રીઓએ ધ રે ધીરે એની બુદ્ધિ ફેરવી નાખી. એ પણ માયાનો પૂજારી બની ગયો. અને માયાનો પૂજારી બન્યો એટલે સગા મામાને શત્રુના રૂપમાં દેખવા લાગ્યો. પુનઃ એ જ 'મત્સ્ય ગલાગલ' ન્યાયનું નાટક ભજવાવું શરૂ થયું. સહુ રાજર્ષિ તરફ ઝેરી નજરથી નિહાળવા લાગ્યા. '

'કોઈનો ક્ષણ એકનો ભરોસો કરવા જેવો નથી ! ક્ષમા-ઉદારતા થતાં તો થઈ જાય, પણ પછી એનો જીવન-ભર પસ્તાવો થાય છે, ' અવન્તિપતિ વચ્ચે બોલી ઊઠ્યા.

' મહારાજ, રાજર્ષિ ઉદયનને કંઈ પસ્તાવો થતો નહોતો. થૂંકેલું ગળવા, વમન કરેલું જમવા એ આવ્યા નહોતા. પણ કૂવાના દેડકા જેવા ભાણેજ કેશીકુમારને હાથીના પ્રચંડ રૂપનો શો ખ્યાલ હોય ! મંત્રીઓએ એક ગોવાલણને બોલાવી, ને એની દ્વારા દહીંમાં ઝેર આપવાનો પ્રબંધ થયો. પણ રાજર્ષિ ઉદયન તો જીવન અને મૃત્યુનો પાર પામી ગયા હતા;

અમૃત અને ઝેરનો ભેદ ભૂલી ગયા હતા, અને શાન્ત ભાવે વિહરી રહ્યા હતા. ગોવાળણ દહીં લઇને આવી ત્યારે નિર્મોહ ભાવે એ લઈ લીધું ને આરોગી ગયા એ દેહનું મમત્વ વીસરી ગયા હતા; એમને દેહ આડખીલી રૂપ જ લાગતો હતો, પણ આયુષ્યના બંધ તૂટે ત્યારે ને! એ બંધ તોડવામાં આ બધા નિમિત્ત બન્યા! રાજર્ષિ ઉદયને તો સહુને ખમાવ્યા. પોતે ખમ્યા : ને શાંત ભાવે દેહત્યાગ કર્યો. એ તો પોતાનું કલ્યાણ કરી ગયા, પણ નગરીને માથે ઉગ્ર પાપના પડછાયા પથરાયા.' ચર પુરુષ બોલ્યો.

'અરે, રાજકાજમાં ઉગ્ર શું ને નરમ શું? એમાં સુંવાળી ચામડી ન ચાલે. એ તો એવું ચાલ્યા જ કરે! ધરમ-પુણ્ય પણ આ માટે જ કરી મૂકયાં છે ને! ઘડપણમાં ગોવિંદ કયાં જતા રહેવાના છે?'

'ના મહારાજ, મહાવીરની વાણી આવે વખતે યાદ આવે છે. તેઓ કહે છે, આ સૃષ્ટિનો નિયમ તો અવિચળ છે. આપણે મહામારી જોઇ વિચારીએ છીએ કે કેમ આવી? આપણે કોઈ વિનાશ, કોઇ પ્રલય, કોઇ સર્વનાશ જોઈ થંભી જઈએ છીએ ને એનાં કારણોની શોધમાં પડીએ છીએ. કારણ શોધ્યાં જડતાં નથી, પણ જરા આપણો જીવન-વ્યવહાર નીરખીએ તો કેટલી હત્યાઓ, કેટલા અનાચારો, અત્યાચારો ને દુર્વર્તનો આપણે ચલાવી રહ્યા છીએ, તેની સમજ પડે! આ પૃથ્વીનું પ્રત્યેક કણ અદૃશ્ય એવા કોઈ નિયમનથી નિયંત્રિત છે. ધર્મી પુરુષો તો માને છે, કે રજનું એક કણ પણ કર્મના નિયમ વગર ફરતું નથી. આપણી હિંસાનો

પડઘો આત્મહિંસામાં આવે છે! આટલી વ્યાખ્યા હું એ માટે કરું છું કે હજી રાજર્ષિ ઉદયનની ભસ્મ પણ પૂરી વીખરાઈ નહીં હોય, ત્યાં એકાએક શહેર પર ભયંકર વાવાઝોડું ચઢી આવ્યું, પ્રલયના પવન છૂટયા, પૃથ્વીના બંધ તૂટયા, બારે મેઘ સામટા ઊમટયા. જોતજોતામાં આખું નગર સ્વાહા! ન રહ્યો રાજા—ન રહી પ્રજા! ન રહ્યાં સૈન્ય-ન રહ્યા શાહુકાર! સૂકાને પાપે લીલાં પણ બળી ગયાં. સામુદાયિક પાપનો ઉદય તે આનું નામ! રાજાના અવિચારી કૃત્યને પ્રજા ન રોકે તો એ પાપમાં પ્રજા પણ ભાગીદાર બને. બીજે દિવસે સવારે સૂર્યોદય થયો ત્યારે પટ્ટણ સો દટ્ટણ જેવું થઈ ગયું. જ્યાં ભર્યું નગર હતું ત્યાં ખીણો ને કંદરાઓ! ચારે તરફ જળના ઓઘ ઘૂઘવે. પણ આશ્ચર્યની વાત એ કે જે કુંભારને ઘેર રાજર્ષિ ઉદયન રહેલા એ ઘર, એ માણસો, એ પશુ સહુ સલામત! પાપ–પુણ્યનો તાળો કેટલીક વખત આ રીતે મળી રહે છે.'

'સબળ નિર્બળને નમે? ભારે વિચિત્ર ન્યાય શોધ્યો છે. બધી વાતમાં ઊંધું! આપણા જેવાને તો કંઈ સમજ જ ન પડે.'

'હા, પ્રભુ! એમાં શત્રુ તરફ શિક્ષાદંડ નહિ–પ્રેમનીતિ આચરવાની! આપણે ભૂખ્યા રહી બીજાને ખવરાવવાનું! અને વળી ખૂબી એ કે કહે છે કે એમાં જ કોઈ દહાડો તમને તૃપ્તિ લાધશે. બાકી તો ખાતાં ખાતાં આખી જિંદગી જશે ને પેટ ખાલી ને ખાલી રહેશે. આપણને કોઈ ગાળ દે તો સામે વિનય કરવાનો. આપણે સબળ એટલે નિર્બળને ન્યાય મળે એ

જોવાનો ભાર આપણા ઉપર! સંસારમાં શાન્તિ ને સુખ આણવું હોય તો સમર્પણ ને ત્યાગ શીખો ને આચરી બતાવો, એમ એમનું કહેવું છે. નહિ તો પછી આ સંસાર પશુઓનો વાડો બનશે. જેમાં એક સબળ પશુ બીજા નિર્બળ પશુને ખાવા હમેશાં લાગ શોધતું હશે.'

'આપણને તો આમાં પૂરી સમજણ પડતી નથી. સહુએ વહેલા બાવા બનવાનો ધંધો આદર્યો લાગે છે!'

'મહારાજ, આશ્ચર્ય તો એ છે કે લોક આ ઉપદેશને ઝીલી રહ્યા છે. હવે તો સબળો નિર્બળોને ન્યાય આપવા-અપાવવા તત્પર બન્યા છે. કુંજરે કીડીની ખેવના રાખવા માંડી છે. લોક ભર્યાં ઘર છાંડી દે છે, દોલત લૂંટાવી દે છે, રંભા જેવી સ્ત્રીઓને ને જુવાનજોધ સંતાનને છાંડી દે છે ને અરણ્યમાં ચાલ્યા જાય છે. અને માગીને ખાય છે. 'યથા રાજા તથા પ્રજા'માં માનનાર પ્રભુએ પહેલ વહેલાં રાજકુળોને તૈયાર કર્યાં છે. રાજપાટ છાંડી રાજર્ષિ બનનાર માત્ર ઉદયન જ નથી, પ્રસન્નચંદ્ર રાજા પણ સર્વસ્વ છાંડી ત્યાગી બન્યા છે, ને શિવરાજર્ષિએ અને રાજા દશાર્ણભદ્રે પણ એ માર્ગ ગ્રહ્યો છે.'

અવન્તિપતિ વિશેષ કંઈ કહી ન શકયા. ઊંડા વિચારમાં ઊતરી ગયા. દુનિયા કઈ દિશામાં જઈ રહી છે, એ તેમને ન સમજાયું. સ્વામીને વિચારમગ્ન જોઇ ચરપુરુષ થોડી વારે નમસ્કાર કરીને વિદાય થયો.

લીધો તે સિવાય બીજો માર્ગ નહોતો. અવન્તિમાં વત્સરાજે બતાવેલું પરાક્રમ પણ એની તમારા જમાઈ બનવાની યોગ્યતાને અનુરૂપ હતું. એનો દેશ નાનો હશે, પણ એની કીર્તિ મોટી છે. એનો સ્વભાવ તો ન ભૂલી શકીએ તેવો મીઠો છે.

'પિતાજી, એક વાર આ નમાયી પુત્રીને માફ કરો, ને ખોળે લો! શું આપ એ સ્વકથન ભૂલી ગયા કે પુત્રી, તને સ્વયંવરથી વરાવીશ ને વત્સદેશ જેવો દેશ કરિયાવરમાં આપીશ. બંને વસ્તુ બની છે, માત્ર આપના આશીર્વાદ બાકી છે. આપની કુશળતાના સમાચાર માટે ઉત્કંઠિત છું. લિ. આપની અપરાધી દુહિતા વાસવદત્તા!'

આ પત્રે મંત્રીરાજ અને રાજસભાને પિગળાવી નાખી. મંત્રીરાજે હિંમતભેર ઘણા દિવસે પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો: 'મહારાજ! દીકરી તો પારકી થાપણ કહેવાય. એણે હાથે કરીને પોતાના ભાવિની પસંદગી કરી લીધી, એમાં તો આપણી જવાબદારી ઓછી થઈ. કાલે ગમે તેવું દુઃખ હશે, પણ દીકરી રોતી તો નહિ આવે ને! અને વત્સરાજ જેવો જમાઈ પણ....'

'કોણ જમાઈ!' અવન્તિપતિ ચિડાઈ ગયા. 'મંત્રીરાજ, વાસવદત્તા મારી દીકરી નથી, વત્સરાજ મારો જમાઈ નથી. એણે જમનાં તેડાં હાથે કરીને નોતર્યાં છે. દીકરીને નામે દયા માગે છે! કાયર નહિ તો શું?'

અવન્તિપતિના ક્રોધને સહુ જાણતા હતા. મંત્રીરાજ સમજતા હતા કે વધુ બે-ચાર શબ્દો બોલી એ ક્રોધને ભભૂકાવવાની જરૂર નહોતી, પણ મૌનશાન્તિનાં મિષ્ટ જળ છાંટવાની આવશ્યક્તા હતી.

લીધો તે સિવાય બીજો માર્ગ નહોતો. અવન્તિમાં વત્સરાજે બતાવેલું પરાક્રમ પણ એની તમારા જમાઈ બનવાની યોગ્યતાને અનુરૂપ હતું. એનો દેશ નાનો હશે, પણ એની કીર્તિ મોટી છે. એનો સ્વભાવ તો ન ભૂલી શકીએ તેવો મીઠો છે.

'પિતાજી, એક વાર આ નમાયી પુત્રીને માફ કરો, ને ખોળે લો! શું આપ એ સ્વકથન ભૂલી ગયા કે પુત્રી, તને સ્વયંવરથી વરાવીશ ને વત્સદેશ જેવો દેશ કરિયાવરમાં આપીશ. બંને વસ્તુ બની છે, માત્ર આપના આશીર્વાદ બાકી છે. આપની કુશળતાના સમાચાર માટે ઉત્કંઠિત છું. લિ. આપની અપરાધી દુહિતા વાસવદત્તા!'

આ પત્રે મંત્રીરાજ અને રાજસભાને પિગળાવી નાખી. મંત્રીરાજે હિંમતભેર ઘણા દિવસે પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો: 'મહારાજ! દીકરી તો પારકી થાપણ કહેવાય. એણે હાથે કરીને પોતાના ભાવિની પસંદગી કરી લીધી, એમાં તો આપણી જવાબદારી ઓછી થઈ. કાલે ગમે તેવું દુઃખ હશે, પણ દીકરી રોતી તો નહિ આવે ને! અને વત્સરાજ જેવો જમાઈ પણ....'

'કોણ જમાઈ!' અવન્તિપતિ ચિડાઈ ગયા. 'મંત્રી-રાજ, વાસવદત્તા મારી દીકરી નથી, વત્સરાજ મારો જમાઈ નથી. એણે જમનાં તેડાં હાથે કરીને નોતર્યાં છે. દીકરીને નામે દયા માગે છે! કાયર નહિ તો શું?'

અવન્તિપતિના ક્રોધને સહુ જાણતા હતા. મંત્રીરાજ સમજતા હતા કે વધુ બે-ચાર શબ્દો બોલી એ ક્રોધને ભભૂકાવવાની જરૂર નહોતી, પણ મૌનશાન્તિનાં મિષ્ટ જળ છાંટવાની આવશ્યકતા હતી.

મહારાજ વ્યાકુળ ચિત્તે રાજસભામાંથી ચાલ્યા ગયા. પણ એમના ક્રોધને વૃદ્ધિંગત કરે તેવું કંઈ ઈંધન ન મળવાથી શાન્તચિત્ત બનતા ચાલ્યા. જેમ જેમ શાન્તચિત્ત બનતા ગયા, તેમ તેમ એમને નિર્બળતા દાખવવા લાગી. ક્રોધ વખતે જે અપ્રતિસ્પર્ધેય લાગતા તે શાન્તિમાં સાવ સામાન્ય ભાસતા. એ વિચારી રહ્યા :

'મેં ધર્મોપદેશ સાંભળ્યા છે, એટલે મન કમજોર થઈ ગયું છે. ક્રોધ એ ચંડાલ છે, એમ સાંભળી સાંભળીને મારું પૌરુષેય હણાઈ ગયું છે. 'મત્સ્યગલાગલ ન્યાય'ની ફિલસૂફી સાંભળી મારી રુદ્રશક્તિ શાન્ત થઈ ગઈ છે. ન જાણે કેમ મારા મંત્રીઓ, મારા અમાત્યો ને મારી સેનામાં પણ યુદ્ધખેલનના ઉત્સાહની રેખાઓ દૃષ્ટિગોચર થતી નથી! હું પોતે કાયર નથી, છતાં કમજોર જરૂર બનતો ચાલ્યો છું. શસ્ત્ર કરતાં શાસ્ત્રોમાં સરવાળે વધુ શક્તિ લાગે છે.'

અવન્તિપતિ સુખશય્યા પર પડચા, પણ શાન્તિ ન લાધી. સ્ત્રીઓ તરફથી તેમનું ચિત્ત ફરી ગયું હતું. ખાન-પાનમાં પૂરો રસ રહ્યો ન હતો. સુખદ ને ગાઢ નિદ્રા તો ક્યાંથી નસીબમાં હોય! એમણે સહસા નિર્ણય કર્યો :

'કાલે જ વત્સદેશ પર ચડાઈ કરી દેવી.'

સુખશય્યા પરથી ઊઠીને અવન્તિપતિ બહાર આવ્યા. દાસીઓ વીંઝણા લઈને દોડી આવી. તે સહુને લાલ આંખ બતાવી ડારી દીધી. દાસીઓ અંદર ચાલી ગઈ.

'મારે મંત્રીની પણ સલાહ લેવી નથી. રાજસભાને

પણ નિમંત્રવી નથી. હું એકલો પૃથ્વીને જીતી લાવીશ; હજી આ ભુજાઓમાં એટલું બળ અવશ્ય છે.'

આ નિર્ણય એમના વ્યગ્ર મનને શાન્તિ આપનારો નીવડ્યો. પણ મન તો ભારે ચંચળ; એણે વળી નવતર કલ્પના ઉગાડી : 'મારા આ સાહસથી મારો યુવરાજ ને મંત્રી નાખુશ થઈ જાય, ને કાલે મગધરાજ શ્રેણિક જેવો ઘાટ ઘડાય તો... રાજકાજમાં કોણ કોનું સગું ?'

એમણે તરત મંત્રીને બોલાવ્યા. મંત્રીરાજ હજી પૂરા ઘેર પહોંચ્યા પણ નહોતા, ત્યાં તો તેડું આવ્યું. તેઓ તરત ઉપસ્થિત થયા. અવન્તિપતિએ કહ્યું :

'મંત્રીરાજ, વત્સદેશ પરની ચડાઈનો પ્રબંધ કરો !'

'જેવી આજ્ઞા, મહારાજ !' મંત્રીરાજે ફક્ત હાજી હા કરી.

'ક્યારે ઉપડશું ?'

'આપ કહો ત્યારે,' મંત્રીરાજે પૂરી સ્વસ્થતાથી કહ્યું.

'કોણ કોણ સાથે આવશે ?'

'આપ કહો તે,' મંત્રીએ એ જ પદ્ધતિએ પ્રત્યુત્તર વાળ્યો.

'વરસાદની ઋતુ નજીક છે.'

'જી હા, જ્યેષ્ઠ બેસી ગયો.'

'તો ત્વરાથી યુદ્ધ ખેલવું પડશે.'

'અવશ્ય.'

'ને વરસાદ વહેલો આવી ગયો તો ?'

'તો જરૂર વિઘ્ન ઊભું થાય,' મંત્રીરાજની બોલવાની ઢબ એની એ હતી.

'વિઘ્ન તો દરેક વાતમાં હોય જ છે. વિઘ્નમાં માર્ગ કરે એ જ વીર કહેવાય! મારે એ લુચ્ચા વત્સરાજને અવન્તિની શક્તિ દેખાડવી છે.'

'જી હા.'

માણસના મનને ઉશ્કેરાવા માટે પ્રતિસ્પર્ધીની જરૂર રહે છે. ઘા કરનારને સામો ઘા આપનાર હોય તો જ રવ ચઢે. અવન્તિપતિને પોતાના નિર્ણય સામે કોઈ નો વિરોધ ન મળ્યો, એટલે એ સ્વયં નિર્બળ બનતો ચાલ્યો. કેટલીક વાર પ્રતિકૂળ કરતાં અનુકૂળ ઉપસર્ગ ફાવી જાય છે. અવન્તિપતિએ કહ્યું : 'પણ કુદરત પાસે આપણી શક્તિ શું ? શક્તિ દેખાડવા જતાં ક્યાંક યુદ્ધ ભારે પડી ન જાય! યુદ્ધ ઘણી વાર ભાગ્યાધીન પણ હોય છે. સબળ હારી જાય, નિર્બળ જીતી જાય.'

'ખરું છે, મહારાજ!'

મંત્રીરાજ, હાજી હા ન કરો! સ્પષ્ટ સલાહ આપો!'

'શું સ્પષ્ટ સલાહ આપું ? વનરાજ એવો હોય છે કે ક્ષુધા હોય કે નહિ, શિકાર હણ્યે જાય છે. આપની નીતિ અત્યારે વનના વાઘ જેવી છે. નહિ તો આપણે સંકલ્પ કરીએ અને તરત સિદ્ધિ થતી હોય ત્યાં આ યુદ્ધની નિરર્થક ઉપાધિ વહોરવાની જરૂર શી! આપે મગધને પદદલિત કરવા ઇચ્છ્યું ને ત્યાં એના જાણે પડઘા પડ્યા. મગધનો આધારસ્તંભ મહામંત્રી અભય સાધુ થયો. મગધરાજ શ્રેણિકને આપ જેવી શિક્ષા કરત એનાથી ભૂંડી શિક્ષા વેઠી એ કમોતે મર્યો. વીતભયને હેરાન કરવાનો વિચારમાત્ર કર્યો ને એનું, એના રાજાનું, એની પ્રજાનું ધનોતપનોત નીકળી ગયું. પછી લડાઈ જગાવવાનું કંઈ કારણ ? અને લડાઈનું

મેદાન કોઈને સદા અનુકૂળ રહ્યું છે, કે આપણને રહેશે? વિજયસુંદરી વરમાળ કોને આરોપશે તે નિર્ણીત હોતું નથી. એના કરતાં આપણે ભારબોજમાં રહીએ—એ શું ખોટું?'

'મંત્રીરાજ, પણ અવન્તિની આબરૂને લૂંટનાર આ વત્સરાજને શિક્ષા ન કરવી? એની માએ પણ આપણને ઠગ્યા, છોકરો પણ આપણી સાથે રમત રમી ગયો! ડોસી મરવાનો વાંધો નથી, આ તો જમ ઘર જોઈ જાય છે.'

'આપણને કોઈ ઠગી શકે તેમ નથી. આપણે તો હાથે કરીને ઠગાયા છીએ. એ દિવસે ભગવાન મહાવીરની પર્ષદાનું આપણે માન રાખ્યું, મહારાજ! એ કાર્ય તો આપણી કીર્તિને અમર કરનારું નીવડ્યું. આ વત્સદેશની વાત પર ક્રોધ નહિ—ક્ષમા દાખવીએ. એને માફ કરીએ તો જગમાં આપણે હલકા નહિ લાગીએ. છોરુ કછોરુ થાય, પણ માવતરે તો મમતા જ દેખાડવી ઘટે.'

'મંત્રીરાજ, મારો કોપાગ્નિ એમ શાંત નહિ થાય!'

'તો સ્વામી, આજ્ઞા આપો તો અત્યારે ચઢાઈ કરી દઉં. પણ છોકરાને મારનારી મા આખરે પોતે રડવા બેસે છે, એટલું યાદ રાખજો.'

અવન્તિપતિ વિચારમાં પડી ગયા. મંત્રીરાજે તક પારખી લીધી વજ્ર જેવી હૈયા-દીવાલમાં કંઈક નરમાશ આવતી હતી. એમણે આગળ ચલાવ્યું :

'ક્ષમામાં ખરી શક્તિ છે. મહારાજ, વારંવાર લડાઈઓ જગાવવાની વૃત્તિઓને આપણે દાબવી જોઈએ. શાન્તિમાં સાચું સુખ છે. એક લડાઈ હજારો ઉજાગરા ને લાખો મુશ્કેલીઓ

લઈને આવે છે. આપે રાજા થઈને કયું સાચું સુખ, કઈ સાચી શાન્તિ અનુભવી ? જીવનની મધુરતાનો શો અનુભવ કર્યો ? સદાય અતૃપ્તિ, સદાય ઝંખના, સદાય ઉશ્કેરાટ, સદાય સંદેહ ! પ્રત્યેક પળે લાગણીઓનો ખળભળાટ ! શું મોટા કહેવાતા જીવોનું જીવનસુખ માત્ર આ જ હશે ? હું તો ઇતિહાસ તરફ નજર નાખું છું, ને કંઇનું કંઈ થઈ જાય છે ! આપણે એકબીજાનાં, પોતાનાં ને પારકાનાં ગળાં કાપવાનો જ જાણે ધંધો લઈ બેઠા છીએ. ચંપાને રણમાં રોળનાર રાજા શતાનિકનું શું થયું ? એ શતાનિકનું આપના હાથે મૃત્યુ થયું ! એનો દીકરો વળી જોર જમાવવા ગયો ને આપણો કેદી થયો. એણે વળી જબરું જોર કર્યું ને આપણી આંખમાં ધૂળ નાખી ! જે સબળ બન્યો એ શેતાનની ગત શીખ્યો. રાજા કુણિકે સૈન્યને પોતાની પડખે લઇ, સબળ બની નિર્બળ બનેલા બૂઢા બાપને હણ્યો ! વળી એ વેરના પડઘા ન જાણે કેવા પડશે ? આપણે જાણે અહિ-નકુળનો ન્યાય પ્રવર્તાવી બેઠા છીએ હજી જાગીએ તો સારું. ભગવાન મહાવીરની અહિંસક ભાવવાળી પ્રેમમય વાણી વાતાવરણમાં પ્રસરી રહી છે. ગઈ કાલે વેરનો બદલો વેરથી લેવાતો— એમાં જ મહત્ત્વ ગણાતું—આજે એમાં પરિવર્તન આવ્યું છે; પ્રતિકાર કરનાર નહિ, પણ ક્ષમા કરનાર મોટો લેખાય છે. આયુષ્યની અસ્થિરતાનો આપણે કદી ખ્યાલ કરતા નથી. ઘૃણાને બદલે પ્રેમ, ભયને સ્થાને વિશ્વાસ, શોષણને સ્થાને સેવા ને અધિકારને સ્થાને કર્તવ્ય સ્થાપવાના પ્રયત્નો આરંભાયા છે. આપણે સુખી થઈશું તો આ માર્ગે ! જીવનની ક્ષણભંગુરતા વિષે આપણને કંઈ કલ્પના પણ હોય તેમ લાગતું નથી.'

'મંત્રીરાજ! જુઓ પણે ઉત્તર દિશામાં મેઘ ચઢતા આવે. આકાશમાંથી બાફ વરસે છે. નક્કી ચારેક દિવસમાં વરસાદ આવી પહોંચ્યો સમજો.'

'વાદળના રંગ એવા જ છે.'

'આ વર્ષે વરસાદ કંઈક વહેલો આવી પહોંચ્યો.'

'ધરતી વહેલી સુખ પામશે, મહારાજ! સૂકાં વનમાં ફરીને થાકેલાં ગોધણ ચારો ચરતાં આશિષ આપશે. કૃષિકારો આનંદમાં આવી જશે. પૃથ્વી હરિયાળું ઓઢણું ઓઢશે. નદી સરોવર છલકાઈ જશે. ધરતીનો ધણી તુષ્ટમાન થયો! હવે અવન્તિનો પતિ તુષ્ટમાન થાય તેટલી વાર છે.'

'સંગ્રામ શરદ ઋતુ સુધી મુલતવી રહેશે, મંત્રીરાજ! મુનિઓ જેવાં ચાતુર્માસ કરે એવાં રાજાને પણ ચાતુમાસ! ન અવાય ન જવાય!'

'રાજા અને મુનિ—સત્તા અને સેવા–આખરે તો લોકકલ્યાણની જ બે ભૂમિકાઓ છે ને! રાજા તે યોગી, યોગી તે રાજા!'

'ખરેખર, મારા શસ્ત્ર કરતાં આ શબ્દો વધુ બળવાન છે. મંત્રીરાજ, યુદ્ધ સ્થગિત રહ્યાના વર્તમાન પ્રસારી દો! ભલે, સહુ નિરાંતે ચાતુમાસ નિર્ગમન કરે!

'જેવી આજ્ઞા!'

મંત્રીરાજ બહાર નીકળ્યા. એ આજે ચાલતા નહોતા, ઊડતા હતા. એમની શાન્તિની ઝંખના કંઈક સાકાર રૂપ લેતી હતી.

## મત્સ્ય ૨૬ મું

### વહેશે અહીં સમર્પણની ધારા.

ધારવા પ્રમાણે આકાશનાં વાદળો વરસી રહ્યાં. આખી પૃથ્વી જળબંબાકાર બની ગઈ. અવર-જવરના માર્ગો ખોદાઈ ગયા, ને નિત્યપ્રવાસીઓ પણ એક સ્થળે સ્થિરવાસ સેવી રહ્યા. પૃથ્વીએ હરિયાળું ઓઢણું ઓઢી લીધું. ખેડૂતો મોટે સાદે ઋતુગીતો ગાતા ખેતરોમાં કામ કરી રહ્યા. આ ઋતુ યુદ્ધ માટે યોગ્ય ન હોવાથી પ્રત્યેક ગામ-નગર ધર્મવાર્તાઓ સાંભળવામાં લયલીન બન્યાં.

વત્સદેશના રાજા ઉદયન અને નવાં પટરાણી વાસવદત્તા આજે નગરચર્યાએ નીકળ્યાં છે. રાજ–સેવા લઈને આનંદ પામતાં આ રાજા-રાણી હવે લોકસેવા કરીને હર્ષ અનુભવી રહ્યાં છે. દુઃખીઓને મદદ કરવામાં, નિરુદ્યમીને ઉદ્યમ આપવામાં, દરિદ્રનું દારિદ્ર ફેડવામાં તેઓ દિવસ–રાત વ્યગ્ર રહે છે. કદી કવિતકથા કરે છે, કદી વિનોદવાર્તા કરે છે, કદી હાસ્ય-ખેલ પણ માણે છે. છતાં રાજાઓને યોગ્ય આડંબરોથી અળગાં રહે છે. તેઓ માને છે કે આ આડંબરો જ આપણો અર્ધો આનંદ હરી લે છે! મુક્ત મન જેવો આનંદ કેવો!

માતા મૃગાવતી તો સાધ્વી બનીને આર્યા ચંદનબાળાની સાથે પગપાળા ઘૂમી રહ્યાં છે. પણ એમના સાધ્વીપદના સંસ્કારો વત્સની ભૂમિને નવી રીતે સીંચી રહ્યા છે. પુત્રના સુખદુ:ખના સમાચાર મળ્યા કરે છે, પણ મનની પાટી પરથી જાણે મમત્વ ધોઈ નાખ્યું છે. એ સંયમ અને તપથી જીવે છે, સર્વ જીવો પર સમાન ભાવ રાખે છે અને ઉપદેશમાં એટલું જ કહે છે કે 'અહં'નો ભાવ છાંડીએ તો આ ભવમાં જ આપણું કલ્યાણ છે! આ બધા ઝઘડા 'અહં' ભાવના જ છે.

'અહં' પદના ત્યાગનો એમનો સ્વજીવનનો જ ઈતિહાસ હતો. ચંદનબાળા પોતાની ભાણેજ—નાની બાળકી જેવી—ને એની આજ્ઞામાં ભગવાન મહાવીરે પોતાને મૂકયાં! માણસના જીવનમાંથી બધું છૂટી જાય, સંયમ અને તપથી સર્વ વાતની શુદ્ધિ થઈ જાય, પણ 'અહમ્' જલદી ન છૂટે. એ અહં પર જ ભૂતકાળમાં ભરત ચક્રવર્તી ને બાહુબલિનું યુદ્ધ થયેલું. ભગવાને પહેલે જ પગલે આકરી પરીક્ષા કરી, અને રાણીના 'અહં' પર જ પહેલો પ્રહાર થયો. પોતે વત્સદેશની રાણી, નિપુણ રાજમાતા, અને ચંદનબાળાની વડીલ માસી—એ ભાણેજની અધીનતામાં-આજ્ઞામાં રહે ખરી!

પણ રાણી મૃગાવતીના અંતરમાં વૈરાગ્યની જ્યોત એવી પ્રગટી હતી કે એણે પહેલે પગલે 'અહમ્' નો ત્યાગ કર્યો; વયમાં ને સંબંધે પોતાની આજ્ઞામાં રહેવાને યોગ્ય ચંદનબાળાની અધીનતાનો સહર્ષ સ્વીકાર કર્યો. એમની આજ્ઞા વડીલની આજ્ઞા માનીને પાળી. અંતરમાં અભિમાનનો કોંટો ઊગવા ન દીધો. રાણીએ પહેલે જ પગલે બાજી જીતી લીધી.

એ નમ્રતાનો અવતાર બની ગઈ. એક વાર ભગવાન વીરને વાંદીને પાછા વળતાં મોડું થઈ ગયું, ને બધી વાતથી અજાણ આર્યા ચંદનાએ ઠપકો આપ્યો.

'કુલીન સ્ત્રીઓને મોડી રાત સુધી બહાર રહેવું ન ઘટે.'

નમ્રતાના અવતાર સમાં મૃગાવતીને આ શબ્દોએ હૃદયમાં ઝણઝણાટ પેદા કર્યો. લાંબા લાંબા વિચારો થઇ આવ્યા. ભૂતકાળની ભૂતાવળો જાગી ઊઠી ! પોતે કોણ ! કેવું પોતાનું જીવનનાટ્ય ! વાહ રે કર્મરાજ તારા ખેલ ! પણ આમાંથી મરી ગયેલું 'અહમ્' ન જાગ્યું. અરે, જીવનસમર્પણ કર્યા પછી પાછા ડગ ભરાય ! મૃગાવતીની વિચારધારા ઉચ્ચ કક્ષાએ ચઢતી ગઈ. એ સૂતી, છતાં જાગતી હતી. સંસારનું, સર્વ લોકનું રૂપ પ્રત્યક્ષ થતું ચાલ્યું. જે જ્ઞાનપ્રકાશની ઝંખના હતી, એના જ્યોતિ અંતરમાં ઝગી ઊઠી. સંસારનું સાચું સ્વરૂપ સમજાઈ ગયું.

આર્યા ચંદનબાળા પાસે જ નિદ્રાવશ હતાં. મૃગાવતીના હૃદયમાં સાગરની ભરતી સંપૂર્ણ કક્ષાએ હતી. એકાએક એને પોતાનો દેહપુંજ પ્રકાશપુંજ બની જતો લાગ્યો. એ સ્વસ્થ થઈ બેઠી. ત્યાં તો એણે અંધકારમાંથી ચાલ્યો આવતો એક સર્પ જોયો. ચંદનબાલાનો હાથ વિષધરની વાટ વચ્ચે વિરોધ કરતો લંબાયેલો હતો. સાધ્વી મૃગાવતીએ શાંતિથી એ હાથ ખસેડી લીધો.

આર્યા ચંદનબાળા સ્પર્શ થતાં જ જાગી ગયાં, અને પાસે મૃગાવતીને જોઈ પ્રશ્ન કર્યો:

'મારો હાથ કેમ ખસેડયો ?'

'જુઓ, પેલો સાપ ચાલ્યો જાય.'

'ક્યાં છે ? આ ગાઢ અંધકારમાં હું તો જોઈ શકતી નથી.'

'મને તો સ્પષ્ટ દેખાય છે.'

આર્યા ચંદનબાલાએ ઊઠીને દ્વાર ખોલ્યું. તારાના તેજમાં મોટો મણુઝર નાગ ગૂંચળું વળીને પડેલો જોયો. ચંદનબાળાએ તરત પ્રશ્ન કર્યો : 'આવા ગાઢ અંધકારમાં તમે કેમ કરીને સર્પને જોયો ?'

'મારા હૃદયમાં પ્રકાશનો ઉદય થયો છે.'

'શું કોઈ યોગિક જ્ઞાન થયું છે ?'

'હા,' સમતા રસની મૂર્તિ શાં સાધ્વી મૃગાવતીએ કહ્યું. ક્ષણભર ચંદનબાળા આશંકામાં પડી ગયાં. અરે, મારા જેવીને જે જ્ઞાન નથી થયું તે આ સાધારણ સ્ત્રીને થયું ? અશક્ય ! પણ વધુ વાર્તાલાપ કરતાં એમને તરત ખાતરી થઈ કે મૃગાવતીનો તો બેડો પાર થઈ ગયો છે. બસ, આ વાતનો નિશ્ચય થતાં એમના શોકનો પાર ન રહ્યો. મૃગાવતીના જીવનમાં શું મર્મ રહેલો છે, એની વિચારણા ચાલી. એમને તરત ખાતરી થઈ કે—

'મૃગાવતીએ અદ્ભુત આત્મસમર્પણ કર્યું છે. સામાન્યમાં સામાન્ય માનવીથી પણ છાંડી ન શકાતું 'અહમ્' એણે છાંડયું છે. પોતાની જાતને તૃણથી પણ હળવી ને રજથી પણ હલકી બનાવી દીધી છે.'

ચંદનબાળા પોતાના પદની મહત્તા ભૂલી મૃગાવતીને

વંદન કરી વિનય કરવા લાગ્યાં. પણ એ સાથે એમને પણ જીવનોદ્ધારક જ્ઞાન ઝગમગી ઊઠ્યું.

આ બે મહાજ્ઞાની સાધ્વીઓની કથાએ વત્સદેશમાં ભારે આનંદ પ્રવર્તાવ્યો, અને એ રીતે પણ જ્ઞાનમય અને ત્યાગમય વાતાવરણમાં વેગ આવ્યો. વત્સરાજ પોતાનાં પટરાણી સાથે હમણાં જ સાધ્વી માતાને વાંદીને આવ્યા હતા, ને જીવનને નવીન દૃષ્ટિથી નિહાળ્યું હતું. સંસારના સુખ માટે જીવન-અર્પણ એના જેવી અન્ય સાર્થકતા શું હોઈ શકે! બળનું ગુમાન ને બુદ્ધિનું અભિમાન બંને નકામાં! સહૃદય હૃદય ને નીતિ-સદાચારભર્યું જીવન એ જ સાચું જીવન! એમાં જ આખરે જયવારો છે!

વત્સરાજ આ રીતે જીવન ઘડી રહ્યા. પ્રજામાં પણ એ રીતના મંત્રો પ્રસરી રહ્યા. શાન્તિ ને સમૃદ્ધિના સુખદ વાયરા વત્સ દેશ પર વાઈ રહ્યા.

આમ સુખમય દિવસો પસાર થતા હતા, ત્યાં એક દિવસ વત્સદેશમાં અશુભ વર્તમાન પ્રસરી વળ્યા. પ્રમોદ-વનમાં વિહારે ગયેલાં રાણી વાસવદત્તા અચાનક વનમાં લાગેલા દવમાં બળી ગયાં. એ ટાણે મહારાજ વત્સરાજ પણ સાથે નહોતા, કેવલ મહામંત્રી યૌગંધરાયણ મોજૂદ હતા. એટલે આ સમાચારે વત્સરાજને વ્યાકુળ કરી નાખ્યા. આખો વત્સદેશ શોકમય બની ગયો. ન ક્યાંય લગ્નનાં ગીત છે, ન ક્યાંય જન્મોત્સવનો આનંદ છે! શુભ પ્રસંગો જ જાણે સરી ગયા!

મંત્રીશ્વર યૌગંધરાયણ ભારે નિરાશા સાથે પાછા ફર્યા

છે. વાત કરતાં રડી પડે છે. વત્સરાજની તો વ્યાકુળતાનો પાર નથી. દિવસો સુધી એમની સાથે કંઈ વાતચીત પણ થઈ શકી નહિ ! લગ્નની વાત આવતાં જ એ ભારે ઉશ્કેરાઈ જતા.

દુઃખનું ઓસડ દહાડા ! દિવસો વીતતાં એક દિવસ મંત્રીએ રાજાને સમજાવ્યું કે વત્સની ગાદી પર કોઈ જોઈશે ખરો ને ? શું ભરતકુળની પરંપરાને મિટાવી દેવાનું પાપ આપે આચરવું છે ? આપને ખાતર નહિ, દેશને ખાતર પણ આપે કંઈક વિચારવું જોઈએ.

એક તો અનેકપત્નીની પ્રથાએ અને બીજું ઉત્તરાધિકારીના પ્રશ્ને વત્સરાજને નવા લગ્ન માટે મને-કમને તૈયાર કર્યા. પણ ઉત્સાહ નહોતો ! ઉલ્લાસ નહોતો ! નવાં પત્ની તરીકે મગધનાં કુંવરી પદ્માવતીનો નિર્ણય થયો. આવા સુશીલ રાજાને કોણ કન્યા ન આપે !

રાણી પદ્મમાવતી મગધ છોડીને વત્સ દેશ આવ્યાં, સાથે પોતાની પ્રિય સખી પ્રિયંવદાને લાવ્યાં છે; પણ રાજાજી તો જૂનાં રાણી વાસવદત્તાના સ્વપ્નમાં જ મગ્ન છે. સૂતાં એ, બેસતાં એ !

નવાં રાણીની સખી પ્રિયંવદા ભારે ચતુર છે. રાજા અને રાણીની અપૂર્વ સેવા કરે છે. રાજા એને જુએ છે ને વાસવદત્તાને સંભારે છે ! જાણે ચહેરો મહોરો એક જ છે. વાતચીત ને વિવેક પણ એવાં જ ! એક દહાડો ભારે આશ્ચર્યપૂર્વક મંત્રીરાજે જાહેર કર્યું કે આ પ્રિયંવદા એ જ સાચાં વાસવદત્તા ! એ બળી ગયાં એ જુઠાણું ! મગધ દેશની

સાથે સંબંધ બાધવા માટે યોગંધરાયણે રચેલું માત્ર કાવતરું હતું! વાત એકદમ ન માની શકાય તેવી હતી. છતાં રાજનીતિનિપુણ મંત્રીરાજ વિષે અશ્રદ્ધા ગ્રહણ કરી શકાય તેમ પણ નહોતું.'

રાજાજીએ વાત ન માની. એમણે કહ્યું : 'ધુતારાવેડા! વાસવદત્તા મગધની કુંવરી પદ્માવતી પાસે ક્યાંથી ?'

મંત્રીરાજે કહ્યું : 'મગધ અને અવન્તિ બંને વત્સનો વિનાશ વિચારી રહ્યાં હતાં. આ માટે અમે મગધ સાથે સંબંધ બાંધવાની યોજના વિચારી. યોજના પ્રમાણે મગધનાં કુંવરીનો આપના પર અનુરાગ વધારવા માટે એમણે સખીપદ સ્વીકાર્યું! દાસી બનીને મગધના અંતઃપુરની સેવા અપનાવી. એમણે કહ્યું : 'જો મારા મૃત્યુથી વત્સ દેશનું હિત સધાતું હોય તો ત માટે પણ હું તૈયાર છું. તો દાસીપદ તો કંઈ ભારે કામ નથી!' એમણે પદ્માવતીને વત્સદેશનાં રાણી બનવા તૈયાર કર્યાં.'

નવાં રાણી પદ્માવતી આશ્ચર્યથી જોઈ રહ્યાં. પ્રિયંવદા બનેલાં રાણી વાસવદત્તા બોલ્યાં : 'હુ તો તમારી દાસી જ છું હો! વત્સદેશનાં પટરાણીનો મુગટ તમારે શિરે જ રહેશે.'

રાણી વાસવદત્તાના ત્યાગે સહુનાં મન ગળગળાં કરી મૂક્યાં. વત્સરાજ તો શું બોલવું તેની જ મૂંઝવણમાં પડી ગયા. પણ એ વેળા મગધનાં કુંવરીના દિલમાં સમર્પણની જ્યોતે પ્રકાશ પાથર્યો. એ આગળ વધ્યાં ને વાસવદત્તાને ભેટી પડ્યાં.

'ધન્ય છે રાણી! પટરાણીપદ તો તમને જ શોભે!

તમે જ રાજમહિષીનું પદ ચરિતાર્થ કરી બતાવ્યું. દેશેદેશમાં યુદ્ધ જગાવવા માટે નાટકો ભજવાય છે. તમે શાંતિ સ્થાપવા માટે નાટક ભજવ્યું. અંતઃપુરમાં પટરાણી-પદનો વિખવાદ ભારે વિષભર્યો હોય છે, એ હું જાણું છું. એ પદ સહજ-ભાવે તજી, એ પદ માટે અન્યને આમંત્રણ આપવા સ્વયં દાસીભાવ સ્વીકારી, તમે ત્યાગનું એક નવીન દૃષ્ટાંત પૂરું પાડ્યું છે! અંતઃપુરોની શુદ્ધિનું પુનિત પ્રભાત તમે જ ખિલાવ્યું! તમે જ પટરાણી! તમે જ મહારાણી! દાસી જેવું વર્તન દાખવ્યા બદલ ક્ષમા મળશે કે!'

'ક્ષમા મને મળવી ઘટે! હું કેવો સ્વાર્થી નીકળ્યો!' વત્સરાજ પોતાની જાતને ઠપકો દઈ રહ્યા.

'ગુનેગાર તો હું જ છું,' મંત્રીશ્વરે કહ્યું. 'મેં જ આ નાટકનું દિગ્દર્શન કર્યું. મેં જ રાજાજીને વિયોગ ને શોકમાં નાખ્યા. મેં જ રાણી વાસવદત્તાને દાસી બનાવ્યાં! બીજું તો કંઈ કહેતો નથી, પણ જેના ખોળે અવતાર લેવાનું મન થાય, એવાં રાણી વાસવદત્તા છે! વત્સ દેશ માટે કેટલો આપભોગ!'

'અને મગધ માટે પણ નહિ? આજથી મગધ સ્નેહની સાંકળે વત્સ સાથે જડાયું. એક ખૂનખાર મહાયુદ્ધ રોકાઈ ગયું!' રાણી પદ્માવતીએ કહ્યું.

'મેં તો મારા સ્વાર્થે કર્યું છે, મંત્રીશ્વર!'' વાસવ-દત્તાએ કહ્યું! 'મારા પિતાશ્રી યુદ્ધ વિના સમજે તેવા નહોતા. મારે તો એક તરફ પતિદેવ, બીજી તરફ પિતૃદેવ! જય કે પરાજય બંનેમાં મને હાનિ હતી. યુદ્ધ-પ્રકારના જાણકાર

પિતાજી જ્યારે જાણશે, કે મગધ ને વત્સ એક બન્યાં ત્યારે યુદ્ધનો નાદ છાંડી દેશે.'

'આહ! સ્ત્રીઓ પર સમર્પણ ભાવનાએ પ્રાબલ્ય જમાવ્યું. હવે પૃથ્વી પર સ્વર્ગ ઊતરે તો નવાઈ નહિ!' રાજા ઉદયન ભાવાવેશમાં આવી ગયા.

'અરે, અવન્તિપતિને મારા મૃત્યુના સમાચાર મળ્યા હશે. મારા જીવિતની વધામણી સત્વર મોકલો,' રાણી વાસવદત્તાએ કહ્યું.

'એમ શા માટે? તેડાવો મગધના નાથને અહીં, અને ચાલો આપણે એમનું આતિથ્ય માણવા જઈએ,' રાણી પદ્માવતીએ કહ્યું.

'પણ અવન્તિપતિ જોયા છે?'

'ચિંતા નહિ! પ્રેમના સિંહાસન પર શિરકમળ પડે તો પણ શું! પૃથ્વી એ તો પડઘો છે. શું આપણાં પ્રેમભર્યાં હૈયાંનો કંઈ પડઘો એ હૈયામાં નહિ પડે?'

'શા માટે નહિ! આખરમાં તો એ માનવહૃદય છે!' રાજા ઉદયને સંમતિ આપી.

## મત્સ્ય ૨૭મું

### મરીને માળવો લેવાની રીત

કેટલીક વાર બહુ ઝંખનાપૂર્વક હાથમાં આવેલો લાડવો હાથમાં ને હાથમાં રહી જાય છે, અનેક કોશિશ કર્યા છતાં એ મોંમાં મૂકી શકાતો નથી. જેનું મૃત્યુ સદા વાંચ્છયું હોય એવા શરણે આવેલા શત્રુને મારવાની વાત તો દૂર રહી, પણ મુખથી વેર પણ કહી શકાતું નથી. ત્યાં ને ત્યારે, મનુષ્ય-હૃદયમાં છુપાયેલ આશાસ્પદ દિવ્ય નિગૂઢ તત્ત્વની ઝાંખી થાય છે. ચંડપ્રકૃતિના રાજા પ્રદ્યોતના વિષયમાં પણ એમ જ બન્યું.

અજબ મળ્યા હતા વર્તમાન! સિંહના મુખમાં સ્વયં શિકાર ચાલ્યો આવતો હતો. બડભાગી હતો અવન્તિપતિ પ્રદ્યોત. એ માત્ર સંકલ્પ કરતો ને સિદ્ધિ થઈ જતી. એનાં આચરણ અને એની સિદ્ધિ જોઈ ઘણા માણસોને સત્કર્મ પરથી શ્રદ્ધા ઓછી થઈ જતી. અરે, નીતિ, ન્યાય, પાપ, પુણ્યથી ડરી ડરીને આપણે મરી ગયાં, છતાંય કંઈ કાજ ન સર્યાં, ને આ તો બધું નેવે મૂકી બેઠો છે, તોય કેવી મોજ કરે છે! કાલે સ્વર્ગ મળશે એ આશામાં આપણી 'આજ' વેદનાની ભઠ્ઠી બની છે, ને આ તો કાલ ભલે ગમે તેવી ઊગે, પણ આજ તો સ્વર્ગ માણી રહ્યો છે!

પણ માન્યતા ને વાસ્તવિકતા વચ્ચે ઘણો ફેર હતો. ધન, સત્તા, શક્તિ ને સંપત્તિ—જેને સંસાર સુખનું કારણ માનતો—એના જ કારણે રાજા પ્રદ્યોત દુ:ખી દુ:ખી હતો. ધન વધ્યું એમ તૃષ્ણા વધતી ચાલી હતી. ભરેલી તિજોરી એને સદા અધૂરી જ લાગ્યા કરતી. સત્તા વધી એમ પોતાની સીમાભૂમિ નાની લાગવા માંડી હતી. શક્તિ વધી એમ શત્રુતા પણ વધતી ચાલી હતી. એટલે રેશમના કીડાની જેમ રાત ને દહાડો એ પોતાના તાંતણે પોતે જ વીંટાવા લાગ્યો હતો.

એને ક્ષણ માત્રની શાન્તિ નહોતી, પળવારની નિરાંત નહોતી. કડકડતી ભૂખ ને ગાઢ નિદ્રા તો એણે ભાળી નહોતી. સહુ એની સત્તા સ્વીકારતાં પણ કોઈ એને પ્રેમ ન કરતું. બધા એની શેહમાં તણાતાં પણ સ્નેહનાં પૂર ક્યાંય વહેતાં નહોતાં. બાહ્ય આવરણો હઠાવીને ખરી રીતે નીરખીએ તો અવન્તિપતિ જેવું અનાથ, લાચાર ને અશક્ત અવન્તિમાં બીજું કોઇ નહોતું. ભર્યા સંસારમાં એ એકલો હતો. એકમાત્ર એની દીકરી દુ:ખિયાના વિસામા જેવી હતી, એ પણ પોતાના શત્રુ સાથે સ્નેહ સાધી ચાલી ગઈ!

પણ આ તો સંસાર હતો. પાપાત્માનો વિજય પહેલો થતો; પુણ્યાત્માને પ્રારંભમાં દુ:ખ જ ભેટતાં. જેમ દીપકની જ્યોત પર આપોઆપ પતંગ બળી મરવા ખેંચાઈ આવે છે, એમ અવન્તિપતિની શક્તિ ને શેહથી વત્સરાજ આજ સામે પગલે મોમાં તરણું લઈને આવતો હતો. પોતાની પુત્રી વાસવદત્તા, જેના બળી મર્યાના સમાચારે પોતાના થોડા ઘણા સંબંધે બંધાયેલા હાથને છૂટા કર્યા હતા, ને ત્યારે વેરભાવનાથી જલતા હૃદયે કંઈક મોકળાશ અનુભવી હતી,

એના જ જીવિતના વર્તમાન જ્યારે મળ્યા, ત્યારે અવન્તિ-પતિને હર્ષ કરવો કે વિષાદ માણવો, એ પણ ન સમજાયું! વેર, દ્વેષ, ઈર્ષ્યા ને વાસનાથી ઘેરાઈ ગયેલું એનું અંતર શિયાળના ટોળામાં ઊછરેલ સિંહબાળની જેમ પોતાનો સ્વાભાવિક ધર્મ ખોઈ બેઠું હતું! ન હસવાને સ્થાને એ હસતું! ન રડવાને સ્થાને એ રડી પડતું.

'મંત્રીરાજ! વત્સરાજ–મારો ચોર–આવી રહ્યો છે,' અવન્તિપતિએ શબ્દોને દાંત વચ્ચે કચરતાં કહ્યું.

'હા, મહારાજ! વાસુબેન પણ સાથે છે. વાહ રે વાસુ બેન! બાપ તેવી બેટી–તે આનું નામ!'

'મંત્રીરાજ, તમારી વાત ન સમજાઈ! મારા જેવી મારી દીકરી?' રાજાના મનમાં આશંકા ઊગી. મારા જેવી એટલે શું? સારી કે ખરાબ? ઘણી વાર સંદિગ્ધ માણસને પોતાની સારપ વિષે પણ શંકા ઊગે છે.

'હા, મહારાજ! બાપ તેવી જ બેટી! આપે મહાવીરની પરિષદમાં ડંકો વગાડ્યો; વાસુબેને પણ તેવું જ આપભોગ-ભર્યું કાર્ય કર્યું.'

'મંત્રીરાજ, મારો આપભોગ તો હું જાણું છું, પણ એ છોકરીએ વળી શું ઊંધુ માર્યું? આ સાધુઓએ તો દુનિયાને ભારે ચકરાવે ચડાવી છે. મારા જેવો એમાં ફસાઈ જાય, તો બિચારાં વાસુ જેવાં ભાવનાઘેલાં અણસમજુ છોકરાંનું શું ગજું?'

'મહારાજ, આપણે જેમ વત્સદેશને ખાઈ જવા ચાહતા હતા, તેમ મગધનો ડોળો પણ એ દેશ પર હતો. કારણ કે

આપણી સામે યુદ્ધ જગાવવામાં મગધને વત્સ વચ્ચે નડતો હતો. આમ વત્સદેશ બંને બાજુની ભીંસમાં હતો. ક્યારે કોણ ચઢી આવે ને આખું રાજ પાયમાલ થઈ જાય, તે કહેવાય તેમ નહોતું. આ આપત્તિમાંથી વાસુબેને અને તેના મંત્રી યોગંધરાયણે દેશને બચાવ્યો. તેઓએ એક ભારે નાટક રચ્યું: વાસુબેન વનના દવમાં બળી ગયાં એમ જાહેર કર્યું. ને બીજી તરફ લઈ જઈને એમને મગધના અંતઃપુરમાં રાજકુંવરીનાં દાસી તરીકે રાખ્યાં. આ તરફ વત્સરાજને લગ્ન માટે સમજાવવા માંડ્યા. મગધની કુંવરીનું માગું કર્યું. મગધને પણ વત્સને પોતાનો કરવો હતો—સંગ્રામ દ્વારા કાં સ્નેહ દ્વારા. તેઓએ આ તક ઝડપી લીધી. મગધની રાજકુમારીને પણ વાસુબેને વત્સરાજનાં ગુણગાન કરી લગ્ન માટે તૈયાર કર્યાં. બધો મેળ બેસી ગયો.'

'મેળ બેસી ગયો ? મગધ ને વત્સ એક થઈ ગયાં ?'

'હા પ્રભુ !'

'ને મગધની કુંવરી પદ્માવતી પટરાણી બની ? મૂર્ખ ભાવનાઘેલી વાસુના નસીબમાં અન્તે દાસીપદ રહ્યું !'

'ના, ના. મગધની કુંવરીએ જ કહ્યું કે રાજમહિષી-પદ તો વાસુબેનને જ શોભે. વાસુબેનના આપભોગે એમને લોકહૃદયમાં અમર કરી મૂક્યાં. આજે એ બધાં આપને વંદન કરી આશીર્વાદ લેવા આવે છે. કહે છે કે વડીલ છે, મારશે તો એમના હાથે મરશું, જિવાડશે તો એમના હાથે જીવશું—પણ હવે શત્રુતા તો નથી નિભાવવી !'

'આશીર્વાદ ? અને તે મારા ? મારા કોપાનલને તેઓ જાણતાં નથી ? આશીર્વાદ લેવાની એમનામાં હિંમત છે ?'

અવન્તિપતિ અકળાઈ ગયા. શું કરવું તેની કંઈ સમજ ન પડી. એક તરફ હાણુ–બીજી તરફ હસવું ! કેવાં વિચિત્ર થઈ ગયાં છે લોકો ! અરે, કેવી અજબ યુકિતઓ અજમાવે છે—વિરોધીને વશ કરવાની ! અમે તો એક ઘા ને બે કકડાની નીતિમાં જ આજ સુધી ભરોસો રાખ્યો છે.

'મહારાજ, જે મરવા તૈયાર થયું એ અમર બની ગયું; જેનો મૃત્યુભય ગયો એને કોઈ મારી શકતું નથી. હિંમત હશે તો જ આવતાં હશે ને ? અને આપનું હૃદય તો એક વહાલસોયા પિતાનું છે, એ તો એ જાણે છે ને !'

'મને મોળો પાડી દ્યો છો તમે બધાં !'

'મહારાજ, આપણું મન આપણને મોળું પાડે છે. હજી-ય આપણે સમજીએ. રાજનીતિની દૃષ્ટિએ પણ હવે વત્સ અને મગધ એક થયાં એટલે મૈત્રી કરી લેવી આવશ્યક છે. સંગ્રામ તરફ બહુ ન ખેંચાશો. એવો દિવસ પણ આવે કે આજનાં લોહીતરસ્યાં સૈન્યો આપણી મનસ્વી ઇચ્છાઓ સામે બળવો કરી બેસે, વગર કારણે મરવા–મારવા સજ્જ ન થાય; એ સનિકોનાં સ્ત્રીઓ ને બાળકો પતિ કે પિતાને વરૂનો ધર્મ અદા કરવા મેદાને જતા રોકે, ને જાય તો એ ખૂની આક્રમક માણસોનાં ઘર વસાવવાની ના ભણે. શકિતનું નહી પણ સ્નેહનું સામ્રાજ્ય હવે સીમાડા વિસ્તારી રહ્યું છે. દૂરથી આવતી આંધીના સામના માટે વહેલા સાવચેત બની જઈએ. આપણે મોડા પડયા એમ પાછળથી ન થાય–તે માટે પણ વહેલા જાગીએ. તલવાર તો આપણી કમર પર એની એ છે, પણ એની શકિત જાણે હણાઈ ગઈ. આજ્ઞા આપો તો વત્સ અને

મગધના રાજવીઓના સ્વાગતે જાઉં ! તેઓ અવન્તિની સીમાને સ્પર્શી ચૂક્યા હશે.'

અવન્તિપતિ કંઈ ન બોલ્યા. એમને જૂની આંખે નવા ખેલ હતા. બિલાડીની ડોકે ઉંદરો ઘંટ બાંધવા આવતા હતા.

મંત્રીએ વળી કહ્યું : 'મહારાજ, રખે લોકમાં એમ ન કહેવાય, કે અવન્તિપતિએ ટૂંકું હૃદય દાખવ્યું ! સામે પગલે આવતો શત્રુ પણ અતિથિ છે, ને આદરને યોગ્ય છે, તો આ તો આપણાં પોતાનાં જ છે !'

'પોતાનાં ? કંઈ સૂઝ પડતી નથી, મંત્રીરાજ ! પોતાનાં અને પારકાંનો ભેદ જ મને સમજાતો નથી ! શું કરું મંત્રીરાજ !' અવન્તિનાથના શબ્દોમાં અકળામણ હતી.

'અવન્તિનાથ, હું તો કહું છું કે શાણા, સજ્જન, શૂરવીર ને બધી રીતે યોગ્ય વત્સરાજને જમાઈ તરીકે સ્વીકારી ખડાં થયેલાં જમનાં તેડાં ટાળો.'

'મારી મતિ મૂંઝાઈ ગઈ છે. તમે બધાં એકમત થયા, તો મારો વિરોધ હું ક્યાં સુધી નિભાવી શકીશ ? જાઓ, સન્માન સાથે રાજ–અતિથિઓને તેડી લાવો,' અવન્તિપતિએ આજ્ઞા આપતાં ટેકા માટે હાથ લંબાવ્યા. વેરદેવી વિદાય લઈ રહી હતી. શરીરમાં અશક્તિ આવી રહી હતી. મંત્રી તરત વિદાય થયા.

આજની ઘટના અદ્‌ભુત હતી. વનરાજના મુખમમાં જાણે નિર્ભય રીતે મૃગશાવક પ્રવેશી રહ્યાં હતાં. અનિષ્ટની કોઈ ને ચિંતા નહોતી, કારણ કે પ્રત્યેક હૃદયમાં પ્રેમ, વિશ્વાસ ને

અર્પણુ પ્રગટી ચૂકયાં હતાં. લોકવાણી પ્રગટી કે વિશ્વ તો વિચાર ને આચારને। પડઘોમાત્ર બન્યું છે. જેવાં આચાર–વિચાર સારાં–નરસાં એવો જ સારો–માઠો પડઘો !

આ સિદ્ધાંત સાચો પાડવા–મરીને માળવો લેવા હિંમતભેર ચાલ્યા આવતાં રાજા ઉદયન અને વાસવદત્તાના મનમાં અનેક પ્રકારની શંકાઓ ભરી હતી. પણુ આજ પાછી પાની કરવાની નહોતી. મરજીવાઓએ ભગવાન મહાવીરના સિદ્ધાંતની સરાણુ પર પોતાની કાયાને કસોટીએ ચડાવી હતી. અવન્તિના સીમાડા પર પગ દેતાં મન ધ્રૂજી ઊઠયું, બુદ્ધિ અનેક જાતની ચિત્રવિચિત્ર દલીલો કરવા લાગી, પણુ બુદ્ધિની દલીલો પર મહાનુભાવ હૃદયે તરત વિજય મેળવ્યો. થોડી વારમાં એ ભય ચાલ્યો ગયો.

અવન્તિ નગરીના કાંગરા દેખાયા. સંગ્રામમાં જ સાહસ કરતાં શીખેલું મન આ નવા પ્રકારના સાહસ પાસે ઢીલુંઢસ બની ગયું. આજ તો મરીને માળવો લેવાનાં પગરણુ હતાં. અચાનક અવન્તિના મંત્રી સ્વાગતે આવતા દૃષ્ટિએ પડયા. સન્માનસૂચક વાજિંત્રોના નાદ ગાજી ઊઠયા.

બિલાડી હાથમાં આવેલા ઊંદરને મારતાં પહેલાં રમાડે છે–અરે, એવું તો નથી ને ! અવન્તિપતિ પ્રદ્યોતના ચંડ–પ્રચંડ કોપાનલને કશુંય અશકય નહોતું ! અશકયને શકય ને અસંભવિત ને સંભવિત કરવાનો સંગ્રામ આજે મંડાયો હતો.

એક વાર સહુને અવન્તિના નગરદ્વારમાં પ્રવેશતાં કલ્પના આવી ગઈ કે જાણે જ્વાલામુખીના સળગતા પેટાળમાં પ્રવેશી

રહ્યાં છીએ. પણ બીજી જ પળે આ શૂરાઓએ મૃત્યુભયને દૂર કર્યો. પ્રભુ મહાવીરનાં અહિંસા અને પ્રેમને નાણી લેવાનો નિરધાર કર્યો. સમષ્ટિના હિત માટે બેચાર વ્યક્તિના આપભોગ એ કોઈ બડી બિસાત નહોતી.

રાજમહેલમાં પ્રવેશીને તેઓ રાજા પ્રદ્યોતની પાસે ચાલ્યાં ત્યારે તો સહુનું રૂંવેરૂંવું એક વાર કંપી ઊઠ્યું. હજારો સૈનિકો વચ્ચે ક્ષત્રિય એકલો ઝૂઝતાં ન ડરે, પણ આજની સ્થિતિ વિચિત્ર હતી! સામો ઘા વાળવાનું એકે શસ્ત્ર કે સાધન પાસે નહોતું; માત્ર પ્રેમભર્યા અંતરની ઢાલ આડી હતી.

મહારાજ પ્રદ્યોત સામે જ સિંહાસન પર વિરાજ્યા હતા. એમના ચહેરા પર મીટ માંડી શકાય તેમ નહોતી. કાચોપોચો તો ત્યાં જ ઠરી જાય. પણ રાજા ઉદયને પહેલ કરી. એ આગળ વધ્યા ને તેમને નમસ્કાર કરતાં કહ્યું : 'આપનો અપરાધી ઉપસ્થિત થયો છે. આપ મન ચાહે તે શિક્ષા કરી શકો છો.'

અવન્તિપતિથી સહસા સામે હાથ જોડાઈ ગયા, પણ મુખેથી કંઈ બોલી શકાયું નહિ. વાસવદત્તા આગળ વધી ને પગ પર ઝૂકી પડી : 'પિતાજી, આ નમાયી પુત્રીને આશિષ નહીં આપો !'

અવન્તિપતિનો હાથ પુત્રીને માથે અચાનક રીતે મુકાઈ ગયો, પણ ભવાં તો ભયંકર રીતે ખેંચાઈ રહ્યાં. હમણાં જ શું એમાંથી અગ્નિવર્ષા થશે ! આ વેળા મગધરાજ આગળ આવ્યા ને બોલ્યા :

'અવન્તિપતિ, લાખેણી પળ કાં ગુમાવો ? અમે મિત્રતા

કરવા આવ્યા છીએ. આપણી પારસ્પરિક સ્વાર્થી ભાવનાઓથી જગવેલાં યુદ્ધોને કારણે પૃથ્વી નરક બની રહી છે. આ નરકને અન્ય કોઈ મિટાવે, એ પહેલાં આપણે મિટાવીએ. આ પુણ્યકાર્યમાં આપણી મૈત્રી જો કંઈ કાર્યસાધક નીવડી શકે તો, આપનો ઉદાર હાથ લંબાવો '

અવન્તિપતિએ હાથ લંબાવ્યો, પણ મોંમાંથી એકે શબ્દ નીકળી ન શક્યો. મન-ચિત્તમાં ભયંકર વાવાઝોડું પ્રસરી રહ્યું હતું. આ વખતે પાછળ ઊભેલાં રાણી પદ્માવતી આગળ આવ્યાં :

'પિતાજી, પ્રણામ સ્વીકારશોને પુત્રીના !'

'કોણ પુત્રી ? વાસુ ?' અવન્તિપતિથી અચાનક બોલાઈ ગયું. ને એમણે પદ્માવતી સામે જોયું. વાસવદત્તા તો હજી પગમાં જ પડી હતી.

'પિતાજી, એક નહિ પણ બબ્બે પુત્રીઓ ખોળે બેસવા આવી છે. જમાઈ પણ પુત્રના હકનો દાવો કરીને આવે છે. પળને વધાવી લો—આપની કીર્તિ અમર કરી લો. પિતાજી, ભગવાન મહાવીરે કહ્યું છે, કે એક જ રાતે તારા ને મારા જીવતરના બંધ તૂટવાના છે. આપ હસે ને જગ રડે, એવું બને તો જ જીવતર જીવ્યું ધન્ય !'

'વાસુ, મને ટેકો આપ ! બેટા, હું મૂંઝાઈ ગયો છું,' ને અંતરની અકળામણમાં અવન્તિપતિ વાસવદત્તાને ભેટી પડ્યા. એમની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસી રહ્યા. તેમણે એક પછી એક સહુનું સ્વાગત કરતાં, બહાર ઊભા ઊભા બધો ખેલ જોતા મંત્રીરાજને બૂમ મારીને અંદર બોલાવ્યા.

'મંત્રીરાજ, આસન તો લાવો. બધાં કેટલી વારથી ઊભાં છે!'

'પિતાજી, પહેલાં ક્ષમા આપો, પછી આપના અંતરમાં આસન આપો. એ વિના આ આસન નિરર્થક છે,' વાસવદત્તાએ કહ્યું.

'ક્ષમા હું શું આપું? રે! મારાં બાળકો જેટલુંય હૃદયબળ મારી પાસે નથી! મારા જીવતરથી મને શરમ આવે છે. જીવનનું ઔદાર્ય હું જાણતો નથી. જીવનભર માત્ર સિંહના અમોઘ બળની જ ઉપાસના કરી, ને એ બળ મેળવીને હું પશુ બન્યો. પશુને ધર્મની સમજ કેવી? અને ધર્મ વિનાનું જીવતર કેવું અકારું થઈ પડે છે! તલવારથી સહુ કોઈ વશ થઈ શકે, પણ અંતરની વહાલપ ન મળી શકે. મારા વિજયો વગડાના વાઘ જેવા હતા, જેના પ્રત્યેક વિજયે સર્વનાશ સિવાય કંઈ ન સર્જ્યું! હું તમ સહુની પાસે ક્ષમા માગું છું,' અવન્તિપતિ જીવનભરમાં આજે પહેલી વાર નમતા હતા.

રાજા ઉદયને તેમના હાથ પકડીને કહ્યું: 'અમને શરમાવશો નહિ, મહારાજ! અમે તો આપનાં છોરું!'

'આજની ઘડી ધન્ય છે. અરે, મને ધન્ય છે!' અવન્તિપતિ એટલું બોલતા બોલતા સહુને ભેટી પડ્યા. બધાની આંખોમાંથી હર્ષનાં અશ્રુ સરી રહ્યાં.

એવામાં વનપાલક વધામણી લાવ્યો: 'મહારાજ, નજીકના વનમાં જ્ઞાતપુત્ર મહાવીર પધાર્યા છે.'

ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય! ચાલો, સહુ એ મંગળમંદિર પ્રભુના દર્શને!

અવન્તિમાં જાણે ઉત્સવ ઉજવાઈ રહ્યો.

# મંગળ મિલન

## [ નવ જાગરણ ]

**આત્મા** જ સ્પર્શી શકે એવી સૌરભ લઈને મહાવીર ઉદ્યાનના અશોકવૃક્ષ નીચે બેઠા છે. નિશ્ચલ શ્રીવત્સભર્યું હૃદય જાણે હજારો તરંગોને સમાવનાર સાગરસમું વિશાળ બન્યું છે. નયનોમાંથી અમીકિરણ નિર્ઝરી રહ્યાં છે. રાય ને રંક, માનવ કે પશુ સહુ કોઈને એ પરિષદામાં આદર મળ્યો છે !

નરકેસરીઓનો આ સમૂહ ત્યાં પહોંચ્યો, ત્યારે હૈયાને શાતા આપતો અનિલ ત્યાં લહેરાતો હતો, વનવગડાનાં ફૂલ મધુર સુવાસ વેરી રહ્યાં હતાં, વાતાવરણમાં દિવ્ય ધ્વનિ ગૂંજી રહ્યો હતો. એમાંથી જાણે આપોઆપ સ્વર–શબ્દો ગૂંજતા આ રાજવી–સમુદાયે સાંભળ્યા :

'વાસનાના વિદેશમાં વસતા ઓ રાજવીઓ, આત્માના સ્વદેશમાં આવો ! પ્રજાના પ્રભુ તમે છો, તમારા પ્રભુને તમે પિછાણો. માનવજગતના આદર્શ તમે છો ! તમારા જીવનના આદર્શને તમે જાણો. ફરી વાર કહું છું,તમે નરકેસરી કાં નરકેશ્વરી ! જરા પણ જવાબદારી ચૂકયા કે રૌરવ નરકનું તમારે કાજે નિર્માણ છે. તમારા હક મોટા એમ કર્તવ્ય

પણ મોટાં. પુણ્ય મોટાં તેમ પાપ પણ મોટાં! રાજસી વૈભવોને તામસિક નહિ, સાત્ત્વિક બનાવો!'

વાતાવરણના પડઘા શમ્યા ન શમ્યા ત્યાં ભગવાન મહાવીરની વાણી તેમને કાને પડી. એ અમરસુધા હતી. સહુએ ચાતકની જેમ તેનું પાન કરવા માંડયું. ભગવાન કહેતા હતા :

'સંસારમાં સબળ નિર્બળને દુભવે, દબાવે, શોષે, હણે, એવો 'મત્સ્ય-ગલાગલ' ન્યાયનો અંત, સુખ ઇચ્છતા સર્વ જનોએ આણવો ઘટે. હિંસક પરાક્રમ ને હિંસક વાણીથી સંસારનું સુખ કદી વધ્યું નથી. સંસારમાં બધા દિવસો કોઈના સરખા જતા નથી. આજે જે યુવાન છે, તે કાલે વૃદ્ધ છે. આજે જે કુટુંબથી ઘેરાયેલો છે, કાલે તે એકાકી છે. આજે જે નીરોગી છે, કાલે તે રોગી છે. આજે જે દરિદ્ર છે, કાલે તે સંપત્તિવાન છે. સમષ્ટિ કે વ્યકિત બંને માટે આ કહું છું. કોઈના સઘળા દિવસ કદી એક સરખા જતા નથી. સંસારનું ચક્ર વેગથી ઘૂમી રહ્યું છે. આજે જે ઉપર છે, પળ પછી તે નીચે છે. ઊંચાએ નીચાની સાથે સ્નેહ ને સમાનતાથી વર્તવું ઘટે! આવતી કાલ માટે પણ આજે ઉદાર બનો! પ્રેમી બનો! પ્રેમ તમારા જીવનનો રાજા બનવો જોઈએ. જગતની કામનાઓનો પાર નથી. એક ભવમાં બધી કામનાઓ પૂર્ણ થવી શકય નથી, ને જીવિત પલભર માટે પણ વધારી શકાતું નથી! માટે સબળે સંયમી ને નિર્બળે ઉદ્યમી થવું ઘટે!

'આ માટે અહિંસા, અપરિગ્રહ ને અનેકાન્ત-આ તત્ત્વત્રય

તમારે સ્વીકારવાં જોઈએ. અહિંસા વિશ્વબંધુતાનું બીજું રૂપ છે. પ્રાણીમાત્ર સાથે મૈત્રીનો એમાં આદેશ છે. અપરિગ્રહ તમારાં સુખસાધનો ને સંપત્તિ-વૈભવોને મર્યાદિત કરવાનું સૂચવે છે. વધુ ભોગ રોગ ને શોકને નીપજાવનારાં છે. છેલ્લું ને ત્રીજું તત્ત્વ સ્યાદ્વાદ-અનેકાન્ત એ તમને સર્વધર્મ-સમન્વય સૂચવે છે. તર્ક, વિવાદ ને વાદ તમારો ઉદ્ધાર નહિ કરે; પક્ષ, વાડો કે પંથ તમને મુક્તિ નહિ બક્ષે; ઢાલની બંને બાજુ જોવાનો વિવેક એ મારો સ્યાદ્વાદ ધર્મ-અનેકાન્ત! સત્ય જ્યાંથી મળે ત્યાંથી સ્વીકારી લેવું ઘટે! સત્યનો ઇજારો કોઈએ રાખ્યો નથી!

'ઉદ્વેગ, સંઘર્ષ, દમન, યુદ્ધ ને અશાન્તિ તમારા જીવનને ઘેરો ઘાલી બેઠાં છે. તમારું મન તમારું મિત્ર બનવાને બદલે તમારું શત્રુ બની બેઠું છે. તમે પ્રત્યેક પળે યુદ્ધ દેવતાની ઉપાસનામાં પડ્યો છો! 'વધુ વિનાશ' એ તમારો ધર્મ બન્યો છે. રે જીવ! તું બહાર યુદ્ધને શા માટે શોધે છે? આ બાહ્ય યુદ્ધ એ આપણા મનની ક્લેશકર, દ્વેષી, દંભી સ્થિતિનો પડઘોમાત્ર છે. યુદ્ધનો આરંભ પહેલો આપણે આપણા અંતરમાં કરીએ છીએ, પછી જ આપસમાં લડીએ છીએ. યુદ્ધ તો તારે તારી સાથે જમાવવું ઘટે. જેને તું હણવા માગે છે એ તારો શત્રુ ને તારો ચોર તો તારી અંદર જ બેઠો છે. રાજશાસન અને ધર્મશાસન અને એથીય મોટું આત્મશાસન છે. આત્માના રાજ્યમાં આવો! એક બીજાને સમજો, સહયોગ કરો! સંઘર્ષ, દ્વંદ્વ, હિંસા ને યુદ્ધને સમાપ્ત કરો. વિશ્વબંધુત્વવાળું વિશ્વશાસન જમાવો!

'પોતાનાં અને પારકાના ભેદ ભૂલી જાઓ. સહુ જીવને

સમાન માનો. બિલાડી એ જ દાંતથી પોતાના બચ્ચાંને પકડે છે ને એ જ દાંતથી ઉંદરને પકડે છે : પણ બેમાં ફેર કેટલો છે? લોકવિજયી બનો! આખો સંસાર પોતાના સુખ માટે અન્યને દુઃખ ઉપજાવનાર–હિંસક બન્યો છે. અસત્ય વદતાં એને આંચકો આવતો નથી. મફતનું લેવાનો એ ઉત્સાહી છે. વ્યભિચારમાં એ અતિચાર કે અનાચાર જોતો નથી. પરિગ્રહમાં પંડિતાઈ માને છે, ને બીજાનું લૂંટીને એ ઘર ભરવા માગે છે. બીજાને હણીને એ જીવવા માગે છે : બાવળનું વૃક્ષ વાવીને એ બકુલ પુષ્પ ચૂંટવા માગે છે!

'ભૌતિક સુખલિપ્સાઓએ તમારાં સુખોને સુકાવી નાખ્યાં છે. જીવનની મોજો અને આવશ્યકતાઓએ તમારી કર્મોની આર્દ્રતાને હણી લીધી છે. જાત માટેની સગવડતાએ શોષણ વધારી દીધું છે. જે વધુ કામી, વધુ ક્રોધી, વધુ માની, વધુ લોભી એની તમે પ્રશંસા કરી છે, અને જાણ્યે–અજાણ્યે તેની સમાજમાં પ્રતિષ્ઠા કરી છે. ને બદલામાં તમને વધુ ને વધુ દુઃખ ને સંતાપ મળ્યાં છે!

'કંચન અને કામિનીનો તમારો શોખ હદ વટાવી ગયો છે. અને એટલે જ તમારે માટે એ સુખ ને સગવડ રૂપ બનવાને બદલે ભારરૂપ ને સંતાપરૂપ બન્યાં છે. એ તમારાં કેદી બન્યાં છે, તમે એમના તાબેદાર બન્યા છો. તમે જેને સુખ માનો છો, પણ એ તો માત્ર પ્રચ્છન્ન દુઃખ છે. માટે સંક્ષેપમાં કહું છું. સાર ગ્રહણ કરવો હોય તો કરી લેજો. સુખ માટે સંયમી બનો! અહિંસા તમારા જીવનને, અપરિગ્રહ તમારી સુખસગવડોને ને અનેકાન્ત તમારા વિચારને અજવાળી રહો! સ્નેહ અને સૌખ્યથી જીવો! તપથી ને ત્યાગથી

જીવો ! દયા ને દાનથી જીવો ! આપીને ખુશી થાઓ ! માફ કરીને મોટા થાઓ ! સહુને અભય કરી નિર્ભય બનો !

'તમે જે કરો એમાં એટલું યાદ રાખજો, કે લેનાર કરતાં દેનાર મોટો છે ! જીવનાર કરતાં જિવાડનાર મોટો છે. ખાનાર કરતાં ખવરાવનાર મોટો છે. માણુસ શસ્ત્ર, શાસ્ત્ર ને સંપત્તિથી મોટો નથી થતો-સેવા; સંયમ, સમર્પણુ, તપ ને ત્યાગથી મોટો થાય છે !

'છેલ્લે છેલ્લે એટલું જ કહેવાનું કે–બધા જીવોને આયુષ્ય અને સુખ પ્રિય છે. દુઃખ ને વધ અપ્રિય છે. જીવ માત્ર જીવિતની કામનાવાળા ને જીવિતને પ્રિય માનનારા છે ! જેવાં આપણુને સુખ પ્રિય ને દુઃખ અપ્રિય તેવાં અન્યને પણુ છે ! જેઓ અન્ય જીવના સુખ વિષે બેદરકાર છે, તેઓ પોતાના સુખથી પણુ ખરી રીતે બેપરવા છે. આ પાઠ જે શીખશે એ પૃથ્વી પર સ્વર્ગ ઉતારશે ! સ્વર્ગમાં પોતે જીવશે, ને આસપાસ સ્વર્ગ રચશે.

'જેમ બગલી ઈંડામાંથી જન્મે છે, ને ઈંડું બગલીમાંથી જન્મે છે, એમ મોહનું ઉત્પતિસ્થાન તૃષ્ણા છે. તૃષ્ણાનું ઉત્પત્તિસ્થાન મોહ છે. રાગ-દ્વેષનું ઉત્પત્તિસ્થાન તૃષ્ણા છે. જેને તૃષ્ણા નથી એને મોહ નથી. જેને મોહ નથી એને લોભ નથી. જેને લોભ નથી તેને કાંઈ નથી ! એ સંસારમાંથી તરી ગયેલો છે.

'સંસાર આખો કામ, ક્રોધ, માન ને લોભમાં ફસાયો છે. જેનાં કામ–ક્રોધ, માન–લોભ ઉત્કટ એ પ્રતિષ્ઠાવાન ગણાયો છે. અપ્રતિષ્ઠાની પ્રતિષ્ઠા કરીને તમે શું મેળવશો ? શું મેળવ્યું ?

તમે અશાન્ત છો, તમને લાગે છે કે તમે દુઃખી છો, તમને સદા લાગ્યા કરે છે કે કંઈક તમારામાં ઊણું–અધૂરું છે. સદોદિત કોઈ ને કોઈ વાતનું દુઃખ તમને સાલ્યા કરે છે. આ બધાનો ઉપાય તમે બાહ્ય સંસારમાં શોધવા જાઓ છો, ત્યાં ઉગ્ર બની ધમાલ મચાવો છો. નિર્બળને હણો છે, સબળની સેવા કરો છો! અને આમ જીવનભર કર્યા છતાં–છેવટે પણ તમારી અશાન્તિનો, દુઃખનો, અધૂરાશનો અંત આવતો નથી! હું કહું છું કે આ બધાં અનિષ્ટોનું મૂળ તમારી અંદર છે! તમારા મિત્ર ને શત્રુ–સુખ ને દુઃખ–તમારા દેહમાં જ–તમારી ભાવનામાં જ છુપાયેલાં છે! આગ્રહ છોડી, આવેશ તજી, અહમ્ દૂર કરી–એ સુખ ને શાન્તિને ખોજો! જે પ્રકાશની ખોજમાં જગમાં ભટકો છો, એ જ્યોતિ તો તમારા હૃદયના ઊંડાણમાં ઝગમગે છે! જરા અંદર જુઓ એટલે એનાં દર્શન થયા વિના નહી રહે.

આશ્ચર્યની વાત તો એ છે, કે જે તમારું નથી એને માટે તમે હજાર યત્ન કરો છો, ને જે તમારું છે એને યાદ પણ કરતા નથી. આ તે મોહ કેવો? દેહ માટે રાતદિવસ ચિંતા કરનાર તમે તમારા આત્માના સુખ માટે કંઇ પ્રવૃત્તિ કરી?

'ફરીથી કહું છું. યુદ્ધમાત્ર પોતાની જાત સાથે, બાકી કોઈ સાથે નહિ. યુદ્ધ એ ગમે તેટલું ન્યાયી હોય, ગમે તેટલું અનિવાર્ય હોય, પણ આખરે તો માનવ સમાજ માટે શાપ-છે. नमो अरिहंताणं। એ મંત્રનો અરિ–તમારા દિલમાં ને દેહમાં છે. એને હણો. પછી બાહ્ય જગતમાં હણવા જેવું કશું રહેશે નહિ. જે લોખંડના બનેલાં એક હજાર હળ પૃથ્વીને શસ્ય-શ્યામલા કરી શકે છે, એ જ લોખંડની બનેલી હજારો

તલવારો-પૃથ્વીને નિરાધાર ને આક્રંદભરી બનાવશે. સત્તાધીપો આ સમજે. એ ન સમજે તો પ્રજા સમજે. રાજા અને પ્રજા પોતાના આ વિનાશની કલ્પના કરે ! એ દ્વારા પેદા થતાં ક્રંદનો, કલેશો ને કોલાહલો તરફ લક્ષ કરે !

'એટલું યાદ રાખો કે પૃથ્વી સમસ્તનું રાજ્ય તમને મળી જાય, ભોગ માત્ર તમારા ચરણે ઠલવાય, પણ તેથી તમને જીવનનું સુખ, મનની શાન્તિ ને આત્માનું અમરત્વ લાધવાનું નથી. એ માટે તો માનવીએ આત્માને સમજવો, પિછાનવો, ઓળખવો અનિવાર્ય છે. આ રાજપાટને પણ આત્માને માટે, ધનને પણ આત્માને માટે, સુખ-સગવડોને પણ આત્માના માટે સ્વીકારો. આત્મા માટે એ બધાં છે. પંખી માટે પાંખો છે. પાંખો માટે પંખી નથી. આત્માને અહિતકર હોય-પછી તે રાજપાટ હોય, ધન હોય, સત્તા હોય-સર્વનો ત્યાગ કરો ! વિશ્વમાં દૃષ્ટિગોચર થતી વેદના ને વિષમતા આ રીતે જ દૂર થશે. ક્ષમા, અહિંસા, શાન્તિ, ત્યાગ ને વિરાગ આ રીતે જ સ્થપાશે.

'બીજું, જે તમને અપ્રિય હોય તેનું બીજા પ્રત્યે આચરણ ન કરશો. સંસારમાં કોઈ ને હણાવું-રગદોળાવું પસંદ નથી. દુઃખી થવાનું આપણે ઇચ્છતા નથી. એમ સંસાર પણ ઇચ્છતો નથી. આત્મવત્ બધા જીવોમાં દૃષ્ટિ રાખો, આથી જ સમાનતા, સ્વાતંત્ર્ય ને બંધુત્વનો જગતમાં વિકાસ થશે.

'સંસાર તો સોદાનો બજાર છે. જેવો સોદો કરશો તેવો નફો મળશે. નુકસાનના સોદામાં નફો નહિ જોઈ શકો. અહીં ક્રૂર થશો તો બદલામાં તમને પણ ક્રૂરતા મળશે. પ્રેમ આપશો

તો પ્રેમ મળશે. પારકાંને પીડા કરશો તો એ તમને પીડા કરશે. જેમ કોઈ ઝાડ વહેલાં ફળે છે ને કોઈ મોડાં ફળે છે, એમ કર્મનાં વૃક્ષ પણ વહેલાં–મોડાં ફળે છે. એથી કર્મના અબાધિત નિયમ પર અશ્રદ્ધા ન ધરશો.'

ભગવાનની વાણી યોગ્ય કાળે શમી ગઈ, પણ એના પડઘા દિગદિગન્તમાં ગાજી રહ્યા. રેલાયેલી એ અમર સુધામાં સહુ કોઈ સ્નાન કરી રહ્યાં!

'કેટલું સાદું ને નિખાલસ સત્ય!' વાસવદત્તાએ કહ્યું.

'અરે, સુખની કેડી સામે છે. છતાં દુઃખના દરિયામાં ન જાણે આપણે કેમ ડૂબકાં મારીએ છીએ!' રાજા પ્રદ્યોતે કહ્યું.

'ખરેખર, આપણી જાતને આપણે, આપણી અવિદ્યા જેવી વિદ્યાઓએ, સત્યાનાશના મૂળ જેવી સંસ્કૃતિએ હણી નાખી છે. ચાલો, આપણે એની પુનરૂરચના કરીએ,' વત્સરાજે કહ્યું.

'સાચું છે! ઊંઘનારને પણ યુગે યુગે જગાડનાર યુગમૂર્તિઓ આવી મળે છે. ચાલો, ચાલો! જાગ્યા ત્યાંથી સવાર ગણીએ!'

સહુ એ નવજીવનના મંત્રને ગ્રહીને નગર તરફ પાછાં વળ્યાં.

સમાપ્ત

# શ્રી. 'જયભિખ્ખુ' ના ગ્રંથો

## નવલકથાઓ :

ભગવાન ઋષભદેવ
કામવિજેતા સ્થૂલીભદ્ર
મહર્ષિ મેતારજ
નરકેસરી વા નરકેશ્વરી
વિક્રમાદિત્ય હેમૂ
ભાગ્યનિર્માણ
ભાગ્યવિધાતા
પ્રેમભક્ત કવિ જયદેવ
મત્સ્ય-ગલાગલ
બેઠો બળવો

## નવલિકા-સંગ્રહો

ઉપવન
પારકા ઘરની લક્ષ્મી
વીરધર્મની વાતો ભા. ૧
ભગવાન મલ્લિનાથ
માદરે વતન

## સાહસ-કથાઓ

જવાંમર્દ
એક કદમ આગે
હિંમતે મર્દા
ગઈ ગુજરી
ઝાંસી રાણી

## ચરિત્રો

શ્રી. ચારિત્રવિજય
યોગનિષ્ઠ આચાર્ય
વીર વિઠ્ઠલભાઈ
વસ્તુપાળ-તેજપાળ
વિમળશાહ
રાજા શ્રીપાલ

## શ્રેણી :

વિદ્યાર્થી વાચનમાળા
[ લેખન-સંપાદન ]
જૈન બાલગ્રંથાવલિ
[ લેખન-સંપાદન ]

## અનુવાદ :

દેવદાસ
[ રતિલાલ દેસાઈના સહકારથી ]

## આગામી પ્રકાશનો

ભગવાન મહાવીર
ભરત ચક્રવર્તી
બ્રાહ્મણશ્રેષ્ઠ
પાણીપત
ગૃહ ને ગૃહિણી